Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ઋગ્વેદ) • समानी प्रपा । (અથર્વવેદ)

# પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૦ મે : ૨૦૨૬ અંક : ૧૧ ₹ 20



ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર




greenfibre

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Alibag •Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli • Bilimora •Gandhidham • Gandhinagar
Godhra • Himmatnagar • Hyderabad • Indore • Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad •
Palanpur • Patan •Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi greenfibre.com | jadeblue.com

समानो मन्त्रः (ऋग्वेद)　　समानी प्रपा (अथर्ववेद)

# પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૦　　મે : ૨૦૨૬　　અંક : ૧૧

સંપાદક
**કિરીટ દૂધાત**

**પ્રકાશન મંત્રી**
ભીખેશ ભટ્ટ

**પરામર્શનસમિતિ**

**હર્ષદ ત્રિવેદી**
પ્રમુખ

**યોગેશ જોષી**
**રાજન્ ભટ્ટ**
ઉપપ્રમુખ

**સમીર ભટ્ટ**
મહામંત્રી

**ગુજરાતી સાહિત્ય પરિષદ**
**મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર**
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

## ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

**લેખકોને :**

- 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

# અનુક્રમ


◈ **પ્રમુખીય : મથામણ** – ૨૯ – હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **સમણું** – પ્રવીણ દરજી, ૮, ● **ધુમ્રસેર – કાવ્યગુચ્છ** – પરિક્ષિત જોશી, ૮, ● **ગઝલ – શણગાર અવનવા છે** – હાર્દિક વ્યાસ, ૯ ● **જીવનો આકાર છું** – હાર્દિક વ્યાસ, ૧૦, ● **ક્ષુધિત પાષાણ** – જિજ્ઞા વોહરા, ૧૧

◈ **ટૂંકી વાર્તા :**

● **સળવળાટ** – એકતા નીરવ દોશી, ૧૨,

● **સ્વીકાર** – ગિરીશ ભટ્ટ, ૧૮

● **નવી વાર્તા** – નવનીત જાની, ૨૬

● **કાંસાનો સૂરજ** – પન્ના ત્રિવેદી, ૪૦

◈ **અનુદિત વાર્તા :**

● **કાલપુરુષ** – મૂળ બંગાળી લેખક : બિતાન સિકદાર, અનુવાદક : લિપિ કોઠારી ૪૬

● **વલોપાત** – મૂળ લેખક : એન્ટોન ચેખોવ | અનુવાદ : નીતા શૈલેશ, ૫૭

◈ **નિબંધ :**

● **આ તે પાનખર કે વસંત?!** – યોગેશ જોષી, ૬૨

● **કાશીની જાતરા** – આરાધના ભટ્ટ, ૬૬

◈ **સંસ્મરણ :**

● **ભા** – ચૈતાલી ઠક્કર, ૭૩

◈ **હાસ્યલેખ :**

● **અમારી નામના** – આનંદિતા રૈયાણી, ૭૬

● **વાતવાતમાં** – કુમાર જૈમિનિ શાસ્ત્રી, ૮૦

● **S સે SBI** – ડૉ. જાનકી શાહ, ૮૪

◈ **સંપાદકીય :**

● **ચર્ચાપત્ર,** ૮૭

● **ઈન્ટરનેશલ ફકીરો અને ડોલર : દે ડાટા કે નામ** – કિરીટ દૂધાત, ૮૮

● **સાભાર સ્વીકાર,** ૯૧

● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૯૪

● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૯૬

● **આ અંકના લેખકો,** ૧૦૦


◈ **આવરણ ચિત્ર :** Madhvi Parekh- Life by the Sea-Reverse serigraph on acrylic-24 x 24 inches-2022

◈ **આવરણ–સંકલ્પના :** આગમ શાહ

## મથામણ – ૨૯

હર્ષદ ત્રિવેદી

હમણાં ‘સમીપે’ સામયિકનો તોતેરમો અંક આવ્યો. એમાં છેલ્લાં પાનાંઓમાં, ત્રણ સંપાદકોમાંના બે સંપાદકો શિરીષ પંચાલ અને બકુલ ટેલરે ‘એક મહત્ત્વની જાહેરાત’ કરી છે. ‘સમીપે’ ત્રિમાસિકનું પ્રકાશન બંધ કરવાની વેળ આવી ગઈ’ મતલબ કે હજી બે અંકો પ્રગટ થશે અને પંચોતેરમા અંકના પ્રકાશન પછી, આ સામયિકના અંકોના અમૃતમહોત્સવ ટાણે જ ‘સમીપે’ ગુજરાતી સાહિત્યના વાચકોથી દૂર થશે ! કોઈ સામયિકનો પ્રારંભ થવાનાં જેટલાં કારણો હોય છે એ કરતાં બંધ કરવાનાં કારણો વધારે હોય છે. સજ્જ સંપાદક અને ઠાવકા માણસ શિરીષભાઈ નિવેદનના પ્રારંભે લખે છે કે – ‘કોઈ પણ સામયિકનો આરંભ થાય છે ત્યારે સંપાદકોને કેટલો બધો આનંદ થાય છે, ઉત્સાહનો પાર નથી, આ કરીશું – તે કરીશું, પણ છેવટે પરિણામ શું આવે છે ? સામયિક બંધ કરવાના કારણ તરીકે આજે તો સમૂહમાધ્યમોને જવાબદાર લેખી શકો પણ દાયકાઓ પહેલાંનું શું?’ એમ કહીને એમણે ‘વસંત’, ‘વીસમી સદી’, ‘આરામ’, ‘ચાંદની’, ‘વલ્લરી’, ‘વર્ષા’, ‘સવિતા’, ‘સાહિત્ય’, ‘રુચિ’, ‘ગુજરાતી નાટ્ય’, ‘સંસ્કૃતિ’, ‘વિશ્વમાનવ’, ‘સેતુ’, ‘ફાલ્ગુની’, ‘વાણી’, ‘સંપુટ’, ‘મનીષા’, ‘ઊહાપોહ’, ‘ક્ષિતિજ’, ‘વિવેચન’, ‘કંકાવટી’, ‘નવલકથા’, ‘વૃશ્ચિક’, ‘દસમો દાયકો’ વગેરે સામયિકોને એની સ્વાભાવિક મુદ્રા સાથે યાદ કર્યાં છે.

બીજા એક સંપાદક બકુલ ટેલરે વાતનો ફોડ પાડ્યો છે. લખે છે : ‘આમ તો સાહિત્યરસિકો, વિદ્વાનો, અભ્યાસીઓ અને જેમાં મોટી સંખ્યા ગુજરાતી ભણાવતા અધ્યાપકો યા ગુજરાતી ભણાવતા નિવૃત્ત અધ્યાપકોની છે તેને – ‘સમીપે’ મોકલતા આવ્યા છીએ. નવો અંક આવે એટલે ચારસો જેટલા લોકોનાં સરનામાં લખીએ છીએ અને પોસ્ટઑફિસમાં તેનાં તૈયાર થયેલાં બંડલો આપી આવીએ છીએ. પણ એ ૪૦૦ સાહિત્યરસિકો, ભાવકોમાંથી ફક્ત ૧૫૦ એવા હશે જેમનાં લવાજમ અમને મળ્યાં હોય છે. ૪૦૦માંથી બીજા ૧૫૫ એવા છે કે જેમણે વીતેલાં ૧૬ વર્ષમાં એક યા બે વાર લવાજમ મોકલ્યું છે. કેટલાક મિત્રોએ મદદ રૂપે રકમો મોકલી છે એમના આભારી છીએ. બાકી રહેલા વિશે અહીં કાંઈ કહેવા જેવું નથી. અમને થાય છે કે તેમને ‘સમીપે’ મોકલતા રહ્યા તે અમારી ભૂલ હતી... ગુજરાતની વસ્તી સાડાસાત કરોડ હોવાનું કહેવાય છે ને તેમાં ગુજરાતી ભણાવતા અધ્યાપકોની સંખ્યા ૧૫૦૦થી ૨૦૦૦ છે ને તોય

'સમીપે'ને ફક્ત દોઢસો લવાજમ મળે છે... જેમનાં લવાજમ અમારી પાસે જમા હોય તેમને ક્ષમાપૂર્વક કહીશું કે જે રકમ બાકી રહે તે અમે જરૂર પાછી મોકલાવીશું. તમે નિખાલસ બનીને અમને જણાવજો.'

ખરેખર તો એમ છે કે જે જે સામયિકો બંધ થયાં તેના તંત્રી-સંપાદકોની અંતિમ નોંધ જોવી જોઈએ. અમુક અપવાદો બાદ કરતાં, આપણો કહેવાતો સંસ્કારી સમાજ સાહિત્યિક સામયિકોની રખેવાળી કેમ કરી શકતો નથી ? અમુક અંશે સમૂહમાધ્યમો જવાબદાર ખરાં પણ એ ગુજરાતના સાંસ્કૃતિક, શૈક્ષણિક કે સાહિત્યિક જગતનાં પ્રતિનિધિ ન બની શકે. માત્ર આર્થિક કારણ જ નથી. સમાજનાં રસરુચિ કઈ દિશાનાં છે અથવા સમાજમાં આ બાબતે કેટલી ખેવના બચી છે તેની તપાસ કરવી જોઈએ. જાહેરમાધ્યમોમાં જે કંઈ આવે છે તે બધું કંઈ ગળાયેલું, ચળાયેલું અને પસંદગી પામેલું નથી હોતું. કહેવાય છે કે 'વીસમી સદી' સામયિકના અંકની પ્રતીક્ષા તો વારાંગના સહિત અનેક સ્ત્રીઓ પણ કરતી !

શિક્ષણ સાવ કથળી ગયું છે. સાહિત્ય અને અન્ય કળાઓમાં કોઈનેય, ખાસ કરીને ચાલુ પેઢીને રસ રહ્યો નથી. સંસ્કારિતા અને નાગરિકધર્મને નામે સાવ મીંડું વળી ગયું છે. માનવીય મૂલ્યો તો જાણે નજીકનો ભૂતકાળ ! જે તે સમયના સંદર્ભમાં વિવિધક્ષેત્રના મહાનુભાવોએ જે કંઈ આપ્યું છે એની ઉથાપના કરવી, ઠરડવું-મરડવું, નખશિખ નગુણા થઈ રહેવું એ જ જાણે કે મહામંત્ર ! કહી શકાય કે સમાજની સંવેદનશીલતા દિનપ્રતિદિન ઓછી થઈ રહી છે. કોઈનેય વાંચનનો કે અભ્યાસનો રોમાંચ રહ્યો નથી, કેમ કે સમૂહમાધ્યમો બધું વિવિધ પરિમાણો દ્વારા આપી વળે છે. આવાં વ્યાપક વિધાનોથી કંઈ જ વળવાનું નથી. કારણ કે સમાજ માણસોનો બનેલો છે ને માણસ આજે લગભગ તિતરબિતર છે. જર, જમીન અને જોરુ ઉપરાંત સત્તા સિવાય સમાજને સંગઠિત રાખે એવું કોઈ તત્ત્વ જાણે કે બચ્યું જ નથી. બળિયાના બે ભાગ એ માત્ર કહેવત નથી રહી, વરવી વાસ્તવિકતા છે. પ્રત્યેક વ્યક્તિનો પ્રશ્ન છે કે સાચી મહેનત વિના, મને-અમને આમાંથી શું મળશે ? સ્થૂળ અર્થમાં નથી મળતું તો મેળવવાના માર્ગ ગમે તે રીતે કાઢો ! નિષ્ઠાપૂર્વક દાયિત્વ નિભાવનારાઓ કે જે લઘુમતીમાં છે એમને સામ-દામ-દંડ-ભેદ દ્વારા ફારેગ કરો! આપણે ફરી પાછાં તેરમી-ચૌદમી શતાબ્દી તરફ તો નથી જઈ રહ્યાં ને ?

એમ લાગે છે કે હવે આપણે સર્વ દિશાએથી આંતરવિસ્તૃતિને બદલે લોખંડ, સિમેન્ટ અને કોંક્રીટના આધારે જ વિકસવાનું છે. કોઈ એક સામયિક શરૂ થાય કે બંધ થાય, સમીપે રહે કે દૂરગામી થાય એ તો સાંયોગિક અને મહાસમુદ્ર સંદર્ભે એક ચમચીભર જ ગણાય. ઋણસ્વીકારની સભાનતા બની રહે તેય ઘણું કહેવાય. બંને પક્ષે એકાધિક કારણો હોય તોપણ એ બહુ મોટી ઘટના નથી. જે મોટી ઘટનાઓ ઘટી રહી છે તેમાં જાણે કે આપણને પતનને સ્થાને, માનવજાતનું શ્રેય-પ્રેય દેખાય છે ! માનવસમુદ્રના મંથનની ક્ષણ આવી પહોંચશે ત્યારે આપણે કુર્મ, મંદર અને વાસુકિ ક્યાંથી લાવશું ? કવિ કલાપી યાદ આવે છે : 'જે પોષતું તે મારતું એ ક્રમ દીસે છે કુદરતી !' આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

## સમણું | પ્રવીણ દરજી

જર્જરિત ભીંતનું
દેશી ઘડિયાળ બનીને
લોલકનો દોરવાયેલો
હું
ટિક્ ટિક્ કરીને
થાકી ગયો છું....
અંધાધૂંધ
સમયની સામે
હવે
મારે જ
જુદ્ધે ચડવું છે ...
નિર્માલ્ય થયેલાં
ક્રિયાપદોને
આગ ચાંપીને
'જોવું'
'સાંભળવું'
અને 'બોલવું' ને
સજીવ કરવાં છે
પગરખાં નીચે
કચડાઈ રહેલા
સત્યનું
એ
સમણું છે !

## ધૂમ્રસેર કાવ્યગુચ્છ
## પરીક્ષિત જોશી

### ૧

ધૂમ્રસેર
ઊઠે, ઊગે, ઊભરે,
એમનેમ ક્યાં? કદી?
કશે?
કારણ
હશે, છે, હોઈ શકે !
એમનેમ,
ધૂમ્રસેર
ક્યાં ઊઠે, ઊગે, ઊભરે,
કદી.

### ૨

કશે નથી, કશું કારણ
તો
સ્વર્ણજ્યોત પમાય
કેમની?
કશું હશે, ચોક્કસ કારણ
તો
અગનજ્વાળ મપાય
એમની.

### ૩

આ શિયાળે
ઠરે, થરથરે, થીજે,

અખિલ વિશ્વ, ને નીપજે માંહેથી
ધૂમ્રસેર
ઠરીને ઠીકરું થતું જગત
ધરુજે અંગ અંગ
થીજે તરલ, તરત જન્મે
ઝાકળબિન્દુ શી, ઝગમગે
ધૂમ્રસેર
શ્વેતવર્ણી શુભ્રકેશી
આ શિયાળે.

૪

ને ભરઉનાળે
ચિત્ર એ જ પણ સર્જે નવી
ધૂમ્રસેર
કાળઝાળ ધોમધખતો ગ્રીષ્મ
બળબળતી બપોરે નિષ્પન્ને બાષ્પ
લાહ્ય દઝાડતી ધીમે ધીમે ડામ દેતી
ધૂમ્રસેર
રક્તચરિત્ર પ્રગટ કરે તાદશ
અગ્નિશિખા અજન્મા દ્રૌપદી
ને ભરઉનાળે.

૫

ધૂમ્રસેર
ઉત્પન્ન, પ્રજ્વલિત થતા દંડિકા
શનૈ શનૈ જલે, ઉપભોક્તાને તાપે,
દૈનંદિન સૃજતી સૃષ્ટિજન્ય
સમસ્યાઉકેલ સહેજે કસે કસે આપે
ધૂમ્રસેર.

૬

આગિયાથી તાપણાં વિસ્તરે ને,
દાઝે દઝાડે, બળે બાળે અગ્નિરથી
ક્ષણાર્ધમાં સઘળું કરે ભસ્મીભૂત
ત્રિનેત્રેશ્વર તણી સંતુલનશક્તિ.

## શણગાર અવનવા છે | હાર્દિક વ્યાસ

દૃશ્યો તો એ જ છે પણ આકાર અવનવા છે.
આંખોને સ્પર્શતા સૌ શણગાર અવનવા છે.

પાંખો છે એની જુદી, ઉડાન પણ જુદી છે,
જુદી હવામાં ઊડતા ઊડનાર અવનવા છે.

છે ઘંટીઓ અનેરી, જુદું અનાજ ઓરે,
ભાંગેલ જણને પોષે, દળનાર અવનવા છે.

આદર્શથી ઊંચા ને આકર્ષણોથી પર છે,
આ વાટમાં ઊભા એ વિસ્તાર અવનવા છે!

એની પૂજા કરે સૌ, એની સ્થપાય મૂર્તિ;
એણે કર્યાં જે સપનાં સાકાર, અવનવાં છે.

માટીમાં જઈ દટાતા, ઊભરે છે વૃક્ષે વૃક્ષે,
વરતાય પાને પાને અણસાર અવનવા છે.

કોની હશે એ ચણ? ને કેવી હશે સભરતા?
આ હાથ એક છે પણ ચણનાર અવનવા છે!

એનાં વણાય વસ્ત્રો, એની જ કાયા પહેરે;
સૌ દંગ થઈને જુએ, વણનાર અવનવા છે!

ક્યારેક પાસ આવે, ક્યારેક દૂર સરતા;
જાણી શકો તો જાણો મળનાર અવનવા છે...!

૭

ધૂમ્રસેર
ઓસ હો કે હો વરાળ
શ્વેત હો કે હો રક્તવર્ણ
શીત હો કે હો ઉષ્ણતોપન્ન
ઋતુચક્રે છો ફરે સ્વરૂપ
ને છતાં નિત્યનૂતન ધૂમ્રસેર.
મિજાજ એનો, એ નો એ જ
સજીવ સાટુ સત્ય સંદેશ સમો,
ઊર્ધ્વગતિ ઉત્તમોત્તમ પ્રતિક્ષણ.

## જીવનો આકાર છું | હાર્દિક વ્યાસ

હું સમયની પાર છું ને જીવનો આકાર છું.
તું મળે તો કહી દઉં કે શ્વાસનો આધાર છું.

સ્પર્શવા માટે કરેલી માનતાનો સાર છું,
આંગળીથી ના ખરી એ શૂન્યતાનો ભાર છું.

હોય છે જોડાણ જેવું કાચને પ્રતિબિંબ સાથે,
ઝુમ્મરોમાં એ રીતે હું લાખ અપરંપાર છું.

ટ્રેન ચૂકી જાઉં છું હું બાંકડે બેસી રહી,
બેઉ પાટા વચ્ચેનો અટકી ગયો સંચાર છું!

કોઈ સૂની વાવનું છેલ્લું પગથિયું હું જ છું,
ને પ્રથમ રહી ઝળહળે છે એ અધિકૃત દ્વાર છું.

યાદ કરજે નાવમાં જો ઝંખના ટોળે વળે,
હું ડુબાડું, હું તરાવું, હું નદીની પાર છું!

આજ તારા શહેરમાં આવી ચડ્યો ઉજાસ થઈ,
દીવડા પ્રગટાવજે તું, સૂર્યનો અવતાર છું.

હું વગાડું ઢોલ કે હું ઢોલ થઈ જીવી રહ્યો?
તું હવે નક્કી કરી લે હું સમજની બહાર છું.

જિંદગી આખી રહ્યો છું હું તારા સંગાથમાં,
સાચવી લેજે મને, હું આજ થોડી વાર છું...

યાદ છે? એવું કહ્યું'તું : 'હું તારી સાથે જ છું.'
તું બધું સમજી શકે છે, હું ભલે લાચાર છું.

લાખ અગ્નિ ભીતરે પ્રગટે કદી જો પંડમાં,
ગાઈ લેજે તું ઘડીભર, રાગ હું મલ્હાર છું.

તું ભલે ઝાંખો પડ્યો પણ હું અડીખમ આભ છું;
સાદ મારો સાંભળી લે, હું વિગત ને વાર છું!

# ક્ષુધિત પાષાણ | જિજ્ઞા વોહરા

પ્રિય ગુરુદેવ,
જત જણાવવાનું કે-
સાબરમતીના કિનારે હવે
પડેલા નથી ભૂખ્યા તરસ્યા પથ્થર...
રોજ સાંજે છલકાય છે
ચકાચૌંધ જાહોજલાલી ,
R.c c. થી બનેલા બેઉ કાંઠે.. .
એનાં લીલ બાઝેલાં પાણી
શરમાઈને ડૂબી જાય છે
અંધકારમાં.
એની સાથે જરાય મૅચ ન થતાં
ઝૂંપડાંઓએ પણ
શોધી લીધાં છે નવાં ઠામઠેકાણાં
ભદ્ર નજરોથી દૂર
-મૉડર્ન આર્ટથી સુશોભિત ,
ઊંચી ઊંચી દીવાલો પાછળ.

હવે શાહી મહેલ પણ
Renovate થઈ ગયો છે.
બની ગયો છે
લોખંડી ઇતિહાસ પુનઃ પુનઃ
ભજવવાનું સ્થાનક... !
ઋજુ સંવેદનોની અનુભૂતિ કે અભિવ્યક્તિ
માટે સમય નથી કોઈ પાસે.

જોકે, ઇમારતની પાછળના ભાગની
દીવાલે હજી સાચવી રાખી છે થોડી
તિરાડો.
હજી સચવાઈ રહ્યું છે
ત્યાંના એક ઓરડામાં
તમારું પથ્થરો સાથે પીડાયેલું,
કિનારાઓ સાથે તરસેલું,
શાહીબાગ સાથે ઉજ્જડ થયેલું,
અને સાબરમતી સાથે કોઈક સાંજે વહેલું,
ઋજુ હૃદય...
બસ તર્કબદ્ધ ઇતિહાસની
થો...ડી પાછલી અટારીએ...

હજીય કેટલાક મુલાકાતીઓ
આવી પહોંચે છે ત્યાં
પોતાના ભ્રમ લઈ ભટકતા...
અતૃપ્ત આત્માઓની જેમ.
પણ
એ અટારીએથી
ન તો દેખાય છે વહેતી સાબરમતી
ન તો સંભળાય છે રવીન્દ્રસંગીત...
અને એ અતૃપ્ત મુલાકાતની
ખાલીપો ભરેલી ક્ષણો
થઈ જાય છે તબદીલ
ભૂખ્યા તરસ્યા ભારેખમ પાષાણોમાં ! !

## ટૂંકી વાર્તા

# સળવળાટ

એકતા નીરવ દોશી

સૃષ્ટિ પોતાના ઓરડાની મોટી બારીમાં બેઠી બેઠી કુદરતી દૃશ્ય દોરી રહી હતી. કુદરતે ફેલાવેલા રંગો કરતાં પણ વધારે સારા રંગો એને પોતાની રચનામાં ઉતારવા હતા. મંથર ગતિએ ડૂબતો સૂરજ સંધ્યાને શરમાવી લાલ-ગુલાબી કરી રહ્યો હતો. એવા સમયે અચાનક વાતવરણ પલટાયું, વંટોળ ફૂંકાયો. ધૂળની ડમરી ઊડી. સૃષ્ટિ ઝડપથી ઊભી થઈ. પોતાની ડ્રૉઇંગ બુક અને કલર ટેબલ ઉપર મૂકીને બારી બંધ કરવા માંડી. ઇલેક્ટ્રિસિટી ગુલ થઈ ગઈ. એ જ સમયે બારીમાંથી કશુંક સરકીને એના ઓરડામાં લપાયું. સૃષ્ટિની નજર એને શોધવા મથી પણ કશું દેખાયું નહીં. એણે રૂમ થોડો સરખો કર્યો અને પોતાનું ટૅબ્લેટ ખોલીને પલંગ ઉપર સૂતી. થોડા આમતેમ વીડિયો જોયા કર્યા પછી એક જગ્યાએ અટકી ગઈ.

સામે દેખાતું દૃશ્ય જોતાં અને અવાજ સાંભળતાં સૃષ્ટિના ચહેરા ઉપર એક આશ્ચર્ય લીંપાયું. એણે પોતાની મોટી મોટી આંખો જોરથી મીંચી દીધી. એક ક્ષણ પણ નહીં વીતી હોય ત્યાં ધીરે ધીરે એક આંખ ખોલી, પછી હળવેકથી બીજી પણ. ત્યાર બાદ આંખો વધારે ને વધારે મોટી થતી ગઈ, સાથે મોઢું પણ ખૂલી ગયું! એને અણગમો થયો. ચીતરી ચડી પણ થોડીક જ વારમાં જુગુપ્સાનું સ્થાન આશ્ચર્યે લીધું! બરાબર એ જ વખતે એના શરીર ઉપર કશું ઠંડું, લિસ્સું, સળવળતું અનુભવાયું. એ સળવળાટ થોડીક જ વારમાં પગનાં તળિયાંથી માંડીને છાતી સુધી પહોંચ્યો. ત્યાંથી નીચે ઊતરીને બંને સાથળો વચ્ચે ફરી વળ્યો. સૃષ્ટિને ડર લાગ્યો, એ થીજી ગઈ. એ હલનચલન વગર પડી રહી. એના થીજવાની અસર થઈ હોય એમ સળવળાટ પણ કશેક લપાઈને શાંત થઈ ગયો. પછી અચાનક એના રોમ રોમમાં લાવા ફૂટ્યો, શ્વાસ તેજ થયો. શરીરમાં લ્હાય અનુભવાઈ, દાંત ભીંચાયા. હાથપગ ખેંચાયા, આખી દુનિયા ગોળ ફરતી લાગી અને પછી અચાનક બધું જ શાંત - અલગ જ આનંદ. થોડી વારમાં સળવળાટ સરકીને જતો રહ્યો.

પાંચેક મિનિટ આમ ને આમ વીત્યા પછી સૃષ્ટિ પોતાની જગ્યાએથી ઊભી થઈ. એણે અરીસામાં પોતાને જોઈ. જરા વાર પોતાને જોતી જ રહી, જાણે સામે ઊભું એ બીજું જ કોઈક ન હોય! એને ગુસ્સો આવ્યો. એણે બાજુમાં પડેલી બૉટલ ઉપાડી અને અરીસા ઉપર મારવા ગઈ. જાણે કેમ અરીસો ફોડવાથી સામેની વ્યક્તિ પણ ફૂટી જવાની હોય! પછી થયું કે વાંક પોતાનો નથી. કાલે સ્કૂલમાં જઈને પેલી બધીઓને તો ચારપાંચ લાફા મારી જ દેવા જોઈએ, વાંક એ બધીનો છે. ગુસ્સો કરતાં કરતાં જ અચાનક એને પોતાની

જાત ઉપર શરમ આવી હોય એમ, બૉટલ બાજુમાં મૂકીને પોતાનું મોઢું ઢાંકી દીધું અને પલંગમાં ટૂંટિયું વાળી સૂઈ ગઈ. ઘરમાં એકલી જ હતી એટલે પોક મૂકીને રડવા માંડી. એને કશું સમજાતું નહોતું. કોને કહું? શું કહું? આમ તો મોમ-ડેડ બહુ નિખાલસ હતાં, પણ આ વાત તો એમની સાથે... રડતાં રડતાં એ થોડી વારમાં સૂઈ ગઈ. ઊંઘમાં એને લાગ્યું કે કોઈએ એની અંદર એક લાંબી તલવાર ઉતારી દીધી છે. એને ચીરાઈ જવાની બીક લાગી અને એ ચીસ પાડીને બેઠી થઈ ગઈ. સાંજના છ વાગ્યા હતા. એણે ઊભાં થઈ, બાથરૂમમાં જઈ, મોઢા ઉપર ઠંડા પાણીની છાલક મારી. સાવ ઠંડા પડી ગયેલા હાથપગને વધારે ઠંડા પાણીથી ધોયા. તોય ચેન ન પડતાં, શાવર ચાલુ કરીને કપડાં સહિત શાવર નીચે ઊભી રહી ગઈ. ક્યાંય સુધી, એને થયું કે કદાચ આમ ને આમ પાણીની સાથે એ બધું પણ ધોવાઈ જશે.

"સૃષ્ટિ..." મોમ અને ડેડે ઑફિસથી આવતાંવેંત એકસાથે અવાજ દીધો. એ કપડાં બદલીને પોતાના બાથરૂમમાંથી બહાર નીકળી. એને રૂમની બહાર જતાં પણ સંકોચ થતો હતો. એ ધીમા પગલે બહાર નીકળીને એમની પાસે ગઈ. મોમ-ડેડ સાથે વાત કરવી કે ન કરવી એ અવઢવમાં પગ આડાઅવળા ફંટાતા હતા.

"જો આ તારા માટે..." કહીને એ લોકોએ કૅન્વાસ, રંગો અને બ્રશનો ઢગલો મૂક્યો. એના વિલાયેલા મોઢા ઉપર ખુશીની ચમક આવી ગઈ.

"વા... ઉ! થૅન્ક યૂ ડેડ! થૅન્ક યૂ મોમ!" એ વસ્તુઓ જોઈ ખુશ થઈ ગઈ. એને ઘણા વખતથી આ વસ્તુઓ જોઈતી હતી. "જોજો, હું કંઈક સરસ બનાવીશ." ડેડને વળગવા ગઈ પણ સહેજ ખચકાઈ, પાછળ ખસી અને મોમને વળગી પડી. આખા દિવસની અલકમલકની વાતો ચાલી.

"તું સોમવારે તો સ્કૂલે જઈશ ને?" ડેડે પૂછ્યું. એ ફરી ચૂપ. એ મમ્મી પાસે રસોડામાં ગઈ. થોડાં વાસણ આમતેમ કર્યાં, ટેબલ ઉપર થાળી-વાડકા મૂક્યાં. પછી કેરીના કટકા કરવા બેઠી. રોજ કેરી ઘોળીને ચૂસતી, કપડાં અને મોઢું ગંદું કરતી સૃષ્ટિને આજે કેરી સમારતાં જોઈને મોમને ગમ્યું, દીકરી બાળકીમાંથી મોટી થતી લાગી. પણ સૃષ્ટિના કાનમાં પડઘાતું હતું, "ઓહ, જ્યૂસી મેંગોસ!" એણે કેરી પડતી મૂકી. ગળું સુકાતું હોય એમ પાણીની આખી બૉટલ ગટગટાવી ગઈ.

"સૃષ્ટિ, તને પૂછું છું...સોમવારે સ્કૂલે જવાની કે નહીં?" ડેડે જમતી વખતે ફરી પૂછ્યું. એ થોડી વાર માટે ખાતાં ખાતાં અટકી ગઈ. નવા એરિયામાં રહેવા આવ્યા ત્યાં નજીક જ પ્રતિષ્ઠિત હાઈસ્કૂલ હતી. તેથી ત્રણેયે મળીને દસમા ધોરણ પછી સ્કૂલ બદલવાનો નિર્ણય લીધો હતો. પરંતુ નવી સ્કૂલમાં આવ્યા પછી સૃષ્ટિ થોડી અલગ થઈ ગઈ હતી. અગાઉ મિત્રો વચ્ચેથી નવરી ન થતી સૃષ્ટિને અહીં ભાગ્યે જ કોઈ મિત્ર હતું. પહેલાં તો તાવ હોય છતાં પણ સ્કૂલમાં રજા ન પાડનારી સૃષ્ટિ, અગિયારમા ધોરણમાં આવ્યા પછી સ્કૂલે જવાનું ટાળી શકાય એટલું ટાળતી.

"સૃષ્ટિ... તને થયું છે શું? તને તો પહેલેથી સ્કૂલમાં રજા પાડવી ક્યારેય નહોતી ગમતી. એને બદલે હવે તું જ્યારે હોય ત્યારે ન જવાનાં કારણો શોધે છે. પિકનિકમાં પણ ન ગઈ અને ડ્રામામાં પણ પાર્ટ ન લીધો. હવે સ્પૉર્ટ્સ ડેમાં પણ નામ લખાવવાની

ના પાડે છે. વાત શું છે?" મોમે માથે હાથ ફેરવતાં પૂછ્યું. સૃષ્ટિને એક મિનિટ માટે થઈ ગયું કે બધું કહી દઉં? પણ પછી આ બંને મને...

"નથિંગ, મોમ! બસ એમ જ. સ્કૂલમાં ખાસ ભણાવતા નથી તો બૅટર છે કે જાતે જ ભણી લઉં." છેલ્લી બેન્ચવાળી છોકરીઓની અપમાનજનક હસાહસ એને ફરી સંભળાઈ. બાજુમાં બેઠેલી છોકરીને પૂછેલું, "આ લોકો કેમ હસે છે? કોઈને પાછળ ડાઘ?" ખબર પડી કે એ છોકરીઓ તો સૃષ્ટિને જ બાળકબુદ્ધિ કહીને એના ઉપર હસે છે. એની રગેરગમાં એ અપમાન ઝેરની જેમ ફેલાયું.

"સ્કૂલ બદલવી છે?" ડેડની વાત ઉપર હા પાડવાની ઇચ્છા તો થઈ પણ પછી થયું, ના, ના નજીકમાં એક જ તો ગર્લ્સ હાઈસ્કૂલ છે. બાકી બધી સ્કૂલોમાં તો છોકરાઓ પણ હશે. છોકરાઓ... એ વિચારમાત્રથી એ ડરી ગઈ.

"ના, ડેડ ...હું સોમવારે સ્કૂલે જઈશ." એણે લુસલુસ જમવાનું પતાવ્યું..એકાદ દિવસનું બાકી રહી ગયેલું ભણવાનું પતાવી દીધું અને સોમવાર માટે સ્કૂલબેગ પણ ભરી દીધી. પથારીમાં પડી પણ ઊંઘ આવતી નહોતી એટલે કૅન્વાસ અને રંગ લઈને બેઠી. કૅન્વાસ ઉપર રંગો લીંપવા ગઈ તો હાથ આપોઆપ કાળા અને લાલ રંગના લિસોટા કરી બેઠા. આ રંગ ઉપર સફેદ સિવાય બીજો કોઈ રંગ ચડાવવો લગભગ અશક્ય હતો. સૃષ્ટિને થયું કે એનાથી કાંઈ નહીં જ બનાવી શકાય. બધું વેરવિખેર મૂકીને એણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો. પણ એને છાતી ઉપર ભાર વધતો જતો હોય એમ મૂંઝારો થતો હતો અને આંખ બંધ કરે તો એ જ દૃશ્યો અને અવાજો. થોડી વાર થઈ ત્યાં એને લાગ્યું પેલો સળવળાટ ફરી સરકીને એના ઉપર આવી બેઠો છે. એની અનુભૂતિ ગમતી પણ સાથે ડર પણ લાગતો. ગમવા અને ડરવા વચ્ચે જીત ડરની થઈ અને એ સળવળાટને ખંખેરીને ઊભી થઈ ગઈ.

"મોમ, આજે હું તારી સાથે સૂઈ જાઉં?" એ મોમને વળગી પડી. મોમના પડખામાં એને શાંતિની ઊંઘ આવી ગઈ.

"આજે આપણે જૂના ઘર પાસે બધાંને મળવા જઈએ?" રવિવારની ખુશનુમા સવારે કહેલી ડેડની વાતને મોમે વધાવી લીધી. બંનેએ આંખોઆંખોમાં સમજી લીધું કે સૃષ્ટિ જૂના ઘરે જઈ, જૂના મિત્રોને મળશે તો કદાચ ખુશ થશે. ખુશ ન પણ થાય તો એના જૂના મિત્ર પાસે ખૂલીને કશું બોલે. ત્રણેય નીકળ્યાં. રસ્તામાં પણ પાછળ બેઠેલી સૃષ્ટિ ચૂપચાપ પોતાનામાં ખોવાયેલી રહી. એને લાગી રહ્યું હતું કે પેલો સળવળાટ ઘરેથી જ એના ડ્રેસમાં ઘૂસી ગયો છે. એના આખાય શરીર ઉપર ફરી રહ્યો છે. એ કદાચ વીડિયો જોવાથી જ શાંત થશે. મોમ-ડેડની હાજરીમાં આવું કરાય? થોડી વાર વિચાર્યું પણ સળવળાટ વધતો જતો હતો. છેવટે કારની પાછળની સીટ ઉપર જ અવાજ બંધ કરી એ વીડિયોમાં ખોવાઈ ગઈ. ફરી સળવળાટ થોડી વારમાં જ શાંત થઈને લપાઈ ગયો. સળવળાટ શમી જતાં એ નૉર્મલ થઈ ગઈ. ઊંડો શ્વાસ લઈને જોયું કે મોમ-ડેડનું ધ્યાન તો નથી ને!

"હાય સૃષ્ટિ!" જૂના ઘરે પહોચતાં જ બાળ મિત્ર નિસર્ગે સૃષ્ટિને ઉમળકાથી આવકારતાં હાથ લંબાવ્યો. ખુશ થવાને બદલે સૃષ્ટિ સંકોચાઈ. અગાઉ તો નિસર્ગ સાથે

એની વાતો ખૂટતી નહોતી. પણ અત્યારે એને નિસર્ગ સામે બેસવામાં પણ ખચકાટ થતો હતો. નિસર્ગ એને નવી સ્કૂલ અને મિત્રો વિશે પૂછતો હતો. પણ એની નજર ઘડી ઘડી ચોક્કસ જગ્યાએ જઈને અટકતી અને એ ડરી જતી.

"તને પૂછું છું.. કાંઈ જવાબ કેમ નથી આપતી? લે, કેચ ધ બનાના..." નિસર્ગના શબ્દો ઉપર એ ભડકી.

"એ બધી છોકરીઓ સાવ બી# છે." કહેતાં સૃષ્ટિને હજુ છેલ્લી બેન્ચની છોકરીઓના શબ્દો યાદ આવતા હતા. સાથે અમુક બીજી છોકરીઓના ખિખિયાટા પણ.

"ગ્રો અપ બેબી! સોળની થઈ. કાંઈ ખબર નથી પડતી!" પેલીએ સૃષ્ટિ સામે એટલું બધું તુચ્છ રીતે જોયું કે જાણે એ કોઈ અબુધ બાળક હોય. પછી એ બેન્ચની છોકરીઓ એકબીજાના કાનમાં ગુસપુસ કરી સૃષ્ટિની મજાક ઉડાડતી. રોજ સ્કૂલે જાય એટલે "હાય, નર્સરી ગર્લ..." બોલાતું અને થોડીક નજરો એનો ઉપહાસ કરતી. ટીચરને કેમ કહેવું? નવી સ્કૂલમાં કે નવા પડોશમાં હજુ કોઈ ખાસ મિત્ર પણ બન્યું નહોતું. એ ઉપહાસને એને કારણે સ્કૂલે જવું નહોતું ગમતું.

"ધ્યાન રાખજે, આ સાઇટ જ્યારે એકલી હો ત્યારે જ જોજે. મારી મમ્મી જોઈ ગઈ હતી તો મને બહુ મારી હતી અને પપ્પાએ અઠવાડિયા સુધી વાત નહોતી કરી." બાજુવાળી છોકરીએ હળવેકથી xxx.com લખીને ચિઠ્ઠી હાથમાં પકડાવેલી અને એમને કારણે જ આ વીડિયોઝ...

નિસર્ગને આ બધું કહેતાં એની જીભ ન ઊપડી. નિસર્ગનો સ્વાભાવિક સ્પર્શ હવે એને કંઈક અલગ અનુભવ આપી રહ્યો હતો. એનાથી પણ આખો દિવસ અતડી રહી. રાત્રે ઘરે જઈ ફરી મોમના પડખામાં ભરાઈ. એને પોતાના ઓરડામાં સળવળાટનો ડર લાગતો હતો.

"આજે તો પેલી બધી છોકરીઓના સવાલ માટે મારી પાસે જવાબ છે." સોમવારે સવારે સૃષ્ટિએ પોતાને તૈયાર કરી. હવે પોતે પણ કહી શકશે કે હા, તમે શું વાતો કરો છો એની મને ખબર છે! સ્કૂલબસ આવવાને થોડી વાર હતી. એણે ફરી એક વાર સવાલોના વધારે સારા જવાબ શોધવાનું શરૂ કર્યું, ફરી એની આંખો અને મોઢું પહોળાં થયાં. ફરી સળવળાટ...

"સૃષ્ટિ, શું કરે છે? ઘરની બહાર નીકળવાનો સમય થઈ ગયો." મોમનો અવાજ આવ્યો અને એ ચમકી. ટૅબ્લેટ સાઇડમાં મૂકીને ભાગી.

"હાય, નર્સરી ગર્લ...બે દિવસ કેમ નહોતી આવી? તારું બનાના બૉક્સ ક્યાં? ડોન્ટ યૂ લાઇક બનાના એની મોર?" રિસેસમાં ફરી ઉપહાસ શરૂ થયો.

"શટ અપ! હું કોઈ નર્સરી ગર્લ નથી. મને બધી ખબર પડે છે." સૃષ્ટિએ જવાબ તો આપ્યો પણ અંદરથી ધ્રૂજતી હતી.

"સિરિયસલી? શાબાશ!" થોડાક સવાલો જવાબો પછી સૃષ્ટિ નવી સ્કૂલના જૂથમાં સ્વીકારાઈ ગઈ.

દરરોજ સ્કૂલે જતી સૃષ્ટિ દિવસે દિવસે એકલી પડવા લાગી. એ કલાકો સુધી પોતાનામાં જ રહેતી. જ્યારે જુઓ ત્યારે એના રૂમમાં વ્યસ્ત. બહાર આવવા-જવામાં તો રસ જ નહોતો રહ્યો. ન કોઈની સાથે હળવું-મળવું, ન પડોશીઓ સાથે ઓળખાણ કરવી. પોતાનામાં મગ્ન. ન કોઈને ફરિયાદનો મોકો આપતી ન કદી કોઈની ફરિયાદ કરતી. એનું પેઇન્ટિંગ બનાવવાનું સાવ જ બંધ થઈ ગયું હતું, ન કદી એની બારી ખૂલતી. સૌથી મોટો ફરક આવ્યો હતો કે એને પુરુષો પ્રત્યે અણગમો વધતો જતો હતો. હંમેશાં ડેડ જેવી બનવા માંગતી સૃષ્ટિ ડેડથી ડરવા લાગી હતી. એ પાસે બોલાવે તો છળી જતી અને કોઈ ને કોઈ બહાને એમનાથી દૂર રહેતી. છેવટે ડેડ પણ એક પુરુષ જ હતા ને!

"સૃષ્ટિ, મેં નોટિસ કર્યું છે કે હવે તું ડેડથી દૂર ભાગે છે. કેમ બેટા?" એક વાર મોમ ઑફિસથી વહેલી આવી અને એના ઓરડામા જઈને બેઠી.

"મોમ! એવું કાંઈ નથી." એની આંખો ચકળવકળ થવા લાગી. ઘડી ઘડી નજર મોમ પાસે ઊંધા પડેલા ટૅબ્લેટ ઉપર જતી. મોમે ટૅબ્લેટ એને આપવા ઉપાડ્યું. "નો, મોમ! ડોન્ટ ઓપન." એના મોઢામાંથી અનાયાસે નીકળી ગયું અને મોમે એ ખોલ્યું.

અલગ અલગ ઊંહકારા અને ચીતરી ચડાવે એવાં દૃશ્યો ચાલતાં હતાં. મોમને એક મિનિટ માટે સમજાયું નહીં કે શું કહેવું! એ ટૅબ્લેટ બંધ કરીને ચૂપચાપ બેસી ગઈ.

"સૉરી, મોમ! હું બહુ ખરાબ છું ને? મને સ્કૂલમાં બધાં ચીડવતાં હતાં, નર્સરી ગર્લ. એટલે એમને ખોટા સાબિત કરવા ..." એ હીબકાં ભરવા લાગી. "એક વાર એ લોકોને જવાબ આપવા, બીજી વાર વધારે ખબર પડે છે એ બતાવવા જોયું અને પછી તો ખબર નહીં, એક જાતનો ડર અને સાથે સાથે મજા પણ ..." સૃષ્ટિ બોલ્યે જ જતી હતી. મોમ હજુ ચૂપ હતી. "મોમ, ઉપરથી આ બારીમાંથી એક વિચિત્ર સળવળાટ મારા શરીરમાં ઘૂસી ગયો છે, જે આ જોઉં પછી જ શાંત થાય છે. આઇ નો મોમ, હું ખરાબ છું, ખોટું કરું છું, પણ ...પણ.."

"સૃષ્ટિ, ઇટ્સ નેચરલ." મોમ ત્યાં સુધીમાં સ્વસ્થ થઈ ચૂકી હતી. દીકરી કિશોરાવસ્થાના કેવા પડાવે પહોંચી હતી એ માને સમજાઈ ગયું હતું. "સાંભળ, તને આ ઉંમરે બધું આકર્ષણ થશે પણ આ આદત તારા માટે જ.. " મોમ શબ્દો ગોઠવવા મથતી હતી.

મોમે ટૅબ્લેટ બાજુમાં મૂકી દીધું અને સૃષ્ટિ સામે તાકી રહી.

"મોમ, સાચું કહું તો મને બૉય્ઝનો ડર લાગે છે. આવું કેવી રીતે ...બસ. સમજમાં નથી આવતું કે આવું હોય એટલે ફરી ફરી ....ડેડ પણ આમ જ..." સૃષ્ટિ થોથવાઈ રહી હતી. મોમના ચહેરા ઉપર ગુસ્સો હતો કે નહીં એ કળી નહોતી શકતી.

"સૃષ્ટિ ...વધારે પડતું નહીં વિચાર. મૂવીમાં થાય એ બધું સાચું હોય છે કે નહીં એ બધું સાચા સમયે સમજાશે." મોમ એના માથા ઉપર એક કિસ કરીને રૂમની બહાર નીકળી ગઈ. "તારે શું કરવું એનાં માટે હું તને કોઈ લેક્ચર નહીં આપું. એટલું જ કહીશ કે આ ટેવ સારી નથી." મોમે આંખો એના ઉપર ઠેરવી.

"મોમ, તું ડેડને કહી દઈશ ને? હું એમનો સામનો કેવી રીતે કરીશ?" સૃષ્ટિને સમજાતું નહોતું કે મોમે એને થપ્પડ કેમ ન મારી! મોમ તો એને વઢી પણ નહીં. સૃષ્ટિ ચોખવટ આપવા માટે આગળના શબ્દો શોધતી હતી.

"એ તારા ડેડ છે. સામનો તો દુશ્મનનો કરવાનો હોય. તારા દુશ્મનોને ઓળખવા માટે તું સમજદાર છો." એટલું બોલી મોમ ઓરડાની બહાર નીકળી ગઈ. મોમે બિલકુલ ગુસ્સો નહોતો કર્યો એ વાત સૃષ્ટિને ગળે નહોતી ઊતરતી. પરંતુ એ સાંજથી ઘરની હળવાશ મૌનના ભારથી દબાઈ ગઈ હતી. સૌ સમયની જેમ પોતાની ગતિએ ચૂપચાપ ચાલ્યાં કરતાં હતાં.

સૃષ્ટિને સમજાતું હતું કે એણે ભૂલ કરી છે. એણે પોતાની જાતને ભણવામાં અને ગમતી પ્રવૃત્તિમાં ખૂંપાવી દીધી. થાકીને ઢગલો થઈ જવાય ત્યાં સુધીનો માનસિક શ્રમ લેતી તેમ છતાંય એ ઊંહકારા સાંભળ્યા વિના એની ભીતરે પેસી ગયેલો પેલો સળવળાટ શાંત નહોતો થતો. એક તરફ અપરાધભાવ અને બીજી તરફ ન સમજાય તેવું આકર્ષણ. ઘડી ઘડી હાથ ટૅબ્લેટ તરફ ખેંચાઈ જતા અને આંગળીઓ ચોક્કસ શબ્દો ટાઇપ કરવા માંડતી. એ પોતાને રોકતી અને પછી જાતને છેલ્લી વારનું વચન આપી છેતરી લેતી.

"હેલો, નિસર્ગ! કંઈક શેર કરવું છે. પ્લીઝ, મને હેલ્પ કરીશ?" આમ તો વાત કરવી અઘરી હતી પણ મદદ ફક્ત આ મિત્ર પાસેથી માંગી શકાય એમ હતી. બંને છેડે સરખી ઉંમરની મૂંઝવણ વહેંચાતી રહી. ક્યારેક આંખોમાં આશ્ચર્ય લીંપાતું તો ક્યારેક અપરાધભાવ. ક્યારેક સ્વીકાર તો ક્યારેક રાહત.

"એક કામ કરીએ? જ્યારે મન કાબૂમાં ન રહે ત્યારે તારે મને કૉલ કરી લેવો. આપણે બીજી વાતો કરીશું." નિસર્ગે ઉપાય આપ્યો.

"પણ મોમ, ડેડ? એમની સાથે નૉર્મલ કેમ થવું?" સૃષ્ટિની ખરી તકલીફ તો એ જ હતી. સામે છેડે સૂચવાયેલ ઉપાય ગમ્યો તો નહીં પણ ...

"મોમ, આ ટૅબ્લેટ! તું લૉકમાં મૂકી દે. મારે કામ હશે તો હું તારી પાસે માંગી લઈશ." એક વણકહી વાત સમજાઈ ગઈ. ઘરમાં મૌન હળવું પડવા માંડ્યું. ફરી ત્રણેની વાતો ગુંજવા લાગી.

સૃષ્ટિ એના મોમ, ડેડ, નિસર્ગ અને ભણતર વચ્ચે ઘેરાયેલી રહેતી, પણ એકલી પડતાં જ પેલો સળવળાટ એને હેરાન કરી નાંખતો. ક્યારેક એને લાગતું કે એ દાહમાં સળગી રહી છે તો ક્યારેય આંખો સામે અંધારું છવાઈ જતું. નિસર્ગ સાથે વાતો કરતી વખતે પણ શબ્દો લથડાતા. સ્કૂલના બ્લૅકબોર્ડ ઉપર અક્ષરોમાં ધ્યાન ન રહેતું. પેલી છેલ્લી બેન્ચની છોકરીઓની વાતો સાંભળવા મન લલચાઈ જતું ...

અને છેવટે એક દિવસ સૃષ્ટિએ મોમના ઑફિસ જતાં અગાઉ, મોમના પર્સમાંથી પેલા લૉક્ડ ખાનાની ચાવી સરકાવી લીધી .....

■

# સ્વીકાર

ગિરીશ ભટ્ટ

રાજમહેલ હોટેલની એક તરફ પાકી સડક, ગામ, ગલીઓ, મકાનો, દુકાનો ને જાડા મજબૂત પડવાળી નાળિયેરીની વાડીઓને બીજી તરફ એક ફર્લાંગ દૂર ઘુઘવાટો લેતો ભૂખરા જળરાશિવાળો અફાટ સમુદ્ર.

દિવસની ડ્યૂટી હોય એટલે ખાસ કાંઈ અનુભૂતિઓ ના થાય, સાવ પાસેના સમુદ્રની પરંતુ અત્યારે તો સમુદ્ર, સ્પષ્ટ રીતે – અફળાટ, પછડાટના રૂપમાં અનુભવાતો હતો.

મૅનેજર કાવસજીનો ફોન આવ્યો હતો : નીરજા, તારે આજે નાઇટ ડ્યૂટી કરવી પડશે. નો વે. પરભા બીમાર પરી છે, ને લીલી પરદેશ જાંઉ જાંઉ થઈ રહી છે...

ને તે બાર વર્ષના જીત સાથે આવી હતી. ચોકીદાર ચમસિંહે ધરપત આપી હતી : રાતે ખાસ ટ્રાફિક ન હોય. બારની બસ આવી જાય પછી કોઈ મુસાફર ના આવે. સાવ શાંતિ. પાછલી ઓરડીમાં આરામ કરવાનો.

જીતને આદત હતી, માની તે નીરજા વિના રહી શકતો જ નહોતો.

તેને પાછલી રૂમમાં સુવડાવીને તે તેની નિયત ખુરસીમાં બેઠી હતી, તે આ હોટેલની એક રિસેપ્શનિષ્ટ હતી : લોકોનો સત્કાર કરવાનો, ચાર–પાંચ ચીલાચાલુ અંગ્રેજી, ગુજરાતી વાક્યોથી. તેને બરાબર આવડી ગયું હતું એ કામ.

કાવસજી કહેતા : યૂ આર ફર્સ્ટ, સેકન્ડ ઇઝ રાજમહેલ હોટેલ.

અહીંના રાજવીની આ હોટેલ હતી, રાજમહેલમાં પરિવર્તનો કરીને હોટેલનું રૂપ અપાયું હતું.

શયનખંડો, દીવાનખાનું, રસોઈકક્ષો, બાથરૂમ્સ, પૅસેજ, ઝરૂખા – અત્યારે હોટેલ હતાં.

માલિક બૅંગ્લોરમાં હતા. કાવસજી સાથે રાતે રોજ વાત થતી.

ફર્સ્ટ ફ્લૉર પર સ્પેશિયલ રૂમ્સ, ઑફિસ ને સ્વાગતકક્ષ અને બીજા ફ્લૉર પર ડોરમેટરી – ડ્રાઇવર્સ કે એકલદોકલ ટૂરિસ્ટ્સ માટે.

હોટેલ ધમધોકાર ચાલતી હતી.

મુખ્ય આકર્ષણ સમુદ્રદર્શન. ઝરૂખાઓ ને બારીઓમાંથી ભરતી–ઓટનો સમુદ્ર જોવાનો ને બીજી તરફ લીલી નાઘેર જેવો ભૂભાગ. શાંતિ પણ કેવી ? આ છોડીને કશે જવાનું મન ના થાય.

રાતે આર્મીમૅન રામસિંહ, લોડેડ ગન સાથે ચોકીદારી કરે ને દિવસે તેમનો શાદીશુદા ભત્રીજો. હમણાં જ નવી દુલ્હનને લઈને અહીં આવ્યો હતો.

ગ્રાઉન્ડ ફ્લૉર પર લિફ્ટ હતી ને સેકન્ડ ફ્લૉર પર જવા માટે આરસનો કઠેડાવાળો, વળાંકવાળો દાદર. વૈભવ હતો પાર વિનાનો. નકશીકામવાળાં કબાટો, પલંગો ને બારીબારણાંઓ.

લોલકવાળું એક ઘડિયાળ સ્વાગતકક્ષની દીવાલ પર શોભતું હતું, જેમાં દર કલાકે મધુર સ્વરમાં ડંકાઓ રણકતા હતા. પસાર થતા કાળનું ભાન કોમળ રીતે થવાની એક સરસ રીત હતી.

પહેલી વારની નાઇટ ડ્યૂટી હતી, બત્રીસ વર્ષની નીરજા માટે. શરીરનો મધ્યમ બાંધો, જરા ઊજળો વાન, નમણાશ – બધું મૃત મા તરફથી મળ્યું હતું. જીભ મૃત પતિ કશ્યપની ભેટ હતી અને મુખ પર ડોકાતું સ્મિત તેની જૉબની દેન હતી ને જરૂરિયાત હતી.

દિવસે કોઈ પણ અહીં બેસતી ત્યારે પ્રવૃત્તિ મુખ્ય રહેતી; આવકાર, પૃચ્છાઓ, વૉર્ડબૉયને સૂચનાઓ.

થૅન્ક્યૂ... વ્હાય નૉટ.... સ્યૉર.. જેવાં લટકણિયાં. તેમને ફાવી ગયું હતું. સારી રીતે ફરજપાલનની સંતૃપ્તિઓ : કાવસજી ખુશ હતા, ટૂરિસ્ટો પણ ખુશ. માસને અંતે નોટો ભરેલું કવર મળતું હતું.

ત્યારે અનુભૂતિ થતી હતી સુખની : વાહ, કોઈ તો ખુશ હતા તેનાથી.

પણ આ ખુશી અલ્પજીવી જ રહેતી, કારણ કે... !

કાવસજી, પોતે જ ક્યાંક ને ક્યાંક કહ્યા કરતા કે ખુશામત ખોદાયજીને પણ પ્યારી છે. મારે પન કરવી પરે છે !

નીરજા હસી પડતી હતી.

નીરજાની પાછળ એક સમુદ્ર ખળભળતો હતો. દિવસે પણ ખળભળતો જ હશે. ક્યાં ધ્યાન જતું હતું ? કેટલાં કામો નિપટાવાનાં હોય, એકસાથે ? અને પાછો કલાર્ક શ્રીધર મદદમાં પણ હોય.

અને અત્યારે તે એકલી – કામ વિનાની ! ઘડિયાળે હમણાં, બાર ડંકા મંજુલ સ્વરે વગાડ્યા હતા. સમય જાણે ખોડંગાતો ખોડંગાતો પસાર થતો હતો ! જાણે મંથર ગતિએ જતી સાત માસનો ગર્ભધારણ કરેલી સ્ત્રી ! અર્થાત્... તે ! કેટલાંક વર્ષો પહેલાંની તે ! કેટલાં થયાં જીતને ? બસ, તે, તેના ગર્ભમાં હતો. બસ, એ કાળની વાત. ક્યાં સૈકાઓ વીતી ગયા એ વાતને ? તે હતી. તેને હરખ થયો હતો : ઓહ, તે ગર્ભવતી હતી ! નિયત તારીખ વીતી ગઈ હતી ને તે એવી ને એવી હતી ! તરત કશ્યપ સાંભર્યો હતો. ગમે તેમ તોય પતિ.

તે વારંવાર ઉદાસ બની જતી હતી. તેના થકી જ તે મા બનવાની હતી ને ?

સાસુ-શ્વશુર ખુશ હતાં. પતિ હજી બહાર હતો. કદાચ પેલી સ્ત્રી પાસે પણ હોય. તે પરણી હતી ત્યારે કેટલી ખુશ હતી ? ચાલો, સુખ મળ્યું – નવુંનકોર સુખ ! ગમ્યો હતો

પતિ. કોઈ વ્યક્તિ તેની હતી, તેની જ! નહીં તો કયું ઘર હતું તેનું? મા જન્મ આપીને તરત મૃત્યુ પામી હતી. ક્યાં કશાયનું ભાન હતું તેને. તે તો રડતી હતી. પ્રથમ વરસે તેને – એ બાળકીને સંભાળી હતી ને પછી પિતાની વિધવાબહેને. દૂરની સગી થતી હતી, પણ વયમાં પિતા કરતાં ખાસ્સી મોટી હતી, પિતાને ઠપકાના બે શબ્દો કહી શકે તેવી.

એ ફોઈ પિતાને કહેતાં જ હતાં : આમાં આ છોકરીનો શો દોષ? આયુષ્ય ખૂટી ગયું હશે લલિતાનું, કે મૂઆ, ડૉક્ટરોની ભૂલ.

પણ પિતા તો તેને જ દોષિત ગણતા હતા : આ જ...!

સમુદ્રના જળની પછડાટો દૂરની હતી. તેને, આ વિસ્તારના સહુ લોકોને એ જ્ઞાન તો હતું જ કે આ ઓટ હતી. એને પણ હતું.

દરિયો જોખમી હતો અને એય જાણ હતી કે આવા દરિયામાં ભરતી કરતાં ઓટ વધુ જોખમી. ભરતી તો કાંઠે લઈ જાય. પરંતુ ઓટ તો દરિયામાં તાણી જાય. તેનો ભરોસો ના થાય.

નીરજા દૂરની પછડાટો જોઈ રહી હતી.

પિતાએ તેને કાયમ તિરસ્કારી હતી, કોઈ પણ વયે, વિજયા ફોઈ તેની ઢાલ સમાન હતાં પણ તેમની પણ લાચારી હોય ને?

તેને સમજ આવતી હતી ને પીડા વધતી હતી. 'શું હું અપરાધી? જન્મથી...!

એવું ના હતું કે પિતા કાયમ તેના પ્રતિ કઠોર જ હતા. એ પુરુષ પ્રેમ કરવાની રીત ગુમાવી બેઠો હતો. ક્યારેક પસ્તાવો પણ થતો હતો, પરંતુ ક્યારે મૂળ સ્વભાવ આવી જતો એ તેમના નિયંત્રણમાં ન હતું. તેને એક વાત ગમતી હતી કે તે માને, ખૂબ ચાહતા હતા.

ના, તે પિતાને ધિક્કારતી નહોતી, દયા ખાતી હતી. લગ્ન થયાં ત્યારે પિતાને વળગીને રડી હતી ધોધમાર.

હજી જળની થપાટો સંભળાતી હતી.

રામસિંહ બોલ્યા હતા : બેટી, આરામ કર. બારની બસ તો ક્યારનીય આવી ગઈ. કોઈ નથી ટૂરિસ્ટ. સવાર થાતાં ખાસ સમય નહીં લાગે.

પણ તે તેની કથામાં જ હતી.

શું કહ્યું હતું કશ્યપે એ રાતે? નીરજા, આ લગ્ન મેં, માતા-પિતાના સુખ માટે કર્યાં છે, મારી ઇચ્છાથી નહીં.

એક વધુ અસ્વીકાર.

તેને કોઈ બીજી સ્ત્રી સાથે લગાવ હતો, વર્ષોથી. આભ તૂટી પડ્યું હતું.

તે કહેતો હતો : રહે શાંતિથી. તારે શો ફરક પડવાનો હતો? ના, કહેતી કોઈને.

ને પછી તેને કશ્યપના દેહમાં બીજી સ્ત્રીની ગંધ આવતી હતી.

દરમિયાન તેના પિતા ઘરને વેચીને ચાલ્યા ગયા હતા.

પછી વિચાર્યું : છો ને ગમે, ત્યાં જાય. તે આને ઘર માનીને અહીં જ રહેશે. પેલી ગંધને સહી લેશે, પુરુષ નિખાલસ તો હતો.

હવે જળની થપાટો નજીક સંભળાવા લાગી હતી. થયું કે ઓટ ગઈ, ભરતી આવશે.

હજી સમુદ્રજળ ત્યાં જ સ્થિર રહેશે. કલાક પછી.. જળ આ તરફ આવશે.

ઝરૂખાનાં બારણાં પર છેલ્લી થપાટ વાગી હતી.

તે કશ્યપના મૃત્યુ પર રડી હતી, મા-બાપ કલ્પાંત કરતાં હતાં.

કોઈએ કહ્યું હતું તેને : તને, સાતમો મહિનો જાય છે ને? તું પછડાટ ના ખાતી...

છેલ્લે મા-બાપના બોલ સ્પષ્ટ થયા હતા : કાળમુખી ભરખી ગઈ મારા દીકરાને.

પૂરે દિવસે જીતનો જન્મ થયો હતો. કોઈ ભણેલા સજ્જને ઉચ્ચારણ કર્યું હતું : પ્રોસ્થોમસ ચાઇલ્ડ.

હવે તેને કોઈ દુઃખ રડાવી શક્તું નહોતું.

કેટલા પ્રસ્તાવો આવ્યા હતા? પરણી જા દિયરને, ચાલી જા ઘર છોડીને, શોધ તારા બાપને...

જીત નવ વર્ષનો થયો ત્યારે તે સાચેસાચ એ ઘર છોડીને ચાલી ગઈ હતી, જીત સાથે.

એ ગામમાં દરિયો નહોતો પણ અહીં હતો. મળી કાવસજીને. અરજી તો કરી જ હતી.

'બેબી... તારે થોડું તૈયાર થવું પડશે' કોઈએ કહ્યું હતું.

જૉબ મળી ગઈ હતી, ઘર પણ.

ત્રણ વર્ષ થયાં.

પ્રભાએ કહ્યું : ભૂલી જા પાછલું જીવન. હું નાઇટ ડ્યૂટી કરીશ, તું દિવસે જૉબ કરજે. શું નામ છે તારા દીકરાનું?

બસ, આજે તેને નાઇટ ડ્યૂટી મળી હતી. નો વે.

રામસિંહે ફરીથી કહ્યું હતું : બેટી, આરામ કર. હવે કોઈ નહીં આવે.

જીત ઘસઘસાટ સૂતો હતો.

દરિયો તો હજીયે પછાડો ખાતો હતો.

ઘડિયાળમાં એક ટકોરો રણક્યો હતો.

તે કાંઈ સાવ એકલી નહોતી રાજમહેલ હોટલમાં; તે અને રામસિંહ ઉપરાંત સહાયક મૅનેજર સદાશિવ અને બે સર્વિસ બૉય્ઝ પણ હતા, એ લોકો ઑફિસમાં હતા.

બત્તી બળતી હતી એનો અર્થ એ કે સદાશિવ કામ કરી રહ્યો હતો.

નીરજાને તો આજે નાઇટ શિફ્ટ હતી, પરંતુ સદાશિવને તો કાયમની હતી, દિવસે કાવસજી ને રાતે સદાશિવ, નિયમ હતો.

સદાશિવનું ઘર નીરજાના ઘરની પાસે હતું. બન્નેનાં ઘરો પાસે એક નાળિયેરીનું વૃક્ષ હતું, ટપાલનો લાલ ડબો હતો. લોકો ટપાલ નાખવા ત્યાં આવતા-જતા રહેતા, વસ્તી રહેતી.

સદાશિવની પત્ની નિઃસંતાન હતી. નીરજા સાથે ખાસ ભળતી નહોતી. ક્યારેક કહેતી બારીમાંથી : કોણ નીરજા? હું તો એ કહું છું કે કાયમ નાઇટ શિફ્ટ લખાયેલી હોય પછી શું થાય? વાંઝિયા જ રહેવું પડે ને? તારા.. ...... વાત કહું છું.

નીરજાને થતું હતું કે એ સ્ત્રી કાં તો બેશરમ હતી અથવા દુઃખી?

નીરજા સદાશિવને કાયમ, સર કહેતી, તેની સ્ત્રી દેખતાં ક્યારેય મળતી નહોતી. આવી સ્ત્રીઓ શંકાશીલ પણ હોય.

સદાશિવ નીરજાને કહેતા : 'નાઇટ શિફ્ટમાં કેવી શાંતિ રહે? કામો નિરાંતે નિપટાવી શકાય.'

તેમણે રાત દરમિયાન હોટેલમાં બે વાર જાત-નિરીક્ષણ પણ કર્યું હતું. બધું બરાબર જણાયું હતું. પૃચ્છા કરી હતી રામસિંહની : 'સબ સલામત?'

રામસિંહે ઊભા થઈને સલામ કરી હતી : 'હા, સા'બ.'

પછી સદાશિવે, નીરજા સાથે વાત કરી હતી : 'નાઇટ શિફ્ટ તો પહેલી જ વાર ને? જીતને અંદર સુવાડ્યો છે ને? સારું કર્યું. કાલ તો પ્રભા આવી જશે.'

પછી જાત સાથે વાત કરતા હોય એમ બોલ્યા હતા : 'બે લકઝરી જ ખાલી છે. ડોરમેટરી પણ ભરચક.'

સીઝન સારી જાય છે, ખરું ને?

નીરજા વિચારતી હતી કે, સદાશિવ કેટલા ઓતપ્રોત હતા રાજમહેલ સાથે! જાણે બીજી ઘરવાળી! ગમતું હશે કજિયાળી પત્ની સાથે? પતિ વિશે કેવી નિમ્ન વાતો કરતી હતી તે? તેનું નિઃસંતાનપણું પણ એમાં વણાઈ જતું હતું. સદાશિવ શું એટલે જ નાઇટ શિફ્ટ... ?

રાતે શું શું થઈ શકે, શું શું કરી શકાય? તે શું કરતી હતી કશ્યપ સાથે?

તે ફરી એ જ ચીલે ચાલવા લાગી હતી. એમ લાગતું હતું કે આ રાતનો અંત નહોતો. તેને એક રાજાની બે રાણીઓ, એક માનીતી ને બીજી અણમાનીતી-ની વાર્તા યાદ આવી હતી.

આ તો તેની અસ્વીકૃતિની વાર્તા હતી, જન્મથી એ વાર્તા શરૂ થઈ હતી ને હજી પૂરી થઈ નહોતી. કોણે તેનો સ્વીકાર કર્યો હતો? તે પ્રતીક્ષા કરતી હતી : કોણ.. ?

હજી બત્રીસ વર્ષની હતી. રૂપ, રંગ, વાન, નમણાશ – હજી મેકઅપથી સાચવી લેતી હતી. જૉબ કરતી હતી રૂપાળી સ્ત્રીઓને જ મળે તેવી.

જરા પણ ઘોબો પડે તો ના ચાલે. કાવસજી જ રવાના કરી દે. કોઈ ડૉક્ટરના દવાખાનામાં જઈને પૅશન્ટ્સના કેસ પેપર્સ કાઢો.

હવે શું બાકી હતું? તે પ્રતીક્ષા કરતી હતી, જીતના મોટા થવાની. કોઈ પણ મા આ જ કરે. તે મોટો થાય, પૈસા કમાય, પરણે ને ભયોભયો.

નીરજા એમ જ કરતી હતી.

એક અંદેશો હતો : તે યોગ્ય છોકરી શોધે, જીતને પરણાવે પણ તેનો અસ્વીકાર તો નહીં કરે ને?

શક્યતઃ એક અસ્વીકાર બાકી હતો.

લોલકવાળા ઘડિયાળમાં બે ડંકા વાગ્યા હતા. આ ઘડિયાળ કાવસજીને પ્રિય હતું.

ઑફિસનું અજવાળું મંદ થયું હતું. પાછલો પ્રહર નજીક હતો. નીરજા રૂમમાં જઈને ફ્રેશ થઈ આવી હતી. જીત સૂતો હતો.

ધ્યાન ગયું દરિયા ભણી. ઘુઘવાટો ચાલુ જ હતા. છ વાગે કેતકી તેને રિલીવ કરવા આવવાની હતી. રામસિંહ જાગતા હતા, દરિયાની માફક. તે પણ જાગતી હતી. કોની માફક? કોઈ ઉપમા ના સૂઝી. બસ, ક્યારેય નાઇટ શિફ્ટ નહીં જ કરે. એમ લાગતું હતું કે તે અંદર ને અંદર યોજનો સુધીનું અંતર કાપી ચૂકી હતી અને છતાંય ક્યાંય પહોંચી નહોતી.

અચાનક લિફ્ટનો કંપ સંભળાયો હતો. 'કૌન....' રામસિંહથી સહજ રીતે બોલાયું હતું. નીરજા ચોંકી હતી : ટૂરિસ્ટ... ? બે રૂમ હજી ખાલી હતા. એક આપી શકાય. કદાચ કોઈ ડોરમેટરી માટે પણ હોય. તે હસી હતી.

લિફ્ટ ઊભી, બારણું ખૂલ્યું. ટૂરિસ્ટ...જ, લગભગ ત્રીસનો એક દેખાવડો, ઘઉંવર્ણો યુવાન પ્રવેશ્યો હતો. સાવ સહજ જેમ તે તેના ઘરમાં પ્રવેશતો ના હોય! નીરજાને પણ લાગ્યું હતું કે એને ક્યાંક જોયો હતો.

બેસી ગયો નીરજાના ટેબલ સામે. રામસિંહ... ચોકન્ન થઈને ઊભા થઈ ગયા હતા.

'મેડમ... હું નવો નથી. અગાઉ આ હોટલમાં રોકાયો છું. ઝરૂખાવાલી રૂમમાં.' તે બોલ્યો હતો, સહજતાથી.

ને નીરજાનું મગજ ચાલવા લાગ્યું હતું.

યાદ આવ્યું.. કપલ. હનીમૂન માટે જ ખાસ..! અત્યારે પત્ની સાથે ન હતી. સરસ છોકરી હતી.

તે તરત બોલી : 'તેમણે નીલા રંગનો ડ્રેસ પહેર્યો હતો ને સર, તમે... રજવાડી સૂટ!'

મને યાદ આવ્યું. સરસ જોડી હતી એમ થયું હતું.

'તમે મલય... ને?' નીરજા ઊછળી પડી હતી. ને એ પુરુષે કહ્યું : 'તમે સાચાં છો. ગુડ મેમરી! તેને નીલો રંગ ખૂબ જ ગમતો હતો.'

ખ્યાલમાં આવ્યું કે વાક્ય ભૂતકાળમાં બોલાયું હતું. શું હશે? એમ હશે?

'તમે નીરજા, ખરું ને? તે હવે નથી. એક વર્ષ થયું.' મલયનો અવાજ શિથિલ થયો હતો.

મૃત્યુની વાત હતી. મૃત્યુ એટલે ફરી ના હોવું.

'સર, સેડ ન્યૂઝ, ઈશ્વરે આમ કેમ કર્યું હશે?'

મૌન પથરાઈ ગયું, બન્ને વચ્ચે.

નીરજાને માતા યાદ આવી હતી. એક ફોટો હતો તેની પાસે. સરસ લાગતી હતી મા- મા જેવી જ!

તેની આંખો ભીની થઈ હતી ને મલયે તેને રૂમાલ આપ્યો, તેણે આંસુ લૂછ્યાં.

હજી મલયની આંખો ભીની જ હતી.

કહ્યું : ગાડી મરામતમાં આપી છે નીચે. યાદ આવી ગઈ આ હોટેલ. થયું - મળી લઉં તમને. હા, તમે એક, યાદ હતાં. શક્ય હોય તો રૂમ જોવો છે જ્યાં અમે રહ્યાં હતાં. તકલીફ આપું છું....

મલયના શબ્દોમાં આર્દ્રતા નીતરતી હતી. લગ્ન પછી એક વર્ષમાં આમ બને એ કેટલું પીડાદાયક? કશ્યપ પણ એક વર્ષ પછી જ....! તે રડી હતી, ગમે તેમ તો તેનો પુરુષ હતો. વિચાર નહોતો આવ્યો કે પેલી રડી હશે કે નહીં.

નીરજા લઈ ગઈ એ ઝરૂખાવાળી રૂમમાં. મૌન સાથે અવલોકન થયું. કેટલી સ્મૃતિઓ હશે એ આનંદોત્સવની?

કશ્યપ સાથેનો સમય યાદ આવી જ ગયો. મલય બધે ફર્યો હતો.

ને અંતે ઝરૂખામાં બન્ને પ્રવેશ્યાં હતાં; ઓળખતાં હતાં એ સાચું પણ સંબંધ શો?

સમુદ્ર તો એવો ને એવો જ હતો યુગોથી.

વળી તંતુ લંબાયો હતો : 'હું ને નીલી, રોજ સાંજે અહીં ઝરૂખામાં બેસતાં, સાગરદર્શન કરતાં. તેણે અહીં બેસીને સાગર વિશે કવિતા લખી હતી. નીરજા, તે કવિતાઓ લખતી હતી.'

નીરજાને એ સ્ત્રીનું નામ મળ્યું હતું જે હવે આ દુનિયામાં નહોતી. તેને પીડા થઈ હતીઃ ઓહ! કેવી વાત હતી? લગ્ન પછી તરત જીવનસાથીનું ના હોવું!

'નીરજા, ભરપૂર પ્રેમ આપ્યો હતો. અચાનક આમ થયું. હૃદયમાં... ખરાબી, છિદ્ર, વાલ્વની...'

મલય વાક્ય પૂરું કરી શક્યો ન હતો. આ કાંઈ કોઈ સ્થળનું વર્ણન કરવાનું ન હતું.

અલબત્ત તે ખાલી થવા ઇચ્છતો હતો. શું હતી નીરજા તેની? આવ્યો ને જૂની ઓળખ મળી હતી તે આવવાનો તો હતો જ. તેને આ સ્થળે આવવું જ હતું. ને તેને ઓળખતો પણ હતો. અનેક ઘટનાઓ ને પાત્રો સ્મૃતિમાં, અંકાઈ જતાં હોય છે.

'ચાલ નીરજા, તું ઉપકારક બની હતી, આજની નાઇટ શિફ્ટ છેલ્લે છેલ્લે કશાક કામમાં આવી હતી.

હવે શું? તે બન્ને તેના સ્વાગત કક્ષમાં આવશે, મલય આભાર માનીને વિદાય લેશે ને તે સવાર થાવાની પ્રતીક્ષામાં જોતરાઈ જશે.

પણ અચાનક મલય જરા મક્કમ થઈને બોલ્યો હતો : નીરજા, તે તમને યાદ કરતી હતી, ને મને યાદ કરાવતી હતી.

ને અન્તે, શબ્દો નીકળ્યા હતા. નીરજાનું અનુમાન બિલકુલ સાચું હતું.

કહ્યું : 'નીરજા, મૃત્યુ સમયે શું બોલી હતી નીલી?'

કહ્યું : 'મારા મૃત્યુ પછી તે નીરજાને પરણજે. તે એક સારી સ્ત્રી છે. મારી છેલ્લી ઇચ્છા...'

તે કેટલી ચોંકી હતી? કેટલો મોટો વિસ્ફોટ હતો આ? તે દરિયાની માફક ખળભળતી હતી. બધું જ ક્ષણભર વળગ્યું. તે અને મલય – ? છેલ્લી ઇચ્છા એ સ્ત્રીની? કેટલું વહેલું મૃત્યુ? અરે, આ વય કહેવાય આખરી વિદાયની? બિચારી!

પણ રહ્યું શું? નીરજા, તેણે તારો સ્વીકાર કર્યો, માન સાથે!

તે એને ઝંખતી હતી, જન્મથી.

હવે પછી શું બનવાનું હતું એની તેને પરવા ના હતી. તેનો સ્વીકાર થયો હતો.

તે આનંદથી તરબોળ હતી, સમુદ્રની ભરતી જેવી.

■

પણ એક વસ્તુએ જડ ઘાલી – આ જગત નીતિ ઉપર નભેલું છે. નીતિમાત્રનો સમાવેશ સત્યમાં છે. સત્ય તો શોધવું જ રહ્યું. દિવસે દિવસે સત્યનો મહિમા મારી નજર આગળ વધતો ગયો. સત્યની વ્યાખ્યા વિસ્તાર પામતી ગઈ અને હજુ પામતી રહી છે.

વળી એક નીતિનો છપ્પો પણ હૃદયમાં ચોટ્યો. અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે એ વસ્તુ જિંદગીનું સૂત્ર બની ગઈ. તેણે મારી ઉપર સામ્રાજ્ય ચલાવવું શરૂ કર્યું. અપકારીનું ભલું ઇચ્છવું ને કરવું એ મારો અનુરાગ થઈ પડ્યો. તેના અગણિત અખતરાઓ આદર્યા.

આ રહ્યો એ ચમત્કારી છપ્પો :

પાણી આપને પાય, ભલું ભોજન તો દીજે;<br>
આવી નમાવે શીશ, દંડવત કોડે કીજ.<br>
આપણ ઘાસે દામ, કામ મહોરોનું કરીએ;<br>
આપ ઉગામે પ્રાણ, તે તણા દુઃખમાં મરીએ.<br>
ગુણ કેડે તો ગુણ દશ ગણો, મન, વાચા, કર્મે કરી;<br>
અવગુણ કેડે જે ગુણ કરે, તે જગમાં જીત્યો સહી.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# નવી વાર્તા

નવનીત જાની

તમને ખરેખર નવાઈ લાગશે કે હવે મારી પાસે ખૂબ ઓછી વાર્તાઓ બચી છે. કોઈ કંજૂસ માણસ પોતાનું સંચિત ધન ખૂબ જહેમતપૂર્વક સાચવી રાખે અને રાતદિવસ એની ચોકી કરે એમ હું બચેલી વાર્તાઓ માટે કરું છું. મારી વાર્તાઓ બહાર આવી આ જગને જોવા કોઈ બંદીવાનની પેઠે તલસતી હોય છે એવું ઘણી વાર થાય છે તો ઘણી વાર એવુંય થાય છે કે અપેક્ષિત અવકાશ સાંપડતાં જ મારી વાર્તાઓ એક પ્રચંડ વિસ્ફોટ સાથે મારામાંથી બહાર ફૂટી પડશે અને ત્રાડો નાખતી, જીભ લપલપાવતી, દાંત કચકચાવતી આ દુનિયા સામે વક્ર દૃષ્ટિ માંડશે ત્યારે હું એને કેમ કરી વારીશ?

ખમ્મા વાર્તા! ખમ્મા મારા પેટ! ખમ્મા મારી લાલબાઈ ફૂલબાઈની લાજવંતી ચૂંદડી, તને ઘણી ખમ્મા!

પરંતુ હું હમણાં હમણાંથી બહુ સંયમપૂર્વક એવો ડોળ કરું છું કે, ભૈસાબ મારી પાસે હવે એક પણ વાર્તા નથી. ભંડારેલી વાર્તાઓમાંની કોઈ વાર્તા જ્યારે મને અંદરથી ખોતરવા લાગે છે અર્થાત્ કોઈ ભૂખ્યું બાળક એની માની ચપ્પટ છાતીની વહુકી ગયેલી ચામડાની કોથળીને માથાં મારી જીવતી કરવાના પ્રયત્નો કરે ને બિચારી મા બાળકનું ધ્યાન બીજી બાજુ દોરી જાય એમ મારી દૃષ્ટિને ઇતિહાસ તરફ દોરી જાઉં છું.

તો એમ હમણાં હમણાંથી ઇતિહાસે મારો પીછો પકડ્યો છે. એમાં એક જગ્યાએ મેં વાંચ્યું કે જીતેલી પ્રજા ઇતિહાસ લખે છે અને હારેલી પ્રજા કવિતા, ત્યારથી મારું મગજ ચકરાવે ચડ્યું છે. થાય છે કે હું વાર્તાલેખક છું એટલા કારણસર હું જીતેલી પ્રજાના કોઈ એજન્ડામાં આવું કે ન આવું? કેમ કે હમણાં હમણાંથી મારી પાસે જે ઇતિહાસ આવે છે એ ઐતિહાસિક તથ્યમંડિત ઓછો અને કલ્પનામંડિત વાર્તિક વધારે હોય છે. કહે છે કે ઐતિહાસિક બાબતોને ભૂલવા અને વાર્તિક બાબતોને યાદ રાખવા બહુ શ્રમ કરવો પડતો નથી. ભૂતકાળ કદાચ સ્મૃતિમાં સળંગ વાર્તા રૂપે રહી શકતો હશે ઇતિહાસ પાસે એવી સુવિધા નથી. એ લાચારીપૂર્વક પોતાના અણકથિત ગાબડાને જોઈ રહે છે. પરંતુ હમણાં હમણાંથી રચનાત્મક ઇન્ટિગ્રિટીની યોજનાતળે આવાં ગાબડાં પૂરવાના કેટલાક પ્રયાસો થવા લાગ્યા છે.

ગુજરાતી વાર્તાના વિકાસ માટે હમણાં હમણાંથી અમારી સોસાયટીના નાકે એક ચિંતામંડળી ઊભી થઈ છે. એમનું માનવું છે કે વાર્તાના ભવિષ્ય માટે ઇતિહાસના સામા છેડેથી કાર્ય આરંભવું જોઈએ. કેમ કે પરાધીનતા ઇતિહાસને ભુલવાડી દે છે જ્યારે વાર્તાનું

સ્વાધીન ભવિષ્ય હોય છે. એટલે હમણાં હમણાંથી વાર્તા કેવી લખાઈ રહી છે અને કેવી લખાવી જોઈએ અને એવી વાર્તા કોણે લખવી જોઈએ એવા મુખ્ય મુદ્દાઓ પર પોતાનાં ભવાં વંકી વંકી ગુજરાતી વાર્તાના નાક-કાનનો મેલ ખોતરવાની પૂર્ણ સમયની પ્રવૃત્તિ વિકસી છે.

આ વિકાસશીલ પ્રવૃત્તિમાં એવા કેટલાક વાર્તારખોપિયાઓય છે કે જેઓ રાષ્ટ્રીય કે આંતરરાષ્ટ્રીય વાર્તાઓનો હવાલો આપી ગુજરાતી વાર્તાની શી દશા છે અને એના વિકાસ માટે શી દિશા પકડવી જોઈએ એ વિષયમાં યુએન કક્ષાની ચર્ચા કરી રહ્યા છે. જેમાં કોઈ વળી વાર્તાચરિત્રની સ્વાયત્તતાનો મુદ્દો એટલો જોશભેર ઉપાડે છે કે એનું ખુદનું સંતુલન ખોઈ બેસે છે. કોઈ સમયસંકલ્પનાની અરાજકતા વિશે તો કોઈ કથકના વાચકાછ વિશે તો કોઈ વસ્તુ નિરૂપણના વપરાશ વિશે પોતાનો મત લઈને બેઠું છે. કોઈને આ ધારામાંથી નીકળી પેલી ધારામાં ફંટાવવામાં વાર્તાની વશેકાઈ વર્તાય છે. કેટલાક સજ્જનો વાર્તામાં કચડાયેલી સ્ત્રીઓને પ્રકાશમાં લાવવાનું જ્યોતિર્મય કાર્ય કોણ કરશે એની ફિકર કરે છે તો કેટલાક સવર્ણો વળી કઈ કઈ ગુજરાતી દલિત વાર્તાના પુનઃ લેખન થકી એનાં પાત્રોને સમુચિત ન્યાય મળવો ઘટે એની જિકર કરે છે. આવું આવું વિકાસલક્ષી તો બીજું ઘણું ઘણું છે.

આવું બધું સાંભળીને વાર્તા લખવા બાબતે હું અવઢવ અનુભવું છું. રખે કોઈ આને મારી મીઠી મૂંઝવણ માને. કોઈ હસતીરમતી બાળકીને વર્ષો પછી કોઈ ઉદાસ સ્ત્રીમાં રૂપાંતર પામેલી જોઈએ અને જેવું થાય એવું થાય છે. પહેલાં આવું બધું અને આટલું બધું નહોતું થતું.

તમને થશે કે પહેલાં એવું શું થતું હશે?

તો એ વખતે જમીની સ્તરે સંવાદ-વિવાદ તો ચાલતા રહેતા. એથી એનો અંતિમ છેડો ભાગલા કે ભાગવાનો ન હતો. એથી તારુંમારું જેવી કે આપીકી બાપીકી જેવી પક્ષીલ બદમાશીનેય સ્થાન નહોતું. એથી કિસમ કિસમની કલમોય જો સહોદર જેવી ભાસે તો કોઈને શો વાંધો હોય? ક્યાંક ભાષાનો ભાર કે કકરાશ જેવું હતું તો રોટલાય જારબાજરાના જાડા હતા. મારા એક લેખકસ્નેહીને ઢળતી ઉંમરે મોતિયો આવ્યો ત્યાં સુધી ધૂંધળાશ જેવો શબ્દ ચલણમાં ન હતો. શબ્દનો દરેક વળાંક કે વાંકઘોંક ઠીક ઠીક ઉજમાળો રાખવાની દરકાર હતી. વૈયક્તિક મતભેદોની સીમા વૈયક્તિક સમજ સુધી જ જતી. જાહેરમંચોય લગભગ જાહેરમંચ રહેતા. માનવીય જથ્થાનો પ્રશ્ન બહુ નડે એવો ન હતો. શબ્દખેડુની આયુમર્યાદા કે સ્વાસ્થ્ય સંબંધિત પ્રશ્નો વાયરલ થઈને હજુ નિરામય મનોસ્થિતિને સ્પર્શ્યા નહોતા. પરિણામસ્વરૂપ અનુગામી અને પુરોગામી કે અગ્રજ અને અનુજ સાથે મળી સહૃદયતાની સૂંઢલ કરી શકતા. ફસલય સારી એવી પોષણક્ષમ થતી.

ટૂંકમાં, આજના સમો ખાસ વિકાસ નહોતો થયો એ તમે સમજી ગયા હશો. મોટા ભાગના બધા ખેડવા પર નિર્ભર હતા, ખોદનારો વર્ગ લઘુમતીમાં હતો.

વિકાસની શરૂઆત ક્યારથી થઈ એનું ચોક્કસ વર્ષ મળતું નથી. કેમ કે છેલ્લાં કેટલાંક વર્ષોથી ઘટતી ઘટનાઓ અને એ ઘટનાઓ સાથે જોડાયેલો સમય ભૂંસાવા કે ભુલાવાના ક્રમને અવારનવાર ઊલટસૂલટ કરી રહ્યો છે. આથી ગતિશીલ વિકાસનો પ્રારંભ કોઈ ૧૯૫૦-૫૧ પછી કહે છે, તો કોઈ કોઈ ૧૯૯૦-૯૧ પછી કહે છે, તો કોઈ કોઈ કોઈ ૨૦૦૧-૨૦૦૨ પછી ગણવાનું કહે છે. સાચાં વર્ષ મળે ત્યારે ખરાં પણ મેં ગયા વર્ષથી

વાર્તા લખવાનું સદંતર બંધ કર્યું એ એક હકીકત છે. આ વર્ષથી ઇતિહાસનું સઘન વાંચન શરૂ કર્યું છે એ બીજી હકીકત છે અને આ બંને હકીકત વચ્ચેની એક ત્રીજી હકીકત હમણાં હમણાંથી વારંવાર નજરમાં આવી રહી છે.

તો વાત એમ છે કે શી ખબર કેવી સહભાગિતા કે કઈ અધિકારિતાના નેજા તળે અમારી એક લેખક કૉલોની સ્થપાઈ છે. એ લેખક કૉલોનીમાં એકસૂરતા અને અન્વયતા સબબ વિવિધ સાહિત્યસ્વરૂપના બ્લૉક બન્યા છે. પછી બધા શબ્દખેડુઓ નચિંતપણે માફકસરનો સમય પહેરી ઓઢી પોતપોતાના ઓરડાઓમાં જીવવા લાગ્યા છે. હવે એમાં એક દિવસ બન્યું એવું કે અડધી રાત્રે આધ્યાત્મિક ગઝલો લખનાર અને બપોરકેડે જમીનની દલાલી કરનાર એક કવિને આગલી પેઢીના ગીતકવિ સાથે કોઈ બાબતે બબાલ થઈ. ઘણા કહે છે કે રદીફ કાફિયાના વજન અને લયપ્રાસના આયોજન બાબતે મતભેદ હતા. સાચુંખોટું રામ જાણે. તો એમણે એમના કહેવાતા સૌ વતી પોતાની અલગ સોસાયટી માંગી. એ હજી માંડ પત્યું ત્યાં વળી, અમને હવે સંકડાશ વરતાય છે, અમારી અલગ વસાહત કેમ નહીં એવો પ્રશ્ન ઉઠાવી આધુનિકો અને અનુઆધુનિકો મા શારદાના નમનીય નાકનાં ફોયણાંમાં પેઠા. માને તો બધા દીકરા-દીકરી સરખાં એ તમેય જાણો છો અને હુંય જાણું છું. પણ આ લોકોએ ધરાર ધાર્યું માને છીકાવ્યે છૂટકો કર્યો. આ ઘટનામાં અંદરથી અલગાવના શોખીનોએ સૌના દેખતાં ઇમોશનલ સ્ટૅન્ડ લીધાં. અર્થાત્ માનું નાક લૂછવા દોડ્યા. ખુદને સમજદાર સમજતો વર્ગ મૂંગો રહ્યો અર્થાત્ મોંએ તાળાં. તો તટસ્થતાના હિમાયતીઓએ આને એક અદ્ભુત ઐતિહાસિક વળાંક ગણી પસંદગીનાં વાક્યોનો વરઘોડો કાઢ્યો. બાકીના વિવિધ વાડાવાદમાં હડિયાપાટીએ ચડ્યા અર્થાત્ સંવાદ-વિવાદ વિખવાદપૂર્વક મા શારદાની નાકપ્રતિષ્ઠામાં પ્રવૃત્ત થઈ ગયા...

પછી તો રહેણાક વિભાગોય વધતા વકરતા ને વિકસતા ગયા. પછી તો એકબીજા પ્રત્યેની સજગતાએ સતર્કતા ભેળવી સર્જકતાની સેળભેળ વિકસાવી. પછી તો પદસંચારથી લઈ દૂરસંચાર સુધીની ગતિવિધિમાં અભિવૃદ્ધિસહ લેખનવૃદ્ધિયુક્ત સાહિત્યિક ટેરિટરી ફાલી.

એમાં એક દિવસ એવું બન્યું કે કેટલાક અજાણ્યા અધિકારી જેવા દેખાતા લોકોએ આવીને મારા ઘરની દીવાલો પર કંઈક લખાણ કર્યું. પેલા હેલ્થવાળા કે પોલિયોવાળા કે બાળ રસીવાળા કે પાણીના ટાંકામાં ક્લોરિન નાખવાવાળા બેરોકટોક ઝાંપો ખોલી આપણી દીવાલ ધોળા પીળા ચાકથી ચેકચાક જેવું લખાણ કરી જાય છે ને એવું આ નહોતું.

પાછળથી મને સમજાયું કે આ એક પ્રકારની લેખકીય માથાકૂટ જ હતી. લમણાઝીંક કહે છે ને એવું જ અદ્દલ. એ લોકો મને કન્ફર્મ કર્યા વિના જવા રાજી નહોતા. ઉપરથી ઑર્ડર છે અને અમે ચિઠ્ઠીના ચાકર છીએ એવું એ પ્રારંભે બેથી ત્રણ વાર અંગ્રેજી અને હિન્દીમાં વારાફરતી બોલ્યા. પંદરેક મિનિટની સમજાવટ પછીય પોતાનાં ભલાં ભલાં સીધાં વાક્યો બોદાં સાબિત થઈ રહ્યાં છે એવી પ્રતીતિ થતાં તેમણે તંત્રનિષ્ઠ બાંયો ચડાવી અને દોઢી ગુજરાતીમાં હાંક્યું,

'ગવર્મેન્ટ સરવન છો ને?'

'જી, પણ એનો આની સાથે શું મતલબ?'

'તમે વાર્તાઓ લખો છો ને?'

'વાર્તાઓ લખો છો, મતલબ?'

'મતલબની માનો ટાંગો, પહેલી વાત એ કે સવાલો ન કરશો, ઊલટા ફસાશો.'

'જી, માફ કરશો, ભાઈ, પણ ક્યારેક ક્યારેક વાર્તાઓ લખી લઉં છું. આમ તો હું ટીચર છું. શિક્ષક.'

'શિક્ષકની માનો ઋણસ્વીકાર...આપણે વાત કરીએ ત્યાં સુધી ચાણક્યજીનું પેલું પ્રસિદ્ધ સ્લોગન થોડી વાર માટે મગજમાંથી હાંકી કાઢજો.'

'બંધુ, હું કંઈ સમજ્યો નહિ.'

'આપણે બે ફરજપરસ્ત માણસો વાત કરી રહ્યા છીએ એટલું તો સમજાય છે ને?. બીજું, ભાઈ બંધુ, બાપુ એવાં સંબોધન ટાળજો.'

'ઓકે આઈ વિલ કૉલ યૂ સર ઓર સાહેબ ઓર બૉસ ઓલસો. પણ વાર્તા લખવાની મારી ઇચ્છા તો હોવી જોઈએ ને? અને મને ઇચ્છા થાય તોય તમે કહો છો એમ થોડી વાર્તા લખાય છે? વાર્તા લખવાનો એક મૂડ હોય છે, વાર્તાનું એક શાસ્ત્ર હોય છે.'

'જુઓ, શાસ્ત્રબાસ્ત્ર એ બધું તમે જાણો. અમને ઉપરથી ઑર્ડર મળ્યો છે અને એ પ્રમાણે કરવાનું છે.'

'ઉપરથી એટલે?'

'ઉપરથી એટલે ઉપરથી! પ્રશ્નો કેમ કરો છો?'

'ઓકે. સૉરી. ત્યારે તમારું એમ કહેવું છે કે ડિપાર્ટમેન્ટ, આઈ મીન...'

'એક્ઝેટલી. તો શ્રીમાન શિક્ષકશ્રી, આપને એ જણાવતાં અત્યંત હર્ષ અને ગૌરવની લાગણી થાય છે કે આ સર્ક્યુલર ફ્રોમ તાંત્રિક અખત્યારે ઉત્પન્ન ડિપાર્ટમેન્ટ ઑફ સ્ટોરી ટેલિંગ વિથ રાઈટિંગ ઇન હ્યુમન અફેર્સ ઍન્ડ રિસોર્સ તરફથી બજાવવામાં આવ્યો છે, સમજાયું? નહિ?'

વાતનો તંતુ હવે સાથે આવેલા બીજાએ લીધો : 'ન સમજાયું ને?'

મારું મોં જોઈને એણે આગળ હાંક્યું : 'ઇનશૉર્ટ, એટલું સમજો કે હવે સ્ટોરી એટલે, બાય ધ સ્ટોરી, ફોર ધ સ્ટોરી ઍન્ડ ટુ ધ સ્ટોરી. સો આઈ કેન જસ્ટ વૉર્નિંગ...આઈ મીન જસ્ટ ઇન્ફૉર્મ યૂ... તમે પૂરી શ્રદ્ધા સાથે વાર્તા લખવા કન્ફર્મ થશો.'

મને બરાબર યાદ છે કે હું પૂરી એક મિનિટ સુધી કશું બોલી શકેલો નહીં. દીવાલઘડિયાળના સેકન્ડ કાંટાની અસ્થિરતા પાછળ પૂરી એક મિનિટ ઢસડાતો રહેલો. બોલ્યા પછીય ઘણી વારે સમજાયેલું કે મારા શબ્દો કેટલા નિરર્થક હતા.

'સર, આર યૂ સિરિયસ?'

'આ પ્રશ્ન ડિપાર્ટમેન્ટને મોકલી આપજો. હેવ અ નાઇસ ડે'

મગજ બેહેર મારી ગયું હતું. કોઈ કહે એ પ્રમાણે વાર્તા થોડી લખાય? મારે કોઈ કહે ત્યારે અને કોઈ કહે એવી વાર્તા શા માટે લખવી? અને લખાય તોય કોઈના હુકમથી

લખાયેલી વાર્તામાં વાર્તાપણું કેટલું? વળી, મારો બેટો હસતાં હસતાં કહે કે શબ્દોની મર્યાદા રાખજો, વળી સરળ ભાષા પ્રયોજજો વળી સિંગલ ઈફેક્ટ આપજો. ધૂમકેતુજીયે ભલે તણખો ક્હો પણ આગ લાગે એવો કોઈ પણ શબ્દ ગેરકાનૂની ગણાશે. આપેલા પેપર્સ ધ્યાનથી વાંચી લેજો.

તાબડતોબ મેં એક નજીકના વાર્તાકાર મિત્રનો સંપર્ક કર્યો.

'હેલો, નવું કંઈ સાંભળ્યું?'

'અરે હા યાર, દિલ્હીથી ન્યૂયૉર્ક જતી ઍર ઇન્ડિયાની એક ફ્લાઇટમાં એક મહિલાને વીંછી કરડ્યો. વેરી ઇન્ટરેસ્ટિંગ.. હું તો આના ઉપરથી એક નવી....

મેં તરત જ ફોન કાપી નાખ્યો. હોઠે આવેલા વૈખરીછૂટા વિશિષ્ટ વાક્યપ્રયોગોને મહાપ્રયત્ને ગળી ગયો તે પરથી તમે મારી મનઃસ્થિતિ કલ્પી શકો છો. શું કરવું એ સમજાતું નહોતું.

એ દિવસથી લખવા ઉપર મને ભારોભાર ધિક્કાર છૂટ્યો. નહિતર ભલા વાર્તાની આગોશમાં સમાઈ જવું કોને ના ગમે? એનો તસતસતો પરિવેશ અને કસકસતું કે કથયિતવ્ય કોને ન ગમે? વાર્તા નહીં લખવાનાં બીજાં ગૌણ કારણો પર પહેલી વાર મને સદ્ભાવના જાગી..

દરેક લેખકના લખવા અને નહીં લખવાના કારણમાં સમાજ, કુટુંબ અને અંગતોઅંગત બાબતો તો હોય, પણ મારી વાત જરા જુદી હતી. મને લખવાનું મન નહોતું થતું તેથી વધુ પીડાદાયક એ હતું કે લખવાનું મન થાય ત્યારે કાગળો હાથ આવતા નહીં. કાગળ મળી આવતા ત્યારે એ કાગળની હોડી કે બલૂન બનાવવાની ઇચ્છા લખવાની ઇચ્છા કરતાં વધુ શુદ્ધ અને સાત્ત્વિક જણાતી. વળી ક્યારેક લખવાની વલૂરના ઘડીના છઠ્ઠા ભાગમાં પેન આડા હાથે મુકાઈ જતી. પેન એવી રીતે ખોવાઈ જતી કે એનાં કમભાગી નિરાશ્રિત ઢાંકણાંઓ પોતાના અંધારિયા પોલાણમાંથી કાળજું કંપાવી નાખે એવાં ઐતિહાસિક હીબકાં ભરતાં રહેતાં. બે ઘડી તો હું અવાક્ થઈ જતો. સમજોને કે શબ્દના ધણને વગડાને ભરોસે મૂકી મૌનના ગોવાળો ટેબલ લૅમ્પની છત નીચે પોઢી ગયા હતા. સૂઈ ગયેલા પર છવાતા અજવાળાનોય શો અર્થ?

આવી સ્થિતિમાં હું કદાચ કોઈને એક અર્થમાં સુખી લાગી શકું, પણ બીજા અર્થમાં શાંત ન હતો. મારી અંદર નહીં લખવાનું અંધારું ખદબદતું હતું. તામસી શબ્દો વારે વારે મારા મસ્તિષ્કમાં ઝળૂંબીને મારી હાંસી ઉડાવતા. અંદરથી એવું સૂચન આવતું કે, મરી જા સાલા, મરી.

આવા ઉપાલંભે એક ક્ષણ એવું થતું કે જેમ હાઈશુગરવાળાને તડોતડ પેશાબ લાગે એવી મને લખવાની લેહ લાગતી. પરંતુ બીજી ક્ષણે કરમી કાગળ ગુમશુદા પેન અને હીબકતા ઢાંકણાનો વિચાર આવતાં હું ઓશિયાળું મોં કરી જતો અને બહારથી જ જવાબ આપતોઃ આને મરી જવું ન કહેવાય તો બીજું શું કહેવાય?

મોત કરતાં બદતર સ્થિતિ એ હતી કે મારો પાડોશી લેખક ટાણે કટાણે એના આધુનિક જાળિયામાંથી ડોકું કાઢી મારી સાથે બે'ક શબ્દોનું અડપલું કરી લેતો

‘કાં કંઈ લખાયું?’

તંબુરો – અલબત્ત આ નહિ અપાયેલો ઉત્તર હતો. કેમ કે એને તંબુરાનો અર્થ સમજાવતાં મારી આંખે પાણી આવી જાય. મુખર રીતે તો હું મનોહર મનોભાવનું પ્રદર્શન કરતો હોઉં એમ મંદ મંદ સ્મિત સાથે એમને પોરસાવતો.

તમારી જેવું હોય, રાજ્જા! તમે તો જિનિયસ છો. પશ્ચિમ પીને બેઠા છો. અમે તો એક્સ વાય ઝેડ.

આવું કહીને હું એની તાજી મૂંડેલી મૂછવાળા ચહેરા પર જાણીજોઈને જા ફ્રાસવા લ્યોતાર, જા ફેડરિક જેમ્સન અને મિશેલ ફુકો જેવી ફટકડીનો લેપ કરતો. જાણીજોઈને રાજ્યસત્તા અને અર્થસત્તાને કેન્દ્રમાં રાખીને કે પછી આ બંને સત્તાઓનો કોઠો રચીને ઊપસી રહેલી પાવરની વિચારણા તરફનો મારો સંકેત રહેતો. મારો આશય માત્ર એનું ડાચું જ ચચરાવવાનો નહોતો. એ દાંત કચકચાવી ફટાક દઈને એની જાળી પાછળ ભરાઈ જતો.

મને આજ સુધી સમજાયું નથી કે કાચબાની જેમ એને અંદર ખેંચી લેનાર તત્ત્વ કયું છે? એનું એકમાત્ર અનૌરસ સંતાન એની એકલતા સિવાય સમસામયિક સંદર્ભે તેણે પેદા કર્યું હોય એવું નક્કર કશું ન હતું. એની આ વિડંબનાની હું ભરપેટ દયા ખાતો. કદાચ એટલે આટલો નાતો ટકી રહેલો.

આગળ જતાં અમારી વચ્ચે એવી અદૃશ્ય દીવાલ રચાઈ ગઈ કે દીવાલ પાર આંખ કાઢી કશું જોઈ શકાતું નહીં કે નાક રગડી કશું સૂંઘી શકાતું નહીં. પહેલાં જે આધુનિક અને પરંપરિત વાનગીઓનો વાટકીવ્યવહાર હતો એ રહ્યો નહીં. શું વાંચ્યું અને શું વંચાય છે એની અરસપરસ તમા ન રહી. ગમા-અણગમાને કોરે મૂકી લેખન કે વાંચન વિષયનાં સજેશન અપાતાં એ ધીરે ધીરે મોગલ સામ્રાજ્યના છેલ્લા વંશજની જેમ દેશવટો પામ્યાં.

અમારાં જીવન પડછાયા અને અવાજની સીમામાં બંધાઈ ગયાં.

આવી સ્થિતિમાં મારા જીવનમાં એકલતા અને એકાંતનું દ્વંદ્વ રચાવું શરૂ થયું. વાંચનનું વિષયવૈવિધ્ય ઉકરડે ગર્દભની કક્ષાએ જઈ પહોંચ્યું. ક્યારેક સમાજશાસ્ત્રનાં બેસણાં થયાં તો ક્યારેક ઇતિહાસશાસ્ત્રનાં ઉઠમણાં થયાં. ઇતિહાસ પાસેથી આપણે એટલું જ શીખ્યા છીએ કે ઇતિહાસ પાસેથી આપણે કશું શીખ્યા નથી – એવી એવી પંચલાઈનો હું ચાની સસ્તી કીટલી ઉપર ટીવીના ઉત્સાહિત નવા કલાકારો સાથે મજેદાર શેરની જેમ મમળાવવા લાગ્યો. એ અલગ વાત છે કે એવાં વાક્યોને કારણે ઘણી વાર ગળામાં શોષ પડતો હોય એવું લાગતું. ગળું ભીનું કરવા ઇતિહાસની ગલીમાંથી નીકળીને ક્યારે દર્શનની ગલીમાં વળી જતો એની સરત રહેતી નહીં. જાગતો ત્યારે એટલું સમજાતું કે તરસ ઘણી વાર રણ પ્રત્યે આસક્ત કરે છે અને દરિયા પ્રત્યે વિરક્ત કરે છે.

તો માનો ને કે એવી જ કોઈ જાગૃત અવસ્થામાં બીજા એક નજીકના વાર્તાકાર મિત્રનો સંપર્ક કર્યો.

‘શું કરો છો પ્રિય વાર્તાકાર?’

‘એઈને છરી લઈને બેઠો છું.’

'વોટ? છરી? યાને ચપ્પુ? યાને બગાવત? યાને...'

'સફરજન ખાવા જતો તો કોડા, ખાવું હોય તો વયો આય.'

'અચ્છા, નવું કંઈ સાંભળ્યું? કોઈ આવેલું? કાંઈ મળ્યું? પેપર સર્ક્યુલર્સ.'

'એની થિંગ?'

અગાઉનો અનુભવ ધ્યાનમાં લઈ હું એક શ્વાસે પૂછી ગયો.

'એવું તો કાંઈ ખાસ...અરે હા, થોડા કાગળો પેન પેન્સિલ ને ફૉર્મ ને એવું...એઈ ક્યાં ગઈ? આને જાંઘ પર કાપું? ડિશ દેવાની ખબર નથી પડતી?'

'હેલો, કામમાં હોય તો પછી ફોન કરું?'

'અરે, ના ના...આ તો જરા..હા, એવું બધું કંઈક મળ્યું છે. તું જો તો ખરો, આ લોકો ચૂંટણી આવે એટલે કાંઈક ને કંઈક આવા પંચક લાવે જ છે હો!'

'મને તો એ થાય છે કે આવો સર્ક્યુલર કાઢનાર કોણ બૂડથલ હશે?'

'મેં હજી બહુ ડિટેલમાં વાંચ્યું નથી, પણ એવું લાગે છે કે જેને સાહિત્યની ચિંતા હશે એણે આપણી તરફ નજર કરી છે.'

'તારો લેખકીય નિર્ણય શો છે? યસ ઓર નો? કે પછી, વેઇટ ઍન્ડ વોચ?'

'મેં તો આવનારાઓને ચોખેચોખું કહી દીધું : બધું મૂકી જાવ. નવરાશે જોઈ લઈશ. છાપવાનું ને માનધનનું વહેલું કરજો. બીજું માંય ગ્યું...તું નહીં માને, માથે ઊભા રહી વાંચ્યું નો વાંચ્યું વંચાવી મત્તું મરાવીને જ ગયા. પાછું કહેતા ગયા કે અમારું માનો તો સફરજન ખાવાનું છોડો અને જામફળ ખાવ. બાકી તો હેવ અ નાઇસ ડે. વહેવારુઅં ખરા હો! બાબાના બાબાને હાથમાં લોલીપોપય પકડાવી ગ્યા,, સ્ટ્રૉબેરી ફ્લેવરની.'

'એલા, મને મૂછ બાબતે તાકીદ કરતા હતા...'

'શું? મૂછ માટે? કેવી તાકીદ?'

'એ જ કે અમારું માનો તો મૂછ ન રાખો અને રાખો તો અમે સજેસ્ટ કરીએ એ ટાઇપની રાખો. ઇફ યૂ ડોન્ટ માઇન્ડ, મૂછની વાત છે એટલે શાંતિથી એ બાબતે સમગ્રતયા વિચારજો. આ તો જસ્ટ તમારી જાણ માટે કહું કે અમારું માનીને કેટલાય લેખકોએ રાજીખુશીથી મૂછ છોડી છે. ચાહશો તો લિસ્ટ મોકલાવીશ.'

'દોસ્ત, વાત તો સમજવા જેવી છે.'

'એટલે કે ઊભી આબરૂએય તું વાર્તા લખવાનો?'

'શું વાંધો છે, સાંધો? પૈ-પુરસ્કાર પ્રકાશન પબ્લિસિટી જેવી બધી જવાબદારી માથે લેતા હોય તો બીજી ખોટી જફામાં શું કામ પડવું છે ભાઈ? બોલ્ય તે સ્ટાર્ટ કર્યું?'

'વિચારું છું...'

'વિચારવાનું મેલ અને જામફળ ખાવું હોય તો કાગળ પેન લઈને વયો આઅંય.'

'હમણાં કહું ત્યાં ગયું તારું સફરજન, સૉરી જામફળ અને...'

'શું કીધું? અવાજ કપાય છે તારો હેલો... હેલો...'

છત્રીસનો આંકડો હતો એવા એક પ્રકાશકનો ફોન આવતો હતો. આનો કાપી પેલાને રિસીવ કર્યો

'–નમસ્તે વાર્તાકાર મહાશય! અમોએ સાંભળ્યું કે તમને નવી વાર્તાનો ઑર્ડર મળ્યો છે. વાહ ભાઈ, ફાવી ગયા હો! અભિનંદન પાઠવું છું. અમોને થોડો લાભ આપજો. આગળપાછળનું ભૂલી જજો અને આ વખતે એક હાઇક્લાસ ઇવેન્ટ કરવી છે ઝગમગાટભરી. બુકલૉંચિંગ આને કહેવાય એવું બતાવી દેવું છે.'

હું આંખ આડા કાન કરીને સાંભળતો રહ્યો અને કાનમાં આંખ પરોવીને જોતો રહ્યો વિમોચન પામતી રાતને....

કાજળઘેરી રાત અને તડામાર વરસાદ ગોરંભાયેલો. જાણે જગને લેપી નાખવા અંધકાર અને અંધકારને ધોઈ પીવા મેઘ એકબીજાંની તાકમાં બેઠાં હતાં. અંધકારમાંથી ઊભરાતો હોય એવો પવન જીવલેણ સુસવાટા નાખતો હામ હરી લેતો હતો. ત્યાં ચમકાવી દે એવો એક ફફડાટ થયો. ઘર પાછળના ઝાડ ઉપરથી ચીબરી ઊડી અને એની ચિચિયારીએ જાણે હૈયાના બે ફાડિયા કરી નાખ્યા. પેનસોતો હાથ કંપી ઊઠ્યો. મનોમન પ્રભુસ્મરણ કર્યું. આ જ ક્ષણે કોઈના હાથે શીતળ નિર્મળ જળ મળે એવી ઇચ્છા થઈ આવી.

પાડોશી લેખકના વેસ્ટન ટાઇપ ટૉઇલેટમાં લાંબા લસરકે પાણી ઢોળાવાનો અવાજ આવ્યો. એટલે અનુમાન કરવું સહજ હતું કે એ ટૉઇલેટની ધાર જ પેશાબ કરવા બેસી ગયા હશે. એ કદાચ કામૂ કે કાફકા વાંચીને ઊઠ્યા હશે અને હવે સૂવાની તૈયારીમાં હશે. સૂતાં પહેલાં તેઓ પૂર્વ પશ્ચિમને ભેજતો સાહિત્યક જાપ કરતા. સાથોસાથ ભારતીય ઇતિહાસની ઘોર ખોદતા. પથારીમાં પડ્યા પછી ઘેરાતી આંખે બગાસાની બદબૂદાર ગુફામાં તેમની ત્રીજી ચોથી પેઢીએ ઊતરી આવેલી કોઈ ગામદેવીને સ્થાપી, મા ઝોંપડી, મા જહુ, મા સધી સિકોતેર, મા ચુડેલ કે મા દશા એવા લયાત્મક નામાચરણની ગોદમાં થોડી વાર આળોટી પોઢી જતા.

મને સમજાતું નહીં કે એમનું ખરું રૂપ કયું છે? સમજાતું તો એટલું જ કે એમને ઊભા થવામાં તકલીફ થતી હોય ટૉઇલેટના બારસાખે જડાવેલા બે આંકડિયા પકડીને ઊભા થતા ત્યારે મારા આંગણા સુધી લંબાયેલા એમના પડછાયાને જોઈ એક ક્ષણ એવું લાગતું કે એ કોઈ માતેલા પાડા કે વહમા આખલાનાં શીંગડાં ઝાલીને વિજયમુદ્રામાં ઊભા છે.

આમ અવધારણાની પાર ઊભું જોયું કોઈએ દુનિયાના ઇતિહાસમાં?

તમે કહેશો કે હતો એક બેવકૂફ, ખ્વાજા તકી નામનો, ઇતિહાસમાં.

ઇતિહાસનું તો એવું છે ને અમારે કે...તમે પોતે ક્યાં નથી જાણતા?

જાણું છું એટલું સાંભળો... હજી મોગલ આવ્યા નહોતા, દિલ્હી આખી સુલતાની હતી. તતોતંત તુમાર હતો. લબોલબ ખુમાર હતો. એક બાજુ ખીલજી હતો બીજી બાજુ નેકનીગેબા અમીર ખુશરો હતા. વચ્ચે મલિક નાયબ કાફૂર હજાર દીનારીની બેખોફ આવનજાવન હતી. કોઈએ ખીલજીને યાદ આપી કે બાદશાહ સલામતના નમકહલાલ સૂબેદાર મરહૂમ ઉગુલખાં સબબ નાકામ અખત્યારને અંજામ આપવાનો વખત આવી ચૂક્યો છે.

દીનારી ખબર લાવેલો : જહાંપનાહ, મલબારમાં માલ ભર્યો છે ને કોંકણ કિલ્લોલ કરે છે અને દખણ એટલે દલ્લેદલ્લો.

ખીલજી ક્યાસ કઢાવે છે : ફરતો ફરતો માલ કેટલો? ભોંયતળિયે માલ કેટલો? ચાર પગવાળો માલ કેટલો અને ગોસના ગરમ લોચાઓવાળો માલ કેટલો ?

૬૦૦ હાથી જહાંપનાહ, ૨૫૦૦ ઘોડા, ૯૬ મણ સોનું અને લાંબા કાળા વાળ અને મોટી ચકિત આંખોવાળી ૧૦૦૦ હૂર.

ખીલજી ખીખીખી કરી એવો ખીલી ઊઠ્યો કે કેટલાંય વર્ષોપર્યંત દિલ્હી માલામાલ થઈ ગઈ.

માલામાલ દિલ્હીનો ઉત્તરાર્ધ એથીય ચડિયાતો હતો.

ખીલજી બાદ દિલ્હીની ગાદીએ મુબારક શાહ આવ્યો. એના ખ્વાબમાં મલિક નાયબ કાપુર આવ્યો : ઊઠ એદી, દિલ્હીથી પરે નિગાહ કર. જહાંપનાહનું અધૂરું કામ પૂરું કર. મુબારક શાહ ઝબકીને જાગી ગયો. એનો ડાબું પડખું જાગી ગયું. એનું જમણું પડખું જાગી ગયું.. નાયબ સૂબેદાર ખુશરોખાંને ફોજ તૈનાત કરવાનું ફરમાન છોડ્યું.

દિલ્હી બહાર ખબર મળતાં રૈયત જાનમાલ બચાવવાની પેરવીમાં લાગી ગઈ. રૈયતમાં એક નિહાયત શરીફ રસૂલે ઇમામ શખ્સ ખ્વાજા તકી પણ હતો. એણે બધાને સમજાવ્યા. ડરવાનું કારણ નથી. મુબારક શાહ આપણો જ બાદશાહ છે. એમ ખુશરો કાં આપણો જ સૂબેદાર છે. મહેમાનનવાજીથી જીતી લઈશું. શેરોશાયરીથી સરાબોર કરીશું. ઢગલો ભેટસોગાત નજરાણું કરી ખુશી ખુશી વિદાય કરીશું

આ વખતે પણ સૌએ ખ્વાજા તકી પર ભરોસો રાખ્યો એ શખ્સ નિહાયત શરીફ રસૂલે ઇમામ હતો. ફાજલ સમયમાં કાંઈ ને કંઈ લખતોવાંચતો રહેતો. એના અદબે ફસાના અને કમનીય કસીદા મુલ્કમશહૂર હતા. સૌ એને માનભેર જોતા અને એનો પડ્યો બોલ ઝીલતા. ડરવાનું કોઈ કારણ નહોતું.

ખુશરો ખાન આવ્યો એની ભવ્ય આગતાસાગતા થઈ. લજીઝ ખાના અને અઝીઝ ગાના થયાં. ખ્વાજા તકીની શેરોશાયરી, અદબે ફસાના અને ખુશ ગવાર કસીદાથી ખુશરો ખુશી પોકારી ઊઠ્યો. એ જ ખુશીમાં બે હાથ આસમાન તરફ લંબાવી લાંબો ઓડકાર ખાઈ દુઆ ફરમાવી : અપને ફર્જ સે બેપના મત કરના, યા અલ્લાહ !

મુસ્કુરાતા પોતાની ફોજ તરફ જોયુંઃ સૂના નહીં, મૈંને ક્યા કહા?

થવાનું હતું એ થઈને રહ્યું. ખ્વાજા તકીને એ વાતનો આઘાત લાગ્યો કે ન થવાનું થયું. લૂંટાયેલો અને ચીંથરેહાલ અવસ્થા પામેલો એ નિહાયત શરીફ શખ્સ પાગલ થઈ દરદર ભટકતો. જે મળે એને ઊભા રાખતો. ઊટપટાંગ સવાલો કરતો થયો.

દુનિયાના કોઈ અદબે ફસાનામાં ક્યાંય આવું લખ્યું છે? અદબે ફસાનામાં એક કોમ રહેવાનો એક તો અફસાનો હશે ને? મુશ્કેલ સમયમાં એકસાથે ભાગવાનું કે એકસાથે સામનો કરવાનો? શું કરવાનું?

પાગલ ગણીને કોઈ એને જવાબ ના આપતું. કોઈ કોઈ તો એની પર દયા ખાતું અને એના સવાલોને હસી નાખતું કે આવાનું તો આવું થાય.

જોકે ઇતિહાસ એમ પણ કહે છે કે ખ્વાજા તકી લૂંટાઈ ગયો'તો જરૂર, પણ પાગલ નહોતો થયો. ક્યાંક એવુંય છે કે એ પહેલેથી પાગલ હતો એટલે લૂંટાવાનો પ્રશ્ન જ નથી આવતો. કોઈ કહે છે કે એ ફરી ઊભો થયો હતો અને ખૂબ ધન કમાયો હતો. મરતી વખતે તેના વારસોને સારું એવું ભાથું આપી ગયો હતો કે કોઈ તમને તમારા વિકાસ માટે કે તમારી ખુશહાલી માટે કાંઈ પણ નુસખા બતાવે કે યોજનાઓ જણાવે અથવા વાયદાઓ કરે કે પછી વેપારી સમાધાનો દર્શાવે તો ત્યારપૂરતી એની વાતો સાંભળી લેવી. તુરંત અમલ કરવો નહીં. અને જો લાગે કે તેની વાતોનો પ્રભાવ તેના આગ્રહ રૂપે તમારા જીવનમાં પ્રવેશી રહ્યો છે અથવા ફરજનું રૂપ દેખાડી રહ્યો છે તો એવા સમયે.....

કહેવાય છે કે આટલું કહીને એ મરી ગયેલો. હંમેશાં બનતું આવ્યું છે એમ એની મૈયતમાં નાતજાતના ભેદભાવ વગર સૌ એકઠા થયેલા.

આજે સદીઓ વીત્યે એ શાણો માણસ તો વિસરાઈ ગયો છે પણ એણે કહેલી ફસાના રૂપી વાતોની હસ્તપ્રતય ક્યાંય મળતી નથી.

આના ઉપરથી મને થયું કે મારે સાંપ્રત ઉપર જ કોઈ વાર્તા લખવી જોઈએ. પણ વાર્તા લખતાં જે વ્યવધાન નડતાં હતાં તેને પહેલાં સાફ કરવાં જોઈએ. આવું સમજીને મેં બાપુજીની મદદ લેવાનું વિચાર્યું. હું સાંપ્રતના કયા ખંડને લક્ષમાં રાખી વાર્તા લખું એનું બાપુજી પાસે માર્ગદર્શન માગવા મેં મારી આસપાસથી સાંપ્રતના નાના નાના ટુકડા વીણ્યા. એ કહેવાની જરૂર નથી કે હું પ્રાદેશિક લેખક હોવાના નાતે હાલતાચાલતા હડફેટે ચડેલો સાંપ્રત આમાં વધુ હતો. રાષ્ટ્રીય સાંપ્રતમાં રાજધાનીને નોટિસ કરવી પૂરતી હતી. વસ્તુતઃ મણિપુર, પહેલગાંવ અને દક્ષિણનાં કેટલાંક નામો સ્મૃતિમાં આવેલાં, પણ મેં જાણીજોઈને ટાળ્યાં હતાં.

પહેલપ્રથમ તો બાપુજી સાંપ્રતના એ ટુકડાઓની આર્દ્રતાનો ભાસ કરાવતી સપાટી પરની ચમકદમકને રસપૂર્વક જોઈ રહ્યા. પછી હળવેથી એક ઝીણા અચકાટ સાથે એને સ્પર્શ્યા. એમની આંગળીઓને લગીર ઝટકો લાગ્યો હોય એવું જણાયું. પછી બાપુજીએ તે સાંપ્રત ટુકડાઓને ઊંડા શ્વાસે સૂંઘી જોયા. સૂંઘતાંવાર તેમના નાકની ચામડી ઉપરના ઝીણા ઝીણા રોમ ધીમે ધીમે ખડા થતા ગયા. નાક ઉપરની તલની છાંટ જરા ગાઢ થઈ અને નાક માંહ્યલા બેક વાળ લાંબા નિશ્વાસ સાથે બહાર ડોકાઈ આવ્યા. પછી કંઈક એવા ભાવથી મારી સામે જોયું કે આ શું લઈ આવ્યો છે સમજાતું નથી.

મારો હેતુ હતો કે બાપુજી સાંપ્રતને સમગ્રગ્રાહી રૂપે જુએ. એટલે મેં સહેજ સંકોચ સાથે કહ્યુંઃ

'પ્લીઝ, જરા ચાખી જુઓને બાપુજી.'

એમણે સ્હેજ આંખ ઊંચી કરીને મારી સામે નોંધી. જરા હોઠ વંકાયા અને બીજી જ ક્ષણે એમની જમાનો ખાધેલી જીભ વાંભ બહાર લપકીને સાંપ્રતની દશે દિશાએ ફરી વળી. અસ્વાદની આદિ જીભે વધુ ખાતરી અર્થે ફરી ટ્રાય કરી. બાપુજીએ ના કોઈ ચટકારો

બોલાવ્યો, ના તો સ્વાદની સિસકારી બોલી. આંખો મીંચી થોડી વાર મૌન બેસી રહ્યા. પછી, હે રામ એવા સ્વગત ઉદ્ગાર કરી મારી સામે જોયું :

ભાઈ, તમારે વાર્તા અર્થાત્ નવલિકા રહિત સહિત દલિત લલિત વંચિત એમ સર્વવર્ગની કરવાની છે. આ સર્વસમાવેશક ધોરણ તમને પ્રાપ્ત થયેલી સ્વતંત્રતાના દરજ્જાનો નિર્દેશ કરે છે એવું હું સમજું છું. અને તમને આશીર્વાદ આપું છું. જે એક વાત તમને ખુશી થાય એવી જણાઈ છે અને એક વાત રુચે નહીં એવી લાગી છે એનું મૂળ કારણ મને સમજાય છે ત્યાં સુધી તમારે વાર્તાલેખન ટોકિંગ ટુ પ્રકારનું નહીં બલ્કે ટોકિંગ ઇટ પ્રકારનું રાખવાનું અધિકારપૂર્વક કહેવામાં આવ્યું છે એમાં છે. ભાઈ, આપણે સહુ વાર્તાવત્સલ પ્રજા છીએ. એ લોકો તમને વાર્તાવાદી બનવાની દીક્ષા તરફ લઈ જતા મને તો અત્યારે સમજાય છે. દિશાને બદલે દીક્ષા શબ્દ મેં જાણીજોઈને વાપર્યો છે.

મને જે એક વાત ખૂંચી છે એ એવી છે કે જેણે જેણે કાગળો લેવાનો ધરાર ઇનકાર કરી મૌખિક કથા પરંપરાના અવેજમાં વૃક્ષો અને માટી માગ્યાં છે તેમને કારણદર્શક નોટિસ ભેજીને રૂબરૂ મુલાકાતે શા વાસ્તે બોલાવ્યા હશે વારુ? એ કેવો માલિક કે જે નકારવાનો અધિકાર ન આપે? વારું, હું તત્સંબંધી ઉચ્ચ સ્તરે એક પત્ર ભેજવાનું વિચારું છું એ તમારી જાણ વાસ્તે.

તો, અહીં અટકીએ? મારો પ્રાર્થનાનો સમય થયો છે.

તો બાપુજીએ પત્ર લખ્યો કે નહીં એ મારી જાણમાં નથી. બાપુજીએ પત્ર લખ્યો હોય અને એ ગંતવ્ય સ્થાને પહોંચ્યો હોય તો વળતા પત્રનો શો જવાબ મળ્યો અથવા ન મળ્યો એય જાણમાં નથી.

ખેર, બીજા તબક્કે દરેક લેખકને વર્ગ મુજબ કાગળ અપાયા હતા. પેન, પેન્સિલ અને અન્ય સામગ્રીનું પણ એવું જ હતું. લેખિત ભાષા તરીકે માતૃભાષાને આગળ કરી કેટલીક અગત્યની સૂચનાઓ હતી. ખાસ કરીને જેને પોતાની ભાષાનાં ક્રિયાપદો ઓછાં પડતાં હોય અને વિશેષણો વધુ પડતાં જોઈતાં હોય તેઓ અજમાયશી ધોરણે હિન્દી ભાષાનો પ્રયોગ કરી જુએ એવી અપીલ કરવામાં આવી હતી. જેને એવું લાગતું હોય કે પોતાની માતૃભાષા મરી પરવારી છે અથવા એની અંતિમ ઘડીઓ ગણાઈ રહી છે એને હયાતીનો પુરાવો કે સિવિલ સર્જનનું સર્ટિફિકેટ સબમિટ કરવું અનિવાર્ય હતું. બાદમાં એવા લેખકોને નિર્વાસિત ભાષિક તરીકે ધ્યાનમાં લઈ કોઈ એક સ્વપસંદ ભાષાના દત્તક ભાષિક રૂપે માતૃભાષાની રૂએ એક ભાષા ફાળવવામાં આવનાર હતી. આ સુવિધા ખરેખર એક નવી પહેલરૂપ અને કેટલાય લેખકો માટે સંજીવની શી હતી.

હું જોતો રહ્યો એક વધારાના કાગળને જે થોડા સમય પછી કાજુકતરીના પૅકેટ સાથે આવ્યો હતો.

હું જાની નવનીતચંદ્ર હરિપ્રસાદ ઉર્ફે નવનીત જાની, વાર્તાકાર અને શિક્ષક. હું સંપૂર્ણ સભાન અવસ્થા સાથે આ વાર્તા લખવા જઈ રહ્યો છું. મેં કોઈ પણ પ્રકારનો નશો કર્યો નથી અને તમામ પ્રકારના પૂર્વગ્રહથી મુક્ત છું એના ઈશ્વર સાક્ષીએ સોગંદ ખાઉં છું. મારી વાર્તા સાથે જોડાયેલાં એવાં શબ્દરૂપ મનુષ્યો, પશુઓ, પ્રાણીઓ, પક્ષીઓ,

જીવજંતુઓ એટલે કે સર્વવર્ગીય ખચરો ભૂચરો જળચરો તેમજ ઝાડ, પાન, ફળ, ફૂલ કે અન્ય પ્રાકૃતિક સંસાધનોને માનસિક કે શારીરિક હાનિ પહોંચાડ્યા વિનાની વાર્તા લખીશ તેની ખાતરી આપું છું. વાર્તામાં વિનિયોજિત ઉક્ત નિર્દેશિત કોઈ પણ ધર્મ, જાતિ સંપ્રદાય કે પેટાસંપ્રદાય ભાષા કે બોલી, ઇંગિતો કે દૈહિક અપૂર્ણતા વિશેના ઘસાતા શબ્દથી હું સભાનપણે દૂર રહીશ. અનઅવધાનપણે કે અનઅધ્યયનવશ થયેલા એવા કોઈ ગેરસમજપ્રેરિત શબ્દપ્રયોગને ઘસાતો, દુભાવતો, દુણાવતો ગણવાનો કે સમજવાનો તથા અસ્વીકારનો સંપૂર્ણ અધિકાર આપનો રહેશે એ સમજુ છું. એવા લખાણને લીધે કોઈની ધાર્મિક કે અન્ય પ્રકારની લાગણી દુભાશે તો એની જવાબદારીની રૂએ બાકીનું જીવન દુભાયેલ અને ધુણાયેલ જે તે લાગણીની પૂર્ણ મરમ્મત પાછળ ખર્ચવા બંધાઉં છું.

હું પોતે ગુજરાતી વાર્તાકાર નવનીત જાની, ધંધો શિક્ષક. આ સાથે બાંહેધરી આપું છું.

સહી દસ્તક વાર્તા લખનાર પોતે, સહ સીધી લીટીના વારસ.

આંગળાના ટચાકા ફોડતો જોતો રહ્યો મારી સામે ફેલાઈને પડેલા કાગળના મડદાલ મલકને. ધવલ અવકાશ અપરંપાર શક્યતા ધરાવતો હતો જેમાં વાર્તા લખવાનાં અને વાર્તા નહીં લખવાનાં સરખાં વાનાં ભર્યાં હતાં. સોમવારથી રવિવાર સુધીની મહેતલ મળી હતી. મન્ડે ટુ સન્ડે ઓવર ટુ ફન્ડે એવું લાંબા રાગે ગણગણી હળવાશ કાઢી શક્યો હોત. પણ હળવાશમાં માનો તો વીશ કાગળ મળ્યા હતા. ત્રણ પેન, એક રેડ પેન, એક બ્લૂ પેન અને એક બ્લૅક પેન. હવે આમાં ગ્રીન પેન કેમ નહીં એ તો રામ જાણે. કદાચ ઉપરના કામમાં રાખી હોય. ત્રણ પેન્સિલ અને એક શાર્પનર. સાથોસાથ વાર્તા લખવા માટે એમ વિષય મળ્યા હતા જેમ બીપીએલ કાર્ડધારકોને રાશન મળે છે.

વિષયો આ પ્રમાણે હતા :

હું સુખી છું અથવા અમે ખુશ છીએ. (શબ્દમર્યાદાથી આમતેમ જવાય તો ચિંતા નહીં)

હુંય ટોળામાં હતો (સ્થાનવિશેષ જણાવવાની જરૂર નથી)

મને ફલાણા જેવા થવું ગમે ઢીંકણા જેવા થવું ન ગમે (સ્પષ્ટ કારણો દર્શાવવાં)

આવા આવા તો એક ડઝનથીય વધારે વિષયો હતા. કેટલાક વિષયો સમજાય એવા ન હતા. કેમ કે એ પ્રિસેકન્ડરીમાં આવતા વ્યાકરણના લઘુ પ્રકરણ જેવા દ્વિરુક્ત અને રવાનુકારી વધારે હતા. જેવા કે, ઢોલ નગારા, ત્રાંસા જાસા, જેલ મહેલ, સીડી ઇંડી વગેરે.

માનો તો બહુ સરસ વિષયો હતા. માનો તો બહુ હૃષ્ટપૃષ્ટ પાકેલા ને દમદાર વિષયો હતા. વિષય ફાળવનારને ભારોભાર વિષયસુખ હોય એ માની શકાતું હતું. પણ મારો પ્રશ્ન બીજો હતો અને આ વખતે ઉત્તર કોઈ ત્રીજા દ્વારા મળતો હતો.

'રફકામ ક્યાં કરવાનું છે?'

'આપેલા વીશમાં જ.'

'અરે પણ મારે વાર્તા ત્રણ વાર ફેર કરવી પડે છે. ચોથી વાર ફાઇનલ પ્રત ઊતરે.'

'જુઓ, ત્રણ પાનામાં આગળપાછળ વાર્તા ઉતારશો તો છ પાનાની વાર્તા બનશે. બરાબર? ફાઇનલ ડ્રાફ્ટ કરતાં આઠ પાનાં વધશે જ.'

'એનું શું કરવાનું છે? પાછાં આપવાનાં?'

'અરે ના ના, અમને સાવ એવા માની લીધા છે?'

'એવા એટલે કેવા?'

'યાર, તમે પ્રશ્નો બહુ કરો છો'

'વાર્તા મારે લખવાની હોઈ રૂલ્સ અને રેગ્યુલેશન તો જાણી લઉં.'

ખૂબ વિનમ્રતાથી ઉત્તર મળ્યો : 'આપની પાસે જ રાખવાના છે. હાંસિયા પાડી રાખવાના. ઉપરથી નવો ઑર્ડર મળે એની રાહ જોવાની.'

'કેવી રાહ?'

'એ વખતે કહીશું ઓકે? હેવ અ નાઈસ ડે.'

આટલી વાતચીત બાદ એક ફરફરિયું પકડાવી દેવામાં આવ્યું. એમાં વાર્તા લખવાના કેટલાક નિયમો હતા. વાર્તાનાયક કે નાયિકા માટે કેવાં કેવાં સંબોધનો વાપરવાં એની લાંબી યાદી હતી. પાત્રોની નામાવલી તેમના તરફથી જ મળેલી. એમના તરફથી એટલે ઉપરથી. સ્વ-નિર્મિત પ્રતીકો વર્જિત હતાં. અલંકારો વાપરવા માટે જે છૂટછાટો મળેલી એ પ્રથમદર્શી કલ્પનસ્વાયત્તતાની ઘાટીની લાગે એવી પણ સાવ ઉદારમતવાદી જણાય એવી લગીર નહોતી. એમ કરતાં વાર્તાના પાત્રલેખનમાં જે ઢેકા નીકળે એની સંપૂર્ણ જવાબદારી લખનારની હતી. આશ્વાસન એટલું હતું કે એવા ઢેકાઓને વાર્તાના કળાપક્ષે જમે કે ઉધાર ખતવી શકાતા હતા. વાર્તા લખ્યાના ટૂંક વખતમાં લખનારનું દેહાવસાન થાય તો એની સીધી લીટીના વારસ આ જવાબદારી નીચે આવતા હતા. એ માટે પેઢીનામું કરાવવાનું પ્રાવધાન હતું. વાર્તા લખ્યા બાદ તરત વાર્તાનું પેઢીનામું કરાવી લેવું વધું હિતાવહ હતું. માળખાકીય રૂપરચના સરળ, સાવ સાદી કોશિયો કે ફેરિયો કે ફેસબુકિયો કે વૉટસફિયો સમજી શકે એવી અપેક્ષા રાખવામાં આવી હતી.

આવા નિયમોને વશવર્તી પેટાનિયમો રૂપે જે કેટલીક સૂચના આપવામાં આવેલી એને રસપ્રદ ગણવી કે ભાઈપ્રદ માનવી એ કહેવું મુશ્કેલ હતું.

એમાં એવું હતું કે લખાયેલ વાર્તા જનરલ કૅટેગરી માટે, એસટી માટે, એસસી માટે, ઓબીસી માટે, એસઈબીસી માટે, એનટીડીએનટી માટે, એલજીબીટીક્યુ માટે, માઇનોરિટી માટે એમ કોને માટે લખી છે એ સ્પષ્ટ જણાવવું ફરજિયાત હતું. વળી ચેકચાક વગરના સુઘડ લખાણની અનિવાર્ય અપેક્ષા હતી. ચેકચાકના કિસ્સામાં વ્હાઇટનર કે ઈરેઝરનો ઉપયોગ કરનાર માટે આંકડા દંડની જોગવાઈ હતી. સમાજ માટે જોખમી અને ઇતિહાસ માટે વિઘાતક એવી ઉક્ત સામગ્રીના વપરાશની છૂટ ન હોવા છતાં ઉપયોગ કર્યો હોય તો શા માટે ઉપયોગ કર્યો? એ સામગ્રી સાથે આપવામાં આવેલી કે અંગત ખર્ચે વસાવવામાં આવેલી? ક્યારે અને ક્યાંથી ખરીદાઈ તથા અત્યાર સુધી તેનો કેટલી વાર ઉપયોગ કરવામાં આવ્યો - જેવા પ્રશ્નોના ઉત્તર દિન ચારમાં સ્વઉપાર્જિત કાગળમાં સ્પષ્ટ ભાષામાં ખુલાસાવાર આપવાના રહેતા હતા. ટાઇપ કરેલું લખાણ શા માટે અસ્વીકાર્ય છે એ આટલા પરથી સમજી લેવાનું હતું.

જાણીજોઈને કે અસ્વીકાર્ય ઇરાદાથી ચેકભૂસ કરનારને પોતે શું ચેક્યું છે એની લેખિતમાં અલગથી સ્પષ્ટતા કરવી અનિવાર્ય હતી. ચેકચાકના પ્રમાણની વૅલ્યૂએશનને ધ્યાને લઈને સ્ટૅમ્પડ્યૂટી સામેલ હતી. ટૂંકમાં, ચેકભૂંસનો અબાધિત અધિકાર પ્રતિપક્ષે રહેતો હતો.

વાર્તામાં કોઈ પ્રોડક્ટ કે બ્રાન્ડનો ઉલ્લેખ કરતાં પૂર્વે પૂર્વસંમતિ લઈ જે તે પ્રોડક્ટ કે બ્રાન્ડની વૅલ્યૂ કે વર્થ પ્રમાણે ફી લેવાનો અધિકાર પણ પ્રતિપક્ષે હતો. વાર્તા લખનાર ફીની અમુક ટકા રકમનો જ હકદાર હતો એ રકમ એને જરૂરી ટૅક્સ સરચાર્જ કે જીએસટી કપાત બાદ મળવાપાત્ર હતી.

અંતે આ નિયમાવલીને લેખકોની સુવિધા અને રચનાત્મક અપરિપક્વતાને દૂર કરનાર ઑટોનૉમી પ્રયાસરૂપ ગણાવી, એને એકતા, અખંડિતતા અને સંવાદિતાના ખાતે જોગવવામાં આવી હતી. વૈશ્વિક ફલક પર ગણમાન્ય લેખકના સ્વમાનનીય ગુજરાનને નિશ્ચિત અને નચિંત કરવા તેમજ એમની ગુણગ્રાહિતા અને ગૌરવાન્વિતતાને ઓર વિકસિત કરવા આ એક ઐતિહાસિક ઑપ્ટિમાઇઝેશન કદમ ઉઠાવવામાં આવ્યું છે એવો એનો પ્રસાર-પ્રચાર હતો...

હું જોતો રહ્યો, પત્ર પૂર્ણ થતાં મોટા અક્ષરે લખાયેલા બેસ્ટ ઑફ લક ને.

આ પત્ર પછી વાર્તા લખવાની અવઢવમાં ઓર વધારો થયો છે. ફરી વાર રખે કોઈ આને મારી મીઠી મૂંઝવણ માને. કેમ કે મારી સીધી લીટીના વારસ અંદરના અંધારિયા ઓરડામાં એઈને નિરાંત જીવે ઘોરે છે. સગવડયુક્ત અનુકૂળ વાતાવરણમાંથી આવતો એમનો નસકોરાંનો ધ્વનિ નીંદરના રસ્તે નિશ્ચિંતપણે કેવા આગળ વધી રહ્યા છે તેની શાહેદી પૂરે છે. મને એક ક્ષણ એવું થયું કે એમને ઢંઢોળું. જાગીને એમણે જોવું ઘટે કે બહાર કેવો ઝંઝાવાત ફૂંકાઈ રહ્યો છે. કમ સે કમ જાળી બહાર કે વધીને પોતાની કૉલોની બહાર આવે તોયે ઘણી ખમ્મા...

મરજીથી સૂતેલા મરજીથી જાગે એ ઇષ્ટ છે, શું ક્યો છો? નહીં તો એ જાગ્યા હોવા છતાં લાંબો સમય ઝોકાં ખાતા રહેશે. સંસારીઓ જેને કાચી ઊંઘ કહે છે એવું.

શું કરવું એ સમજાતું નહોતું. બધી બાજુની ભીંસ હતી. એક તરફ સાંય સાંય ફૂંકાતી કાળીધબ્બ રાત, બીજી તરફ વરસાદ કે મારું કામ. ચોતરફ વાંભ વાંભ પાણી ચડી આવેલું. આવી મેઘલી અડધી રાતે ખૂબ સંકોચપૂર્વક ને ધડકતા હૃદયે હળવેથી કાગળોની પહોળી લીસી ધવલ પીઠ પર હથેળી ફેરવી. ઢાંકણાંવિહોણી પેનની કરોડના મણકાની ટેકરીઓ પર ટેરવાંઓને લસરવા દીધાં. કૈંક ગમતું કરવાનો રોમાંચ રીઢા બગાસા ભેગો ઊભરી આવ્યો.

તમને થશે કે મૂળ મુદ્દો ગુપચાવી આ તમે કયા રસ્તે જઈ રહ્યા છો? ઉપરથી મળેલા રૂલ્સ ઍન્ડ રેગ્યુલેશન મુજબ તમે વાર્તા લખી કે કેમ? લખી તો કેવી લખી એ અમને જણાવી શકો?

વિશેષમાં, ઉપરવાળાને ગમી કે નહીં અને જો ગમી તો કેવી ગમી એ જણાવશો તો તો બહુ જ ગમશે.

તો એ જાણીને શી ખબર તમને શું થશે પણ હું આપને મારે ત્યાં કાગળની હોડી અને કાગળનાં બલૂન જોવા આવવાનું હાર્દિક આમંત્રણ આપું છું.

■

# કાંસાનો સૂરજ

પન્ના ત્રિવેદી

અધખૂલી બારીની તિરાડમાંથી બેઠકખંડમાં એકાએક અવાજો ધસી આવ્યા – જોહુકમી નહીં ચલેગી નહીં ચલેગી....

છાપું બાજુમાં મૂકી હું બારી પાસે આવ્યો. મેં બારી ખોલી નાંખી.

અંધારું થવાની તૈયારીમાં હતું. અજવાશ ઝાંખો હતો પણ મને બધું જ સ્પષ્ટ દેખાતું હતું – માણસોનાં ટોળાં, નારા, આક્રોશ, વિદ્રોહ...

ટીવી જોતી ક્રાંતિએ ઊભા થઈને જરીક ડોકિયું કરી લીધું ને ફરીથી ટીવી સામે ગોઠવાઈ ગઈ. ટીવીનો વૉલ્યુમ મોટો કરી નાંખ્યો. સમસમી ગયેલા મારા ચહેરા પર અણગમાના ભાવ જોતાં જ તેણે નારાજગી સાથે ટીવીનો અવાજ ધીમો કર્યો.

મેં બારી બહાર જોયું. મારી નજર ટોળા વચ્ચે નારા બોલાવતા એક તરવરિયા જુવાન પર ચોંટી ગઈ – સફેદ ઝભ્ભો નીતરતા પરસેવાને કારણે બરડે ચોંટી ગયેલો. જમણા હાથની ભીડેલી મુઠ્ઠી હવામાં વીંઝાતી હતી. ડાબો હાથ જમણા હાથ સાથે તાલ મિલાવતો ઊંચો-નીચો થતો હતો. કાંડે બાંધેલી કાળી પટ્ટીનું ફૂમતું ફરફરતું હતું.

હું તેને અહોભાવથી તાકી રહ્યો.

જાણે હું જ ઊભો હતો મારી સામે - કડક બજારમાંથી સાવ નજીવી કિંમતે ખરીદેલો, ચોળાયેલો સફેદ ઝભ્ભો, પગમાં સ્લીપર અને હાથમાં જાડા પૂંઠાનું બૅનર - ‘જો હમસે ટકરાયેગા ચૂર ચૂર હો જાયેગા,’ ‘હમ ફૂલ નહીં અંગારે હૈ, પથ્થર હૈ ચટ્ટાને હૈ...’

નીચે, ટોળામાંથી એક થાકેલો જુવાન નીકળી જઈને એક દુકાનના ઓટલે બેસી પડ્યો.

જાણે હું જ બેઠો હતો મારી સામે - આંસુગૅસથી બળતી આંખો ચોળતો, પીઠ પર પોલીસના ડંડા ઝીલતો, ટૂંટિયું વળીને કણસતો, સરકારી કચેરી બહાર ભૂખ-હડતાલ પર બેઠેલો, લાઉડ સ્પીકરમાં ઘોષણાપત્ર બોલતો, શાળા–કૉલેજના મુખ્ય દરવાજા બહાર, લાલ દરવાજા પાસે, રામલીલા મેદાનમાં, જેલમાં, કતારમાં, ઝૂંપડપટ્ટી વચ્ચે, ચોપાનિયાંઓમાં, વર્તમાનપત્રોની ઑફિસ બહાર... હું જ રહું વિલસી સહુ સંગે ને હું જ રહું અવશેષે... હું જ..હું જ..હું જ...

એકાએક ક્રાંતિના મોબાઈલની રિંગ વાગી. ક્રાંતિએ ફોન ઉપાડ્યો – 'ના કહ્યું ને તને, ના એટલે ના. દસ હજાર વાર આ ને આ વાત કહીશ તોય મારી ના જ રે'વાની. છોડ ને એ વાત જ..'

....

– 'કોણ હું? પિચ્ચર જોતી'તી. ડીડીએલજે.'

.....

– 'ઘસાઈ ગઈ તે હુ થયું... બેઠાં બેઠાં ટાઈમપાસ... ચાલે... મજા આવે...'

....

– 'પીએચ.ડી.નું વાંચી વાંચી કંટાળી ગઈ. બોર થઈ ગઈ છું સાવ. પૂરા આઠ વરહે થઈ રઈ. વિઝિટિંગ મળી કે વસૂલ. એય ને...બે કલાક લેકચર લીધું કે પત્યું. ટાઈમપાસ બીજું હુ..'

સાંભળીને હું આઘાતથી સમસમી રહ્યો – આ મારી જ દીકરી હતી કે? કંટાળો, વસૂલી, બોરિયત, ટાઈમપાસ....

નીચે, એકાએક હો-હલ્લો વધી પડ્યો. જોયું તો એક જુવાને આવેશમાં આવી જઈને દીવાલ પર લગાડેલા કોઈ નેતાના પોસ્ટર પર કાળી શાહી ફેંકી રહ્યો હતો. કોઈક બાવડું ઝાલી શાંત પાડવા પ્રયાસ કરતો હતો. એક છોકરી પાણી લઈને ઊભી હતી. બે-ચાર વડીલો સમજાવટથી કામ લઈ રહ્યા હતા.

મારો હાથ અનાયાસે મારા ખિસ્સા તરફ લંબાઈ ગયો – ઈન્કપેન હેમખેમ હતી.

મેં એ તરવરિયા જુવાન ભણી ફરીથી જોયું. તે દિવસે બંકિમે મને ઝાલેલો એમ જ તેણે એ છોકરાને પકડેલો. મને એકાએક બંકિમ યાદ આવી ગયો. બંકિમ, અમારા સંગઠનનો, પાર્ટીનો જોશીલો કાર્યકર્તા. જ્યારે જ્યારે કોઈ આંદોલનમાં મારી ધરપકડ થતી ત્યારે ત્યારે તે મારી ઢાલ બની જતો અને એની ધરપકડ વેળાએ દુર્ગા એની ઢાલ બની જતી. દુર્ગા અમારી મહિલાપાંખની ફાયર બ્રાંડ! જેના પિતાની છત્રછાયામાં અમે લાલ સલામી આપવાનું શીખ્યા. લડવાનું શીખ્યા. જીતવાનું શીખ્યા. માથું ઊંચું રાખી જીવવાનું શીખ્યા ને સિદ્ધાંતો માટે મરી ફીટવાનું શીખ્યા. ઊંચ-નીચના ભેદભાવો સામે પ્રવાહે તરવાનું શીખ્યા.

દુર્ગા ગુરુપુત્રી હતી. ને ગુરુજી? સાક્ષાત્ પરશુરામ! જાણે એક ટંકારે હમણાં આખી દુનિયા લાલ રંગે રંગી નાંખશે. બંકિમ મૂળ ક્યાંનો હતો એની કોઈને ખબર નહોતી. એને પોતાનેય નહીં. કોઈને એનો ચહેરો બંગાળી માનુષ જેવો લાગતો તો કોઈને મરાઠી જેવો. તો કોઈને વળી સાઉથ ઇન્ડિયન જેવો. પણ એ આવી બધી જ રંગીન ધારણાઓને હસી નાંખી એટલું જ કહેતો કે એ પાક્કો ગુર્જુ છે. છતાં અમારા સંગઠનમાં એક છૂપો ગણગણાટ ચાલ્યા કરતો – 'કોણ જાણે, ક્યાંનો હશે?... આશ્રમમાં કોઈ મૂકી ગયેલું.... મારા બાપા કહેતા હતા જે સ્ત્રી તેને મૂકી ગયેલી તે સારા વરણની નહોતી લાગતી... આશ્રમમાં મોટો થયો તો શું થયું? એનો છેડો ક્યાંક તો અડતો હશે ને?' લોકોની આવી વાતો બંકિમે ક્યારેય ગણકારી નહોતી. તે એટલે ઉત્સાહમાં રહેતો કે અમારા બધામાંથી

તે ગુરુની સહુથી વધુ નજીક હતો. એટલે પણ તે અમારી મીઠી ઈર્ષ્યાનું કારણ બનતો. પણ એનું ગુજરાતમાં રહેવું અને ગુજરાતી હોવું જ કેવળ પૂરતું નહોતું. લગ્નની વાત હોય ત્યારે ખાસ તો કુળ, કુંડળી, ગોત્ર, વંશ.... દુર્ગા સાથે લગ્નની ઇચ્છા દર્શાવી ત્યારે પણ.

પણ ગુરુજીએ ઊંચા અવાજે રોકડું પરખાવી દીધેલું: 'આ બ્રાહ્મણનું ઘર છે બંકિમ. તને નહીં સમજાય. દેશ બદલવાની વાત જુદી છે પણ ક્યારેક બાપ તરીકે જાત બદલવી જુદી હોય છે. અત્યારે આ ક્ષણે હું કોઈ કોમરેડ નથી. કેવળ એક બાપ છું. ક્યારેક ક્યારેક વાત આદર્શ, મૂલ્ય કે સિદ્ધાંતોની નથી હોતી. જીવનશૈલી અને જીવનદર્શનની પણ હોય છે.'

મેં જોયેલું કે ગુરુજીના મોંએથી નીકળેલા આ શબ્દો સાંભળીને એ ક્ષણે બંકિમ પગથી માથા લગી કાંપતો હતો. ક્રોધથી. મેં મામલો ઠંડો પાડવા મારી સીમા વળોટી ગુરુજી સામે અનેક તર્ક વિતર્ક કરેલા. પણ બધા જ નિષ્ફળ. હું આવેગમાં બોલી ઊઠેલો; 'દેશ સ્વચ્છતાની વાત તો પછી આવે છે, પ્રથમ માનસ સ્વચ્છતા જરૂરી છે.' સામે બમણા આક્રોશથી વાક્ય ફંગોળાયેલું; 'વાત કેવળ નાત-જાતની નથી એ સિવાય પણ ઘણું ઘણું હોઈ શકે...'

તે ટાણે મેં સામે છેડે જઈને પણ ગુરુએ શીખવેલ સિદ્ધાંત દીક્ષાને તેમની જ સામે પડકારી. ગુરુદ્રોહ કરીનેય મેં બંકિમ-દુર્ગાની ગૃહસ્થી મંડાવી આપી. જીવનમાં કોઈ મહાન કાર્ય કર્યાની સફળતાનો શ્રેય લઈ પોરસાતો રહ્યો.

* * *

'શેની ધમાલ છે આ? જમવું નથી?' પાછળથી પત્નીનો અવાજ સંભળાયો.

'હમમમ.... આવું છું.'

મેં નીચે જોયું. પાણી લઈને ઊભેલી પેલી છોકરી એની ઓઢણીની કોર ભીની કરી પેલા યુવાનનો ચહેરો લૂછતી હતી.

મને ફરી દુર્ગા યાદ આવી ગઈ. હા, મને મારી ગૃહસ્થી માટે દુર્ગા જેવી છોકરી નહોતી મળી. આશાએ ચોખ્ખું જ કહી દીધેલું; 'આ આંદોલનો–ફાંદોલનો, હળતાળો-ફળતાળો મારી સમજ બા'રનું છે. મને ઘોંઘાટ જરીકેય ગમતો નથી. ઉછીના કકળાટ શું કામ લેવાના? હું તો ઘરની ચાર ભીંતો વચ્ચે ખુશ બસ! પણ એટલું કઉં કે બાપુએ શિખવાડ્યું છે એ પરમાણે ધણીના રસ્તે આડું નહીં આવવાનું. તે તમારા કામમાં કદી આડે નઈ આવું તમતમારે...'

મનમાં તો હતું કે ગ્રામસમાજની કોઈ છોકરીને 'ગ્રામલક્ષ્મી'ની રોહિણી બનાવીશ. 'જનમટીપ'ની ચંદા જેવી સ્વાભિમાની બનાવીશ. તે ગામડાંગામની સ્ત્રીઓને સંગઠિત કરી આગેવાની સંભાળશે. પણ આ તો સાવ જ... પહલો જ નન્નો! કંઈ નહીં, ચાલો ને બીજી કોઈ રોકટોક તો નથી! એમ વિચારીને મન મનાવેલું. ઠંડા પડી ગયેલા ઉત્સાહમાં દીકરીના જન્મ પછી ફરી નવું જોમ છલકાયું. આશાની ઇચ્છા ઉવેખીને નામ પણ મેં જ રાખ્યું – ક્રાંતિ. રાતદિવસ મનમાં એક જ વિચાર ઘોળાતો હતો – આને દુર્ગા બનાવી શકાય..

દુર્ગાના આકારમાં બીજા કેટલા નાનામોટા આકારો ભળતા જતા હતા! જેમ જેમ એ મોટી થઈ તેમ તેમ મારી ઇચ્છાનો ચહેરો પણ બદલાતો જતો હતો. હું તેને શું બનાવવા ઇચ્છતો હતો? અરુણા અસફ અલી, સરોજિની નાયડુ, વિજયાલક્ષ્મી પંડિત કે રાષ્ટ્ર માટે મરી ફિટનારી સુભાષચંદ્ર બોઝની ટુકડીની કોઈ જાસૂસ સ્ત્રી...?

મેં ક્રાંતિમાં ક્રાંતિની ફૂંક ભરવા માંડેલી. મારી સાથે મારાં આંદોલનોમાં, સરઘસોમાં, રેલીઓમાં મારા અવાજ સાથે એનો અવાજ ભેળવતો ગયેલો. એની ઊંચાઈ વધવા સાથે એનો અવાજ પણ ઊંચો થતો ગયેલો. હું મનોમન બોલતો – શાબાશ! પણ તે ટાણે મારી પત્નીના ચહેરા પર એક પ્રકારે અણગમો, ભય કે ઉદાસી તરવરી ઊઠતી. એ મા હતી ને? તેની દૃષ્ટિ પારકા ઘરનાં કોઈ બારણાં સુધી જ લંબાઈ શકતી હતી, પણ મારી દૃષ્ટિ... દેશના દરેક પ્રવેશદ્વાર સુધીની હતી. હું ખરેખર તેને ક્રાંતિકારી બનાવવા ઇચ્છતો હતો. મારા ઘરનું નામ પણ મેં જ રાખ્યું હતું – ક્રાંતિ નિકેતન.

ધીમે ધીમે આંદોલનો વિખરાવા માંડેલાં. હું ગુજરાતી વિષયના અધ્યાપનમાં જોડાઈ ગયો. સાહિત્ય મને વેગ આપતું હતું. નવા વિચારો અને નવું જોમ ભરતું હતું. માર્ક્સવાદ મને જબ્બર ખેંચતો. મારી તાસીરનો હતો એટલે જ કદાચ...

જે દિવસથી ક્રાંતિએ હાથમાં સ્લેટ લીધેલી તે દિવસથી જ મેં તેને એક જ વાત ઘૂંટાવેલી; 'જે ઘરમાં છાપું કે પુસ્તક ન હોય તે ઘર ઘર નહીં પણ સ્મશાન હોય છે.' ક્રાંતિના મગજમાં એ વાત ખીલાની જેમ જડાઈ ગયેલી. સંસારની ગતિવિધિથી સ્મશાનનાં મડદાંઓને ફેર ના પડે, જીવતાં માણસને પડે અને પડવો જ જોઈએ. સમજી?'

બીજાં ઘરની છોકરીઓ જ્યારે સવારે રસોડામાં કપ-રકાબી વીંછળતી હોય ત્યારે ક્રાંતિ પગ લંબાવીને હાથમાં લાલ પેન લઈને નિરાંતે છાપું વાંચતી હોય, નોંધો કરતી હોય. હું હરખાતો – શાબાશ! કોઈ લફંગાએ કોઈ ગલીની છોકરીની મશ્કરી કે છેડતી કરી હોય ત્યારે તે મૂંગી મૂંગી નીચી મૂંડીએ ચાલી જતી પણ ક્રાંતિ? માથું ઊંચકી ધખધખતી પહોંચી જઈ લફંગાઓના ટાંટિયા રાંટા કરી આવતી. એ જોઈ મારા બત્રીસ કોઠે દીવા ઝળહળી ઊઠતા – શાબાશ!

દુકાનદારે એકસો નવ્વાણું રૂપિયાની વસ્તુના બસો રૂપિયા લઈને રૂપિયો પાછો ન આપ્યો હોય તો 'રૂપિયો હરામનો આવે છે?' કહેતી ગ્રાહક સુરક્ષા લગી ઢસડી જતી. મારા હાથ તાળી પાડી ઊઠતા – શાબાશ!

ઉછીના કજિયા, ઉછીના ઝઘડા – શાબાશ!

પણ તે દિવસે ક્રાંતિ ક્રાંતિ નહોતી! તેણે જે કહ્યું તે સાંભળીએ હું ઊભો ઊભો જ થાંભલો બની ગયો. મોં સિવાઈ ગયેલું. એ તો બોલ્યે જ ગઈ; 'પપ્પા મેં છોકરો શોધી નાંખ્યો છે. તમે એનું ઘર જોઈ આવો બસ! તગડી ગામનો જ છે.. આ અઈ રહ્યું તગડી.. ચાળીશ કિલોમીટર જ તો દૂર છે... નીકળ્યા કે સરરરર.. ફટ્ટાક કરતું આવી જાય એનું ગામ તો. એ તો ફફડતો'તો.. કે'કે અમે તો નીચી જાતના.. તારા પપ્પા નઈ માને...! તે મેંય ફટ્ટ કરતું કહ્યું કે મારા પપ્પા તો ગૃહસ્થી મંડાવવામાં એક્સપર્ટ છે. એમના જમાનામાં એમના ભાઈબંધોને આવા કેસમાં બહુ મદદ કરતા. એમણે તો વિદ્યાર્થીઓને હો સપોર્ટ કરેલો. પપ્પાનું તો એટલું જ કહેવાનું કે પ્રેમથી મોટી બીજી કોઈ જ ચીજ નથી આ

દુનિયામાં. આટલી ધરપત આપી રવિને તોય એને તો એમ જ હોં પપ્પા કે, ...અરે નામ તો કહેવાનું જ ભૂલી ગઈ... રવિ નામ છે એનું. હા, તો રવિને તો એમ જ કે હું શહેરમાં રહેલી, કોઈ દા'ડો ઘરકામ હો નહીં કરેલું તો કેમ કેમની સેટ થઈશ એને ઘેર? મેં તો કૉન્ફિડેન્સથી કહી નાંખેલું કે એમાં તું શું લેવા આટલો અપસેટ થાય છે? વાસીદું હો કરીશ. બોલ, અજમાવી જો... નુકસાન નહીં જાય એની ગૅરંટી!'

હું સ્તબ્ધ રહી ગયો.

તે એકની બે ન થઈ - મારી જ વિદ્યા મને જ ભારે પડી કે શું?

મેં મારા પગને ઢસડેલા પેલાના ગામ ભણી. છોકરો પગે લાગેલો. વિવેક તો હતો જાણે! દેખાવેય સાવ નાંખી દેવા જેવો નહોતો. પણ જેવી મેં એના ઘરમાં નજર ફેરવી કે હું ધ્રૂજી ઊઠ્યો – પુસ્તક વિનાનું ઘર. છાપાં વિનાનું ઘર....

મેં ક્રાંતિને કહ્યું; 'બેટા! જે ઘરમાં પુસ્તક ન હોય, જે ઘરમાં છાપું ન હોય એ ઘેર જિવાય જ કેમ? એ ઘેર દીકરી દેવાય કે? એય મારી દીકરી...'

હું ભયાવહ કલ્પનાથી ધ્રૂજી ઊઠેલો. પણ મારા શબ્દોની, મારી ધ્રુજારીની ક્રાંતિ પર સહેજ પણ અસર ન થઈ. તે તો મંગળફેરા ફરી સાવ સાધારણ છોકરીની જેમ સાવ સાધારણ રીતે સાસરે વળી ગઈ. મારી પત્નીના ચહેરા પર પહેલી જ વાર મેં આટલો હરખ જોયેલો. માથું ઓઢેલી ક્રાંતિને સામે ઊભેલી જોઈ હું થીજી જ ગયેલો. એ શરમાતી શરમાતી મોટરમાં બેસી ગયેલી.

ધૂળમાં પડેલાં મોટરનાં પૈડાંનાં નિશાનમાં મારાં ધ્વસ્ત થઈ ગયેલાં ગૌરવ, ગરિમા અને અભરખા ધૂળ ધૂળ થયેલાં દેખાતાં હતાં.

તે દિવસે હું ને આશા દીકરી-જમાઈની પહેલી દિવાળીને યાદગાર બનાવવા સરસ મજાનું એક આયોજન કરેલું. અમે એમાં જ વ્યસ્ત હતા કે અચાનક ક્રાંતિ તેના લબાચા સાથે દરવાજા વચ્ચે ઊભી હતી – નથી રહેવું ત્યાં. જૉઇન્ટ ફૅમિલીમાં નહીં રહેવાય મારાથી. ના, રવિને છોડીને નથી આવી કંઈ. પણ સાથેય નઈ રહેવાય. એની મરજી હોય તો આવે આપણી જોડે રે'વા. પણ એના ગામડે ને એના ઘેર ફરી પગ નઈ મુકાય મારાથી.'

રવિ પાછળ પાછળ આવેલો. સમજાવટથી કામ લેતો હતો. રવિને જોઈને પહેલી વાર હું ગળગળો થઈ ગયેલો. મેં લાચાર સ્વરે કહેલું; 'કોમરેડ આવા હોય? હં? આ જ શિખવાડ્યું છે મેં? તે અહીં આપણે ઘેર રહે તો મને ને તારી મમ્મીને બંનેને ગમે જ. પણ એ સ્વેચ્છાએ હોય તો. એમ કંઈ કોઈના છોકરાને એનાં મા-બાપથી વિખૂટા પાડીને તો નહીં જ. એય તો એકનો એક જ છે એની માને.. એ તો જો!'

'ઓકે. તો એ તેને ત્યાં અને હું આપણે ત્યાં. આ ટૉપિક અહીં જ પૂરો.'

જાણે ક્યાંકથી મને શબ્દો સંભળાતા હતા – 'એ સિવાય પણ ઘણું ઘણું જોવાનું હોય છે. તને નહીં સમજાય. દેશ બદલવાની વાત જુદી છે પણ ક્યારેક બાપ તરીકે જાત બદલવાની વાત જુદી હોય છે.'

* * *

આશા થાળી પીરસતી હતી. હું પાણી પીને જ ઊભો થઈ ગયો. આખી રાત ક્રાંતિનો ચહેરો નજર સામે રહ્યો. ઊંઘ પડખાં ઘસતી રહી.

સવારે, ટેવવત્ સૂરજ ઊગી નીકળ્યો. ના, એ સોનાનો સૂરજ તો નહોતો જ. એ સૂરજમાં ભેગ હતો. એ કાંસાનો સૂરજ હતો. છાપાવાળો છાપું નાંખી ગયો, ટેવવત્. ક્રાંતિ ચિડાઈને સવાર સવારમાં ટીવીનું રિમોટ લઈને બેસી ગઈ, ટેવવત્.

હું તેનું ધ્યાનભંગ થાય એ હેતુથી જાણીજોઈને સ્ક્રીન પાસેથી આંટો મારું છું – કદાચ ક્રાંતિની આંખે હતાશ બાપના ચહેરા પરની મૃત આશા દૃષ્ટે પડે ! પણ ક્રાંતિ બરાડે છે; 'ખાનાખજાના રહી ગયેલું તે એનો રિપીટ ટેલિકાસ્ટ આવે છે. વચ્ચેથી ખસો ને પપ્પા ! અને લાઇટની સ્વિચ બંધ કરી દો. અંધારું થવાને હજી તો બહુ વાર છે.'

હું ધીમા અવાજે એટલું જ બોલી શક્યો; 'અંધારું તો ક્યારનુંય થઈ ગયું છે બેટા !'

■

જેમ જેમ હું જીવનમાં ઊંડો ઊતરતો ગયો તેમ તેમ મને બહારના અને અંતરના આચારમાં ફેરફારો કરવાની જરૂર પડતી જણાઈ. જે ગતિથી રહેણીમાં અને ખર્ચમાં ફેરફારો થયા તેજ ગતિથી અથવા વધારે વેગથી ખોરાકમાં ફેરફારો કરવાનું શરૂ કર્યું. અન્નાહાર વિશેનાં અંગ્રેજી પુસ્તકોમાં મેં જોયું કે લેખકોએ બહુ સૂક્ષ્મ વિચારો કરેલા. અન્નાહારને તેઓએ ધાર્મિક, વૈજ્ઞાનિક, વ્યાવહારિક, ને વેધક દૃષ્ટિથી તપાસ્યો હતો, નૈતિક દૃષ્ટિએ તેઓએ વિચાર્યું કે મનુષ્યને પશુ-પંખીની ઉપર સામ્રાજ્ય મળ્યું છે તે તેઓની મારી ખાવાને અર્થે નહીં, પણ તેઓની રક્ષા અર્થે; અથવા, કેમ મનુષ્ય એકબીજાનો ઉપયોગ કરે છે પણ એકબીજાને ખાતા નથી, તેમ પશુ-પંખી પણ તેવા ઉપયોગ અર્થે છે, ખાવાને અર્થે નહીં. વળી તેઓએ જોયું કે, ખાવું તે ભોગને અર્થે નહીં, પણ જીવવાને અર્થે જ છે. આ ઉપરથી કેટલાકે ખોરાકમાં માંસનો જ નહીં પણ ઈંડાંનો અને દૂધનો પણ ત્યાગ સૂચવ્યો ને કર્યો. વિજ્ઞાનની દૃષ્ટિએ ને મનુષ્યની શરીરરચના જોઈને કેટલાકે એવું અનુમાન કાઢ્યું કે, અમુષ્યને રાંધવાની આવશ્યકતા જ નથી; તે વનપક ફળો જ ખાવા સરજાયેલ છે. દૂધ પીએ તે કેવળ માતાનું જ; દાંત આવ્યા પછી તેણે ચાવી શકાય એવો જ ખોરાક લેવો જોઈએ. વૈધક દૃષ્ટિએ તેઓએ મરીમસાલાનો ત્યાગ સૂચવ્યો અને વહેવારની અથવા આર્થિક દૃષ્ટિએ તેઓએ બતાવ્યું કે ઓછામાં ઓછા ખર્ચવાળો ખોરાક અન્નાહાર જ હોઈ શકે. આ ચારે દૃષ્ટિઓની મારા પર અસર પડી, અને અન્નાહાર આપનાર વીશીઓમાં ચારે દૃષ્ટિવાળા માણસોને હું મળતો થયો. વિલાયતમાં તેને લગતું મંડળ હતું અને સાપ્તાહિક હતું. સાપ્તાહિકનો હું ઘરાક બન્યો અને મંડળમાં સભ્ય થયો. થોડા જ સમયમાં અમને તેની કમિટીમાં લેવામાં આવ્યો. અહીં મને અન્નાહારીઓમાં જેઓ સ્તંભ ગણતા તેવાઓનો પરિચય થયો. હું અખતરામાં ગૂંથાયો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# કાલપુરુષ

મૂળ બંગાળી લેખક : બિતાન સિકદાર, અનુવાદક : લિપિ કોઠારી

"મૅન વિલ બી મૅન" દક્ષિણ કલકત્તાના કોઈ એક સ્કાયસ્ક્રેપરના સત્તરમા માળે બેસીને પશ્ચિમ દિશાની ખુલ્લી બાલ્કનીમાંથી સંધ્યાના આકાશ તરફ તાકતાં તાકતાં અયંતિકા મનમાં ને મનમાં બબડ્યાં. આ રૂમમાં લગાડેલ ડ્રેસિંગ ટેબલના અરીસાની સામે ઊભી ઊભી તનિમા દાંતમાં એક બ્રોચ દબાવીને સાડીનો છેડો સરખો કરતી હતી. અયંતિકાની સ્વગતોક્તિ તેના કાને પડી. એ મોં ફેરવીને બોલી, "બળ્યા મોંની! તેં પોદળામાં પગ મૂક્યો?"

અયંતિકા હસ્યાં. જે મુખ તરફ તાકતાં આખું જગત બોલવાનું ભૂલી જાય, તે મુખને ત્રિલોકમાં એક જ જણ "બળ્યા મોંની" કહી શકે.

આ ચાળીસ વર્ષના જીવનકાળમાં કોઈનેય અયંતિકા બૉસે પોતાની નજીક ફરકવા દીધા નહોતા અને કૉલેજકાળની સખી તનિમા સાન્યાલને પોતાનાથી દૂર થવા દીધી નહોતી. કદાચ દરેક માણસને એકાદ "રેફ્યુજ"ની જરૂર પડે છે. અયંતિકા માટે તનિમા એ જ હતી. એ એની પાસે લાડ કરી શકે, જીદ કરી શકે, ભૂલ કરી શકે, ક્ષમા માંગી શકે, ગુસ્સો કરી શકે - ટૂંકમાં, જે ઇચ્છા હોય તે કરી શકે, આજે પણ.

તનિમાના પતિ સુપ્રભ ડૉક્ટર છે. લગ્ન પછી એક વાર પૂછ્યું હતું, "અચ્છા, તારી આ સખી–" સુપ્રભની વાત પૂરી કરવા ન દેતાં તનિમાએ તેને એક લાંબા ચુંબનથી નવડાવીને કહ્યું હતું, "મારી બાબતે જરા પઝેસિવ છે. મા વગરની છોકરી છે. વ્હાલા, ગુસ્સો ના કરશો.–"

ના, તેનો એકમાત્ર પરિચય એ નહોતો કે તે મા વગરની છોકરી છે, જોકે, કૉલેજમાં હતી ત્યારે જ માતૃવિયોગ થયો હતો, પરંતુ, સમાજ તેને ઓળખે છે, નાથ ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીની મૅનેજિંગ ડિરેક્ટર તરીકે, જે અશક્યને શક્ય બનાવી શકે છે, થાક્યા વગરનો પરિશ્રમ અને ઉત્કટ વ્યાવસાયિક કૌશલ્યના માધ્યમથી નફાનો આંકડો લાખથી કરોડ સુધી લઈ જઈ શકે અને જેનું વ્યક્તિત્વ અને વહીવટી ક્ષમતા ઑફિસમાંનાં ઘણાં બધાંને ગર્ભિત રૂપે મિસિસ ગાંધીની યાદ અપાવી શકે.

એકમાત્ર તનિમા આગળ જ અયંતિકાનું આ વ્યક્તિત્વ રતીભર છતું નહોતું થતું. ગમે તે દિવસે, ઑફિસથી પાછા ફરતી વખતે, AC સેડાનની પાછળની સીટ પર બેસીને તે તનિમાને ફોન કરીને કહી શકે, "હું આવું છું. મને વઘારેલી ખીચડી ખાવાનું ખૂબ જ મન થયું છે. પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ, પ્લીઝ–"

બરાબર તેમ જ બે-એક મહિના પહેલાં આ જ ફ્લૅટમાં એક સાંજે ઑફિસથી દોડાદોડ આવીને તનિમાને ભેટી પડીને એ બોલ્યાં હતાં, “મને લગ્ન કરવાનું ખૂબ જ મન થયું છે.”

અવાક્ તનિમા કૃત્રિમ ગુસ્સો કરીને બોલી હતી, “ચાળીસે પહોંચીને યાદ આવ્યું?”

“હં–” અયંતિકા હસતાં હતાં.

પ્રાથમિક રૂપે વાત જાણીને દસેક મિનિટ પછી તનિમા બોલી હતી, “શું? છોકરો તારા કરતાં આઠ વર્ષ નાનો છે?”

પછી બીજી પાંચ મિનિટ પછી, “શું? ઑફિસમાં? કયા ડિપાર્ટમેન્ટમાં?”

“સેલ્સ.”

“માસાજીને ખબર છે?”

ખૂબ ઉત્તમ કાચના ગ્લાસમાં ‘રોરિ’ રેડતાં રેડતાં અયંતિકા બોલ્યાં હતાં, “પપ્પાએ તો આશા જ છોડી દીધી હતી. હું વિદ્રોહ કરીને પરણીશ તોય વાંધો લેશે નહીં.”

થોડી વાર સ્તબ્ધતા. પછી તનિમાએ હસીને પૂછ્યું હતું, “શેના કારણે મોહી પડી?”

“પુરુષત્વ પર.”

તે પુરુષત્વની આભા ખૂબ સ્પષ્ટ હતી. તેથી આજે અયંતિકાને બબડવું પડ્યું હતું, “મૅન વિલ બી મૅન.”

એમ.બી.એ. પૂરું કર્યા પછી અયંતિકા બીજી કોઈ પણ નામાંકિત કંપનીમાં જોડાઈ શક્યાં હોત. જોડાયાં નહીં. પપ્પા નૃપેન બૉસના મિત્ર પ્રિયતોષ નાથે આવીને કહ્યું હતું, “ધંધો ફૂટપાથની રેકડીથી શરૂ કરીને એક માળના મકાન સુધી તો પહોંચાડી શક્યો છું. અહીંયાં એવા કોઈ જ કાયદા-કાનૂન નથી. પોતાની ઇચ્છા મુજબ કરજે. તમારા લોકોની નવી નવી વિચારસરણી છે, નવી નવી બધી ટૅક્નિક છે. બની શકે કે, કાલે તારા સ્પર્શથી આ એક માળનું મકાન પાંચ માળનું બની જાય!”

ત્યાંથી જ શરૂઆત. અયંતિકા ત્યારે અઠ્ઠાવીસ વર્ષનાં હતાં.

અને આજે મકાન પાયાથી માંડીને સાત માળનું થઈ ગયું છે, તે પણ લગભગ અઢીસો કામદારો સાથે. આ માત્ર ઑફિસ છે. કારખાનું ઉત્તર કલકત્તામાં લગભગ ૭૨૦ ચો.મી.ના એક એવા દસ પ્લૉટમાં પથરાયેલું છે.

નાથ ટેક્સ્ટાઇલ આજે એક બ્રાન્ડ છે, જેને અયંતિકા બૉસે ધીરે ધીરે ઊભી કરી છે અને એ ઊભી કરવા માટે જીવનનો એક સોનેરી કાળ તેમણે વ્યવસાય પાછળ ગુમાવી દીધો. લગ્ન કે પ્રેમના પ્રસ્તાવ આવ્યા નહોતા, તેમ નથી. તે સમયગાળામાં અયંતિકાએ યાદ રાખ્યું હતું, ઈશ્વરે તેને બે કાન આપ્યા છે. તેણે માત્ર રસોઈ જ કરી, જાત માટે વાળ ઓળવા જેટલો પણ સમય ફાળવ્યો નહીં.

આજથી બાર વર્ષ પહેલાં જે પરિસ્થિતિ હતી, તેને બહુ બહુ તો મધ્યમવર્ગીય કટપીસનો વ્યવસાય કહી શકાય. પ્રિયતોષના પપ્પાએ પાર્ટીશન સમયે બાંગ્લાદેશથી અહીં આવીને એક શરણાર્થીઓની કૉલોનીમાં રહીને વ્યવસાય શરૂ કર્યો હતો. એ સાઠનો દાયકો હતો. પીઠ પર ગાંસડી બાંધીને બજારમાં જઈને વેચતા. પ્રિયતોષ સ્વાભાવિક રીતે

જ ગ્રૅજ્યુએશન પૂરું કરીને સિત્તેરમા દાયકાના અંત સુધીમાં વ્યવસાયમાં જોડાયા. નેવુંના દાયકા સુધી પૃથ્વી પર બધા વિચારતા, જેમ ચાલે છે તેમ જ ચાલશે તો પૂરતું છે, તેથી પ્રિયતોષ પણ વ્યવસાય વિસ્તારવા માટે ક્યારેય તેવી રીતે ખઈખપૂચીને પાછળ પડ્યા નહીં. તોપણ ઘણા બધા પરિચિત માણસોને તેમણે વ્યવસાયમાં જોતર્યા હતા. આવા પ્રકારના સંગઠનને ઍંશીના દાયકામાં પણ અલગથી આજની જેમ 'ફૅમિલી' ગણવામાં આવતાં નહીં. એ બધા વાસ્તવિક રૂપે પરિવાર જ હતા.

ગરબડ થઈ નેવુંના દસકામાં. પૃથ્વીએ ધરી બદલી અને 'ફૅમિલી મૅન'એ ધોતિયાં મૂકીને પૅન્ટ-શર્ટ પહેરવાનું શરૂ કર્યું. બજારની અર્થવ્યવસ્થા થંભી ગઈ.

દોડ ના લગાવે તો જવાબદારી વધી જાય. ખૂબ વધુ પાછળ ન પડ્યા છતાં પણ પ્રિયતોષ પોતાની ગતિએ જ કામકાજ આગળ વધારતા જતા હતા. ત્યારે જ સર્પેન્ટાઇન લેનના એક માળના મકાનમાં વ્યવસાય શરૂ કર્યો, પરંતુ, તેના પર પણ વીતેલા દસકાનું પ્રતિબિંબ જ છવાયેલું હતું. કોઈ પણ રીતે થોડું ઘણું ચાલે તોય પૂરતું.

તેનાંય ઘણાં બધાં વર્ષ પછી અયંતિકા બૉસે કંપની જૉઇન કરી.

આધુનિક બિઝનેસ ઍડ્મિનિસ્ટ્રેશન તમાકુ સૂંઘી ખાતા નકામા કર્મચારીઓને બરાબર કેટલા કામના માણસો તરીકે જોતું, તે કદાચ કહી બતાવવાની જરૂર નથી. અયંતિકાએ જોયું હતું, ઑફિસ દરમિયાન માત્ર તેમને "મા, મા" કરવા સિવાય તેમને બીજું કોઈ વિશેષ કામકાજ જ નહોતું. કંઈક કહેવા જતાં જ બોલે, "અમારા વખતમાં, ખબર છે–"

અયંતિકા સમજી ગયાં હતાં, આવી સ્થિતિ સાથે આગળ વધવું સંભવ નથી. કદાચ આ કંપનીએ અન્ય રીતે વિચારતાં શીખવું પડશે, નહીંતર તેને અહીંથી પોટલાં બાંધવાં પડશે.

તેમણે ધીમે ધીમે જુદા જુદા નિયમો ચાલુ કરવાનું શરૂ કર્યું. ધીમે ધીમે કૉમર્શિયલાઇઝેશનને વાસ્તવિક રૂપ આપવાનું શરૂ કર્યું. તેનાય પછી કૉર્પોરેટરાઇઝેશન. બ્રાન્ડ તૈયાર થઈ, કેટલાય લોકોને માર્કેટિંગ સોંપવામાં આવ્યું. થોડીક બહારની કંપનીઓ સાથે ક્યાંક ક્યાંક ટાઇઅપ કરવામાં આવ્યું. ધીમે ધીમે વિજ્ઞાપનના જગતમાં પ્રવેશ કરવામાં આવ્યો. માર્કેટિંગ સ્ટ્રેટેજી શરૂ કરવામાં આવી.

શરૂઆતમાં ખૂબ સહેલું ન હોવા છતાં ધીમે ધીમે કંપનીએ પોતાની ગતિ પકડી લીધી.

અયંતિકાની બિઝનેસ પૉલિસીથી એક સમયે જ્યારે નફાનો આંકડો ધડાધડ વધવા લાગ્યો ત્યારે પ્રિયતોષે મિત્રની દીકરીને બોલાવીને એક દિવસે કહેલું, "કેવું રહ્યું? કહ્યું હતું ને કે નહીં? બધેબધું જાતે જ કર્યું ને? આવો આનંદ કોઈ તૈયાર થયેલી કંપની તને આપી શકત?"

ત્યારે આ મકાન ત્રણ માળનું બનતું હતું. દરેક ફ્લૉર પર ક્યૂબિકલ બેસાડાતાં હતાં અને બહારનાં હવા-ઉજાસ ધીમે ધીમે ઓછાં થતાં જતાં હતાં. આ ઉત્કર્ષ પૂરેપૂરો સરળ હતો એમ કહી શકાય નહીં. એક સમય એવો આવ્યો જ્યારે પેલા જૂના લોકો સાથે જ એકધાર્યો પરંપરા અને આધુનિકતા વચ્ચે જંગ છેડાયો. "શેની પરંપરા? કેવી પરંપરા?

એ પરંપરા સાચવી રાખવાથી આટલા વરસમાં કંપનીને કેટલો લાભ થયો છે? આજના સમયમાં જૂની માન્યતાઓ ને ધારણાઓ સાથે લઈને ચાલીએ તો કોઈ પણ વ્યવસાય માટે ટકી રહેવું સંભવ નથી." એણે વન-ટુ-વન મિટિંગમાં પ્રિયતોષને સમજાવ્યું હતું.

પ્રિયતોષ આઘાપાછા થતા હતા, "અસલમાં જૂના લોકો તો બધા–"

"જૂના લોકો હોવા પ્રત્યે કોઈ આપત્તિ નથી, જૂના નિયમો પ્રત્યે આપત્તિ છે. બને તો ઇન્વૉલ્વ કરે, નહીંતર છોડી દે."

સાંભળીને પ્રિયતોષ ચમકી ગયા હતા. મિત્રની આ દીકરીને તેઓ વિશેષ સ્નેહભરી દૃષ્ટિથી જોતા હતા. તોય, તેના નીતિનિયમો આટલું બધું વાસ્તવિક રૂપ લઈ શકે, તેવી તેમણે આશા રાખી નહોતી. એમ જ આઘાપાછા થતાં થતાં બોલ્યા હતા, "ના, ના, છોડીને જશે ક્યાં—"

અયંતિકાએ પછી વાત વધારી નહીં. તે સમજી ગયાં હતાં, બોલવાનો ફાયદો નથી, આ કામ કરીને બતાવવું પડશે. એ પછી કેટલાક માણસોની સંપૂર્ણ ઉપેક્ષા કરીને નવી ટીમ બનાવીને કામ શરૂ કર્યું હતું. સ્વાભાવિકપણે, એ પ્રવાહમાં પેલા બધા જૂના કર્મચારીઓ સાહજિકતાથી ભળી શક્યા નહીં. એક સમયે તે લોકોને આવીને કહેવું પડ્યું. "હવે રજા આપો, મા."

અયંતિકા તે સમયે લૅપટૉપમાંથી મોં ઊંચું કરીને આગંતુક તરફ જોઈને વાત કરતા નહીં. માત્ર ગંભીરતાથી કહી દેતાં, "તમને જેમ યોગ્ય લાગે તેમ."

આવી સુનિશ્ચિત 'છટણી'નો ખૂબ વિરોધ થયો હતો તેમ કહી શકાય નહીં. તદુપરાંત, દિવસે દિવસે વ્યવસાય વધવાથી જે રીતે લોકો લેવામાં આવતા હતા, તેનાથી થોડાક જણના છોડી દેવાથી કોઈએ કંઈ ખાસ માથું ખપાવ્યું નહીં.

પ્રિયતોષે એક વાર પૂછ્યું હતું, "અરે, સાંભળ્યું કે, આશિષબાબુ પણ–"

અયંતિકાએ નિર્વિકારભાવે જવાબ આપ્યો હતો, "તેમને જે કામ સોંપવામાં આવ્યું હતું, તે તેઓ કરી શકતા નહોતા અને આ ઘડીએ મારી પાસે એવી કોઈ બીજી વેકન્સી પણ નથી કે જ્યાં તેમને રિપ્લેસ કરી શકાય. તેથી, તેમણે જ કહ્યું–"

"ઓહ્–" સ્વરમાં થોડોક અસહાયતાનો ભાવ ભેળવીને પ્રિયતોષ બોલ્યા હતા, "અચ્છા-"

મજાની વાત તો એ થઈ કે, જગત કશુંય યાદ રાખતું નથી. આ સમાચાર કરતાં પણ ત્યારે મોટા સમાચાર મળ્યા કે, આ વર્ષે અયંતિકા બૉસને 'યંગ એન્ટરપ્રિન્યોર'નો ઍવૉર્ડ મળ્યો.

કંપનીના નામ સાથે બીજા પણ કેટલાક તારા લાગી ગયા.

થોડાંક વર્ષો વીતી ગયાં.

ત્યાર બાદ એક દિવસે સાંજે કાલપુરુષે તીર છોડ્યું.

હવે નાથ ટેક્સ્ટાઇલ્સનું બજારમાં એક નામ હતું. પ્રિયતોષ હવે રોજ ઑફિસ આવતા નહોતા. ઑફિસના વડા તરીકે અઠવાડિયે બે દિવસ આવતા. સોનારપુરના બાગ-

બગીચાવાળા ઘરમાં પોતાના બગીચામાં સમય વિતાવતા. હવે બધાંય જાણતાં હતાં, એમ.ડી. જ કંપનીના સર્વસ્વ છે.

પરંતુ, યાદ આવે છે, છ-એક મહિના પહેલાંની એ સાંજ વેળાની વાત, જ્યારે સેલ્સમાં નવા જૉઇન થયેલા અર્ક ગુહે જાતે જ અયંતિકા બૉસની કેબિનનો દરવાજો નૉક કરેલો, "મે આઈ—"

"યસ."

અર્ક કમરામાં આવતાં અયંતિકાએ પ્રથમ તો આઘાત અનુભવેલો. કોઈ-કોઈના રૂપની અલગ જ એક આભા હોય છે. જે પહેલી જ વારમાં સામેના માણસને આંજી દે. અવશ્ય, સામેના માણસનું વ્યક્તિત્વ જો જેવું-તેવું હોય તો, રૂપથી આંજી દઈ ન શકે તોપણ થોડુંક કંપી તો જાય જ. એવી જ કોઈક ઘટના બની હતી.

અર્ક સ્વાભાવિકપણે હસીને બોલ્યો હતો, "આ વખતે તમે એક લીડરશિપ ઍક્સલન્સ ઍવૉર્ડ માટે સિલેક્ટ થયાં છો, વિચાર્યું કે, અભિનંદન આપું."

"તમે–"

"મારું નામ અર્ક ગુહ. મેં ગઈકાલે જ સેલ્સમાં જૉઇન કર્યું છે."

થોડીક મિનિટનો સૌજન્યપૂર્ણ વાર્તાલાપ, જોકે, અયંતિકા માટે તો તેની અસર વીસેક મિનિટ રહી.

અર્કના ચાલી ગયા પછી અયંતિકાને પહેલુંવહેલું જે મનમાં આવ્યું તે એ કે, આ જે છોકરો, તે કોઈ પણ ગ્રીક દેવતા કરતાં પણ વધારે દેખાવડો છે કે શું?

વિશ્વાસપૂર્વક કહી શકાય કે, ત્યાં સુધીમાં કાલપુરુષે તેમનું તીર છોડી દીધું હતું.

આ તીરને છેડે લગાવેલું ઝેર જોકે ધીરે ધીરે પ્રસરે. વેદના શરૂ થતાં સમય લાગ્યો હતો – એકાદ અઠવાડિયું.

ના, એવું કોઈ ચિત્ર બનાવવાનો પ્રયત્ન અહીં કરવામાં આવતો નથી, જેનાથી માની શકાય કે, અયંતિકા પ્રેમમાં ડૂબકી મારવા લાગ્યાં છે. જે શરૂ થઈ, તે એક પ્રકારની ઉત્કંઠા અને તેના માટે મુખ્યત્વે તો અર્ક ગુહનું રૂપ જ જવાબદાર હતું તે માટે નિશ્ચિંત રહેવું જ સારું.

ઘટના એવી પણ નહોતી કે, પહેલાં જાણે કોઈ દિવસ અયંતિકા કોઈ પણ સુપુરુષના સાન્નિધ્યમાં આવ્યાં નહોતાં. તેમના આ વ્યાવસાયિક જીવનમાં જુદી જુદી જગ્યાઓના ટોપરની સંખ્યા બિલકુલ ઓછી નહોતી. તોપણ તેમને તે લોકોના પૌરુષત્વમાં આવી ઉજ્જ્વળતા જડી નહોતી. ફળસ્વરૂપે એ પુરુષોને કોઈ જ મહત્ત્વ મળ્યું નહીં.

આ પ્રથમ વાર્તાલાપના બીજા દિવસે જ ઑફિસે આવીને અયંતિકા એચ.આર.ની ફાઇલ લઈને બેઠાં. નામ - અર્ક ગુહ, સીટી કૉલેજમાંથી એકાઉન્ટન્સીમાં ઑનર્સ સાથે ગ્રૅજ્યુએટ. આ પહેલાં બે કંપનીમાં નોકરી કરી છે, જેનો સમયગાળો માંડ પાંચ વર્ષથી વધુ નથી. ઉંમર ૩૨ વર્ષ, અવિવાહિત.

એ પ્રશ્ન ઉદ્‌ભવી જ શકે કે, અત્યાર સુધી એક કડક વ્યક્તિત્વના ઓઠા પાછળ છુપાઈ રહેલાં અયંતિકા અચાનક આવાં સામાન્ય કેવી રીતે બની ગયાં? એના બે જવાબ છે - પ્રથમ સ્ત્રીચરિત્ર વગેરે વગેરે – અને બીજું, એક જણને આટલો સમય કોઈ ગમ્યું નથી, તેનો અર્થ એ નહીં કે, અણધાર્યું કોઈ ગમી ન શકે. જોકે, આ બાબતે પ્રેમ થવો હજીય ખૂબ દૂરનો વિષય છે. જે શરૂ થઈ હતી, તે હતી - એક પ્રકારની વ્યાકુળતા અને તેમાં એક પ્રકારનું અમોઘ આકર્ષણ રહેલું હતું.

પાંચેક દિવસ પછી બે ક્યૂબિકલની વચ્ચે કૉરિડૉરમાં મેળાપ થઈ ગયો. સેલ્સ મૅનેજર રાશી ચેટર્જીના ડેસ્કની સામે સહેજ નમીને અર્ક તેમની પાસે કામકાજ શીખતો હતો. અયંતિકાએ તેને આડકતરી નજરે માપી લીધો. ફોર્મલ ડ્રેસથી ઢંકાયેલ લગભગ છ ફૂટ લાંબા, ગૌરવર્ણ તે યુવકના દેહસૌષ્ઠવે ફરીથી પણ અયંતિકાનું ધ્યાન ખેંચ્યું.

હળવી વ્યાકુળતા – જતી રહેશે, એવું જ વિચાર્યું હતું, અયંતિકાએ. પરંતુ, ઑફિસમાં કામકાજની વચ્ચે નવરાશના સમયે તેમણે એવું પણ વિચારવાનું શરૂ કર્યું હતું કે, આ કદાચ એક પ્રકારનું આકર્ષણ છે અથવા તો કહી શકાય કે, સુંદર વસ્તુનો ઉપયોગ કરવાની સાહજિક પ્રવૃત્તિ.

આ તો સ્વાભાવિક છે, તેમણે જાતને મનાવી હતી. આ જે બધો જ વખત કામ, કામ ને કામ, તેની વચ્ચે મન ક્યારેક મનગમતો ખોરાક શોધી લે. પરંતુ, સાવધાન, ખૂબ સાવધાન, તેમણે જાતને જ કહ્યું. અયંતિકા બૉસની કોઈ પણ પ્રકારની દુર્બળતાની વાત કોઈને ખબર પડવી જોઈએ નહીં. આ આકર્ષણ તેમની દુર્બળતાનું કારણ ન હોય તોપણ એ જાણે ક્યારેય તેમની અભિવ્યક્તિમાં પ્રગટ ન થવું જોઈએ. તેઓ લિફ્ટમાં એકસાથે નીચે ઊતર્યાં, તે દિવસ સુધીમાં તો અયંતિકાએ ફરીથી મન મનાવી લીધું હતું.

એમનેમ પણ અયંતિકાને ઑફિસથી નીકળતાં થોડું મોડું થાય છે. તેઓ ત્યારે અવાક્ થયાં જ્યારે ખુલ્લી લિફ્ટનો દરવાજો ઓળંગી સાડા આઠ વાગ્યે અર્ક પણ અંદર ઘૂસ્યો.

"ગુડ ઇવનિંગ."

તે દિવસે અયંતિકા પ્રત્યુત્તરમાં સહેજ હસ્યાં હતાં. ચૂપચાપ નીચે ઊતરી આવ્યાં અને લિફ્ટમાંથી નીકળીને ગાડીમાં બેસતાં બેસતાં મનમાં ને મનમાં બબડ્યાં, "ડાર્ક ઑબ્સેશન! પાંચ હજારથી ઓછું નહીં હોય."

પરફ્યુમ, પછી તે પુરુષોનું હોય કે પછી મહિલાઓનું, અયંતિકાને ખૂબ પ્રિય હતું. તેઓ અનેક પરફ્યુમ સુગંધથી ઓળખી પાડતાં, જેમ આ ઓળખી પાડ્યું હતું. 'ડાર્ક ઑબ્સેશન' નામ ઘણી બધી વાર બબડીને અયંતિકા મનમાં ને મનમાં હસી પડ્યાં.

ડિટેક્ટિવ લૉજિકની ફૉર્મ્યુલા ઍપ્લાય કરીને તેઓ અકારણ જ વિચારવા લાગ્યાં હતાં, અર્કના સી.વી.માં તેમણે આગળની જે બે કંપનીઓ જોઈ હતી અને ત્યાં તે જે જે પોસ્ટ પર હતો, તેનાથી લાઇફસ્ટાઇલમાં 'ડાર્ક ઑબ્સેશન' આવી શકે નહીં. તો પછી તે શું ગર્ભશ્રીમંત પરિવારનો છોકરો છે?

ઑફિસના એકધારા કામમાં થોડી થોડી વારે ઝલક બતાવવા જેવી અર્કની આવનજાવન, એ અયંતિકાને થોડી થોડી ગમવા લાગી હતી. બે મહિના પછી સેલ્સનો રિપોર્ટ જોઈને તેમનો આનંદ જે વધ્યો હતો, તે ઘટ્યો નથી. છોકરાનું પર્ફૉર્મન્સ પણ સારું છે.

ક્યારેક ક્યારેક અર્ક તેમની કેબિનમાં ચાલી આવતો. અવશ્ય, કામ માટે. કોઈક વસ્તુ સમજાવીને, કોઈક રિપોર્ટ જોઈને અયંતિકાએ પણ દસેક વાર માત્ર કામકાજની વાતો કરીને અર્કને વિદાય કરેલો. પરંતુ, અગિયારમી વાર અજાણતાં જ તેમના મુખમાંથી નીકળી પડ્યું, "તો પછી, બીજું બધું બરાબર છે ને?" એટલું બોલીને જ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટરે જાતને સંભાળી લીધી હતી. આવી રીતે કોઈ પણ એમ્પ્લૉયીના 'બાકી બીજા સમાચાર' જાણવા તેમના પક્ષે શોભનીય નથી.

પરંતુ અર્કે બીજી વાતની જેમ આ પ્રશ્ન પણ ખૂબ સ્વાભાવિકતાથી જ લીધો હતો, "હા." તેના મોં પર મૃદુ હાસ્ય છવાઈ ગયું. ત્યાર બાદ ફાઇલ લઈને નીકળતી વખતે સહેજ અટકીને, તેણે વળતો પ્રશ્ન કરેલો, "તમે મજામાં છો ને?"

ત્યારે કદાચ દિવસમાં ધીમે ધીમે વસંત બેઠી હતી. જે અયંતિકા કામ સિવાય કદીય કોઈ કર્મચારીના સમાચાર જાણતાં નહીં, તેઓ એક અદ્ભુત જાસૂસીમાં પરોવાયાં હતાં. જેમ કે, ઘણાં અઠવાડિયાં પછી તેઓ સમજી શક્યાં કે, અર્કે પહેરેલાં કપડાં પણ ખૂબ કીમતી છે. તેમની કંપનીમાં અન્ય સેલ્સ એક્ઝિક્યુટિવો આવો પરિવેશ કેટલો એફોર્ડ કરી શકે તે બાબતે પૂરતો સંશય છે.

ટૂંકમાં, છોકરો સ્ટાઇલ સમજે છે. પોતાની જાતને 'કૅરી' કરતાં આવડે છે. ફાલતુ ફૅશનના ચક્કરમાં પડીને નકલી છેલબટાઉ બનીને ફરવાનો પ્રયત્ન કરતો નથી.

સારું, અહીં સુધી બધું જ સારું હતું.

ખાતરીપૂર્વક કહી શકાય કે, ત્યારે જાણે સૂર્ય પશ્ચિમમાંથી ઊગવાનો શરૂ થયો હતો અને કદાચ તેને મહત્ત્વ આપવા માટે જ તે દિવસે અયંતિકાએ ઑફિસ આવતી વખતે કાનમાં બે બુટ્ટી પણ પહેરેલી. તેનાય સાતેક દિવસ પછી બૉર્ડ મિટિંગ હતી અને મૅનેજિંગ ડિરેક્ટરના ગોરા કપાળની વચ્ચોવચ એક નાની રેખા ખેંચાયેલી હતી.

તેનાય પછી, ક્યારેક સેલ્સ ટીમ સાથે કૉન્ફરન્સ. કંપની હજી પણ કયા કયા એરિયામાં પેનિટ્રેટ કરી શકે, તે વિષય પર એ દિવસે અર્કે એક લાંબુંલચક લૅક્ચર જ આપી દીધેલું. કહેવાની જરૂર નથી કે, તેણે ઘણાંયની પ્રશંસા એકઠી કરેલી.

એ બધું સમજાવતી વખતે અર્કનાં બટન ખૂલેલા ટી-શર્ટની વચ્ચેથી દેખાતી લગભગ વાળ વગરની છાતી પર બે એક વાર અયંતિકાની નજર પડેલી. મિટિંગ પત્યા પછી તેમણે અલગથી અર્કને તેમની કેબિનમાં બોલાવીને કહ્યું હતું, "નવા પ્રોજેક્ટની કોઈક મૉડાલિટીની ચર્ચા કરવાની છે. કાલે ઘરે આવજો. વી વિલ હેવ લંચ ઍન્ડ ડિસ્કસ ધ મૅટર."

સ્વાભાવિક ગંભીરતાથી મૂકેલો આ પ્રસ્તાવ, જેથી અર્કને કોઈ પણ ભોગે ખબર ન પડે કે –

અર્કના મનમાં શું થયું હશે-કહી શકાય નહીં. તોય તેણે માથું ઘુમાવીને કહેલું, "સ્યૉર" અને રૂમમાંથી નીકળતાં અયંતિકાના અજાણતાં પોતાની છાતીના બટનને વાસી દીધું હતું. એ લંચ દરમિયાન અર્કે માત્ર પ્રોજેક્ટની વાતો જ કરેલી. કોઈ પણ પ્રકારના વ્યક્તિગત પ્રસંગની નજીક પણ ગયો નહોતો. નિયમાનુસાર કામકાજની વાતો સાંભળીને

તે બપોરે મૅનેજિંગ ડિરેક્ટર થોડાક ક્ષુબ્ધ થયેલા. મનમાં ને મનમાં તેઓ બબડ્યા હતા, "ઇડિયટ".

અયંતિકા તે દિવસે જેવાં તૈયાર થયાં હતાં, સ્વાભાવિકપણે જ તે જોઈને તેમની સાથે માત્ર કામકાજની વાતો એકમાત્ર પાગલ જ કરી શકે. છેવટે એકાદ કૉમ્પ્લિમેન્ટ તો આપે!

તો, અર્કે કૉમ્પ્લિમેન્ટ આપેલું. પણ તે મટન રોગાનજોશનું અને તે સાંભળીને અયંતિકા અસંગત રીતે બોલેલાં, "મેં બનાવ્યો છે."

અર્કના જતાં જ તરત અયંતિકા ગાડી લઈને નીકળી પડેલાં. ઝેર પૂરેપૂરું પ્રસરે નહીં ત્યાં સુધી તેઓ તનિમાને પણ કંઈ જણાવવા ઇચ્છતાં નહોતાં. અત્યારે તેઓ ખૂબ અસ્વસ્થ હતાં. ભવિષ્ય તેમના હાથમાં ન હોય તોપણ વર્તમાનની આ અનુભૂતિ સંપૂર્ણપણે તેમની હતી. એલિયેટ પાર્કની ફૂટપાથની ધારે હાથમાં હાથ નાખીને ચાલતાં યુવક-યુવતીઓને જોઈને ઘણા દિવસ પછી તેમને ખૂબ સારું લાગેલું.

અને તે દિવસે સાંજે જ વાત જાણ્યા પછી તનિમાએ કહ્યું હતું, "ચાળીસે પહોંચીને યાદ આવ્યું?"

તેમણે સખીના લગ્નનો પ્રયત્ન કંઈ ઓછો કર્યો નહોતો. અયંતિકાએ જ એ વાત કોઈ પણ દિવસે કાને જ ધરી નહોતી.

તનિમાએ હસીને કહેલું, "કુમળું મગજ ચાવીને ખાઈ ગઈ? તારા કરતાં તો આઠ વર્ષ નાનો છે ને કંઈ!"

જે હોય તે, તનિમા એ દિવસે જ જાણી શકી કે, અયંતિકા હજી સુધી પ્રોજેક્ટ સિવાયની બીજી કોઈ પણ વાત કરી શકતાં નથી. એટલું જ નહીં, છોકરો ક્યાં રહે છે, ઘરમાં કોણ કોણ છે, એના વિશે કંઈ જ ખબર નથી. એક બાજુ મૅનેજિંગ ડિરેક્ટરનો પ્રભાવ છે, તેઓ પોતાની જાતે આનાથી વધારે પર્સનલ થઈ શકશે નહીં. "રાંધી કરીને ખવડાવ્યું, આટલી બધી વાર ઑફિસમાં બોલાવીને કારણસર-વગર કારણે, કેટલી બધી વાત કરવાનો પ્રયત્ન કર્યો, બીજું શું કરું, કહે જોઈએ." કહીને અયંતિકા થોડાંક ચિડાઈ જ ગયાં હતાં.

તનિમાએ પરિસ્થિતિ સંભાળી, "ઊભી રહે, વિચારું છું."

ઉચ્ચ પરિવારોનો સમાજમાં થોડોક પ્રભાવ હોય છે. તેઓ એમનેમ બહુ નીચા ઊતરી શકે નહીં. તેથી, તનિમા ઘણુંય વિચારવા છતાં એવો કોઈ રસ્તો શોધી શક્યાં નહીં કે જેનાથી નાથ ટેક્સટાઇલ્સના સેલ્સ એક્ઝિક્યુટિવ અર્ક ગુહની વ્યક્તિગત કોઈ વિગતો જાણી શકાય.

છેવટે નક્કી થયું - ડિટેક્ટિવ એજન્સી.

સાંભળીને અયંતિકા ચોંકી ગયાં, "હેં?"

"હા, તેઓ પ્રૉફેશનલ હોય છે અને તેમની પાસેથી કોના વિશેની માહિતી જાણીએ છીએ તે લીક થવાનો ચાન્સ હોતો નથી. ડિસ્ક્રિશન જ એ લોકોની વિશેષતા છે.

ઇન્ટરનેટ પર ફેંદીને તેવા કોઈ હોદ્દાની કોઈ એક એજન્સી શોધી કાઢતાં પણ તનિમાને લગભગ વીસેક દિવસ લાગી ગયા. તે એજન્સીએ ગયા એક મહિનાથી વધુ સમયથી વિગતો એકઠી કરીને આજ બપોરે અર્ક ગુહની બધી વાસ્તવિકતા જણાવી દીધી હતી.

આમ તો, સાધારણ નિમ્ન મધ્યમવર્ગીય પરિવાર છે. લેબુતલા પાર્કમાં એક ત્રણ માળના મકાનમાં નીચેના માળે ભાડે રહે છે. પપ્પા પૅરેલાઇઝડ છે, મમ્મી હોમ-મેકર. એક નાની બહેન છે, જે કૉલેજમાં ભણે છે. અહીં સુધી તો બધું બરાબર છે.

આશ્ચર્ય તેના પછી છુપાયેલું હતું.

એ એજન્સીના લોકો દિવસોના દિવસો સુધી પીછો કરતાં જાણી શક્યા કે, ઘણા બધા દિવસે સંધ્યા સમયે ઑફિસથી પાછા ફરતી વખતે અર્ક ગુહ પોતાને ઘરે ન જતા, વિવિધ પોશ એરિયાનાં કેટલાંક ઘરે આંટા મારે છે અને કલાકેક પછી પાછો ફરે છે. પછી વધુ તપાસ કરતાં ખબર પડી કે, અર્ક જે બધાં ઘર કે ફ્લૅટમાં જાય છે, ત્યારે તે સમયે ઘરની મહિલાઓ સિવાય બીજું કોઈ હાજર હોતું નથી.

એજન્સીના લોકોએ નેટવર્ક હજી પણ વધારીને એય જાણકારી મેળવી કે, ક્યારે ને ક્યાં જવાનું છે, તેની વિગતો અર્કના ફોનમાં આવે છે. કોઈ એક 'ઇચ્છા મુજબનો દોસ્ત મેળવો' માર્કો વાળી સંસ્થા તે બધાં ડેસ્ટિનેશન ને ક્લાયન્ટ પહેલેથી જ નક્કી કરી આપે છે. ક્યારેક ક્યારેક કોઈક રસ્તાના વળાંક પાસે કોઈ ગાડી પણ તેની રાહ જોતી હોય છે. સાંજના અંધારામાં તે ગાડીના કાળા કાચનું આવરણ તોડીને અંદરના કોઈને જોઈ શકાતું નથી.

તનિમાના મોઢે સાંજના સમયે ફોન પર આ બધા સમાચાર સાંભળીને અયંતિકાનાં જડબાં સખત થઈ ગયાં હતાં. ફોન મૂકીને તેઓ વિચારતાં હતાં, તેથી જ ડાર્ક ઑબ્સેશન, તેથી જ શું પોતાના ગેટઅપ પ્રત્યે અર્ક આટલો સજાગ છે?

એ મન બગડી ગયેલી સાંજે અયંતિકા ઑફિસથી નીકળીને સીધાં ચાલી ગયાં હતાં – તનિમાના ફ્લૅટ પર અને પશ્ચિમ દિશાની બારીમાંથી સંધ્યાના આકાશ તરફ જોઈને મનમાં ને મનમાં બબડ્યાં, "મૅન વિલ બી મૅન."

પહેલી નજરે સમગ્ર પુરુષજાતિને એકસરખી ન ગણે તોપણ અયંતિકાને તે ક્ષણે બીજો કોઈ મહાવરો યાદ આવતો નહોતો.

અને તે સાંભળીને તનિમાએ ઠપકો આપ્યો હતો, "બળ્યા મોંની, તેં પોદળામાં પગ મૂક્યો?"

તે સાંજે અયંતિકાએ પોતાના સમગ્ર સ્વપ્નને આંખના પલકારામાં ઊડી જતું જોયું. બીજો એક પેગ વાઇન પૂરો કરીને તેઓ ઊઠી ગયાં. પછી ઘરે પાછા ફરીને, પોતાના રૂમમાં ઘૂસીને, દરવાજો બંધ કરીને લગાતાર રડ્યાં હતાં. ઘણા દિવસો પછી, ઘણા ઘણા દિવસો પછી.

તોપણ સમાજમાં સુપ્રતિષ્ઠિત અયંતિકા બૉસને આટલો બધો ભાવાવેગ પરવડે નહીં કે પછી પરવડે? કદાચ ભાવાવેગને આટલા વખત સુધી અવસર મળ્યો નથી એટલે પરવડે. અયંતિકા આનો જવાબ શોધી શક્યાં નહીં. લગભગ સાડા આઠે તેમણે અર્કને ફોન કરીને કહ્યું, "અત્યારે જ એક વાર મારા ઘરે આવી શકશો?"

"અત્યારે તો-"

"ના" અચાનક અયંતિકા બોલી ઊઠ્યાં અને તે પણ એકદમ ચીસ પાડીને જ. તેમને તનિમાની વાત યાદ આવી ગઈ. ઑફિસથી પાછા ફરતાં જુદા જુદા પોશ એરિયાનાં ઘરે કે ફ્લૅટે - વધારે વિચારવાની તેમને ઇચ્છા થઈ નહીં, "તમે અત્યારે જ આવો, ખાસ કામ છે." અયંતિકાના અવાજમાં હુકમનો સ્વર સ્પષ્ટ થઈ ગયો.

વિચિત્ર આદેશ. અર્ક થોડી વાર થોભ્યો, પછી બોલ્યો, "આવું છું."

અયંતિકા બૉસના વિશાળ ડ્રૉઇંગરૂમમાં આજે માત્ર બે જ ટેબલલૅમ્પ સળગતા હતા. અડધું અજવાળું, અડધું અંધારું-તેવા વાતાવરણમાં બે જણ સામસામે બેઠાં. સામેના ટેબલ પર બે કપ કૉફી મૂકેલી હતી. વાતાવરણ નિસ્તબ્ધ. અયંતિકાએ ફરિયાદ કરવા માટે સાતેક મિનિટનો સમય લીધો. પોતાના ભાવાવેગને શક્ય તેટલો સંયત કરીને કંપનીના નિયમ સમજાવવા લાગ્યાં, "આ ઑર્ગેનાઇઝેશનનું એક સ્ટેટસ છે, અહીં કોઈ પણ ધંધાદારી પુરુષ માટે—વગેરે વગેરે—"

અર્ક એક પણ શબ્દ બોલ્યો નહીં. મોઢું નીચું કરીને સાંભળે ગયો. થોડી વાર પછી કૉફીનો કપ ઊંચકીને એક ઘૂંટડો પીને તે બોલ્યો, "તે દિવસના રોગાનજોશની જેમ આજની કૉફી પણ તમે બનાવેલી છે?"

મૅનેજિંગ ડિરેક્ટર અયંતિકા બૉસ અચંબિત થઈ ગયાં. આ એક 'તમે' સંબોધન સાંભળવા માટે આટલા દિવસોથી લાલાયિત હતાં તો પછી શું તેઓ પકડાઈ ગયાં છે? આ આછાપાતળા અંધકારમાં બેઠાં હોવા છતાં અયંતિકા સમજી શક્યાં કે, સામે બેઠેલા પુરુષની દૃષ્ટિ તેમની ઉપરથી હટતી નથી. જાણે રક્તપેશીઓમાંથી એક પ્રકારનો સ્રોત વહેવા માંડ્યો.

થોડી વાર ચૂપચાપ વીતી. પછી એક સમયે અયંતિકાએ મહોરું હટાવી દીધું. અસ્ફુટ સવારે બોલી ઊઠ્યાં, "કેમ, અર્ક, કેમ?"

અર્ક ગુહ ત્યારે જ જવાબ આપ્યો નહીં. ધીમે ધીમે કૉફી પૂરી કરી. પછી બોલવાનું શરૂ કર્યું, "ત્યારે પહેલાંની ઑફિસ માત્ર જૉઇન જ કરી હતી. એક સાંજે પાછા ફરીને જોયું કે, ઘરમાં રડારોળ હતી. પપ્પા ઑફિસથી પાછા ફરીને થોડી વારથી ગુમસૂમ થઈને બેઠા હતા, પછી પથારીમાં સૂઈ ગયા. વાત કરતા નહોતા. મા રડે જતી હતી. બહેન ડૉક્ટરને બોલાવવા દોડી ગઈ હતી.

ડૉક્ટર આવ્યા. કહ્યું, "મૅસિવ સ્ટ્રોક, સમય ખૂબ ઓછો છે, આ જ ક્ષણે નર્સિંગહોમમાં લઈ જવા પડશે."

લઈ ગયા. એ વખતે પપ્પા બચી ગયા. પરંતુ, હું ફસાઈ ગયો. સત્યાવીસ દિવસ રાખ્યા પછી તેમણે જ્યારે ડિસ્ચાર્જનું કહ્યું, ત્યારે જોયું તો સાડા આઠ લાખ રૂપિયાનું બિલ થયું હતું.

"ક્યાંથી લાવું તે રૂપિયા? કોણ આપે? નીચલા મધ્યમવર્ગીય પરિવારની ઍસેટ તોડી નાખીએ તો શું થાય, તેની તમને કેટલી ખબર છે?" અર્ક થોડુંક અટક્યો. ડ્રૉઇંગરૂમની નિસ્તબ્ધતા સામે બેઠેલાં અયંતિકાને ગ્રહણની જેમ ગ્રસતી હતી. અર્કે બોલવાનું શરૂ કર્યું,

"તે સમયે મારી પાસે પૈસા મેળવવાનો બીજો કોઈ રસ્તો હતો જ નહીં. તેથી મેં તે સમયે જે કર્યું," ફરી એક વાર અર્ક અટક્યો, પછી સ્પષ્ટતાથી બોલ્યો, "તેના માટે હું રતીભર લજ્જિત નથી."

તે અજવાળા અંધારાવાળા ડ્રૉઇંગરૂમમાં સમય વીતતો ગયો. એક સમયે વાત કરતાં કરતાં અર્ક ઊઠીને બારી પાસે સરકી આવ્યો. અયંતિકા તેની પાછળ આવીને ઊભાં રહ્યાં. પછી અસંગતપણે પૂછ્યું, "હજી કેટલા રૂપિયા ચૂકવવાના બાકી છે?"

અર્ક અયંતિકા તરફ ફરીને ઊભો રહ્યો. પછી તેમને લગભગ આશ્ચર્યચકિત કરી દઈને એકીઝાટકે પાસે ખેંચી લીધાં. તેના શ્વાસોચ્છ્વાસ ભારે થઈ ગયા હતા. અયંતિકાએ જાતને છોડાવવાની ઇચ્છા કરી નહીં. ફરી પૂછ્યું, "કેટલા રૂપિયા?"

અર્ક અયંતિકાના કાન પાસે પોતાના હોઠ લઈ આવ્યો. પછી અસંગતપણે બોલ્યો, "જાણીને શું કરશો? ઋણ ચૂકવશો?"

કલાકેક પછી જ્યારે મૅનેજિંગ ડિરેક્ટરના ઘરમાંથી અર્ક બહાર નીકળ્યો, ત્યારે પણ અયંતિકા બેડરૂમમાં અવ્યવસ્થિત હતાં. છાતી પાસે ચાદર દબાવીને તેઓ માત્ર બોલ્યાં, "ઘરે પહોંચીને એક મૅસેજ કરી દેજો, પ્લીઝ."

એક અદ્ભુત અનુભૂતિને દૂર હટાવીને, વ્હિસ્કીના બે પેગ મારીને ઘણી રાત વીત્યા પછી અર્ક ઘરે પાછો ફર્યો. પગનો અવાજ ન થાય તેમ ધીરે ધીરે પપ્પાના રૂમમાં જઈને પથારી પાસે ગયો. પ્રૌઢ માણસ ઘસઘસાટ ઊંઘતા હતા. લકવાગ્રસ્ત, અવાચક.

અર્ક પલંગ પાસે ઊભો રહ્યો. પછી પપ્પાનો હાથ ધીમેથી પોતાના બે હાથમાં લઈને ચૂપચાપ બેસી રહ્યો. અર્કના મોં પર થાક અને સંતોષની મિશ્ર અભિવ્યક્તિ ડોકાતી હતી. આટલાં વર્ષોથી તે આવી જ એક સાંજની અપેક્ષામાં તો હતો.

અર્કે આજે સાંજે અયંતિકાને તેનો સમગ્ર ભૂતકાળ જણાવ્યો હતો. માત્ર એક વાત ગુપચાવી દીધી હતી. તેના પપ્પા, આશિષ ગુહ, કોઈ એક ઑફિસમાં, કોઈ ઉચ્ચ પદાધિકારી કર્મચારીના હાથે અપમાનિત થઈ થઈને છેવટે નોકરી છોડી દઈને પછી જાતને સંભાળી શક્યા નહોતા. માત્ર એ જ વાત અર્કે જણાવી નહીં.

તે જ ક્ષણે અર્કના મોબાઇલમાં એક મૅસેજ પૉપ-અપ થયો, "પહોંચી ગયા?"

વિજયી પ્રેમીના મોં પર તરત જ એક પાશવી હાસ્ય રમી ગયું. અસ્ફુટ સ્વરે અર્ક ગુહ બબડ્યો, "પહોંચી ગયો."

■

પ્રતિજ્ઞાના અર્થ વિષે કેટલુંક કહેવું જરૂરનું છે. મારી પ્રતિજ્ઞા એ માતાની સમક્ષ કરેલો એક કરાર હતો. દુનિયામાં ઘણા ઝઘડા કેવળ કરારના અર્થથી ઉત્પન્ન થાય છે. ગમે તેટલી સ્પષ્ટ ભાષામાં કરારનામું લખો તોપણ ભાષાશાસ્ત્રી કાગનો વાઘ કરી આપશે. આમાં સભ્યાસભ્યનો ભેદ નથી રહેતો. સ્વાર્થ સહુને આંધળાભીંત કરી મૂકે છે. રાજથી માંડીને રંક કરારોના પોતાને ઠીક લાગે તેવા અર્થ કરીને દુનિયાને, પોતાને અનુકૂળ આવે એવા અર્થ પક્ષકારો કરે છે તેને ન્યાયશાસ્ત્ર દ્વિઅર્થી મધ્યમ પદ કહે છે. સુવર્ણન્યાય તો એ છે કે, જ્યાં બે અર્થ સંભવિત છે, હોય ત્યાં નબળો પક્ષ જે અર્થ કરે તે ખરો માનવો જોઈએ.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# વલોપાત

મૂળ લેખક : એન્ટોન ચેખોવ | અનુવાદ : નીતા શૈલેશ

વરસોથી ગાલચિન્સ્કોય પરગણામાં ગ્રિગોરી પેટ્રોવ એક ઉમદા કારીગર તરીકે પંકાયેલો હતો. આટલો સારો ટર્નર હોવાની સાથોસાથ એ સાવ ગમાર ખેડૂત તરીકેય જાણીતો હતો. અત્યારે એ એની વૃદ્ધ પત્નીને હૉસ્પિટલ લઈ જતો હતો. રસ્તા બહુ જ ખરાબ હતા અને એણે ઘોડાગાડી ચલાવીને લગભગ વીસ માઈલનું અંતર કાપવાનું હતું. સરકારી ટપાલખાતાનો કોઈ નિપુણ કોચવાન હોત તો એનેય ચોક્કસ મુશ્કેલી પડી હોત, જ્યારે આ તો આપણો સાવ એદી ગ્રિગોરી હતો. એના મોં પર હિમ જેવો પવન ફૂંકાઈ રહ્યો'તો. બરફની હળવીફૂલ પતરીઓ ઘૂમરીઓ ખાઈને ચોમેર વરસતી હતી. કાતિલ પવનને કારણે આ બરફ ઉપર આકાશમાંથી નીચે જમીન પર પડતો'તો કે નીચે જમીન પરથી ઉપર તરફ જતો'તો એ કહેવું મુશ્કેલ હતું. આ બરફના કારણે એટલું ધુમ્મસ છવાયેલું હતું કે આસપાસનાં મેદાનો, તારના થાંભલા કે જંગલો, કંઈ જ દેખાતું નહોતું. ખાસ કરીને જ્યારે ગ્રિગોરીના મોઢા પર જોરથી સુસવાટા મારતા પવનનો સપાટો લાગતો ત્યારે તો એને એના ઘોડાની ડોક પરની ધૂંસરીય નહોતી દેખાતી. આમેય એ ઘરડું, મરિયલ ટટ્ટુ માંડ માંડ ધીમે ધીમે આગળ ઢસડાતું હોય એમ જ ચાલતું'તું. એના પગ બરફમાં ખૂંપી જતા'તા. પણ આપણો આ ટર્નર તો ખૂબ ઉતાવળમાં હતો. એ આગળની બેઠક પર કૂદકા મારતો મારતો ઘોડાને ચાબુક માર્યા કરતો'તો.

એ બબડ્યો, 'રડ નહીં, મેટ્રિયોના... થોડી ધીરજ રાખ. હે ભગવાન... જો આપણે હૉસ્પિટલ પહોંચી જઈએ તો થોડી જ વારમાં તને સારું થઈ જશે. પાવેલ ઇવાનિચ તને અમુક ટીપાં પાશે, અથવા તો તારું અમુક ખરાબ થઈ ગયેલું લોહી કાઢી નાંખશે; અથવા તો ડૉક્ટરસાહેબ તને અમુક નશીલાં પીણાં શરીરે ચોપડશે – અને તારા શરીરમાંથી બધી જ ખરાબી નીકળી જશે. પાવેલ ઇવાનિચ એનાથી બનતું બધું જ કરી છૂટશે... એ બહુ સારો માણસ છે, ખૂબ ભલો પણ છે, પ્રભુ એને સાજોનરવો રાખે! જેવા આપણે ત્યાં પહોંચીશું કે એ મને જોઈને તરત જ એના રૂમમાંથી બહાર દોડી આવશે, મને પૂછશે, 'કેમ આવવું થયું?' અને પછી બૂમો પાડીને કહેશે, 'તમે લોકો કેમ સમયસર ન આવ્યા? મારે તમારા જેવા લોકો માટે આખો દિવસ રાહ જોઈને બેસી રહેવાનું? સવારે કેમ ન આવી ગયા? નીકળો અહીંથી! મને નજરે પણ ન ચડતા. આવતી કાલે પાછા આવજો.' અને હું એને કહીશ, 'ડૉક્ટરસાહેબ! પાવેલ ઇવાનિચ! મહેરબાન...'

મૂઆ રાક્ષસ, કાળ તારો કોળિયો કરે...''મૂઆ નખ્ખોદિયા...' ઘોડાને ગાળો આપતાં આપતાં એ ચાબુક વીંઝતો જ રહ્યો, અને પોતાની ઘરડી પત્ની સામે જોયા વગર સ્વગત

બબડતો રહ્યો : 'સાહેબ! હું ભગવાનના સોગંદ ખાઈને કહું છું કે અમે તો અજવાળું થાય એ પહેલાંના નીકળી ગયા'તા, નહીંતર અમે અહીં પહોંચી જ કેવી રીતે શકીએ? અને જો ભગવાને આ બરફનું તોફાન ન મોકલ્યું હોત તો... આ મુસાફરીમાં તો કોઈ જાતવાન ઘોડો હોત તોય હાંફી જાત અને મારા આ મરિયલ ટટ્ટુ તરફ નજર તો નાંખો...' અને પાવેલ ઈવાનિચ ખિજાઈને બરાડો પાડશે : અમે તને બરાબર ઓળખીએ છીએ, તું ગમે ત્યાંથી બહાનાં શોધી કાઢશે! ખાસ કરીને ગ્રિશકા, બુઢ્ઢા, તને હું બરાબર ઓળખું છું. હું શરત મારીને કહી શકું છું કે રસ્તામાં તું અડધો ડઝન પીઠાં પર રોકાયો હશે! અને હું એને કહીશ, 'સાહેબ, તમે મને જંગલી, બુદ્ધુ સમજો છો? મારી ઘરડી પત્ની મરવા પડી છે, એનો આત્મા પ્રભુમાં ભળી જવાની તૈયારીમાં છે અને એવા સમયે હું કંઈ પીઠે પીઠે ભટકવા જાઉં! તમે મારા માટે કેવું વિચારો છો? નખ્ખોદ જાય એ બધાં પીઠાંનું!'

પછી પાવેલ ઈવાનિચ તને હૉસ્પિટલમાં લઈ જવાનો હુકમ આપશે અને હું એના પગમાં આળોટી પડીશ... 'પાવેલ ઈવાનિચ, અમે તમારા ખૂબ આભારી છીએ! અમ મૂરખ, પામર જીવોને માફ કરી અમારા પર દયા કરો! અમે તો તમારી લાત ખાવાને જ લાયક છીએ – (આપશ્રી તો બહાર બરફમાં મસ્તી કરવા પૂરતા જ ચાલતા હો ને!) – અને પછી જાણે પાવેલ ઈવાનિચને મને મારવાની ઇચ્છા થઈ હોય એવી રીતે એ મારી સામે જોશે, અને મને કહેશેઃ 'તું તારે વૉડકા ઢીંચ્યે રાખ, મૂરખ, મારા પગમાં આળોટવા કરતાં તારી આ વૃદ્ધ પત્નીની દયા ખા. ખરેખર, તને તો મારવો જ જોઈએ.'

'તમે સાચા છો, પ્રભુ, મને મારો, ફટકારો! પણ તમે જ અમારા ઉદ્ધારક છો, અમે તો તમારા ચરણોની ધૂળ છીએ, બાપજી! પણ હું ભગવાનને માથે રાખીને તમને વચન આપું છું... જો હું તમને છેતરું તો તમે મારા મોઢા પર થૂંકજો, બસ! જેવી મારી મેટ્રિયોના સાજી થઈને પહેલાં જેવી થઈ જાય કે તરત જ તમારે મારી પાસે જે બનાવડાવવું હોય એ હું તમને તરત જ બનાવી આપીશ! તમને બર્ચના લાકડામાંથી સરસ મજાની સિગારેટ મૂકવાની ડબ્બી બનાવી આપીશ... કે પછી એકદમ વિદેશી ડિઝાઈનના ક્રોકેટ રમવાના બૉલ બનાવી દઈશ! અને એના માટે તમારી પાસેથી એક ફદિયું પણ નહીં લઉં. જો તમે મૉસ્કોમાં આવી સિગારેટ મૂકવાની ડબ્બી બનાવડાવવા જાવ ને તો એના સહેજે ચાર રૂબલ માંગે, પણ હું તમારી પાસે એના માટે એક રાતી પાઈ પણ નહીં લઉં.'

અને ડૉક્ટરસાહેબ હસી પડશે અને કહેશે : 'ભલે, ભલે... ચાલ હવે! પણ તું દારૂડિયો તો છે જ...!'

પણ મને ખબર છે કે આ બુઢ્ઢીને મારે કેવી રીતે સાચવવી. બસ ભગવાન, એટલી દયા કરજે કે અમે આ મુખ્ય રસ્તા પરથી નીચે ન ઊતરી પડીએ. 'જુઓને, આ બરફ કેવો ફૂંકાય છે – આંખમાં એની કણીઓ પેસી જાય છે.'

અને ટર્નરનો બબડાટ અવિરત ચાલતો જ રહ્યો, કારણ કે એનાથી એને થોડી વાર માટે એની ઉદાસીમાં રાહત મળતી'તી. એની જીભે તો ઘણા શબ્દો આવતા'તા પણ એથીય વધુ વિચારો અને પ્રશ્નો એના મગજમાં ઘૂમરાતા'તા. આપણો આ ટર્નર અભાનપણે બેમતલબ વલોપાત કર્યા કરતો'તો, અને એ બંધ નહોતો થતો. અત્યાર સુધી એને એકદમ શાંતિ હતી, જાણે કે નશાની હાલતમાં એ અડધોપડધો જ જાગૃત હતો, એને કોઈ સુખ કે

દુઃખનો અનુભવ થતો નહોતો, અને હવે એકાએક એનું મન ચિંતા અને ઉતાવળથી ઘેરાઈ ગયું'તું, અને જાણે એ કુદરતની સામે જંગ લડી રહ્યો'તો.

ટર્નરને યાદ આવ્યું કે એની આ બધી તકલીફો આગલી સાંજથી શરૂ થઈ હતી. કાલે સાંજે એ જ્યારે હંમેશની જેમ દારૂ પીધેલી હાલતમાં ઘરે આવ્યો અને એની હંમેશની ટેવ પ્રમાણે મુઠ્ઠીઓ ઉછાળી-ઉછાળીને ગાળાગાળ કરવા લાગ્યો'તો ત્યારે એની વૃદ્ધ પત્નીએ પહેલાં ક્યારેય ન જોયું હોય એવી રીતે એની સામે જોયું'તું. સામાન્ય રીતે એ વૃદ્ધ સ્ત્રીની આંખો હંમેશાં ભૂખ્યા રહેતા અને વારંવાર માર પડ્યા કરતો હોય એવા કૂતરાની આંખો જેવી દેખાતી. જ્યારે આજે એણે કોઈ પવિત્ર ચિત્રકૃતિમાંના સાધુ અથવા તો કોઈ મરણોન્મુખ વ્યક્તિ જુએ એવી નજરે એની સામે જોયું. એની એ વિચિત્ર નજરથી જ આ આખી મોંકાણ ચાલુ થઈ'તી. ટર્નર આશ્ચર્યચકિત થઈ ગયો અને એણે એના પાડોશી પાસેથી ઘોડો ઉછીનો લીધો અને હવે એ આ વૃદ્ધ સ્ત્રીને હૉસ્પિટલમાં લઈ જઈ રહ્યો'તો. એને આશા હતી કે પાવેલ ઇવાનિચ કોઈ ચૂરણ કે ઓસડિયાથી આ વૃદ્ધ સ્ત્રીના મોઢા પર પહેલાંના જેવા જ હાવભાવો પાછા લાવી દેશે.

ટર્નર બબડ્યો, 'મેટ્રિયોના, જો, હું કહું છું... જો પાવેલ ઇવાનિચ તને પૂછે કે શું હું તને કોઈ દિવસ મારું છું, તો તું એને કહેજે, 'ક્યારેય નહીં!' અને હવે હું તને સાચે જ ક્યારેય નહીં મારું, બસ. હું સોગંદ લઉં છું. અને આમેય મેં ક્યારેય તને દાઝ રાખીને માર્યું છે? હું તો બસ વગર વિચાર્યે જ તને મારું છું. પછી મને તો તારી દયા આવે છે, જ્યારે અમુક પુરુષો તો પાછળથી જરાય દરકાર પણ ન કરે. પણ જો, હું તો તને લઈ પણ જાઉં છું, મારાથી બનતું બધું જ કરું છું. અને જો તો ખરી, આ કેવો બરફ પડે છે! ભગવાનને પ્રાર્થના કર કે આપણે આ કેડી પરથી ઊતરી ના પડીએ... મેટ્રિયોના, શું તને પડખામાં એટલું બધું દુખે છે કે તું કંઈ બોલતી જ નથી? હું તને પૂછું છું, તને પડખામાં દુખે છે?

એને નવાઈ લાગી કે એની વૃદ્ધ પત્નીના મોઢા પર પડેલો બરફ કેમ પીગળતો નહોતો! એનો ચહેરો તરડાયેલો લાગતો હતો અને સાવ ફિક્કો પડી ગયો હોય એવું પણ લાગતું'તું, જાણે એના ચહેરા પર વિચિત્ર ભાવો લીંપાઈ ગયા'તા.

ટર્નર ફરીથી બબડ્યો, 'તું મૂરખ છે! હું ઈશ્વરની સાક્ષીએ કહું છું... અને તું જાય અને... ખરેખર તું મૂરખ છે! મને એમ થાય છે કે મારે તને પાવેલ ઇવાનિચ પાસે લઈ જ ન જવી જોઈએ!'

ટર્નરે ઘોડાની લગામ છોડી દીધી અને એ વિચારવા લાગ્યો. એ એની વૃદ્ધ પત્ની સામે જોઈ પણ નહોતો શકતોઃ એને ડર લાગતો'તો. હવે એને પેલીને કોઈ સવાલ પૂછતાં પણ ડર લાગતો'તો, કદાચ હવે એ જવાબ ન આપે તો! છેવટે એણે કંઈક નક્કી કરવા માટે એની વૃદ્ધ પત્નીનો હાથ પોતાના હાથમાં લીધો. એ હાથ એને લાકડા જેવો લાગ્યો.

'અરે, આ તો મરી ગઈ ન હોય!'

અને ટર્નર રડી પડ્યો. એને દુઃખ થવા કરતાંય વધારે તો ચીડ ચડતી'તી. એણે વિચાર્યું કે આ દુનિયામાં બધું કેટલું ઝડપથી પસાર થઈ જાય છે! આમ જુઓ તો હજી તો એની મુસીબત શરૂ જ થઈ'તી, ત્યાં તો એનો આવો કરુણ અંજામ આવી ગયો.

હજી તો એને એની વૃદ્ધ પત્ની સાથે જીવવાનો પૂરતો સમય પણ મળ્યો નહોતો. એમણે સાથે પસાર કરેલા ચાળીસ વર્ષનો ગાળો સાવ ધૂંધળો બની ગયો'તો. દારૂ, ઝઘડા અને ગરીબીના કારણે જીવનમાં અન્ય કોઈ લાગણી જ બચી નહોતી, અને જાણે આ બધાનો બદલો લેવા માંગતી હોય એમ એની વૃદ્ધ પત્ની એવા વખતે મરી ગઈ કે જ્યારે એને ખરેખર એના માટે હમદર્દી થવા માંડી હતી, એને લાગવા માંડ્યું હતું કે હવે એ એના વગર જીવી નહીં શકે અને એણે એની સાથે આખી જિંદગી બહુ જ ખરાબ વર્તન કર્યું'તું.

એને એય યાદ આવ્યું, 'હું એને ભીખનો રોટલો માંગવા માટે ગામમાં ઘેર ઘેર ભટકવા મોકલતો, એ કેટલું ખરાબ કહેવાય! એ ચોક્કસ હજી બીજાં દસ વર્ષ જીવી હોત, એને લાગ્યું હશે કે હું કેટલો ખરાબ માણસ છું. ઓ મા! પણ હવે હું ક્યાં જઈ રહ્યો છું? હવે કોઈ ડૉક્ટરની જરૂર નથી રહી, હવે તો દફનવિધિની તૈયારી કરવી પડશે. મારે હવે પાછા ફરી જવું જોઈએ!'

ગ્રિગોરી પાછો વળ્યો અને એણે સંપૂર્ણ તાકાતથી ઘોડાને ચાબુક મારી. જેમ જેમ સમય જતો ગયો, તેમ તેમ રસ્તાની હાલત વધુ ને વધુ બગડતી ગઈ. હવે તો એને એના ઘોડાની ધૂંસરીય નહોતી દેખાતી. એની ગાડી ઘડીએ ઘડીએ ફરનાં નાનકડાં વૃક્ષોમાં અથડાયા કરતી'તી. કોઈક ઘેરા રંગની વસ્તુથી ટર્નરના હાથમાં ઘસરકો થયો અને એની આંખો સામે કંઈક ચમકારો થયો, એને બધું સફેદ સફેદ દેખાવા લાગ્યું અને એકાએક બધું ગોળ ગોળ ફરતું હોય એવું લાગ્યું.

એણે વિચાર્યું, 'હવે ફરી પાછું જીવવાનું?' એને ચાળીસ વર્ષ પહેલાંની વાત યાદ આવી. એ વખતે મેટ્રિયોના જુવાન અને રૂપાળી હતી, એ બહુ પ્રફુલ્લિત પણ રહેતી. એ સારા ઘરની હતી. એના કુટુંબીઓએ આ ટર્નરના કસબના કારણે જ એમની દીકરીને આની સાથે પરણાવી હતી. સુખી જીવન જીવવા માટેની બધી જ ચીજો હાજર હતી. પણ તકલીફ એ જ હતી કે લગ્ન પછી દારૂ પીને એ જે પડ્યો, એમાંથી હજી બહાર આવી શક્યો નહોતો. એને એનાં લગ્ન તો યાદ હતાં પણ ત્યાર પછી શું થયું એ કંઈ જ એને યાદ આવતું નહોતું. હા, એટલું યાદ આવતું હતું કે એ દારૂ પીને પછી ભઠ્ઠી પર પડતો અને ઝઘડા કર્યા કરતો. આમ ને આમ જ ચાળીસ વર્ષ પસાર થઈ ગયાં'તાં.

બરફનાં સફેદ વાદળાં હવે ધીમે ધીમે ભૂખરાં થવા લાગ્યાં હતાં. સંધ્યાટાણું થવા જઈ રહ્યું'તું.

ટર્નરે પાછો બબડાટ શરૂ કર્યો, 'હું ક્યાં જઈ રહ્યો છું? મારે હવે દફનવિધિ વિશે વિચારવું જોઈએ, અને હું તો હજીય હૉસ્પિટલ તરફ જ જઈ રહ્યો છું... મને લાગે છે કે મારું ચસકી ગયું છે!'

ગ્રિગોરી પાછો ફરી ગયો અને એણે ઘોડાને ચાબુક મારી. બિચારું ટાયડું જોર કરવા તો ગયું, પણ એને મોંએ ફીણ વળી ગયાં અને એ ખદડુકી ચાલે ચાલવા લાગ્યું. ટર્નર એને ચાબુક પર ચાબુક ફટકારવા લાગ્યો. પાછળ કંઈક અથડાવાનો અવાજ આવ્યો, એણે પાછળ ફરીને જોયું નહીં, પણ એને ખબર હતી કે પેલી મૃત સ્ત્રીનું માથું ગાડીમાં ભટકાઈ રહ્યું'તું. વધારે ને વધારે બરફ પડી રહ્યો'તો અને ઠંડા પવનના સુસવાટા પણ વાઈ રહ્યા'તા.

ટર્નરે વિચાર્યું, 'ફરી પાછા જીવવા માટે મારે એક નવું લેથ મશીન લેવું જોઈએ, પછી નવા ઑર્ડરો પણ લેવા જોઈશે... અને મારે મારી વૃદ્ધ પત્નીને પૈસા પણ આપવા જોઈએ...'

અને પછી એના હાથમાંથી ચાબુક છૂટી ગઈ. એણે ચાબુક ફરી પાછી પકડી લેવાનો પ્રયત્ન કર્યો, પણ એ એમ ન કરી શક્યો... એના હાથ કામ નહોતા કરતા...

એણે વિચાર્યું, 'વાંધો નહીં... ઘોડાને રસ્તો ખબર છે, એ એની જાતે પહોંચાડી દેશે. હવે હું થોડી વાર માટે સૂઈ જાઉં... દફનવિધિ અને અન્ય રીતરસમો ચાલુ થાય એ પહેલાં હું થોડો આરામ કરી લઉં તો સારું...'

અને ટર્નરે આંખો મીંચી દીધી અને એને ઝોકાં આવવા માંડ્યાં. થોડી વાર પછી એને સંભળાયું કે ઘોડો અટકી ગયો'તો; એણે આંખો ખોલીને જોયું તો સામે એક ઝૂંપડી કે ઘાસના ભારા જેવું કંઈક હતું...

ગાડીની બહાર આવ્યો હોત તો એ પારખી શક્યો હોત કે સામે શું હતું, પણ એનું આખું શરીર એટલું જકડાઈ ગયેલું કે એને લાગ્યું કે હલનચલન કરવા કરતાં તો પડી રહેવું જ વધારે સારું અને એ શાંત નિદ્રામાં સરી પડ્યો.

એ જ્યારે ઊઠ્યો ત્યારે એ એક રંગેલી દીવાલોવાળા ઓરડામાં હતો. બારીમાંથી સૂર્યપ્રકાશ અંદર આવી રહ્યો'તો. ટર્નરે જોયું કે લોકો એની સામે ઊભા હતા અને એને થયું કે એ જાતે હવે આ લોકોને બધું કેવી રીતે કરવું જોઈએ એની સૂચના આપશે. એણે કહ્યું, 'ભાઈઓ, મારી પત્નીની અંતિમક્રિયા માટે... પાદરીને કહેવું જોઈએ કે...

એક અવાજે એને બોલતો અટકાવ્યો, 'ઠીક છે, ઠીક છે, પડી રહે...'

ટર્નરે આશ્ચર્યચકિત થઈને બૂમ પાડી, 'પાવેલ ઇવાનિચ! સાહેબ, તમે ઉદ્ધારક છો!'

એણે કૂદકો મારીને ઊભા થઈ જઈને ડૉક્ટર સામે ઘૂંટણિયે પડી જવું'તું, પણ એને લાગ્યું કે જાણે એના હાથ-પગ એના કહ્યામાં નહોતા.

'સાહેબ... મારા બંને પગ... બંને હાથ ક્યાં છે?'

'તારા બંને હાથ અને પગને હવે હંમેશ માટે અલવિદા કહી દે... એ ઠંડીમાં હિમડંખને કારણે ઠૂંઠવાઈ ગયા'તા. તું શા માટે રડે છે? તારી જિંદગી તો પૂરી થવા આવી, એના માટે ઈશ્વરનો આભાર માન! મને લાગે છે કે તને સાઠ વર્ષ મળ્યાં – એ તારા માટે પૂરતાં છે!'

'હું સોગમાં છું... મને માફ કરો! મને જો વધારાનાં માત્ર બીજાં પાંચ છ વર્ષ મળે તો...'

'શાને માટે?'

'આ ઘોડો પણ મારો નથી, મારે એ પાછો આપવાનો છે... મારે મારી વૃદ્ધ પત્નીને દફનાવવાની છે... આ દુનિયા કેટલી બધી ઝડપથી પસાર થઈ ગઈ! સાહેબ, પાવેલ ઇવાનિચ! ઉત્તમ કક્ષાના બર્ચના લાકડાની સિગારેટ મૂકવાની ડબ્બી! હું તમને ક્રોકેટના બૉલ બનાવી આપીશ...'

ડૉક્ટર હાથ હલાવીને વૉર્ડની બહાર જતા રહ્યા. ટર્નરનું બધું જ લૂંટાઈ ચૂક્યું હતું.

■

# આ તે પાનખર કે વસંત ? !

યોગેશ જોષી

થાય, આ તે પાનખર કે વસંત ? ! મેપલના વને વને, વૃક્ષે વૃક્ષે, પાને પાને ફૂટ્યા છે રંગો, ફૂલોની જેમ ! રા. ના. પી. લી. વા. ની. જા.... એકેય રંગ બાકી નહિ ! લાલ, પીળો ને વાદળી – મૂળ રંગોના મિશ્રણથી થતા બનતાય બધા રંગો... કોઈ રંગ બાકી નહિ ! એ રંગ જોતાં જ જાણે જીભ પર મેપલ-સિરપનો મધ-શો સ્વાદ ઊભરાય... ને આંખો તો રંગોને પીધા કરે, પીધા જ કરે, ઘટક ઘટક ! મેઘધનુષને જેમ સોળે કળાએ રંગો પ્રગટાવવા તડકો જોઈએ એમ મેપલના રંગોના બધા જ શેડ, બધી જ ઝાંય માણવાની મજાય તડકામાં. રંગો તો મેઘધનુષનાં, લય તો વહેતી નદીઓનો, સૂર તો ક્હાનાની વાંસળીનો, સાદ તો મેઘનો, ઘુઘવાટ તો સાગરનો, ધ્વનિ તો કાવ્યનો; – એમ પાનખર તો મેપલની.

– આવું બધું ફૂટવા લાગ્યું છે મેપલનાં પાંદડાંના રંગોની જેમ ! ગઈ કાલે જ જઈ આવ્યા Fall Colours જોવા, ઓન્ટારિઓની Conservation Valleyમાં. મેપલ વૃક્ષ કૅનેડા તથા ઉત્તર અમેરિકામાં ખૂબ જોવા મળે છે. કૅનેડાનું રાષ્ટ્રીય પ્રતીક પણ મેપલ છે. એનું પાન કૅનેડાના ધ્વજ ઉપર જોવા મળે છે. એના મોટા પાનનો પાંચ-સાત ખૂણાવાળો વિશિષ્ટ આકાર છે. મેપલ વૃક્ષની ઊંચાઈ ત્રીસથી પિસ્તાળીસ મીટર સુધીની હોય છે અને આયુષ્ય સોથી બસો વર્ષનું હોય છે. મેપલની ઘણી જાતો છે, એમાંથી શુગર મેપલ મધુર સિરપ આપે છે. પાનખરમાં ખરતાં પહેલાં એનાં પાંદડાંઓ સુકાતાં જાય તેમ તેમ એનો રંગ બદલાતો જાય છે. પાનખરમાં અનેક પ્રવાસીઓ Fall Colours - Autumn Foliage જોવા આવે છે.

આપણા ભારતીય મનમાં પાનખર કહેતાં જ ખર ખર ખર્ ખર્ ખરી જતાં સૂકાં-પીળાં પાંદડાં દેખાય ને વિરહનો, વિદાયનો, ઉદાસીનો ભાવ જાગે. વિરહબોધ ઘૂંટાય. ગીતાના સંસ્કાર આશ્વાસન જગવે – આત્મા જેમ વસ્ત્રો બદલે તેમ પાનખર એય જાણે પાનરૂપી વસ્ત્રો બદલવાની ઋતુ ! બધાં જ પાન ખેરવી, બધી જ મોહ-માયા ખંખેરીને ઊભાં હોય ઝાડ – નિર્વસ્ત્ર તપસ્વી જેવાં ! પાન ખરવા અને પછી નવાં પાન ફૂટવા વચ્ચેનો સમયગાળો વૃક્ષે વૃક્ષે અલગ. બદામડી જેવાં વૃક્ષોને વધારે સમય દિગંબર રહેવું ગમતું નહિ હોય તે સૂકાં, રાતાં-જાંબલી મોટાં મોટાં બધાંય પાન ખરે એ પછી ચાર-પાંચ દિવસમાં તો નવાં, નાનાં નાનાં, કૂણાં કૂણાં પાન ડાળે ડાળે લીલુંછમ સ્મિત ફરકાવતાં હોય શિયાળાના સોનેરી, હૂંફાળા તડકામાં. તો કેટલાંક વૃક્ષો એવાં શરમાળ કે કદી દિગંબર થાય જ નહિ !

જેમ જેમ ડાળ ડાળ પરથી પાન ખરતાં જાય તેમ તેમ, સાથે ને સાથે નવાં પાન ફૂટતાં જાય! ખરવા અને ખીલવા વચ્ચે જાણે કોઈ ભેદ જ નહિ! કેસૂડાં-શીમળા જેવાં વૃક્ષો પર વસંતમાં એકેય પાંદડું ન હોય, પણ ડાળે ડાળે ફૂટ્યાં હોય કેસરી-રાતાં પુષ્પો! પુષ્પો જ પુષ્પો! એમ મેપલનાં પાનેપાન ફેરવાઈ જાય પાનખરમાં રંગ-પુષ્પોમાં!

આપણી પાનખર આપણને વિરહબોધ કરાવે. જ્યારે મેપલની પાનખરનો રંગવૈભવ આપણને રંગબોધ, સૌંદર્યબોધ કરાવે. જોનારના ચિત્તમાંય રંગ-ઉમંગ પ્રગટાવે. ખીલવાનો ઉમળકો હોય; પણ ખરી પડવાનો તે કદી ઉમળકો હોય?! પણ આ મેપલનાં પાંદડાંઓનો ખરી જવાનોય ઉમળકો પ્રગટતો હશે પાને પાને ફૂટતા રંગો થકી?! જાણે ખરી જવાનીય કેવી મજા!

મોટે ભાગે સપ્ટેમ્બરમાં મેપલનો રંગવૈભવ શરૂ થાય, સપ્ટેમ્બર અંત અને ઑક્ટોબરમાં એના રંગો સોળે કળાએ ખીલે ને પછી તીણી ધારવાળો પાનખરનો પવન મેપલનાં રંગબેરંગી પાંદડાંઓને ખેરવે – ખર ખર ખર્ ખર્; ઝર ઝર ઝર ઝર ઝરે રંગબેરંગી પાન... આમ પાંદડાં ખેરવતાં પવન પણ રંગાતો હશે?! પવનની લહેરખી પછી લહેરખી પછી લહેરખી આવે ને ખરે સૂકાં રંગબેરંગી પાન – હવામાં લહેરાતાં લહેરાતાં, હળવે હળવે, હવામાં જાણે પાનખરનું કાવ્ય રચતાં! ઝરી ઝરીને મેપલનાં રંગબેરંગી પાન ધરતી પર રચતાં જાય રંગોળી! – આવનારી દિવાળીને આવકારવા સ્તો! આપણે ત્યાં જેમ રાત રાતભર પારિજાત પરથી કેસરી દાંડલીવાળાં શ્વેત શ્વેત પુષ્પો ઝરે ને વૃક્ષ નીચે શ્વેત-કેસરી રંગોળી રચાય એમ મેપલ મેપલની નીચે સાતેય રંગોની, વિવિધ ઝાંયસભર રંગોળી! થોડાં થોડાંક પાન ખરતાં હોય ત્યારે, ત્યાં સુધી ધરતી પર રંગોળી, પણ પછી તો રંગબેરંગી સૂકાં પાનના ઢગલેઢગલા! સૂકાં પાનના ઢગલામાંથી પવન પસાર થાય ને કેટલાંક પાન સળવળે ત્યારે લાગે – આ સૂકાં ખરેલાં પાંદડાંઓમાં જીવ છે! મેપલ મેપલ નીચે રંગ-ઢગલા! વૃક્ષો જાણે બધોયે રંગવૈભવ ધરી દે ધરતીને! ખરતાં પહેલાં મેપલનું પાનેપાન એનો રહ્યો સહ્યો ભેજ-તેજ આપી દે સોનેરી તડકાને!

થાય, મેપલનાં પાન સુકાઈ જ કઈ રીતે શકે? ધરતીના પેટાળમાં તો ઓન્ટારિઓ લેક તથા અન્ય વિશાળ સરોવરોનું કેટકેટલું પાણી ભર્યું ભર્યું છે! મેપલનાં પાંદડાં સુકાય જ કેવી રીતે? વળી, આપણા જેવો આગ ઝરતો ઉનાળોય ક્યાં છે અહીં? છતાંય પાંદડાં સુકાતાં જાય અને અવનવા રંગો પ્રગટ કરતાં જાય! આ જ તો છે અહીંની પાનખરનું જાદુ! પાનખર પણ શું જાણતી હશે એના જાદુનું રહસ્ય? મેપલના પાનેપાનનો ઘેરો લીલો રંગ કઈ રીતે રૂપાન્તરિત થતો હશે આટઆટલી ઝાંયવાળા આટઆટલા રંગોમાં?! ખરી જતાં પહેલાં મેપલ જાણે પ્રગટાવી દે છે એના જીવનના બધા જ રંગો! કોઈ રંગની ઇચ્છા અધૂરી રહી જાય તો પછી ભટકવું ન પડે પ્રેત બનીને?!

ધરતી પર તો રંગોના ઢગલેઢગલા, પણ મેપલ સામે તો જરા નજર કરો – મેપલ વૃક્ષ એકેય પાન વિનાનું સાવ ઠૂંઠું – જાણે કોઈ પાન વિનાના પુસ્તકનું ખાખી પૂંઠું! જાડી, પાતળી, વાંકીચૂકી બરછટ ભૂખરી રેખાઓનું નર્યું માળખું! નર્યું માળખું?! ના, જાણે સાક્ષાત્ કંકાલ! મેપલે જાણે પાંદડાં ખંખેરી દઈને હાડપિંજરનું રૂપ ધારણ કર્યું! - ૩૧મી ઑક્ટોબરે હેલોવિન ઊજવવા માટે?! આપણને કયો બોધ કરાવવા માટે? જીવનનો કે મરણનો? કે પછી મરણ અને પુનર્જન્મ વચ્ચેના અવકાશનો?!

મેપલનાં પાન માટે મરણ અને પુનર્જન્મ વચ્ચેનો અવકાશ કેટલો લાંબો ? ! ભારતમાં તો પાનખર પછી થોડા દિવસોમાં કે મહિનામાં વૃક્ષોને નવાં પીળચટાં લીલાં પાન ફૂટે. પીપળાને ફૂટેલાં નવાં પાન તો વાસંતી પવન અને તડકામાં કેવાં પલ પલ પલેપલ પલપલે ! જ્યારે મેપલ માટે તો લગભગ ઑક્ટોબર અંતમાં ખરી ગયાં હોય બધાંય પાન અને પછી લાં...બો વિન્ટર જાણે પૂરો જ ન થવાનો હોય એવો ! બર્ફીલો શ્વેત વિન્ટર ! જાણે બરફયુગ ! સ્નોના શ્વેત શ્વેત ઢગલેઢગલા વચ્ચે જાણે એક પગે ઊભાં રહીને તપ કરતાં હોય મેપલનાં ભૂખરાં વૃક્ષ-કંકાલ ! પણ વસંત આવે જ નહિ... પાનવિહોણી સૂકીભઠ ડાળ પર એકાદ પંખીય આવીને બેસે નહિ, બધાં પંખીઓય ચાલ્યાં ગયાં હોય શિયાળો ગાળવા ગરમ પ્રદેશોમાં, માઈલોના માઈલો ઊડીને, દરિયાના દરિયા પાર કરીને... ગ્લોબલ વૉર્મિંગ કે અન્ય કારણે વિન્ટર લંબાયા જ કરે – શ્વેત ક્રિસમસ પછી શ્વેત જાન્યુઆરી, શ્વેત ફેબ્રુઆરી, શ્વેત માર્ચ – બધું બધું જ શ્વેત શ્વેત – બરફ છાયેલું. શાળાઓમાં તો માર્ચ બ્રેક – વસંતની રજાઓ પડે, પણ ક્યાંય વસંતનો અણસાર સુધ્ધાં દેખાય નહિ ! શિયાળો ગાળવા ચાલ્યાં ગયેલાં પંખીઓમાંથી કોઈ પાછું આવે ને એકાદ સૂકી ડાળ પર બેસે તોય લાગે કે આ પાન ફૂટ્યું... આ વસંત આવી !

Fall Colours જોવા તો એકાદ વીકએન્ડમાં ગયાં હતાં, પણ આંગણમાંના મેપલના બદલાતા રંગો તો રોજેરોજ નીરખ્યા... રંગ-ઉમંગથી ખરતાં રંગબેરંગી પાનની કવિતાય રોજેરોજ માણી. છેવટે એક સવારે જોયું તો મેપલની નીચે રંગોનો મોટો ઢગલો ! મધરાતે શિશુવાનરના ટોળા જેવો પવન આવ્યો હશે ને ખેરવી ગયો આંગણના અને સ્ટ્રીટમાંનાં બધાં મેપલનાં બધાંય પાન ! સૂકીભઠ ડાળે ડાળે જાણે પાનખરનો અવકાશ પલપલે ! પણ ધ્યાનથી જોયું તો આંગણના મેપલની એક ડાળખી પર હજીયે વળગી રહ્યું હતું એક છેલ્લું પાન ! રતાશ પડતી ઝાંયવાળું નારંગી ! સવારના નમણા તડકામાં ચળકતું સોનેરી ! નજર ઘડી નીરખે મેપલ નીચેના રંગબેરંગી પાનના ઢગલાને તો ઘડીક નીરખે ડાળખીને વળગી રહેલા છેલ્લા પાંદડાને ને મન જાણે વાતું કરે મેપલ સાથે – ખરી ગયાં પછીયે એકેય પાન જરીકે ઉદાસ નથી દેખાતું ! ખીલતી વેળા જે ઉમંગ-ઉત્સાહ હતો એવો જ ઉમંગ દેખાય છે આ ખરેલાં પાને-પાનમાં ! ખરેલાં પાંદડાં જાણે કહે છે : 'કેટલા સમય પછી મળ્યો ધરતીનો ખોળો !, ધરતીની હૂંફ ! એટલે અમે તો રાજી રાજી !'

મેપલનાં મૂળિયાંને મેં પૂછ્યું : 'પેટાળમાં આટઆટલું પાણી ભર્યું પડ્યું છે ને તારામાં તાકાત પણ છે એ પાણી ડાળેડાળ, પાનેપાન સુધી પહોંચાડવાની તો તેં આ બધાં પાનને ધીમે ધીમે સુકાવા કેમ દીધાં ? !

તો મૂળિયાં કહે : 'કુદરતને જે કરવું હોય તે કરે, હું તો કુદરતની લીલા બસ, નીરખ્યા કરું.'

બધાંય પાંદડાં ખરી ગયાં હોય એવી સૂકીભઠ ડાળીઓને પૂછ્યું, મીડિયાના કોઈ પત્રકારની જેમ : 'બધાંયે પાન ખરી ગયા પછી શું feel થાય છે ? ડિપ્રેશન જેવું કશું...?'

તો ડાળ ડાળ જરી હલી, પછી બોલી : 'ના રે ના, અમે તો અત્યારથી જ વાટ જોઈએ છીએ વસંતની.'

મેપલની એક ડાળને ચીટકી રહેલા છેલ્લા પાન ભણી નજર કરી તો એ વગર પૂછે બોલ્યું :

'બધાંય પાંદડાં ખરી ગયાં ને કેવળ હું જ કેમ રહી ગયું બાકી ? ! આ ડાળખીએ કેમ મને ઝાલી રાખ્યું છે એની છાતીસરસું ? પાનખરના ધારદાર પવનની શીત લહેરખી પછી લહેરખી આવે તો છે ઉમંગભેર; પણ મને કેમ ખેરવતી નથી ? ખરી જવા માટેય તે ક્યાં સુધી જોયા કરવાની રાહ ? ! ખરી ગયેલાં સહુ પાંદડાંય શું જોતાં હશે મારી વાટ ? ક્યારે આવશે તીવ્રતર પવનની લહેરખી ? ! ક્યારે ? !'

ત્યાં તો પવનની એક લહેરખી આવી, ડાળખીથી એ પાન છૂટું પડ્યું ને લહેરાતું લહેરાતું, હવામાં પોતાના નારંગી-રાતા રંગો થકી પાનખરની કવિતા આલેખતું નીચે આવ્યું; પવનમાં જરી સળવળીને નીચે ખરેલાં પાંદડાંઓએ એને આવકાર્યું... પછી પવન પડી ગયો; સઘળાં પાંદડાં શાન્ત થઈ ગયાં, પરમ શાન્ત !

ભીનો તથા સૂકો કચરો લેવા આવતી ટ્રક ઉપરાંત અહીં દર અઠવાડિયે ખરેલાં પાંદડાં લેવાય ટ્રક આવે. આંગણમાં ખરેલાં બધાંય પાંદડાં એક બૅગમાં ભરીને રાખેલાં. ટ્રક આવી અને એ પાંદડાં ભરેલી બૅગ લઈને ચાલી ગઈ....

મેપલનાં ખરી ગયેલાં એ બધાંય પાંદડાં મેં સાચવી લીધાં છે મારી આંખમાં, મારી કવિતામાં.

■

પણ આટલી ટાપટીપ જ બસ નહોતી. એકલા સભ્ય પોષાકથી થોડું સભ્ય થવાય છે? સભ્યતાના બીજા કેટલાક બાહ્ય ગુણો પણ જાણી લીધા હતા અને તે કેળવવા હતા. સભ્ય પુરુષે નાચી જાણવું જોઈએ. તેણે ફ્રેંચ ઠીક ઠીક જાણવું જોઈએ. કે એક ફ્રેંચ ઇંગ્લૅન્ડના પાડોશી ફ્રાંસની ભાષા હતી, અને આખા યુરોપની રાષ્ટ્રભાષા પણ હતી, ને મને યુરોપમાં ભણવાની ઇચ્છા હતી. વળી સભ્ય પુરુષને છટાદાર ભાષણ કરતાં પણ આવડવું જોઈએ. મેં નાચ શીખી લેવાનો નિશ્ચય કર્યો. એક વર્ગમાં જોડાયો. એક સત્રના ત્રણેક પાઉંડ ભર્યા. ત્રણેક અઠવાડિયાંમાં છ એક પાઠ લીધા હશે. બરોબર તાલસર પગ ન પડે. પિયાનો વાગે, પણ તે શું કહી રહેલ છે તે ખબર ન પડે. 'એક, બે, ત્રણ' ચાલે પણ તેની વચ્ચેનું અંતર તો પેલું વાજું જ બતાવે, તે કંઈ ગમ ન પડે. ત્યારે હવે? હવે તો બાવાજીની બિલાડીવાળું થયું. ઉંદરને દૂર રાખવા બિલાડી, બિલાડીને સારુ ગાય, એમ બાવાજીનો પરિવાર વધ્યો; તેમ મારા લોભનો પરિવાર પણ વધ્યો. વાયોલિન વગાડતાં શીખું, એટલે સૂરની ને તાલની ગમ પડશે, ત્રણ પાઉંડ વાયોલિન ખરીદવામાં હોમ્યા ને તેના શિક્ષણને સારુ કંઈ આપ્યા! ભાષણ કરતાં શીખવાને સારું ત્રીજા શિક્ષકનું ઘર શોધ્યું. તેને પણ એક ગીની તો આપી જ. બેલનું 'સ્ટૅંડર્ડ એલોક્યુશનિસ્ટ' લીધું. પિટનું ભાષણ શરૂ કરાવ્યું!

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# કાશીની જાતરા

આરાધના ભટ્ટ

એમનું નામ જ કાશી. અમારાં કાશીમાસી. એમનું સાસરાનું નામ કાશી અને પિયરનું નામ રળિયાત. એમને જે ઓળખે તે એમનાં આ નામો જેણે પાડ્યાં હશે એને હજાર હાથે સલામ કરે. એક નહીં એમનાં બબ્બે નામ એમણે ચરિતાર્થ કર્યાં. કાશીમાસી એટલે અમારાં પાડોશી, સામેના બંગલે રહે પણ એમના અવાજથી એ અમારી આખી સોસાયટીના ઘરેઘરમાં ફરી વળે. ‘બેન, મારો હાકલો બો મોટો’ એવું કહેતાં જરાક મરકે અને મમ્મી જવાબ આપે, ‘એટલે જ તમે ઘેર ન હો ત્યારે અમને અમારા ઘરમાં પણ સૂનું લાગે.’ કાશીમાસી એમના ઘેર ન હોય, ક્વચિત્ બે-ત્રણ દિવસ માટે એમને બહાર જવાનું થાય ત્યારે એમનો બંગલો કંઈક જુદો જ ભાસે. હું તો ત્યારે ૧૩-૧૪ વર્ષની હોઈશ પણ કોણ જાણે કેમ મને બહારથી એમનો બંગલો જોતાં એમની ગેરહાજરી વર્તાઈ જાય.

સામેનો બંગલો વેચાયો અને નજીકના ગામડે વસતા એક પરિવારે એ ખરીદ્યો એવું જાણ્યું ત્યારથી અમને કુતૂહલ હતું. કોણ આવશે? કેવું હશે? અમે નજર રાખતાં હતાં. એક દિવસ કોઈકનો બુલંદ, ઘેરો અવાજ સંભળાયો અને પછી એક આકારનાં દર્શન થયાં. નવા માલિક આવી ગયા, અથવા રહેવા આવવાની તૈયારી કરે છે એવું લાગતાં અમારું કુતૂહલ બેવડાયું. ભારતમાં વસતી સ્ત્રીઓને એ સમયે જેની ભારે ધખના હતી એવી નાયલૉનની ઇમ્પોર્ટેડ સાડી, બેઠી દડી, ભારે શરીર, ગોળ ચહેરા પર ઝીણી આંખોમાંથી સતત નીતરતું હેત અને આછા થતા જતા વાળનો નાનકડો અંબોડો, જેમાં એ કોઈક ખાસ જગ્યાએ જાય ત્યારે બગીચાનું એકાદ મોગરાનું કે ગુલાબનું ફૂલ ખોસે. ચહેરો કાયમ હસું હસું થવામાં હોય. જેવું જાજરમાન એવું જ ખુશખુશાલ વ્યક્તિત્વ. એ વખતે એમની ઉંમર હશે સાઠની આસપાસ. ઘૂંટણમાં વાની બીમારી એટલે ચાલમાં ડોલન. એ સિવાય નખમાં પણ રોગ નહીં.

કાશીમાસીના વર રામુકાકા. એમનાય નામ એવા ગુણ. કાશીમાસી જેટલું જોરમાં બોલે, રામુકાકા એટલા જ શાંત સ્વરે નાનકડો મમરો મૂકે. આંખે કાયમ જાડા કાચનાં ચશ્માંવાળા રામુકાકા મોટે ભાગે ઓટલે બેઠા હોય ત્યારે હાથમાં માળા ફેરવતા દેખાય. એ એક નાની ફૅક્ટરીની માલિકીમાં ભાગીદાર. કાશીમાસી અને રામુકાકા સાથે રામુકાકાના બાપુજી રહે, અમે બધાં એમને દાદા કહેતાં. દાદાએ આંખો ઝામરથી ગુમાવેલી અને દીવાલને ટેકે ટેકે ઘરમાં હરફર કરે. નક્કી સમયે ઓટલે આવીને બેસે, નક્કી સમયે ઘરમાં જાય, જમવાનો સમય થાય એટલે એમને ખબર પડે, ઘડિયાળના કાંટા એમના ચિત્તમાં ગોઠવેલા, એવા

એ પ્રજ્ઞાચક્ષુ. સ્વભાવે જલદ અને બોલવામાં જરાક આકરા. દિવસનું એમનું સમયપત્રક અમને પણ મોઢે, એમાં ફેરફાર થાય તો અમે જાણીએ કે એમની તબિયત નરમ છે અને મારા પપ્પાને અચૂક કહેણ આવશે, 'ડૉક્ટરકાકા, આવીને દાદાને જોઈ જજો'. કહેણ લઈને આવનાર કાશીમાસીને ત્યાં રહીને ભણતાં એમનાં ભાણેજ-ભત્રીજા-ભત્રીજીઓ પૈકીનું કોઈક હોય.

કાશીમાસી અને રામુકાકાની બે દીકરીઓ પરણીને એમના પરિવારો સાથે દાયકાઓથી વિદેશ વસે પણ અહીં કાશીમાસીનો પરિવાર મોટો. 'બેન, પોતાનાં પોયરાંને હાચવવાનાં હેલાં, બીજાનાં પોયરાંની જવાબદારી બો. પણ ના થોડી કે'વાય? એ લોકો આફ્રિકે રેય તાં તો પોયરાં માટે બો ની હારું, અહીં રેય તો બગડી ની જાય ને થોડું આપણું હીખે. કંઈ ની, આપણે તાં ભણે ને એમની જિંદગી સુધરતી હોય તો.' કાશીમાસીના દિયરની બે દીકરીઓ, બહેનની એક દીકરી અને નજીકના ગામડે રહેતાં નણંદનાં ત્રણ સંતાનો – આખી વિદ્યાર્થી પલટનને કાશીમાસી સાચવે. કાશીમાસીની હેતાળ હૉસ્ટેલ. કોઈની પરીક્ષા શરૂ થતી હોય ને કોઈની પૂરી થાય, કોઈને વહેલી સવારે ઊઠીને વાંચવાનું ફાવે તો કોઈ મોડી રાત સુધી વાંચીને પરીક્ષાની તૈયારી કરે. બધાંની સગવડ કાશીમાસી સાચવે, હસતે મોંએ. ક્યારેક થાકે પણ ખરાં, ત્યારે અમારે ત્યાં આવીને મમ્મી સમક્ષ કંટાળો વ્યક્ત કરી જાય.

આટલી જવાબદારી ઓછી હોય તેમ એમને ત્યાં મહેમાનોની અવરજવર ભારે. 'બેન, બે રોટલી બનાવીને દાદાને જમવા બેહાડતી ઉતી એવામાં ગામથી ચાર જણા આવી ગીયા એટલે અમારું બનાવેલું એમને પીહરી દીધું ને પછી મારા ને ચંપા(ઘરકામ કરનાર બાઈ) નાં રોટલી-હાક પાછાં બનાઈવાં. એ લોકો જમીને બજાર ગીયાં તાં બોપોરે ચાર જણા દાદાને મલવા આઇવા, એમને ચા-પાણી કરાયવાં'. આવી ઘટનાઓ એમને ત્યાં રોજિંદી. એમનું ગામ નવસારીથી ૧૦-૧૨ કિલોમીટરના અંતરે. ગામમાં એમની નાની ખેતીવાડી. ગામનું ઘર અને ખેતી કોળી પરિવારને સોંપીને એ નવસારી રહેવા આવ્યાં. ગામથી જે લોકો બજારની ખરીદી કરવા આવે તે લોકો પહેલાં એમને ત્યાં મળવા આવે, કાશીમાસી કોઈને જમાડ્યા વિના મોકલે નહીં. આ બધી અવરજવરમાં દાદાની સગવડ જો ન સચવાય તો ક્યારેક એ કંટાળે, પપ્પા આગળ ફરિયાદના સૂરમાં કહે, 'મારા રામલાએ ને કાહીએ તો વીહી ખોલેલી છે.'

પૈસેટકે બહુ છૂટ નહીં, આવક ઓછી પણ જે મળ્યું એનાથી રાજી અને બીજા માટે જાતને અને પોતાની પાસે જે હોય એને ખર્ચી નાંખવાની તૈયારી. પૈસા ઓછા હોય તો એ કબૂલવામાં સહેજે નાનમ નહીં. એમના ઘેર આવતા વિદેશના મહેમાનો સાથે અમારે સારો ઘરોબો થઈ જતો. એ બધાને અંગ્રેજીમાં વાત કરનારની જરૂર પડે અને એ જરૂરત અમે સૌ પૂરી કરીએ. અમારા પરિવારમાંથી ત્યારે કોઈ વિદેશ ગયેલું નહીં, એટલે અમે એમની વાતો પરીકથાઓની જેમ સાંભળી રહેતાં. જાતજાતનાં પાત્રો એમનાં મહેમાન થતાં. એમની દીકરીઓના પરિવારો તો ખરા જ, પણ દીકરીના મિત્રોના પરિવારો પણ વિદેશથી આવી પડતા. ત્યારે તો અમેરિકા-ઇંગ્લૅન્ડ જેવા દેશો વિશે પણ અમને ખાસ કોઈ જાણકારી નહોતી. ત્યાં ઠંડી બહુ પડે એટલું સાંભળેલું. કાશીમાસીના કોઈક સગાંની મિત્ર, મૂળ

ન્યૂઝીલૅન્ડની ગોરી મહિલા જીન, એમને ઘેર વીસ-પચીસ દિવસ રહેવા આવેલી. એનું શરીર મેદસ્વી. ઉનાળાના દિવસો, એટલે જીનને માટે ગરમી અસહ્ય. આખો દિવસ પંખો ચલાવે અને ફરિયાદ કરે કે અહીં એ.સી. કેમ નથી. કાશીમાસી એને ખૂબ જાળવે, એની બધી જ સગવડો સાચવે, પણ એક દિવસ એમણે જીનને સ્પષ્ટ કહી દીધું – મારી પાસે એ.સી.ના પૈસા નથી, બીજી વખત તું અહીં આવે તે પહેલાં પૈસા મોકલજે તો એ.સી. મુકાવી દઈશું. બપોર થવા આવે એટલે જીન ઉપરની ખુલ્લી અગાશીમાં લાદી પર પાણી ઢોળે અને તળાવ કરે, એમાં ફ્રીઝમાંથી લાવીને બરફ ગોઠવે અને એ તળાવમાં બેસી રહે! અમે નાનાં હતાં એટલે મજાકમાં જીનની આ રીતે બેસી રહેવાની ક્રિયાને આપણી ભેંસો સાથે સરખાવીને હસતાં!

વિદેશના મહેમાનો આવે ત્યારે કાશીમાસીને ખૂબ કામ પહોંચે. એટલે એ આવવાના હોય એ પહેલાંથી એ પોતાનાં તન-મનને કસવા માંડે. વિદેશના મહેમાનો આવે એની એક બાબત એમને છાની રીતે ખૂબ ગમે પણ ખરી. કાશીમાસીને ત્યાં ગાડી નહોતી. આખી જિંદગી એમણે બસ-રિક્ષાના ધક્કા જ ખાધા. ગામડે કોઈક માંદું-સાજું કે લગ્નપ્રસંગ હોય તો એ સરસ તૈયાર થાય ખરાં, પણ જવાનું ગામડાની એસ.ટી. બસમાં જ થાય, પછી ભલેને સાથે થેલો ભરીને ચીજ-વસ્તુઓ લઈને જવાનું હોય. કોઈને ત્યાં ખાલી હાથે ન જવાય એ એમની સ્પષ્ટ માન્યતા. ખબર કાઢવા જવાનું હોય તો ફળો, નાળિયેર લઈ જવાનાં. કોઈને માટે નાસ્તા લઈ જાય તો કોઈને માટે બીજું કંઈ. પણ જ્યારે વિદેશના કોઈ મહેમાન એમને ત્યાં ઊતર્યા હોય ત્યારે એ મહેમાન ગામડામાં રહેતાં સગાં-સંબંધીઓને મળવા જવા માટે આખા દિવસની ભાડાની કાર બોલાવે. મહેમાનને લઈને આ ભાડાની કારમાં જતાં કાશીમાસીને જુવો તો ઘોડે ચડતા વરરાજાની મા હોય એમ એમનો મરકતો ચહેરો સોળે કળાએ ખીલેલો દેખાય. સવારથી દાદાની સોંપણી ઘરકામ કરનાર બહેનને થાય અને કાશીમાસી સરસ સાડી પહેરીને વાળમાં ફૂલ ખોસીને તૈયાર થાય. હાથમાં નવી થેલી લટકાવે, આગલા દિવસે અમારે ત્યાં આવીને કહી જાય, ‘એણે ભાડાની ટૅક્સી કરેલી છે, પણ એને લેઈની મારે જાવા તો પડહે, એ તો કોઈને ઓરખે ની’. એવું બોલે ત્યારે એમાં ફરિયાદનો સૂર એ પૂરે ખરાં પણ કારમાં બેસીને આખો દિવસ ફરવા જવાનું મળે છે, રોજિંદી ઘટમાળમાંથી મુક્તિ મળે છે, એનો આનંદ છાનો રહે નહીં.

હું ઑસ્ટ્રેલિયા જવાની છું એવી વાત આવી એટલે કાશીમાસી ઉત્સાહમાં આવી ગયાં. એમને કોઈક મળ્યું જેને એ વિદેશોની જીવનશૈલી વિશેનું પોતાનું જ્ઞાન આપીને સમૃદ્ધ કરી શકે. એટલે હું એમની ‘મારી પોરી’ની સાથે સાથે એમની શિષ્યા પણ બની. વિદેશને એ ‘બહાર’ કહેતાં. બહાર શું મળે, શું ન મળે, મારે ત્યાં શું લઈ જવું, ત્યાં શું કામ લાગે, લોકો શું પહેરે એની યાદી એમણે મારે માટે બનાવવા માંડી. એ યાદીમાં અગ્રેસર પાપડ-ખીચિયાં-વડી, અથાણાં ઉપરાંત લીલી તુવરના સૂકવેલા દાણા, સુરતી પાપડીના સૂકવેલા દાણા, સૂકવેલો પોંક, સૂકવેલાં ચીકુ-કેરી વગેરે! ‘આ તો બધું હું તને કરી આપા.’ એમણે જાતે જ એની જવાબદારી લઈ લીધી. ‘પોરી તાં તો ઠંડી બો પડહે એટલે પગમાં પેરવા ખાહડી જોઈએ, આં પેરે એવી સિલીપર ની ચાલહે. જો મારી પાંહે છે એક જોડી, પેલી મંજુ લાવેલી તે અહીં તો હું કામ આવે, તને થઈ રેય તો હું તને આપા’. ‘તાં વટાણા બો

હારા મલે, છોલવાના હો ની, એ લોકો તૈયાર પાકીટ જ ફ્રીઝરમાં લાખી મેલે, એટલા હારા વટાણા, હડેલા-બડેલા કંઈ નીં, જોજે ને તું.' 'અહીંની જેમ તાં શૉપમાં જાય તો થેલાં લઈને ની જવું પડે, બધે જ પ્લાસ્ટિકની બૅગ આપે.' એ પોતે એકાદ વખત જ વિદેશ ગયેલાં, એ વખતે એમને મળેલું જ્ઞાન અને પછી અનેક દેશોમાં પથરાયેલાં એમનાં સગાં-સંબંધીઓ પાસે સાંભળેલી વાતો એ મને પીરસે.

એમને ત્યાં દેશ-દેશાવરથી આવતાં એમનાં સ્વજનો અને સંબંધીઓ અમારા પરિવાર માટે પણ એટલી જ ભેટો લાવે જેટલી એમના માટે. એટલું જ નહીં એ ભેટો પર અમારો અધિકાર પહેલો હોય એમ કાશીમાસી ઉદારતાથી કહે, 'બેન, એ બે હાડી લાઈવા છે એમાંથી એક તમારી ને એક મારી. તમને જે ગમે એ તમે રાખો બેન, તમારે તો કૉલેજ જવાનું, મને તો ગમે તે ચાલહે.' કાશીમાસીને ત્યાં ફોન નહીં. એમની દીકરીઓએ ફોન પર વાત કરવી હોય તો અમારે ત્યાં ફોન કરે. અમે દોડતાં જઈને એમને બોલાવી લાવીએ અને અમારી હાજરીમાં જ વાત થાય. ફોન મૂકીને રામુકાકાની આંખો ક્યારેક ભીની થાય, કાશીમાસી હંમેશાં સ્વસ્થ અને સ્થિર હોય. કાશીમાસીની ઊર્જા, એમની હિંમત, ગમે તે પરિસ્થિતિમાંથી માર્ગ કાઢવાની એમની કુનેહ ભલભલા ભણેલામાં જોવા ન મળે એવી. દીકરીઓના પત્રો આવે એમાં સંબોધન અમને પણ હોય 'પરમ પૂજ્ય દાદા-બાપુજી-બા તથા સામે ડૉક્ટરકાકાને ત્યાં...' અને પછી અમારાં બધાંનાં નામો હોય. બે-પાંચ વર્ષે દીકરીઓ એમને મળવા આવે ત્યારે જવાના દિવસે એ લોકો અમને ભેટીને પણ આંસુ સારે અને 'બા-બાપુજીને તમે સાચવજો' એવી સોંપણી કરીને જાય.

કાશીમાસી રસોઈમાં ખૂબ હોશિયાર પણ એમાં એમનો પાપડ બનાવવાનો ઉત્સાહ ગજબનો. બજારના ખરીદેલા પાપડ-પાપડી એમને ન ચાલે, તેથી વર્ષમાં બે વાર એનો ઉદ્યમ એ જાતે કરે. એમના પાપડ-પાપડી એકાદ-બે કિલોમાં નહીં ૫-૧૦ કિલોમાં તોલાય. ગામથી મદદ બોલાવાય, એમના ઘરનાં સૌ નાનાં-મોટાં તો એમાં જોડાય જ, મને પણ અગાઉથી કહેવામાં આવે. પાપડ બનાવવાની કલામાં હું એમની મુખ્ય શિષ્યા. હું પહેલેથી છેલ્લે સુધી એમની અગાશી ઉપર એમની પડખે હાજર હોઉં. એમને મારું ભારે ગૌરવ, બધાંને કહેતાં રહે, 'જુવો, મેં આપણી પોરીને પાપડ વણતાં હીખવી દીધું, હવે એ બો હારા પાપડ વણે'. એ કલાની નાનામાં નાની ખૂબી એમણે મને બતાવેલી. વચ્ચેથી પાપડ પાતળા થઈ જાય અને કોર જાડી રહે તો પાપડ શેકાય ત્યારે બળી જાય, ઍલ્યુમિનિયમનાં 'ઢીંચ' પર કઈ રીતે અને કઈ દિશામાં વેલણ ફેરવવાથી કેવાં પરિણામ આવે, તેનું નિદર્શન વણતાં વણતાં એવી બારીકાઈથી કાશીમાસી કરે જાણે કોઈ ચિત્રકાર ચિત્ર બનાવતાં બનાવતાં પીંછીના સ્ટ્રોક બતાવી રહ્યાં હોય. પાપડ વણતાં વણતાં થાક લાગે એટલે વચ્ચે મધ્યાંતર પડે, એમાં લોટનાં ગુલ્લામાં તલ-ખાંડ-તેલ નાખીને વણીએ અને એ કાચા લોટની જયાફત પણ કરીએ - એ વાનગીને કાશીમાસી 'માંડવો' કહે. કલાકો સુધી સતત વેલણથી ભાર દઈને પાપડ વણતાં મારી હથેળીઓ લાલ થઈને સાંજ સુધીમાં સૂજી જાય અને પછી દિવસો સુધી દુખે. એ જાણીને એમને ભારે અપરાધભાવ થઈ આવે, રોજ આવીને મારી હથેળીની ખબર પૂછે, મારા હાથને પોતાના હાથમાં લે, 'હાથમાં હારું થઈ ગીયું?' પછી કહે, 'મારી પોરી તો હુંવારી બો. કંઈ નીં, આમ ટેવાઈ જહે તો પરણીને જાં બી જહે તાં એને હારું

પડહે. માહીને યાદ કરહે'. પાપડ થઈ જાય, સુકાય, એને ડબ્બાઓમાં ભરાય. બધું થઈ જાય એટલે બીજે દિવસે એમાંના અડધા પાપડ અમારે ત્યાં આવે. અમે કહીએ, 'અરે, આટલા બધા મોકલાવ્યા?' તો એમનો જવાબ હોય, 'મારે એકલીને માટે કાં બનાયવા જે, આપણા બે ઘરના એક હાથે જ બનાયવા, તમે હું કામ જુદા પાપડ બનાવો?' એમને ત્યાં જે બને અથવા ગામથી જે આવે એ બધું 'આપણા બે ઘરનું'. પાપડી-કંદનું ઉબાડિયું, જાતજાતનાં શાકભાજી, શેરડીના રસની દૂધેલી, તાજો ગોળ. જે એમનું તે અમારું પણ. કોઈ વાતે કોઈ હિસાબ નહીં, કશું જ મારું-તમારું નહીં, બધું જ આપણું! ગામથી જે શાક આવે એમાં અમારો અડધો ભાગ હોય એટલું જ નહીં વર્ષ આખરે ચોખાનો પાક ઊતરે એટલે એ કહી જાય, 'બેન, ઓણ-સાલ તમે ચોખા નો લેતા. આપણે તાં પાંચ મણ ચોખા થેયલા છે. અઢી મણ મારા ને અઢી મણ તમારા.' ક્યારેક સવારના પહોરમાં કહેવા આવે 'આજે હાંજે તમે જમવાનું ની બનાવતાં, હું તુવારનાં ઢેખરાં બનાવવાની છું, ડૉક્ટરને બો ભાવે ને, એ દવાખાનેથી આવહે એટલે હું ગરમ ગરમ તરીને આપી જવા.' તો ક્યારેક સાંજે કહેણ આવે, 'કાલે ખીચિયાં વણવાની છું, હવારમાં ચા હાથે ગરમ ગરમ ખાવા થાય એટલે ખીચિયાંનો લોટ બાફીને મોકલાવા, ડૉક્ટરને બો ભાવે ને.'

કાશીમાસીનું ઘર એટલે રામની ભોંય ને રામની ખેતરવાડી. એમાં કોઈના નામની અલગ છાપ નહીં. જે આવે એનો આવકાર અને જે હોય એ બધું જ જેટલું પોતાનું એટલું જ બીજાં બધાંનું. એમના બગીચામાં પાછળના ભાગે એક શેતૂરનું મોટું ઝાડ. મોસમમાં પાંદડે પાંદડે શેતૂર ઝૂલતાં હોય. જતાં-આવતાં છોકરાંઓ પથ્થર મારીને નિશાન તાકે, એમાં કામયાબ ન થાય તો એમની દીવાલ પર ચડે, એ કશાથી એમના પેટનું પાણી હાલે નહીં. અમારી સોસાયટીની અમારી ટોળકીનું પણ એ મિલન સ્થળ. અમારામાંનું કોઈક બહાદુર દીવાલ પર ચડીને શેતૂર તોડે, બીજું કોઈ એને નીચેથી ટેકો કરે, બાકીનાં અમે એ બહાદુર તોડેલાં શેતૂર નીચે ફેંકે એ ઝીલવા માટે ફ્રૉક અથવા શર્ટની ઝોળી કરીને ઊંચી ડોકે ઝાડ તળે ઊભાં રહીએ. કંઈ કેટલાય ઘૂંટણ એ ઝાડ પર ચડવાની લ્હાયમાં છોલાયા હતા. શેતૂરનું એ ઝાડ સોસાયટીના ટીનેજર છોકરા-છોકરીઓનાં પ્રેમપ્રકરણોનું પણ સાક્ષી. એની છાંયમાં કંઈ કેટલાય પ્રેમાલાપો થતા, ઘેર કહ્યા વિના છાનામાના પિક્ચર જોવા જવાનાં ષડયંત્રો ઘડાતાં. એ ષડયંત્રોમાં કાશીમાસીને ત્યાં રહીને ભણતાં સૌ પણ સામેલ. કાશીમાસીએ એક દિવસ એમનો 'હાકલો' તાણીને સ્પષ્ટ શબ્દોમાં બધાંને કહી દીધું, 'શેતૂર જોઈએ એટલાં ખાવ પણ મારે તાં આવું ની કરવાનું, મારે તમારા મા-બાપને જવાબ આપવા પડહે.'

કાશીમાસી આપી જાણે તેમ લઈ પણ જાણે. અમારે ત્યાં પપ્પાના એક દર્દીના ઘરનું દૂધ આવે, ડૉક્ટર માટે દૂધ મોકલે એટલે સાવ ચોખ્ખું અને મલાઈદાર હોય. મમ્મી એ મલાઈ ઊતરીને ઘેર ઘી બનાવે. ઘી એટલું બધું બને કે અમે વાપરી ન શકીએ. કાશીમાસીએ ઘી બજારથી લાવવું પડે અને ચોખ્ખું હશે કે કેમ એના પ્રશ્નો થાય. એટલે મમ્મી એમને આગ્રહપૂર્વક ઘરના ઘીની બરણી આપવા પ્રયત્ન કરે પણ કાશીમાસી એકનાં બે ન થાય. 'બેન, પૈહા લેવ તો જ મારાથી ઘી લેવાય, કોઈનું ઘી મફતમાં લઈએ તો એની હાથે લડાઈ થાય. આપણે તો બેન જેવાં, આપણે લડવું નથી.' એવી એવી દલીલો કરે અને

ઘણી રકઝક પછી પણ એમની વકીલાત કામયાબ ન નીવડે તો એમનું છેલ્લું શસ્ત્ર 'બેન, બામણનું ની લેવાય, મને પાપ લાગહે' કહીને મમ્મીના હાથમાં રૂપિયાની નોટોનું બીડું વાળીને સરકાવે તો જ ઘીની બરણી લઈને એ ઘેર જાય.

નાનપણમાં અમારે રજાઓમાં મોસાળ કે ક્યાંય સગાંવહાલાંને ત્યાં જવાનું બહુ થતું નહીં. એ વાત કાશીમાસી પામેલાં. એમનાં બા નજીકના ગામડે રહે. કાશીમાસીને ત્યાં રહીને ભણતા એમના ભાણેજો રજાઓમાં બાને ત્યાં રહેવા જાય ત્યારે આગ્રહપૂર્વક એ અમને પણ સાથે મોકલે. 'જાની તને મજા આવહે, ગામમાં ઘર કેવું હોય બધું તને જોવા મલહે. માના ઘરના બે ગારા છે, બો જગ્યા છે.' અમે એમનાં બાને 'મા' કહેતાં. 'મા' મને એટલું હેત કરે, એમનો ચહેરો એ હેતભર્યા સ્મિતથી એવો તો મલકે અને એમની આંખોનાં રત્નો પર હેતનાં બિંદુઓની ઝાંય વળે કે આજે પણ મને એ ચહેરો બરાબર નજર સમક્ષ દેખાય છે. 'મારી રરકીના હામા બારણે ડૉક્ટર રેય ને એની પોરી બે-ચાર દા'ડા રે'વા આવલી છે' એવું મા એમના આડોશ-પાડોશમાં બધાંને ગૌરવપૂર્વક કહે. માના ફળિયામાં સામા બારણે એક ખમણવાળો રહે. ઘેર ખમણ-ઢોકળાં બનાવીને નવસારીના બજારમાં લારી લઈને ઊભો રહે.. મેં કોઈ દિવસ જોયો ન હતો એટલા મોટા ચૂલા પર એ એટલા જ મોટા તપેલામાં પાણી મૂકી મોટા થાળામાં ચણાની દાળનાં ખમણ-ઢોકળાં બનાવે. એનાં ગરમાગરમ ખમણ કાશીમાસી કોઈ જતા-આવતા પાસે ક્વચિત્ મંગાવે, લાવીને ઘેર એને વઘારે. 'માની પડોહમાં રેય, એટલે આપણે હારું તાજાં ને ચોખ્ખાં જ મોકલાવે'. બધું જ 'આપણું' !

'બેન, ઓણ સાલ આટલું જ આયવું, આવતા વરહે જીવતા રેહું તો વધારે મંગાવહું'. 'આવતા વર્ષે જીવતાં રહેશું તો' એ એમનો તકિયા-કલામ. ભાવિ વિશેની દરેક વાત એ શબ્દોથી શરૂ થાય. એ શબ્દોમાં ન તો કોઈ કડવાશ, ન તો કોઈ ભય, અસુરક્ષિતતા કે નકારાત્મકતા. માત્ર અને માત્ર 'કાલ કોણે દીઠી છે' એ વાસ્તવિકતાનો એમાં સહજ સ્વીકાર. માંડ સાત ચોપડી ભણેલી વ્યક્તિ પાસે આટલી વિનમ્રતા અને જે અનિવાર્ય છે એનો સહજ સ્વીકાર જોઈને મને નાનપણમાં પણ ભારે કૌતુક થતું. એમનો આત્મવિશ્વાસ અડીખમ. એમનું ચોખ્ખું નિર્મળ હૃદય અને એમની નિખાલસતા એમને કદાચ એવો વિશ્વાસ આપતું હશે. એ ગમે તેની સાથે સંવાદ કરી શકે. જોકે બધાં એમની સાથે સંવાદ કરવા જેટલી વિશાળતા અને હાર્દિકતા નહોતાં બતાવી શકતાં. એમની ગામડિયા બોલી, મોટા અવાજે વાત કરવાની એમની ટેવ, એમની ભાવુકતા અને અતિશય સરળતા કેટલાકને પચતાં નહીં. મારી મમ્મી ભણેલી હોવા છતાં આટલાં અશિક્ષિત અને ગામડિયાંની સાથે એને (અને અમને સૌને) કેવી રીતે આટલી નિકટતા હતી એવું ઘણાને આશ્ચર્ય થતું.

કાશીમાસીને મેં અનેક મુશ્કેલીઓમાંથી, આર્થિક તંગીમાંથી પસાર થતાં, દીકરીઓનાં દુઃખો વહન કરતાં જોયાં. એમના વડીલોના મૃત્યુ જેવા અનેક પ્રસંગોએ અમે એમની સાથે હતાં. દરેક પ્રસંગે એમના વ્યક્તિત્વની ગરિમા, એમની વિશાળ જીવનદૃષ્ટિ દેખાતી. એટલે એક પ્રસંગે જ્યારે એમની આંખમાં આંસુ જોયાં ત્યારે એમનું દુઃખ કેટલું હશે એ કલ્પના થઈ શકતી હતી. એમની સાવ અંગત વ્યક્તિએ એમની સાથે વિશ્વાસઘાત કર્યો, એ બંને જણ એ આઘાત જીરવી ન શક્યાં, નાના ઘરમાં રહેવા જવાની ફરજ પડી. અમારી સામેનો

બંગલો ખાલી કરીને એક નાના ફ્લૅટમાં રહેવા ચાલ્યાં ગયાં અને પછી થોડા જ સમયમાં દીકરી આવીને એ બંનેને પોતાને ઘેર વિદેશ લઈ ગઈ. એમણે એ બંગલો છોડ્યો પછી એના રૂપ-રંગ, એના માલિકો બદલાતા રહ્યા, પણ મારે માટે એ ‘કાશીમાસીનો બંગલો’ જ રહ્યો અને એમની પડોશમાં રહીને ઘેર બેઠાં કાશીની જાત્રા અમે કરી!

વિદેશ જઈને પહેલી વાર એ બંને થોડા સમય માટે નવસારી આવ્યાં ત્યારે એમને મળવાનો સુયોગ થયો. એક-બે મહિના માટે એ પોતાનો ફ્લૅટ ખોલીને ત્યાં રહ્યાં હતાં. ગામડિયાં કાશીમાસી હવે પહેલાં જેવાં નહોતાં. એ ધીમા અવાજે બોલતાં, એમના મોઢે અંગ્રેજીની છાંટવાળા શહેરી ભાષાના શબ્દો અને વારે વારે બોલાતા ‘થૅન્ક યૂ’ અને ‘સૉરી’ એમને નહોતા શોભતા. મારા મનમાંથી એમની એ છબિ પ્રયત્નપૂર્વક ભૂંસી નાંખીને, તિજોરીમાં કીમતી જણસ મૂકીને સાચવીએ એમ, મેં એમનું અસલી સ્વરૂપ મારા ચિત્તમાં સાચવીને રાખ્યું છે.

*પુણ્યસ્મરણ- કવિ ઉશનસ્

રામની ભોંયમાં રામની ખેતરવાડીએ જી, આપણા નામની અલગ છાપ ન પાડીએ જી.

■

વિલાયતમાં જાહેરમાં બોલવાનો છેલ્લો પ્રયત્ન મારે વિલાયત છોડતાં કરવો પડ્યો હતો. વિલાયત છોડતાં પહેલાં અન્નાહારી મિત્રોને હૉબર્ન ભોજનગૃહમાં ખાણા સારુ નોતર્યા હતા. મને લાગ્યું કે અન્નાહારી ભોજનગૃહોમાં તો અન્નાહાર મળે જ, પણ જ્યાં માંસાહાર થતો હોય તેવા ભોજનગૃહમાં અન્નાહારનો પ્રવેશ થાય તો સારું. આવો વિચાર કરી આ ગૃહના વ્યવસ્થાપક સાથે ખાસ બંદોબસ્ત કરી ત્યાં ખાણું આપ્યું. આ નવો અખતરો અન્નાહારીઓમાં પંકાયો, પણ મારી તો ફજેતી જ થઈ. ખાણાં માત્ર ભોગને અર્થે જ થાય છે, પણ પશ્ચિમમાં તો તેને એક કળા તરીકે કેળવેલ છે. ખાણાંને વખતે ખાસ શણગાર, ખાસ દમામ થાય છે. વળી વાજાં વાગે, ભાષણો થાય. આ નાનકડા ખાણામાંયે એ બધો આડંબર હતો જ. મારો ભાષણ કરવાનો સમય આવ્યો. હું ઊભો થયો. ખૂબ વિચારીને બોલવાનું તૈયાર કરી ગયો હતો. થોડાં જ વાક્યો રચ્યાં હતાં. પણ પહેલા વાક્યથી આગળ ચાલી જ ન શક્યો. ઍડીસન વિશે વાંચતાં તેની શરમાળ પ્રકૃતિને વિશે વાંચેલું. આમની સભાના તેના પહેલા ભાષણને વિશે એમ કહેવાય છે કે, તેણે ‘હું ધારું છું,’ ‘હું ધારું છું,’ ‘હું ધારું છું,’ એમ ત્રણ વાર કહ્યું, પણ પછી તે આગળ ન વધી શક્યો. અંગ્રેજી શબ્દ જેનો અર્થ ‘ધારવું’ છે તેનો અર્થ ‘ગર્ભ ધારણ કરવો’ પણ છે. તેથી જ્યારે ઍડીસન આગળ ન ચાલી શક્યો ત્યારે આમની સભામાંથી એક મશ્કરો સભ્ય બોલી ઊઠ્યો કે, ‘આ ગૃહસ્થે ત્રણ વાર ગર્ભ ધારણ કર્યો, પણ કંઈ ઉત્પન્ન તો ન જ કરી શક્યા!’ આ કહાણી મેં વિચારી રાખી હતી અને ટૂંકું વિનોદી ભાષણ કરવા ધાર્યું હતું. તેથી મેં મારા ભાષણનો આરંભ આ કહાણીથી કર્યો, પણ ત્યાં જ અટક્યો. વિચારેલું બધું વીસરાઈ ગયું ને વિનોદ તથા રહસ્યયુક્ત ભાષણ કરવા જતાં હું પોતે વિનોદનું પાત્ર બન્યો. ‘ગૃહસ્થો, તમે મારું આમંત્રણ સ્વીકાર્યું તેને સારુ મારો આભાર માનું છું,’ એમ કહીને મારે બેસી જવું પડ્યું!

– **‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

# ભા

ચૈતાલી ઠક્કર

ભા એટલે અસાંયા ડાડા. કચ્છીમાં દાદાને અમે કહીએ ભા. પપ્પાના પપ્પા. દીકરીઓ, દીકરા ને એમનાં સંતાનો બધાં એમને આ જ સંબોધન કરે. બધાં જ એમને ‘ભા’ કહે. મને આછું આછું યાદ છે કે ભાની નોકરી ભચાઉ. ટીડીઓની નોકરી એવા નામની ખબર. મમ્મી ને પપ્પા બંને નોકરી કરે એટલે મને કાંખમાં તેડી બાઈ ને ભા લઈ ગયાં ભચાઉ. રજાના દિવસોમાં ભુજ ભેગાં. બાઈ કહે, એની વાતોમાં હું મારું, ભાનું અને બાઈનું ચિત્ર જોવા મથું...રખેને બે વરસની હુંને હું કદાચ ભાળી શકું. ભેંસ પણ પહેલી વાર ભચાઉ જોઈ હશે. ભાની પોસ્ટ સારી તે વડોમળે ઘર મલ્યો વો. હા, મળ્યું હતું એક મોટું વિશાળ ઘર. બંને બાજુ ફળિયું ને એક દિવસ બાઈને બાથરૂમમાં બહારથી પૂરી દીધેલી એ પણ આ ક્ષણે યાદ આવે છે. બાઈની વાતોમાં જ આમ તો મેં મારી નાનપણની છબી જોવા પ્રયાસ કર્યો છે. ભાની ઑફિસની ખુરશીમાં બેસતી. ત્યારે એમણે કદાચ કલ્પેલું હશે કે ભવિષ્યમાં મારી પોતરી...પણ ખેર અત્યારે તો ભચાઉના ભા જ મને દેખાય છે. મારાં તોફાન અંગે રાવ ખાવા આવતી માવરોને એ બંનેએ કેમ વાર્યા હશે શી ખબર...

કોઈ નાનપણમાં તેડી લે, વહાલ કરે, પણ ચાલતાં શીખી જાય બાળક એટલે કે પાંચ પહેલાંનાં સ્મરણ અને આવું નિર્વ્યાજ વહાલ માત્ર સ્મૃતિમાં જ અનુભવાય..હજીય ક્યારેક મમ્મીના ઘરે ફોટાનું આલબમ ઉથલાવું ને અહીંના રિવાજ મુજબ દાદા પૌત્ર કે પૌત્રીને પહેલો હોળી ફેરો ફરાવે એમ ભાએ મને તેડીને મારા જન્મ પછીની પહેલી હોળીના ફેરા ફરાવ્યા હશે. પીળું ફ્રૉક, સરસ મજાના ઓળેલા વાળ, એમાં નાખેલું નાનું ફૂલ, ગળામાં ચૉકલેટ અને ડ્રાયફ્રૂટનો હાયડો. ફોટા જોતાં ક્યારેક થતું કે હવે કેમ ભા મારી સાથે નહીં બોલતા હોય? કદાચ એકના એક દીકરાને ત્યાં પ્રથમ સંતાન એવી હું દીકરો નહીં પણ દીકરી તરીકે અવતરી એવું હશે? ખબર નહીં, પણ કારણ વગર નથી કોઈ દિવસ મને બોલાવી કે વાત કરી. વાત છૂટથી ખુલ્લી રીતે કરતાં થયા બાઈ સ્વર્ગમાં સિધાવી પછી. હા, એક વારનું સ્મરણ છે કે મને કૉલેજમાં બીજા વર્ષમાં ટકા સારા પણ મારા ધાર્યા મુજબ નહીં આવ્યા, ત્યારે રડેલી ખૂબ. બાઈએ કેટલી સમજાવેલી કે ભા તો બધાં પાસ થાય તો એને શુભેચ્છા કહો કે શકનમાં સોની નોટ આપે છે. તું લઈ લે. એને ગમશે. ત્યારે જીદ કરેલી ને કહેલું કે હું એ સોની નોટ માટે લાયક નથી. બીજે દિવસે પપ્પા મમ્મીને કહી રહ્યા હતા કે છોરી નોટ ન ગીને ને બાઈ ભા વટે રૂને જેડી થઈ વઈ (છોકરીએ નોટ ન લીધી ને બાઈ ભા પાસે રડવા જેવી થઈ ગઈ) – એવું કશું. ને પછી

બાઈએ નોટ આપી ને મેં લઈ લીધી. ત્યારે થયું કે મૂક પ્રવાહ કશોક વહે છે ખરો. નાની બેન અતિશય ચાગલી ને આપણા રામ બધા મજાક કરીને કહે તેમ સ્વીકારી લીધેલ કે 'નંઢા ચાગલા ત વડા ગાગલા બ્યો કુરો'...

બાઈના ગયા પછી ભાનો આકરો સ્વભાવ ઝીલવો અને જેલવો કોઈ માટે સહેલો નહોતો. ગુસ્સો કરે, ચોંટે, પહોંચે. પછી કંઈ નહીં. એક દિવસ અચાનક ભાની તબિયત લથડે છે ને હું દોડીને પગથિયેથી ભાને સાહી લઉં છું. ટેકો આપું છું. જાણે કે એમને કશું જ થવા નહીં દઉં. વર્ષોથી કારણ વિના અને કારણ હોય તોપણ કોઈ વાતનો સેતુ રચાયો જ ન હોય તેમ છતાં જાણે અમારી વચ્ચે આવું કોઈ અભેદ્ય કિલ્લા જેવું આવરણ હતું જ નહીં એવું લાગે છે. એ મારા ભા, મારા દાદા છે ને સારવાર કરું છું. ત્યારે તો ઘણું જુદું અને સારું લાગ્યું હતું. પપ્પા કહે છે છોરી તેં તો રંગ રાખ્યો. બાપે કાયમ દીકરાની જેમ જ રાખી, મોટી કરી. હા, જ્ઞાતિગત કેટલીક છૂટછાટ ઘરમાં અમને બંને બહેનોને નહીં. અમુક મર્યાદામાં રહેવાનું જ. ઑર્થોડૉક્સ ખરા અને નહીં પણ. કૉલેજ જતી મને એક દિવસ મમ્મી ને પપ્પા સામે બેસીને કહે, "તારે કોઈ માટે સૉફ્ટ કૉર્નર હોય તો કહી દેવું. હું તારી સગાઈ કરાવી આપીશ. છોકરો સારો હોવો જોઈએ. પસંદ કરે તો એવો કરજે." આપણા રામે એ દિશા પકડી જ નહીં. પપ્પાએ જ પાત્ર પસંદ કર્યું ને ઠેકાણે પહોંચ્યાં. એક દિવસ સાસરેથી નવી નવી આવેલી મને કહે, "સાસરે કરકસરથી રહેવું. બહુ પૈસા ઉડાડવા નહીં. અમે તો જો...." એય ને ભૂતકાળની વાતોની સંદૂક ખૂલે. એમની વાતોમાં ભળતી જાય છે પપ્પાની વાતો, ફઈની વાતો, મમ્મીની વાતો અને વચ્ચે ઝબકી જાય છે ક્યાંક બાઈની વાતો....ને હું મનમાં જ કહી રહું ભા, તમારા કોઈનું ખરાબ ન લાગવા દઉં. ભરોસો રાખો. પણ મૌન જ ઉત્તર હોવો જોઈએ એવો નિયમ. મારો કૉલેજનો અભ્યાસ પૂરો થયો ને બાઈ ગઈ. એના ગયા પછી ભાને જે એકલતાનો અનુભવ થયો તેનો અમને સૌને અહેસાસ થવા લાગ્યો હતો. પત્ની હોય તો સૌ સાથે સેતુરૂપ ભૂમિકા રચે એવું વાતાવરણ ભગ્ન બન્યું. મારું ભા સાથે બોલવાનું શરૂ થયું ને ક્યારેક એમના ગુસ્સાવાળા સ્વભાવનો અંશ ધરાવતી હું પપ્પાને કશી ફરિયાદ કરું તો કહેશે, "તોજી ધી મને નતી."(તારી દીકરી માનતી નથી.) ને પછી મારી વાતથી કંઈ સારું પરિણામ આવે તો ખભે ધબ્બો મારી કહે, "છોકરી તૈયાર થઈ વઈ આય." (છોકરી તૈયાર થઈ ગઈ છે.)

આજે અગિયાર વર્ષથી કૉલેજમાં કરેલ સંચાલનો, ક્યાંક આપેલાં વ્યાખ્યાનો વિશે છાપામાં વાંચીને મારા નામ નીચે લીટી કરી ફોટો કટિંગ કરી રાખે, છોકરી કૉલેજથી વળતાં આવે તો નીરુ આપી દેજે. દરરોજ પોતે ડાયરી લખે ને દર વર્ષે મને ડાયરી ભેટ આપે. ચાર-છ દિવસ પહેલાં પરિષદ અને અકાદમીના કાર્યક્રમમાં સંચાલનના ફોટા બતાવું તો એમના ચહેરા પર મારા કરતાંય વિશેષ સંતોષ અને હરખ વાંચી શકતી હતી. થોડા દિવસ પહેલાં સંકોચ સાથે અપાયેલાં કામને પૂરું કરી આઈ.સી.યુ.માં જાઉં છું. ભાને બધે નળીઓ લાગેલી છે. ચોથા ઍટેક પછી ત્રસ્ત થયેલા તે મને જુએ છે અને મારા હાથમાં મને મળેલું સન્માન જોઈ એની આંખોની ચમક બેવડાય છે. એક પણ પુસ્તક કરવા ન ઇચ્છતી હું ભા અને પપ્પાની જીદને કારણે તૈયાર થઈ શકેલા મારા પુસ્તકને યાદ કરું છું. યાદ કરું છું મારા આવનારા બીજા પુસ્તકનાં ફાઇનલ લખાણને ચેક કરી રહેલા પપ્પાને

કહેતા ભા...મુકે વતાઈજ (મને બતાવજે). એ જુએ પછી રાજીપા સાથે પ્રત આપે. પછી હંમેશની જેમ કહે, છોરી પાંજો વટ પડાઇન્ધી.....(છોકરી આપણો વટ પડાવશે.) હવે મને કોઈ વાતનો આનંદ જરૂર થાય છે ભા, પણ તમારા જેવી તકલીફો અને જીવનના ચડાવઉતાર મેં તો ક્યાંથી જોયા હોય? મારા મૃત જન્મેલા બાળકને તમે સૌએ નિહાળી જે ક્રંદન કર્યું એ પણ નથી ભુલાતું. ને યાદ છે મને એ પળ જ્યારે તમે ત્રણ વર્ષે પાછા નાદુરસ્ત તબિયતે મારાં બે જોડકાં બાળકોને જોઈ માત્ર આંખમાં આંસુ સાથે બે આંગળીઓ ઊંચી કરેલી. અને કાલે તમને અંતિમે ઊભેલા જોઈ મળવા આવી ત્યારે પણ બે આંગળીઓ ઊંચી કરી તન્મય અને રીધમની પૂછા કરેલી. બાઈનો સાથ છૂટ્યાના વીસમા વર્ષે તમારું જવું ભલે કુદરતે નિશ્ચિત કર્યું હોય, પણ ગઈકાલે મારા માથે મુકાયેલો હાથ, મેં સવારે પકડી રાખેલો એ ઠંડો નિષ્પ્રાણ હાથ, એ સ્પર્શ કાયમ મારી ચેતનામાં સાથે રહેશે. તમારું જીવનની સાથે ઝઝૂમવાનું એ અડીખમપણું મારી સાથે અનાયાસ જોડાયેલું રહેશે. આ તો તમે જ અજ્ઞાતને આવકાર આપ્યો...બાકી તાકાત છે કે તમારા અડગપણાને કોઈ ડગાવી શકે? તમે સ્વીકાર્યું ભા...જવાનું નક્કી કર્યું એટલે જ તમે...

■

જેવો શરમાળ તેવો જ ભીરુ હતો. વેંટનરમાં જે ઘરમાં હું રહેતો હતો તેવા ઘરમાં, વિવેકને અર્થે પણ, ઘરની દીકરી હોય તે મારા જેવા મુસાફરને ફરવા લઈ જાય. આ વિવેકને વશ થઈ આ ઘરધણી બાઈની દીકરી મને વેંટનરની આસપાસની સુંદર ટેકરીઓ ઉપર લઈ ગઈ. મારી ચાલ કંઈ ધીમી નહોતી. પણ તેની ચાલ મારા કરતાં પણ તેજ. એટલે મારે તેની પાછળ ઘસડાવું રહ્યું. એ તો આખો રસ્તો વાતોના ફુવારા ઉડાવતી ચાલે, ત્યારે મારે મોઢેથી કોઈ વેળા 'હા' કે કોઈ વેળા 'ના'નો સૂર નીકળે. બહુ બોલી નાખું તો 'કેવું સુંદર!' એટલો બોલ નીકળે! તે તો પવનમાં ઊડતી જાય અને હું ઘરભેળાં ક્યારે થવાય એ વિચાર કરું. છતાં 'હવે પાછાં વળીએ' એમ કહેવાની હિંમત ન ચાલે. એવામાં એક ટેકરીની ટોચે અમે આવી ઊભાં. પણ ઊતરવું કેમ? પોતાના ઊંચી એડીના બૂટ છતાં આ વીસપચીસ વર્ષની રમણી વીજળીની જેમ ઉપરથી ઊતરી ગઈ. હું તો હજી શરમિંદો થઈ ઢોળાવ કેમ ઊતરાય એ વિચારી રહ્યો છું. પેલી નીચે ઊભી હસે છે; મને હિંમત આપે છે; ઉપર આવી હાથ ઝાલી ઘસડી જવાનું કહે છે! હું એવો નમાલો કેમ બનું! માંડમાંડ પગ ઘસડતો, કાંઈક બેસતો ઊતર્યો. અને પેલીએ મશ્કરીમાં 'શા...બ્બા...શ' કહી મને શરમાયેલાને વધુ શરમાવ્યો. આવી મશ્કરીથી મને શરમાવવાનો તેને હક હતો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# અમારી નામના

આનંદિતા રૈયાણી

વાત થોડી જૂની છે. અરે ભાઈ ઈસવી સન પૂર્વેની નહીં પણ થોડાં વર્ષો પહેલાંની. હું કૉલેજમાં હતી ત્યારની.

સાલ નહીં જ લખું,

suspense મને ગમે છે!

આવું કહેવા માટે ઘાયલ અમને માફ કરશે એવી અમને ગળા કરતાં વધારે (માથા સુધીની!) ખાતરી છે. So keep guessing! અત્યારે ફિટનેસ માટે જેવો ટ્રેન્ડ છે એવો ત્યારે ન હતો. એ સમયે આટલા મેદસ્વી લોકો પણ મને તો ક્યારેય ક્યાંય દેખાયા ન હતા. એ સમયે અમે ઘણી જગ્યાએ ચાલીને જ જતાં પણ અમે એને કસરત નહીં કરકસર સમજતાં! શનિવારે સવારે સ્કૂલમાં કસરતનો પિરિયડ આવતો. સ્કૂલે જેટલી કરાવે એટલી જ કસરત અમને આવડતી અને એય અમે શનિવારથી શનિવાર જ કરતાં. બધું જ બે મોઢે ખાતાં અને તોય પાતળાં હતાં! સાઇકલ જેક્સન બની બનીને જ્યારે થાકી જતાં ત્યારે અમે મસમોટી બસના સહારે પણ જતાં! નવું નવું લર્નિંગ લાઇસન્સ મળ્યું ત્યારે અમને આશા હતી કે હવે મમ્મીનું સ્કૂટી વાપરવા મળશે, પર અફસોસ, યહ હો ન સકા! કોઈ રીતે અમારે હાથ સ્કૂટીની લક્ઝરી આવે એવો યોગ સર્જાતો જ ન હતો. આવા દુઃખના દિવસોમાં મારી પિતરાઈ બહેન એક આનંદના સમાચાર લાવી.

એ જાણી આવી હતી કે રાજકોટમાં પહેલી વાર એરોબિક્સના ક્લાસીસ થશે અને એ પણ ફ્રીમાં. આમાં ફ્રી શબ્દની નીચે અન્ડરલાઇન સમજજો! યોગના ક્લાસીસમાં ગયા વગર પણ અમને એના વિશે ખબર હતી એમ એરોબિક્સ કિસ ચીડિયા કા નામ હૈ એની પણ અમને ખબર હતી. જાણકાર યૂ નો! આવું અમે જાણી શક્યાં, થૅન્ક્સ ટુ માધુરી. માધુરી દીક્ષિત! માધુરીનાં પ્રેમમાં પાગલ થઈને અમે 'દિલ તો પાગલ હૈ' દસ – પંદર વાર જોયેલી એટલે એ જે કરતી હતી એ કરવા અમે પણ આતુર હતાં અને આમાં તો એક કાંકરે બે પક્ષી મરે એવું હતું...એક તો માધુરી કરે એ એરોબિક્સ અમે ફ્રીમાં કરવાનાં હતાં અને એ માટે અમને સ્કૂટી યોગ પણ સાંપડે એમ હતો.

ક્લાસીસનો સમય હતો સવારે પોણા છથી પોણા સાતનો. આટલી વહેલી તો કઈ બસ આવે અને રિક્ષાય કંઈ રોજ રોજ થોડી કરાય! સવાર સવારમાં મમ્મીને ઑફિસ પણ ન હોય અને રસ્તા પર બહુ ટ્રાફિક પણ ન હોય એટલે અમને સમજાયું કે હવે મમ્મી

તરફથી આવનારા એક પણ બહાનાને અવકાશ નથી એટલે એણે મને સ્કૂટી આપવું જ પડશે... આવું વિચારીને પણ મજા પડતી એટલે પછી કસરત વિશે ઝાઝું ન વિચારતાં મેં તો સ્કૂટીની લાલચે એરોબિક્સ માટે હા પાડી દીધી.

ક્લાસીસમાં વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ મળવાનો હતો એટલે સમય બચાવવા મારી બહેન મને પૂછ્યા વગર જ મારું નામ પણ લખાવી આવી હતી. મારે તો ઘરે બેઠાં ગંગા આવી હોય એવું થયું હતું. અહીં અમારે હાથ સીધી સ્કૂટીની ચાવી નહોતી આવી એ માટે અમારે થોડી મહેનત કરવી પડી હતી! નાનકડી મંત્રણામાં અમે મમ્મી-પપ્પાને જાહેર કર્યું કે એરોબિક્સ માટે સ્કૂટી તો જોઈશે જ! આમાં અમે એટલે હું અને મારું મન સમજજો! ઘરમાં જ પણ હંમેશાં વિપક્ષમાં રહેતા મારા બંને સગા ભાઈઓ મારી વાત સાથે હંમેશની જેમ સહમત ન હતા. એમનું કહેવું હતું કે "સાઇકલ હોય તો પછી સ્કૂટીની શું જરૂર? તારે જો કસરત જ કરવી હોય તો સાઇકલ જ બેસ્ટ છે!" એ લોકો આ વાત મમ્મીને ઠસાવી જ દેત પણ ભલું થજો સવારે પાંચના ટકોરે સ્ટ્રીટ લાઇટ બંધ કરી દેતા એ સમયના રાજકોટ મ્યુનિસિપલ કૉર્પોરેશનના કામઢા અને કરકસરિયા કર્મચારીઓનું! એ પાંચના ટકોરે લાઇટ બંધ ન કરતા હોત તો મને સ્કૂટી ક્યારેય ન મળત! એ અજાણ્યા કર્મઠ, નેકદિલ કર્મચારીઓનો દિલથી આભાર. એમને આટલાં વર્ષે સવિનય જણાવવાનું કે અમે અમારી તમારા પ્રત્યેની લાગણીઓ પ્રદર્શિત કરવામાં મોડાં જરૂર પડ્યાં છીએ પણ અમારી લાગણીઓ જરાયે મોળી નથી પડી! અમે ક્યારેય કહ્યું નથી પણ તમે અમારું થૅન્ક્યૂ સાચા દિલથી છે એમ સમજજો. મમ્મીને શંકામાં ડુબાડતી વિરોધ પક્ષની તમામ દલીલો ટાઇટેનિકની જેમ જ મોટી હતી પણ તોય ડૂબી ગઈ! મોટી અને મજબૂત પાર્ટી સામે અપક્ષ ઉમેદવાર જીતી જાય એવી પરિસ્થિતિ ઊભી થઈ હતી! ન્યાય સામે અન્યાયની હાર થાય એમ તમે સાંભળ્યું હશે પણ મારા કિસ્સામાં સાઇકલના અંધારા સામે સ્કૂટીના અજવાળાનો વિજય થયો! 'ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈ જા...' એ પ્રાર્થના અમે સ્કૂલમાં હતાં ત્યારે ગાતાં પણ એની તાકાત મને એ દિવસે સમજાણી.

આખરે એ દિવસ પણ આવી ગયો જ્યારે અમને એરોબિક્સનો સાક્ષાત્કાર થયો. ફિલ્મમાં લાગે એટલું સહેલું ન હતું પણ મજા આવતી. એ લોકોની એક જ શરત હતી કે તમને ત્રણ મહિનામાં માત્ર ત્રણ વાર જ રજા લેવાની કે મોડું આવવાની છૂટ. કરકસરના ભાગ રૂપે મેં અને મારી પિતરાઈ બહેને વારાફરતી વ્હીકલ લાવવાનું નક્કી કર્યું હતું. એક દિવસ મમ્મીનું સ્કૂટી અને એક દિવસ એનું લ્યુના.

મમ્મીએ એ જ વર્ષે સ્કૂટી લીધેલું એટલે નવું જ હોય અને એમાં કંઈ વાંધો ન જ હોય એ સ્વાભાવિક હતું. પણ એવું લ્યુના માટે ન હતું. અમે સમજણાં થયાં ત્યારથી અમે એને હંમેશાં કોઈને સાથ આપતાં જોયેલું. એનાં રંગ, રૂપ ઝાંખાં થઈ ગયેલાં. ચાલી ચાલીને એની મશીનશક્તિએ ઘણી વાર જવાબ આપી દીધા હતા. એને ચાલુ રસ્તે ઘણી વાર બળવા પણ પોકારેલા છતાં પણ એ મારી બહેનનું સુખદુઃખનું સાથી હતું. એના કોઈ દસ્તાવેજ પણ હાથ નહોતા લાગતા, પણ એટલું તો ચોક્કસ હતું કે એ જ ઇતિહાસનું પહેલું વાહન હશે! ચક્રની શોધ થયા પછી પહેલવહેલા કોઈ ઉત્સાહી જીવે એને દિલથી

બનાવ્યું હશે! એ પછી જ બીજું બધું બન્યું હશે... અમે માનતા કે ગાડાં પણ એના પછી જ બન્યાં હોવાં જોઈએ!

અમારી પાસે હવે બધું હતું ફીમાં કલાસ, લ્યુના અને નવુંનક્કોર સ્કૂટી પણ. અમે હતાં ખડપાટિયા જેવાં એટલે શીખીએ તો ફાયદા કરતાં વધારે નુકસાન થાય એવું હતું, છતાં પણ ક્લાસીસમાં જવાનો અમારો હરખ સાતમા આસમાને હતો.

અમારી સમયસૂચકતા માટે અમને બંનેને પહેલેથી જ બહુ માન. અમે કોઈ દિવસ ક્યાંય મોડાં પડ્યાં હોય એવું અમને બંનેને યાદ નહોતું. પરંતુ લ્યુનાની અસીમ કૃપાથી પહેલા જ અઠવાડિયામાં અમે બે દિવસ મોડાં પડ્યાં! શીખવા માટે તો ત્રણ મહિના હતા પણ હવે મોડા પડવાની અમને છૂટ ન હતી. અમારો સંઘ કાશીએ નહીં પહોંચે એ વિચારીને વિરોધ પક્ષ આનંદમાં હતો. મુલ્લાની દોડ મસ્જિદ સુધી એમ અમારું એરોબિક્સ અઠવાડિયા સુધી–એવું કહેતી વખતે એમનો આનંદ અમે જોઈ શકતાં હતાં. અમને મોડાં પહોંચાડનારને અમે સજા પણ આપી શકતાં ન હતાં એટલે અમે થોડાં વધારે જ વ્યથિત હતાં. અમે નક્કી કરેલું કે અમે ત્રણ મહિના પૂરા કરીને જ જંપીશું!

અમે વિજેતાઓને છાજે એવી પોઝિટિવિટી સાથે અમારા ગંતવ્ય સ્થાન તરફ જવા નીકળતાં! જીત્યા તો અમે કંઈ ન હતાં પણ અમારો આત્મવિશ્વાસ લોખંડ અને સિમેન્ટ કરતાંય મજબૂત હતો! સમયને માત આપવા અમે એનાથી પંદર મિનિટ આગળ ચાલવાનું નક્કી કર્યું અને પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવું થયું!

તે દિવસે અમે હજુ તો અડધે રસ્તેય પહોંચ્યાં ન હતાં ત્યાં જ અમારું ઐતિહાસિક લ્યુના બંધ થઈ ગયું. મારી બહેન એની રગેરગથી વાકેફ એટલે એણે આવડે એવી બધી રીતો અજમાવી જોઈ પણ લ્યુના ટસનું મસ ન થયું! અંધારામાં લ્યુના ચાલુ કરવા મથતાં અમને જોઈને એકલદોકલ રાહદારીએ પણ મદદ માટે એના પગ લંબાવ્યા! બધાંના પગની કઢી થઈ ગઈ પણ લ્યુનાએ કોઈને મચક ન આપી. આ બધી રામાયણમાં અમારો સમય પસાર થઈ ગયો. હવે સમયસર પહોંચવા માટે અમારી પાસે રોકડી સાત મિનિટ હતી!

મારી આશાના મિનારા જમીનદોસ્ત થતા લાગ્યા. હવે સમયસર પહોંચી શકાય એવી કોઈ શક્યતા ન હતી. હું તો હિંમત હારી ગઈ, પણ મારી કઝીન બહુ જ આશાવાદી. એણે લ્યુનાને દોરતાં દોરતાં રસ્તા પર દોડવાનું ચાલુ કર્યું. એને આશા હતી કે આવું કરવાથી લ્યુના ચાલુ થઈ જ જશે. મારી કોઈ જ બડબડ ન સંભળાતાં એણે પાછળ ફરીને જોયું. એને સમજાયું કે પરિસ્થિતિની ગંભીરતા સમજીને એ એકલી જ દોડે છે હું તો મૂર્તિની જેમ ઊભી છું એટલે એણે પાછળ ફરીને જોરથી ચીસ પાડીને મને કહ્યું કે દોડ.....પહોંચી જવાશે...!

વધારે કશું વિચારી શકાય એવી મારી સ્થિતિ ન હતી. એ મારા કરતાં વધારે જાણે છે એટલી મને ખબર અને એ કહે છે તો અમે પહોંચી જ જશું એવા મારા વિશ્વાસે મેં પણ દોડવાનું ચાલુ કર્યું. એ લ્યુના સાથે પણ મારાથી આગળ હતી અને હું એની પાછળ. અમારી એક જ ઝંખના હતી કે અમે દરવાજા બંધ થાય એ પહેલાં પહોંચી જઈએ. દોડતાં

દોડતાં મેં મારી બહેનને સવાલ પણ કર્યો કે "કેવી રીતે પહોંચશું, ટાઇમ તો જો ..." પણ એનો એક જ જવાબ હતો કે "ઊભી ન રહેતી...દોડ પહોંચી જ જાશું".

અમે ગોંધિયા હૉસ્પિટલથી ધારેશ્વર સર્કલ સુધી દોડ્યાં. અમારે સવારે પોણા છ વાગ્યે ત્યાં પહોંચવાનું હતું. બસ, હવે ત્રણ જ મિનિટ જ બાકી હતી. ખબર નહીં શું બ્રહ્મજ્ઞાન થયું કે અમને સમજાયું કે આ મુશ્કેલી સાથે તો મંજિલ પર નહીં જ પહોંચી શકાય એટલે અમે રસ્તે લ્યુના રઝળતું મૂકી દીધું! લોક એમાં હતું નહીં અને કોઈ એને લઈ જાય એવી કોઈ સંભાવના પણ નહોતી! પગે જવાબ આપી દીધો હતો એટલે અમે હાથ ઊંચો કરીને રિક્ષા બોલાવી. રિક્ષાવાળા ભાઈ રસ્તાની બીજી બાજુ હતા. એ ડીવાઇડર પાસેથી વળીને અમારી પાસે આવે એ પહેલાં જ ચમત્કારની જેમ અચાનક જ એક બીજી રિક્ષા અમારી પાસે આવી. સમય બગાડ્યા વગર અમે એ બીજા ભાઈની રિક્ષામાં બેઠાં.. હાંફતા સ્વરે અમે એમને સવાણી હૉલ પહોંચાડવા કહ્યું. અમારી હાલત જોઈને ભાઈ સમજી ગયા હશે કે આ તો ઇમરજન્સીનો કેસ છે!

રિક્ષામાં બેઠા પછી અમને યાદ આવ્યું કે પૈસા તો અમારી પાસે છે નહીં, પણ બચેલી મિનિટમાં રિક્ષાવાળા ભાઈને અમે આજીજીનાં સ્વરે કહ્યું, "ભાઈ આજે તો અમારી પાસે કંઈ પૈસા નથી...પણ કાલે તમને આ ટાઇમે પૈસા આપશું પણ પ્લીઝઝઝઝ આજે જલદી કરો અને અમને પોણા છ પહેલાં પહોંચાડો..."

અજાણ્યા ભાઈએ અમને મદદ કરવા જેટની સ્પીડે રિક્ષા ભગાવી. ભાઈને શું થયું હશે એની ખબર નહીં પણ અમને તો બહુ ગમ્યું. સાવ અજાણ્યા માણસ પર પણ ભરોસો કરી શકાય એ વાત અમે એ દિવસે શીખ્યાં. દુનિયામાં ઘણા સારા માણસો છે એ વિશ્વાસ બેવડાયો. અમે રિક્ષામાંથી ઊતરીએ એ પહેલાં જ ભાઈનો આભાર માની લીધો અને 'કાલે અહીં જ ઊભા રહેજો' કહીને રિક્ષા ઊભી રહી કે રૉકેટની ગતિએ દરવાજા તરફ ભાગ્યાં.

દરવાજા હજુ બંધ થયા ન હતા. અમે ત્રીજી વાર મોડા ન પડ્યાં એ વાતથી અમે બંને ખૂબ ખુશ હતાં. પહોંચ્યા એનો આનંદ હતો કે પહોંચાય એવું નહોતું અને પહોંચી ગયાં એનો આનંદ હતો એ સમજવું અમારા માટે મુશ્કેલ હતું.

આ સામાન્ય લાગતી ઘટનાએ અમને અમારા સર્કલમાં અમર કરી દીધાં! તમને થશે કેવી રીતે? તો થયું એવું કે એ દિવસે અમારી એક કૉમન ફ્રેન્ડે ભળભાંખળે અમને શહેરનાં રાજમાર્ગ પર દોડવીરોને શરમાવે એવી રીતે જુસ્સાપૂર્વક દોડતાં જોઈ લીધાં હતાં! એ સમયે વૉટ્સએપ પણ નહોતાં તોય વાત વાયુવેગે પ્રસરી જ ગઈ! એવું કોઈ બાકી ન હતું જે અમારી આ સિદ્ધિ વિશે ન જાણતું હોય! હજુ પણ શહેરમાં મૅરેથૉન યોજાય ત્યારે મિત્રો ફોન કરી કરીને કન્ફર્મ કરે છે તું ભાગ ન લેવાની હોય તો જ અમે ભાગ લઈએ! પ્રભુની લીલા અપરંપાર છે એવું તો અમારે માનવું જ પડશે, શીખ્યાં ભલે એરોબિક્સ પણ અમારી નામના તો દોડવીર તરીકે જ થઈ...!

■

# વાતવાતમાં

કુમાર જૈમિનિ શાસ્ત્રી

આમ તો એ કંઈ વાતોડિયા નહોતા, પણ કોઈ મળી જાય, તો એટલી બધી વાતો કરવા લાગતા કે શ્રોતા સાંભળતાં થાકી જાય, પણ એમની વાતો ખૂટતી જ નહીં. વાતો કહેતાં કહેતાં કંઈ-કેટલુંય વિષયાંતર થઈ જાય, અસંબદ્ધ અને નિરર્થક વાતો પણ થવા લાગે - એમની વાતો તો અટકે નહીં, બિચારો શ્રોતા થાકી-હારી જાય - ઘણીય વાર શ્રોતાને બગાસાં આવવા લાગે, એનું માથું ભારઝલું થઈ જાય, ઝોકાં આવવા લાગે છતાં વક્તાની વાતો ખૂટે જ નહીં. વારે વારે આંખોનાં પોપચાં બંદ થઈ જાય, ઝોકાં આવવા લાગે છતાં વક્તાની વાતો પૂરી ન થાય, ત્યાં સુધી બિચારો શરમનો માર્યો ઊઠીને જઈ પણ ન શકે.

વક્તા એક બુદ્ધિજીવી હતા. કહે છે કે એ ખૂબ વાંચન-લેખન કર્યા કરે.... એવું પણ ચર્ચાતું કે તેમની અંગત લાઇબ્રેરી પણ ખાસ્સી સમૃદ્ધ. તે તેમની નવરાશનો સમય પુસ્તકોના વાચન અને જાળવણી પાછળ ગાળે. અનેક વિદ્યાપુરુષો અને વિદ્યાવ્યાસંગીઓએ તેમની મુલાકાતો લીધી, ઇન્ટરવ્યૂ લીધા, પ્રસારિત પણ કર્યા.

તેમણે અનેક સંસ્થાઓનાં નિમંત્રણોને માન આપીને તેમણે વિદ્વત્તાપૂર્ણ વ્યાખ્યાનો આપ્યાં. પોતાની વ્યાવસાયિક કારકિર્દી દરમ્યાન અને નિવૃત્તિ બાદ પણ પોતાના લેખકના અને વક્તવ્યોના માધ્યમથી એટલું બધું કહ્યું કે એમનું અંતર-મન પૂરેપૂરું ઠલવાઈ ગયેલું હોવું જોઈએ, આમ છતાં તેમના રંગઢંગ જોતાં એવું લાગે કે એમને હજુ ઘણુંબધું કહેવું છે અને ધીરજપૂર્વક સાંભળી શકે, એવા ખમતીધર શ્રોતાનો તેમને ઇંતેજાર છે.

એવો પણ એક સમય હતો કે જ્યારે આ મહોદયશ્રીની પાસે કોઈની સાથે વાત કરવાનો સમય નહોતો. એમને મળવા માટે ફોન કરીને સમય માગવો પડતો. જો મુલાકાત નક્કી થાય, તો એમાં ચુસ્ત સમયપાલનની અપેક્ષા રાખવામાં આવતી. તેઓશ્રી માપસર જ વાત કરતા, એક એક શબ્દ તોલીતોલીને બોલતા. એમનો એકેએક શબ્દ કીમતી હતો. એટલો કીમતી કે તેમણે ત્રીસ મિનિટ વક્તવ્ય આપવાનું હોય, તો નિયત સમયે તેઓશ્રી કાર્યક્રમના સ્થળે આવે, નિયત સમયે બોલવાનું શરૂ કરે અને બરાબર ત્રીસ જ મિનિટનું વક્તવ્ય આપે. એ અને એમનું વક્તવ્ય બધી રીતે ખાસ્સું મોંઘું પડતું, છતાં આયોજકો તેમને જ વક્તા તરીકે બોલાવતા. એમની પાસે જે તારીખ ખાલી હોય, એ તારીખ મુજબ આયોજકો કાર્યક્રમોની તારીખ નક્કી કરતા. કાર્યક્રમની પત્રિકામાં તેમના નામમાત્રથી શ્રોતાઓ ઊમટી પડતા. દેશવિદેશમાં તેમની ભારે માંગ હતી. યૂટ્યૂબ પર તેમના અગણિત

ફોલોઅર્સ હતા. તેઓશ્રીનું પ્રભાવશાળી વક્તવ્ય સાંભળવા માટે લોકો પડાપડી કરતા, એમના કાર્યક્રમો અખબારોની હેડલાઈન્સ બનતા અને ડિજિટલ મીડિયાના બ્રેકિંગ ન્યૂઝ!

સમસ્ત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દેતી એમની પ્રભાવક વાક્છટાનો જાદુ ક્રમશઃ ઓસરવા લાગ્યો. શરૂઆતમાં તો આયોજકો સમજી જ ન શક્યા કે અચાનક એવું શું થઈ ગયું કે લિજેન્ડ સ્પીકર તરીકે નામાંકિત વક્તાનો જાદુ ઓસરવા લાગ્યો! ધીમે ધીમે લોકોને ખબર પડવા માંડી કે કેટલાક સમયથી વક્તવ્યનો મૂળ વિષય છોડીને તેમણે વિષયાંતર કરવા માંડ્યું હતું. વિષયાંતર થાય પછી એમના વક્તવ્યની ગાડી ડિ-રેલ થઈ જતી. અને એક વખત એવું થયા પછી તે છેક અંત સુધી મૂળ વિષય પર આવી શકતા નહીં. એમને સાંભળવાનો ક્રેઝ ક્રમશઃ ઘટતો ગયો અને સમય જતાં મીડિયાજગત અને આયોજકોએ તેમના તરફથી મોં ફેરવી લીધું!

એમની બદલાયેલી મનઃસ્થિતિથી અજાણ એવા કોઈક આયોજક ભૂલેચૂકે એમને બોલાવી લેતા ત્યારે કાર્યક્રમનો ભારે ફિયાસ્કો થઈ જતો! એક કાળે એકેએક મિનિટ, એકેએક શબ્દ તોલી-તોલીને બોલનારા વક્તા આપેલો સમય પૂરો થઈ ગયા પછી પણ અટકતા નહીં. કાર્યક્રમના અન્ય વક્તાઓને ફાળવેલો સમય પણ ખાઈ જતા. સભાજનો ઊઠીઊઠીને જવા લાગે ત્યારે આયોજક વક્તાશ્રીને એમનો સમય પૂરો થઈ ગયાની ચિઠ્ઠી મોકલે ત્યારે આ વક્તાશ્રી જાહેરમાં પોતાનો રોષ પ્રગટ કરે, ચિઠ્ઠી આપનારને જાહેરમાં ઉતારી પાડે - સભાજનો અને આયોજકો બંનેએ આ કફોડી સ્થિતિને નભાવ્યે જ છૂટકો!

એમની બદલાઈ ગયેલી મનઃસ્થિતિની વાતો ધીરે ધીરે ચોમેર ફરી વળી. એક સમયે સેલિબ્રિટી ગણાતા સન્માનનીય વક્તાશ્રી સાવ નવરા પડી ગયા. બસ ત્યારથી એમનો સ્વભાવ વાતોડિયો થઈ ગયો હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. એમના જીવનની ઉત્તરાવસ્થામાં હવે રડ્યાખડ્યા કોઈક મિત્રો, સગાં-સંબંધીઓ, શુભેચ્છકો અને જૂના ચાહકો પ્રસંગોપાત્ત એમને મળવા આવે છે. એ સૌને વર્ષો પછી આ મહાનુભાવને નજીકથી જોવાનો, નિરાંતે મળવાનો અવસર મળી રહ્યો હતો, એ પણ સાવ વિનામૂલ્યે! મહાનુભાવશ્રીનો સારી રીતે 'ટાઇમ પાસ' થતો હતો તેમ મુલાકાતીઓના 'ટાઇમ પાસ'ની સમસ્યા પણ હલ થઈ જતી હતી!

આ સિલસિલો પણ કંઈ ખાસ લાંબો ચાલ્યો નહીં. વાતવાતમાં વક્તાશ્રી મૂળ મુદ્દો ચૂકી જતા. વિષયાંતર થઈ જતું. મુલાકાતીઓને તેમની સાથે તર્કબદ્ધ અને સૂત્રાત્મક સંવાદ કરવાની લાલસા હતી. તેમને પ્રશ્નોત્તર પણ કરવા હતા. એમને એ જાણવાની ખાસ જિજ્ઞાસા હતી કે વક્તાશ્રીની પ્રતિભા કેવી હતી, તેમની પાસે કેવું, કેટલું અને શેના વિશેનું જ્ઞાન હતું! એ જ્ઞાન તેમને ક્યાંથી અને કેવી રીતે મળ્યું હતું, વગેરે. પણ વક્તાશ્રી એક વખત બોલવાનું શરૂ કરે પછી કોઈ પણ મુલાકાતીને કંઈ પણ બોલવાની તક જ મળતી નહીં. વક્તાશ્રી કલાકો સુધી બોલ્યા કરતા. છેલ્લે ઘરની અંદરથી કોઈક તેમને જમવાનું કે એવું જ કોઈક બહાનું કરીને બોલાવવા આવે, ત્યારે મુલાકાતીનો માંડ છુટકારો થાય. મુલાકાતી ઘેર જવા ઊભા થાય, ત્યારે વક્તાશ્રી એમને વળાવતી વખતે એવું અચૂક કહે કે, આજે આપણે પુષ્કળ વાતો કરી. તમારી સાથે વાતો કરવાની બહુ મઝા આવી.

એવું નહોતું કે વક્તાની વાતો ફક્ત મુલાકાતી જ સાંભળતા હતા. ઘરની અંદરના ભાગમાં રહ્યે રહ્યે તેમનાં ધર્મપત્ની અને સંતાનોને પણ વક્તાશ્રીની તમામ વાતો સંભળાતી જ હતી.

પછી તો એકસાથે બે અનપેક્ષિત ઘટનાઓ બની. વક્તાશ્રીના મુલાકાતીઓની સંખ્યામાં એકાએક ધરખમ ઘટાડો થયો અને તેમને કુટુંબીજનોએ ટોકવાનું શરૂ કર્યું. એમનો સૂર એ હતો કે વક્તાશ્રી દરેક મુલાકાતી સમક્ષ પોતાની કહેવા જેવી અને ન કહેવા જેવી બધી જ વાતો કહી સંભળાવે છે અને એવી બધી વાતોમાં કોઈને કંઈ જ રસ હોતો નથી. જો કે વક્તાશ્રીએ શરૂઆતમાં પરિવારની વાતોને નજરઅંદાજ કરી. પણ સમય જતાં તેમણે એમની વાત પર ધ્યાન આપવું પડ્યું. કારણ કે મુલાકાતીઓની સંખ્યા લગભગ શૂન્ય થઈ ગઈ. એટલે સુધી કે તેમની સાથે ફોનથી વાત કરી લેનારાઓના ફોન આવવાના સદંતર બંધ થઈ ગયા. હજુ રડ્યોખડ્યો કોઈ મુલાકાતી ત્યાં આવી ચડે કે કોઈનો ફોન આવી જાય, ત્યારે વક્તાશ્રી પાછા પૂરેપૂરા ઉત્સાહપૂર્વક તેમની સાથે વાતે વળગી જાય છે. એ વાતોમાં બે જ મુદ્દાઓ હોય છે : (૧) પોતાની મહાનતા અને (૨) અન્યોની અલ્પતા.

અર્શથી ફર્શ પર આવી પડ્યા પછી પણ તેઓશ્રીએ તેમની, સંતાનોની અને ધર્મપત્નીની એમની દૃષ્ટિએ અજોડ ગણાતી સિદ્ધિઓનું જે મળે તેની સામે મહિમાગાન કરવાનું છોડ્યું નહીં – મરતે દમ તક !

યસ, મરતે દમ તક !

આમ તો એ કંઈ વાતોડિયા નહોતા, પણ કોઈ શ્રોતા મળી જાય, તો તે એટલી બધી વાતો કરવા લાગતા કે એમની વાતો ખૂટતી જ નહીં.

એ વક્તાશ્રી તો ગુજરી ગયા. એમના બેસણામાં બેઠાં બેઠાં લોકમુખે આવું બધું ચર્ચાતું મેં સાંભળ્યું હતું. ત્યા વીસેક મિનિટ બેઠા પછી હું ઊભો થયો. તેમની તસવીરને પુષ્પાંજલિ અર્પવા અને તેમના પરિવારને સાંત્વન આપવા. એમનો પુત્ર સ્મરણશેષ પિતાની તસવીરની જોડાજોડ બેઠેલો હતો. મેં તસવીરને પુષ્પાંજલિ અર્પણ કરી, એમના પુત્રને નમસ્કાર કર્યા. પછી તેના ખભે હાથ મૂકીને જસ્ટ ઔપચારિકતા ખાતર જ પૂછ્યું, ‘પિતાજી આમ અચાનક, કેવી રીતે ?’ એનાથી એક ડૂસકું ભરાઈ ગયું. પછી ગળું સાફ કરીને એણે અથેતિ વૃત્તાંત શરૂ કર્યો...

આશરે પંદરેક મિનિટ સુધી હું સૌજન્યપૂર્વક અને ધૈર્યપૂર્વક સાંભળતો રહ્યો. દરમ્યાન બે વખત કાંડાઘડિયાળ ઊંચું કરીને મેં સમય જોઈ લીધો. પણ વક્તાપુત્રે મારી ચેષ્ટાની ખાસ કંઈ નોંધ લીધી હોય એવું લાગ્યું નહીં.

એટલામાં એક ભાઈએ આવીને વક્તાપુત્રને નમસ્કાર કર્યા. તેના ખભે હાથ મૂકી આશ્વાસન આપ્યું. તે એમ જ ચૂપચાપ ચાલી ગયા હોત, તો કિસ્સો કંઈક ઔર થાત. પણ એમણેય અદ્દલ મારી જેમ જ પૂછ્યું, ‘પિતાજી આમ અચાનક જ ? કેવી રીતે ?’ વક્તાપુત્રે એમનો હાથ પકડી લીધો ને મારો હાથ આપોઆપ છૂટી ગયો. ત્યાંથી તત્ક્ષણ ઊભો થઈ હું બહારની તરફ ધસી ગયો.

કુટુંબના વડીલો પાસે મેં સાંભળ્યું હતું કે અશુભ પ્રસંગમાં ગયા હોઈએ તો ત્યાંથી પાછા ફરતી વખતે પાછળ ફરીને જોવું નહીં. પણ શી ખબર કઈ અકળ પ્રેરણાથી મારાથી ફક્ત એક વખત પાછળની તરફ જોવાઈ ગયું, ત્યારે વક્તાપુત્રનો વૃત્તાંત હજુ ચાલી રહ્યો હતો. હાર પહેરીને તસવીરમાં જડાયેલા વક્તાશ્રીની આંખોમાં સંતોષની આભા ઝલકી રહી હતી.

હૉલમાંથી બહાર આવતાં જ રસ્તામાં એક જૂનો મિત્ર મળી ગયો. એમણે મને પૂછ્યું, 'સદ્ગતશ્રી આમ અચાનક જ કેવી રીતે ચાલ્યા ગયા? વક્તાપુત્રના મુખેથી સાંભળેલી વાત મેં તેમને બને એટલા ટૂંકાણમાં જણાવવાનું શરૂ કર્યું. મિત્રે બે-એક વખત કાંડા ઘડિયાળવાળો હાથ ઊંચો કરી ટાઇમ જોવાનો પ્રયત્ન કર્યો. પણ તેમનો એ જ હાથ મેં પકડી રાખ્યો હતો.

અડધા-પોણા કલાકે અમે બંને માંડ છૂટા પડ્યા. જોકે અમારા બંનેમાંથી કોઈએ પણ એક પણ વખત પાછું વળીને જોયું નહોતું.

■

છેલ્લો અખતરો નોંધવા જેવો છે. તે પંદર દિવસ પણ ન ચાલ્યો. સ્ટાર્ચ વિનાના ખોરાકનું સમર્થન કરનારે ઈંડાંની ખૂબ સ્તુતિ કરી હતી, અને ઈંડાં માંસ નથી એમ પુરવાર કર્યું હતું. તે લેવામાં જીવતા જીવને દુઃખ નથી એ તો હતું જ. આ દલીલથી ભોળવાઈ મેં માને આપેલી પ્રતિજ્ઞા છતાં ઈંડાં લીધાં. પણ મારી મૂર્છા ક્ષણિક હતી. પ્રતિજ્ઞાનો નવો અર્થ કરવાનો મને અધિકાર નહોતો. અર્થ તો પ્રતિજ્ઞા દેનારનો જ લેવાય. માંસ ન લેવાની પ્રતિજ્ઞા દેનારી માતાને ઈંડાંનો ખ્યાલ જ ન હોય એમ હું જાણતો હતો. તેથી અમને પ્રતિજ્ઞાના રહસ્યનું ભાન આવતાં જ ઈંડાં છોડ્યાં ને તે અખતરો પણ છોડ્યો.

આ રહસ્ય સૂક્ષ્મ છે ને ધ્યાનમાં રાખવા યોગ્ય છે. વિલાયતમાં માંસની ત્રણ વ્યાખ્યા મેં વાંચેલી. એકમાં માંસ એટલે પશુપક્ષીનું માંસ. તેથી તે વ્યાખ્યાકારો તેનો ત્યાગ કરે, પણ માછલી ખાય, ઈંડાં તો ખાય જ. બીજી વ્યાખ્યા પ્રમાણે જેને સામાન્ય મનુષ્ય જીવ તરીકે જાણે છે તેનો ત્યાગ હોય. એટલે માછલી ત્યાજ્ય, પણ ઈંડાં ગ્રાહ્ય. ત્રીજી વ્યાખ્યામાં સામાન્યપણે મનાતા જીવમાત્ર તેને તેમાંથી ઉત્પન્ન થતી વસ્તુઓનો ત્યાગ. આ વ્યાખ્યા પ્રમાણે ઈંડાંનો અને દૂધનો પણ ત્યાગ બંધનકારક થયો. આમાંની પહેલી વ્યાખ્યાને હું માન્ય ગણું તો માછલી પણ ખવાય. પણ હું સમજી ગયો કે મારે સારુ તો માતુશ્રીની વ્યાખ્યા જ હતી. એટલે જો મારે તેની આગળ લીધેલી પ્રતિજ્ઞાનું પાલન કરવું હોય તો ઈંડાં ન જ લઈ શકાય. તેથી ઈંડાંનો ત્યાગ કર્યો. આ મને વસમું થઈ પડ્યું. કારણ કે, ઝીણવટથી તપાસતાં અન્નાહારની વીશીઓમાં પણ ઈંડાં વાળી ઘણી વસ્તુઓ બનતી હતી એમ માલૂમ પડ્યું. એટલે કે ત્યાં પણ મારે નસીબે, હું ખૂબ માહિતગાર થયો ત્યાં લગી, પીરસનારને પૂછપરછ કરવાપણું રહ્યું હતું. કેમ કે, ઘણાં 'પુડિંગ'માં ને ઘણી 'કેક'માં તો ઈંડાં હોય જ. આથી હું એક રીતે જંજાળમાંથી છૂટ્યો, કેમ કે, થોડી ને તદ્દન સાદી જ વસ્તુ જ લઈ શકતો. બીજી તરફથી જરા આઘાત પહોંચ્યો, કેમ કે જીભે વળગેલી અનેક વસ્તુઓનો ત્યાગ કરવો પડ્યો. પણ એ આઘાત ક્ષણિક હતો. પ્રતિજ્ઞાપાલનનો સ્વચ્છ, સૂક્ષ્મ અને સ્થાયી સ્વાદ મને પેલા ક્ષણિક સ્વાદ કરતાં વધારે પ્રિય લાગ્યો.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

# S સે SBI

ડૉ. જાનકી શાહ

આપણે ત્યાં એક સૂત્ર બહુ ચર્ચાય છે કે; માણસ હોવું ભાગ્યની વાત છે, પણ ભારતીય હોવું એ સૌભાગ્યની વાત છે, પણ આ સૂત્ર હજીય અધૂરું છે. માણસ હોવું ભાગ્ય, ભારતીય હોવું સૌભાગ્ય અને SBIના ગ્રાહક હોવું એ... નહીં તોય SBIને બૅન્કિંગ કરતાંય વધુ સંબંધ તો લંચબ્રેક સાથે છે! થોડી સ્પષ્ટતા જોકે પહેલાં જ કરી દઉં કે, આ લેખ સંપૂર્ણપણે કાલ્પનિક નથી. આનો જીવિત/મૃત વ્યક્તિ/સંસ્થા સાથે સંબંધ છે અને જીવિત/મૃત વ્યક્તિ સાથે સામ્ય માત્ર સંયોગ નથી. જ્યોતીન્દ્ર દવે જો રેલવે મંત્રાલય સાથે બાઝી શકતા હોય તો હું SBI સાથેના મારા દુરાનુભવો વહેંચી જ શકું ને?

વાત બૅન્કની જ કરીએ તો પહેલાં ચાર્જ વિશે સ્પષ્ટતા કરી દઉં. આ લેખના ₹૧૦૦, લેખ પ્રકાશનના ૨% અલગથી, જો તમને સામયિક ૧ થી ૧૫ તારીખની વચ્ચે મળે તો મૂળ કિંમત પર બીજા ૩%, જો તમે પાંચ મિનિટમાં દોઢથી વધારે પાનાં વાંચો તો તેના પર ૪.૫%, જો એક પાનાદીઠ બેથી વધુ વખત હસશો તો ફ્લૅટ ₹૨૫, આ લેખ નજરે ચડે તે રીતે સામયિક મૂકશો તો ૨.૫% તમારે ચૂકવવાના રહેશે. અને હા, તમામ ચુકવણા પર ‘કન્વીનિયન્સ ચાર્જ’ રૂપે જે રૂપિયા લાગે તે ‘ઇનકન્વીનિયન્સ’ બદલ ક્ષમા.

આજથી થોડા વખત પહેલાં એક પ્રવાસમાં આંદામાન-નિકોબાર સેલ્યુલર જેલની મુલાકાતે ગયા હતા. દેશના સ્વાતંત્ર્યવીરોએ ત્યાં કેવી કેવી પીડા વેઠી હશે તે અનુભવી મન ક્ષુબ્ધ થઈ ગયું. પણ, હવે વારેઘડીએ તો એટલે દૂર જવાનું પોસાય નહિ એટલે તેવી પીડા અનુભવવા મેં SBIમાં જવાનું શરૂ કર્યું. સેલ્યુલર જેલમાં અને અહીં અનુભવાતી પીડામાં કોઈ ખાસ ફરક નથી (હા, શહેરની કોઈ હાઇ-ફાઇ બ્રાન્ચ હોય તો વાત અલગ છે!). ત્યાં ભૂખ્યાં-તરસ્યાં ક્રાંતિવીરોને પૂરી રાખતા હતા જ્યારે અહીં ભૂખ્યાં-તરસ્યાં લાઇનમાં ઊભા રહેવાનું હોય છે. ત્યાં ક્રાંતિવીરોને કામ કરવાનો ટાર્ગેટ અપાતો હતો, અહીં કામ ન થવાનો ટાર્ગેટ હોય છે.

“યા હોમ કરીને પડો, ફતેહ છે આગે...” એ નર્મદે જરૂર SBIમાં પોતાનું કામ કરવા જતાં પહેલાં જ કહ્યું હશે. મારે પણ થોડું કામ હોવાથી એક દિવસની નોકરીમાંથી રજા લીધી હતી. રજાના કારણમાં ‘SBI’ લખ્યું હતું તેથી આચાર્યસાહેબે વક્રદૃષ્ટિથી મારી તરફ જોયું અને પૂછ્યું, “કાલે તો આવીશ ને?” અમે બંને ‘SBI દુઃખિયા’ હતાં. હા, તો ઘરે વસિયતનામું મૂકીને હું નીકળી એ બૅન્કમાં જવા માટે કે જેનું સૂત્ર છે - Pure Banking, Nothing Else! જોકે, મને એમાં બે જ શબ્દો દેખાય છે - Pure Nothing. કારણ કે, બ્રાન્ચમાં બૅન્કિંગ ઓછું અને વેઇટિંગ વધુ હોય છે અને સોશિયલ મીડિયા પર ખબર નહિ કયા બે લોકોને બેસાડ્યા છે કે, બૅન્કિંગ સિવાયની દરેક બાબતે

પોસ્ટ કર્યા કરે છે. કોઈ દોડવીર રમતમાં ગોલ્ડમેડલ લાવે તો તેની પોસ્ટ મૂકે છે પણ બૅન્કિંગની ઝડપ વધારવા અંગે વિચારતા નથી.

અમારે અહીં બ્રાન્ચ તરફ જતાં પહેલાં એક મંદિર આવે છે. મને બીજું તો ખબર નથી પણ એટલી ખબર છે કે અહીં આવનાર લોકો શું માંગતા હશે! કોઈ વિન્ટેજ થીમની સ્પર્ધા હોય તેમ અમારા બ્રાન્ચની બહાર જે 'ગાર્ડ' ઊભો રહે છે તેની બંદૂક મને લાગે છે કે 'એનફિલ્ડ રાઇફલ' કરતાં પણ જૂની હશે. તેની બંદૂક એટલી લાંબી છે કે તે ગુનેગારોને કાબૂમાં રાખવા વપરાય છે કે ઊંચાઈ માપવા તે પૂછવાનું મન થઈ જાય. મને અત્યાર સુધી એ સમજાયું નથી કે તે ગાર્ડને સાચે વિશ્વાસ હશે કે તે ગુનેગારોને રોકી લેશે? તે ખભેથી બંદૂક કાઢે, તેને ફાયરની સ્થિતિમાં ગોઠવે અને નિશાન તાકે ત્યાં સુધી લૂંટારાને 'સ્ટેચ્યૂ' કહી રાખ્યું હોય તો જ એનાથી લૂંટ થતી રોકાય. નસીબની બલિહારી જુઓ કે તે ગાર્ડને ગ્રાહકોને સંભાળવાનું જ કામ ભાગે આવે છે. અને નહીં તોય બંદૂકની અણીએ બૅન્ક લૂંટવાના જમાના ગયા. આપણી પાસે ઉદાહરણો ક્યાં ઓછાં છે કે 'નીરવ' શાંતિ રાખીને બૅન્કના પૈસે 'માલ્યામાલ' થયા હોય?

સામાન્યતઃ કોઈ બૅન્કમાં તમે પ્રવેશો એટલે જૂના જમાનામાં રાજા પર પુષ્પવર્ષા થતી હોય એમ ઠંડી હવાની વર્ષા થાય છે. આ ઠંડકથી જ જાણે આપણને બૅન્ક પર વિશ્વાસ થઈ જાય છે. પણ SBIમાં પ્રવેશો એટલે એ સાંત્વનાવાળી 'આહ!'ના બદલે વેદનાવાળી 'આહ...' નીકળે છે. હું તો ત્યાં સુધી કહીશ કે જેને અલગથી કસરત કરવાનો સમય નથી મળતો તેણે SBIમાં જવાનું રાખવું જોઈએ.

અંદર જતાં ડાબે કે જમણે પ્રથમ કાઉન્ટર આવે છે- 'મે આઇ હેલ્પ યૂ?' કે જે ૭૫% સમય ખાલી હોય છે. બની શકે કે, તે રીતે SBI ગ્રાહકોને આત્મનિર્ભર કરવાનો પ્રયાસ કરતી હોય. જે માત્રામાં ત્યાંથી 'હેલ્પ' થાય છે એ જોતાં મને તો લાગે છે કે 'મે આઇ હેલ્પ યૂ?' પ્રિન્ટ કરવાનો ખર્ચ વધારે છે. કારણ કે, 'આ કાઉન્ટર પર જાઓ' કહેવું એ કંઈ હેલ્પ થોડી કહેવાય? કોઈ વાર માણસ બેઠો હોય તો એવો બેઠો હોય કે ખબર જ ન પડે કે તે આપણને શિખવાડે છે કે આપણે તેને શિખવાડીએ છીએ! એના કરતાં વધારે હેલ્પ તો યૂટ્યૂબમાં એક વીડિયો જોવાથી મળી જાય છે. એમાંય તેના પ્રશ્નો એવા હોય છે કે તે ડેસ્ક માટે 'મે આઇ ઇરિટેટ યૂ?' શીર્ષક વધુ યોગ્ય લાગે!

હવે થાય છે એક રમતની શરૂઆત! અહીં આપણે એવી રમત રમવાની છે જેમાં આપણો દાવ ક્યારેય આવવાનો નથી. જે રીતે મ્યુઝિયમમાં અહીંથી ત્યાં ફરીએ છીએ તેમ અહીં, અહીંથી તહીં મોકલવામાં આવે છે. મને તો લાગે છે કે સાંજે NDTLની સાથે તે સ્કોર પણ ગણતા હશે કે કોણે કેટલા ગ્રાહકને બીજા ટેબલ પર મોકલ્યા! આમાં, જેનું ખરાબ પ્રદર્શન થતું હશે તેનું ઇન્ક્રીમેન્ટ અટકાવી દેવાતું હશે. ભારતમાં ખો-ખો રમવાનું સૌથી યોગ્ય સ્થળ તો SBI જ છે. SBIએ ખો-ખોની સ્પૉન્સરશિપ લેવી જોઈએ. ઘણી વાર તો હું સામેથી જ પૂછી લઉં છું કે, ચાર નંબરના ટેબલ પર જાઉં? આમાં જાણે તે કર્મચારીને તેજોવધ થયો હોય તેમ લાગે છે.

આ બ્રાન્ચમાં એક 'કર્મચારી' એવો છે કે મહિનામાં પંદર દિવસ 'સીક લીવ' પર હોય છે. હા, સાચે જ! અને તેનું નામ છે મિ. પ્રિન્ટર. મહિનામાં પંદર દિવસ તો તે ગેરહાજર જ હોય તેથી પાસબુક(નાસી) પાસબુક થઈને ઘરે પાછી આવે છે. તો વળી

ઘણો સમય અન્ય એક કર્મચારી પણ 'ડાઉન' હોય છે- મિસ. કનેક્ટિવિટી! કોઈએ જરા ધ્યાન આપવાની જરૂર છે કે આ મિ. પ્રિન્ટર અને મિસ. કનેક્ટિવિટી... ચાલો, ચાલો, કોઈના અંગત જીવનમાં માથું નથી મારવું. આપણે સમાજ થોડાં છીએ? પણ આશ્ચર્ય એ વાતનું છે કે પેલું નોટ ગણતું મશીન ક્યારેય રજા પર નથી હોતું. મને પૂરો વિશ્વાસ છે કે SBIની લાઇનમાં આગળ વધતી વખતે જ રિચાર્ડ ઝીગમંડી/Richard Zsigmondyએ નૅનોમીટર નામનો એકમ શોધ્યો હશે! જે રીતે કામ થાય છે, મને તો લાગે છે કે SBIના કર્મચારીઓએ 'જલદી કા કામ, શેતાન કા કામ' કહેવતને વધુ જ ગંભીરતાથી લઈ લીધી છે.

આટલું ઓછું હોય તેમ SBIના ગ્રાહક સેવા નંબરને તો 'વર્લ્ડ્સ બેસ્ટ કસ્ટમર સર્વિસ'નો ઍવૉર્ડ મળવો જોઈએ. ક્યારેય જીવનમાં એવા દિવસો આવ્યા છે કે તમારે SBIના ગ્રાહક સેવા નંબરમાં ફોન કરવો પડ્યો હોય? મને તો એ નથી સમજાતું કે ત્યાં બેઠેલા લોકો સાચે જ 'હોમો સેપિયન્સ સેપિયન્સ' જ છે ને કે પછી SBI તરફથી એક મજાક છે? તમે દુનિયાનો ગમે તે સવાલ પૂછો, ૯૦% કિસ્સામાં જવાબ એક જ હોય, બ્રાન્ચમાં જઈને પૂછો. તો પછી, ત્યાં માણસને બેસાડવાની જરૂર જ ક્યાં છે? કૅસેટ મૂકી દો... આપણો સમય ને તેમના પૈસા બચશે. મને એમ થાય છે કે હું બ્રાન્ચનું સરનામું પૂછું તો એ તો કહેશે કે પછી એ પૂછવા પણ મારે બ્રાન્ચમાં જવું પડશે?

વચ્ચે સાંભળવામાં આવ્યું હતું કે, ગ્લોબલ ફાઇનાન્સ મૅગેઝિને SBIને વિશ્વની સૌથી શ્રેષ્ઠ કન્ઝ્યુમર બૅન્કનો ઍવૉર્ડ આપ્યો હતો. આ સમાચાર પચાવવા માટે મારે ઇનો લેવી પડી. શ્રેષ્ઠ બૅન્ક? અને તે પણ વિશ્વની? આખા ગામડામાં એક જ બૅન્ક હોય તોપણ SBI બીજા નંબરે આવે તે બૅન્ક વિશ્વમાં પ્રથમ? મને કોઈ આવીને કહે કે મેં ડાયનોસૉર જોયો તો માની લઉં પણ આ... અને મારે હવે તે મૅગેઝિનના વડાને મળવું છે અને કહેવું છે કે એક વાર પધારો ગુજરાતના ટીઅર ૨ કે ૩ શહેરની કોઈ SBI બ્રાન્ચમાં. આવા સમાચારો મને ન્યાય પરથી વિશ્વાસ ઉઠાવી દે છે. હવે કોઈ એમ ન કહે કે દેશની નાગરિક થઈને દેશની બૅન્કનું ખરાબ બોલે છે? પ્રથમ તો કાળાને કાળા કહી શકાય તે માટે આઝાદ થયા પછી બે વર્ષ જેવો સમય લઈને બંધારણ બન્યું છે અને બીજું કે જે દેશની સૌથી મોટી બૅન્ક આજની તારીખે પણ ઑનલાઇન એકાઉન્ટ ખોલાવવા માટે પણ બ્રાન્ચ બોલાવતી હોય (યોનોના અંતિમ તબક્કા માટે છેલ્લી જાણકારી પ્રમાણે બ્રાન્ચ જવું પડતું હોય છે) તે બૅન્કનું સારું બોલવા માટે બહુ ઊંચા પ્રકારના આંધળા હોવું પડે.

SBI એ બૅન્ક છે જે પેન બાંધી રાખે છે અને તેની જ ઉપર વિશ્વાસને લગતું સૂત્ર હોય છે, એક નાના કામ માટે પણ દસ પાનનાં ફૉર્મ ભરાવી કાગળ બચાવવાની સલાહ આપે છે. પ્રૉફિટેબલ બનવા માટે ન જાણે કેવા કેવા ચાર્જ લાગુ કરીને ના કામના કસ્ટમર કેરને પોષે છે, સલામતી માટે એટલા ચિંતિત કે ૨૦૨૫ સુધી યોનોમાં ફિંગરપ્રિન્ટ લોગઈન નહિ પણ કસ્ટમર કેર પર નામ સાંભળીને (તે વેરિફાય કર્યા વગર જ) વટાણા વેરી દેવામાં નિષ્ણાત છે. વર્કલોડ, વર્કકલ્ચર, વર્કપ્લેસ જેવા શબ્દોમાં વર્ક ક્યાં છે તે શોધવા જવું પડે સ્થિતિ તેવી છે!

આખા લેખનો ટૂંકસાર કહું તો, SBI એ બૅન્કોની 'ઍર ઇન્ડિયા' છે. SBI વિશે આટલું લખ્યા પછી એ પણ કહી દઉં કે SBIને એમ લાગે કે તેની સાચી છબી બહાર આવી ગઈ છે તો હું આ લેખ પરત લેવા પણ તૈયાર છું, પણ માનહાનિના પૈસા સીધા ખાતામાંથી ન કાપી લેતા! ■

## ચર્ચાપત્ર

પ્રતિ,

**રઘુવીર ચૌધરી, રમેશ ર. દવે અને કિરીટ દૂધાત,**

અમદાવાદ.

સાહેબશ્રીઓ,

એક હકીકતદોષ તરફ આપનું અને ગુજરાતી સાહિત્યના સૌ રસિકો-અભ્યાસીઓનું ધ્યાન દોરવા માટે આ જાહેરપત્ર લખી રહ્યો છું.

પ્રો. નિરંજન ભગત વિશે લખાયેલા પ્રાસંગિક લેખો અને વિવેચનલેખોનું ૨૦૨૦માં ગુર્જર પ્રકાશને ચયન-સંકલન પુસ્તક તૈયાર કર્યું છે, જેના ચયનકર્તાઓ આપ ત્રણ વિદ્વાનો છો, અને નામ છે, 'કાળની કેડીએ આપણો ઘડીક સંગ'. તેમાં છાપેલા લેખ 'નિર્ભય અને નિર્ભેળ કવિને નર્મદ સુવર્ણચંદ્રક'ના લેખક તરીકે નામ ભોગીલાલ ગાંધી છાપ્યું છે. આ હકીકત દોષ છે, ખરેખરા લેખક ચુનીલાલ મડિયા છે. આ લેખ મૂળમાં અમદાવાદના 'સંદેશ' અખબારમાં 'સાહિત્ય-સંગમ' કૉલમમાં છપાયો હતો. મડિયા ૧૯૫૮ થી ૧૯૬૮ સુધી (મરણ સુધી) આ કૉલમ લખતા હતા, દર શુક્રવારે. મડિયાએ આ લેખમાં લખેલું એક વાક્ય ટાંકું છું : "આ અખબારનો આ સાહિત્ય વિભાગ તેઓ યશસ્વી રીતે ચલાવી ચૂક્યા છે." અહીં અખબાર શબ્દમાં 'સંદેશ'નો, સાહિત્યવિભાગ શબ્દમાં 'સાહિત્ય-સંગમ' કૉલમનો અને 'તેઓ' શબ્દમાં નિરંજન ભગતનો નિર્દેશ છે. હકીકત છે કે 'સંદેશ'ના માલિક ચીમનભાઈ પટેલે મડિયાને આ કૉલમનો હવાલો આપ્યો તે અગાઉ પ્રો. ભગત આ જ કૉલમમાં વિવેચનલેખો લખતા હતા.

વળી, લેખના લેખકે નિર્દેશ કર્યો છે કે પોતે મુંબઈ રહે છે. હકીકત છે કે ભોગીલાલ ગાંધી મુંબઈ નહોતા રહેતા, મડિયા મુંબઈ રહેતા હતા.

૨૦૦૪માં મેં (અમિતાભ મડિયાએ) ચુનીલાલ મડિયાના કેટલાક પ્રાસંગિક લેખો અને વિવેચન લેખોનું ચયન-સંકલન પુસ્તક 'મડિયાના મુલકમાં' તૈયાર કરેલું અને એ જ વર્ષે નવભારત સાહિત્ય મંદિરે પ્રકાશિત કરેલું. તેમાં મેં આ લેખ સમાવ્યો છે.

વેચાયા વિના રહેલી આ પુસ્તકની નકલોમાં સ્ટીકર વડે લેખકનું નામ સુધારશો તથા આગામી પુનર્મુદ્રણમાં પણ લેખકનું નામ સુધારશો.

– આપનો ભવદીય,

**અમિતાભ મડિયા**

૨૩, કામેશ્વર ટ્વીન્સ, સેટેલાઇટ,
અમદાવાદ.

સેલફોન : ૯૯૭૯૮૮૨૮૬૦

■

# ઈન્ટરનેશનલ ફકીરો અને ડૉલર : દે ડાટા કે નામ

કિરીટ દૂધાત

હમણા યુ.પી.એસ.સી. પરીક્ષાની તૈયારી કરાવતી એક સેવાકીય સંસ્થામાં પ્રવેશ માટે ઉમેદવારોના ઈન્ટરવ્યૂ લીધા. એક ઉમેદવારને ટકોર કરતાં મેં સૂચવ્યું કે એ છાપાંમાંથી તંત્રીલેખ વાંચે. તો ઉમેદવારે સામું પૂછ્યું કે છાપામાં તંત્રીલેખ કઈ જગાએ આવે! આવું જ આપણા કલમવીરોનું છે. મોટા ભાગના મિત્રોને ગમા–અણગમા હોય છે પણ કોઈ વિચારધારાનો સંસ્પર્શ હોય એવું ન લાગે. પ્રકાશ ન. શાહ એક સાહિત્યકાર વિશે કહેતા કે કવિએ જાણીજોઈને પોતાની ચેતના કુંવારી રાખી છે. સોશિયલ મીડિયામાં પણ આવા ગમા-અણગમાનો ધોધ વહે છે. હાલ આખું સોશિયલ મીડિયા અમેરિકા તરફી વિરુદ્ધ ઈરાન તરફી છાવણીઓમાં વહેંચાઈ ગયું છે. 'કિંતુ પરંતુ'નામના પોડકાસ્ટમાં હમણાં શીબા અસલમ ફહેમી નામના પોડકાસ્ટર એક NRI રુચિ ભારતીનો ઈન્ટરવ્યૂ લેતાં હતાં એમાં બંને બહેનો ભારતમાં આટલું આટલું ખરાબ અને ઑસ્ટ્રેલિયામાં આટલું આટલું આટલું ઉત્તમ એવી વાતોમાંથી ફંટાઈને ઈરાનની ભવ્ય સંસ્કૃતિના વખાણમાં એટલાં વહી ગયાં કે ૪૫મી મિનિટ સુધી આવતાં ફહેમીબાનુ બોલી ઊઠ્યાં કે આહા! ઈરાનમાં તો ગટરનાં ઢાંકણાં પણ કલાત્મક હોય છે! જાણે નવું ટૂરિસ્ટ સ્પોટ શોધી ના કાઢ્યું હોય! –Why Does India Look More Broken From Abroad Than Proud Indians Admit – Ruchi Bharti – સાર એ કે પ્રાજ્ઞો વખાણ અને ટીકા કરવામાં પ્રમાણભાન ગુમાવી બેસે છે. ટી.વી. ચૅનલો પર એંકરો બાંબરડા નાખે છે ત્યારે આવાં પોડકાસ્ટરો ધીમા અવાજે બોલીને પોતે વધુ સમજદાર અને તટસ્થ હોવાની છાપ ઊભી કરે છે. આવા વાતાવરણમાં રાજકીય અને ખાસ કરીને આર્થિક ક્ષેત્રે ભારત, વિશ્વ કઈ દિશામાં જઈ રહ્યાં છે એવી તટસ્થ વાતો કરનારી ગણીગાંઠી હસ્તીઓમાં હું રુચિર શર્માને મૂકું. એમનો ધંધો રોકાણકારોને સલાહ આપવાનો છે, પણ એ છેલ્લાં પાંત્રીસ વરસથી ભારતમાં રાજ્ય વિધાનસભાની ચૂંટણીઓ વેળા પોતાની ટીમ લઈને અમેરિકામાંથી ભારત આવીને પંદર વીસ દિવસ સુધી અંતરિયાળ વિસ્તારમાં ફરે છે. એમનું કહેવું છે કે બદલાતા ભારતની નાડ પારખવી હોય તો ચૂંટણીથી વધારે કોઈ યોગ્ય સમય નથી. આવા અનુભવો પર એમણે 'Democracy on the Road' નામનું પુસ્તક પણ લખ્યું છે. આ પુસ્તક ૨૦૧૯ સુધીનો સમય કવર કરે છે, પણ હમણાં ૨૦૨૬ની પશ્ચિમ બંગાળની ચૂંટણી સમયે એ આવ્યા અને એ વિશે તેમજ વિશ્વના વર્તમાન અને ભવિષ્ય વિશે પોતાનાં અવલોકનો એક્સપ્રેસ અડ્ડામાં વહેંચ્યાં. આખો ઈન્ટરવ્યૂ પોણા બે કલાક જેટલો લાંબો છે.- Ruchir Sharma Interview: Oil Shock, Debt, AI & The

Future of Global Economy | Express Adda - અહીં અત્યંત સંક્ષિપ્તમાં એના મુખ્ય મુદ્દાઓ રજૂ કર્યા છે. છતાં ઘણું છૂટી ગયું છે. આ મહિને સંપાદકીય સહેજ અલગ છે.

૧. બંગાળ અને પંજાબ ભારતનાં સૌથી નબળી માથાદીઠ આવકવાળાં રાજ્ય છે. અમેરિકામાં ધનવાન અને ગરીબ રાજ્યો વચ્ચેના તફાવત બેથી ત્રણ ટકાનો છે, જ્યારે ભારતમાં બિહાર, પશ્ચિમ બંગાળ અને તામિલનાડુ અને આંધ્રપ્રદેશ જેવાં રાજ્યોમાં વચ્ચે તફાવત પાંચથી છ ગણો છે જ્યારે તેલંગાણા, કર્ણાટક અને તમિલનાડુ આગળ પડતાં રાજ્યો છે. એટલે આજે એક ભારતમાં અનેક ભારત સમાયેલા છે. જોકે એક માત્ર વિકાસને મુદ્દે ચૂંટણી જીતવી અશક્ય છે. ચૂંટણી જિતાડનારાં પાંચ-છ પરિબળો પૈકી વિકાસ એક મુદ્દો છે.

૨. એક પ્રશ્ન મને વારંવાર પૂછવામાં આવે છે તે આપણે ચીન, દક્ષિણ કોરિયા કે તાઇવાન જેવી પ્રગતિ કેમ કરી શકતા નથી? તો ચીન ઘાતક મૂડીવાદનો અખતરો કરીને આ સ્થિતિએ પહોંચ્યું છે. હું તમને એક જ દાખલો આપું કે ૧૯૯૦ના દાયકામાં ચીને નવ કરોડ લોકોની છટણી કરી અને બદલામાં કોઈ સરકારી સહાય આપી નહીં. આપણા દેશમાં એવું બને છે કે ચૂંટણી આવે ત્યારે સહાય સીધી મતદારના ખાતામાં જમા કરાવી દેવામાં આવે છે. આથી ફંડના પ્રશ્નો ઊભા થાય છે. મને બિહારમાં કૉન્ટ્રાક્ટરોએ જણાવ્યું કે આને લીધે પોતાનાં બિલો મંજૂર થતાં અટકી ગયા છે. એટલે કે સબસિડી ચાલુ રાખવી હોય તો ૮ થી ૯ ટકાના દરે પ્રગતિ શક્ય નથી. સબસિડી આપો તો ચીનની જેમ દસથી અગિયાર ટકા વિકાસ કરવાનું સપનું છોડવું પડે.

૩. ભારતમાંથી વિદેશી રોકાણકારો પોતાની સંપત્તિ લઈને હિજરત કરી ગયા. કારણ કે વિદેશી રોકાણોનો આધાર અત્યારે વિશ્વમાં AIમાં તમે કેવી પ્રગતિ કરી રહ્યા છો એના પર છે અને ભારત AIની બસ ચૂકી ગયું છે. AI વિશે દુનિયાનું આ વલણ યોગ્ય છે કે નહીં એ વિષય નથી, પરંતુ આ વરવી વાસ્તવિકતા છે. અત્યારે ભારત R&Dમાં(સંશોધન) કેટલા પૈસા ખર્ચે છે ? કુલ GDPના ૦.૬ ટકા જ્યારે કોરિયા અને તાઈવાન ૬% ખર્ચે છે. દુનિયામાં R&Dમાં સૌથી વધારે ખર્ચો અમેરિકા નહીં, પણ ઇઝરાયલ કરે છે, જોકે અમેરિકા પણ ત્રણ-ચાર ટકા ખર્ચે છે. એવી સરખામણીમાં સામે ભારતનું રોકાણ બહુ નગણ્ય છે. આપણે ITમાં પણ શું કર્યું? એક જગ્યાએથી સસ્તા ભાવે ટૅકનૉલૉજી લઈ અને બીજી જગ્યાએ થોડો નફો કરીને વેચી દીધી પણ R&D ન કર્યું. અને અમેરિકામાં AI ક્ષેત્રે થયેલા ભારે રોકાણને કારણે ટ્રંપ અને અમેરિકા યુદ્ધખોરી કરવા છતાં દર વખતે છટકી જાય છે, કારણ કે તમે આખો દિવસ અમેરિકાને ગાળો આપો છો પણ રાત્રે એ દેશમાં રોકાણ કરો છો. તમને ખબર છે કે ગયા વર્ષે અમેરિકામાં કેટલું વિદેશી મૂડીરોકાણ આવ્યું ? ૧૫,૨૫,૪૭,૩૬,૦૦,૦૦,૦૦૦ રૂપિયા! (આ સામે ભારતમાં ૮૧,૪૦,૦૦,૦૦,૦૦,૦૦૦ રૂપિયા આવ્યું, પાંચ ટકા!) AIની સ્પર્ધામાં આમાંથી ખાંટનારા ફક્ત ચાર દેશ છે. એક ઉદાહરણ આપું તો દક્ષિણ કોરિયાની સેમસંગ કંપની AIમાં રોકાણ કરવાથી Nvidiaને બાદ કરતાં કોઈ પણ અમેરિકી કંપની કરતાં આગળ નીકળી ગઈ છે.

૪. અમેરિકાની વાતો થઈ પણ ખરો રસનો વિષય તો ચીન હોવો જોઈએ, કેમ કે અત્યારે આખી દુનિયા અમેરિકાએ છેડેલા યુદ્ધ નીચે કચડાઈ રહી છે અને અમેરિકનોને મન તો આ યુદ્ધ એટલે ટીવી ઉપર ચાલતું યુદ્ધ છે જેમાં ક્વચિત્ પેટ્રોલના ભાવ વધ્યા છે તે સિવાય સામાન્ય અમેરિકનને કશી પડી નથી. પણ અમેરિકન નીતિથી વિશ્વમાં નેતાગીરીનો શૂન્યાવકાશ ઊભો થયો છે. ચીન ધારે તો એ જગા ભરી શકે એવું બધા કહે છે પણ હું માનું છું કે ચીન એવું નહીં કરે. કારણ કે ચીન પોતાને નિકાસ કેન્દ્રીય અર્થવ્યવસ્થા તરીકે જુએ છે. (એટલે કે અદ્યતન ટેક્નૉલૉજીનો ઉપયોગથી બનાવેલો માલ ખૂબ જ સસ્તા ભાવે વેચીને નફો કમાવ. બીજી કોઈ લેવાદેવા નહીં.) એવું બનતું હોય છે કે દર ૪૦૦-૫૦૦ વરસે એક દેશ અચાનક મહત્ત્વ ધારણ કરી લે છે જેનું ચલણ પણ મજબૂત બને. આ પહેલાં ઇંગ્લૅન્ડનો પાઉન્ડ હતો, તે અગાઉ ફ્રાન્સનો ફ્રેન્ક હતો. હાલ ડૉલર છે. આ બધા દેશોનું મહત્ત્વ ૩૦૦-૪૦૦ વર્ષે પૂરું થઈ જતું પરંતુ અમેરિકાનું મહત્ત્વ વર્ષો સુધી ચાલ્યું આવે છે જેનાથી ડૉલર મજબૂત બની રહ્યો છે. એટલે જ અમેરિકા આવી યુદ્ધખોરી આચરે છે અને એકહથ્થુ ડૉલરના આધારે તે એની સજામાંથી છટકી જાય છે. આ પ્રભુત્વ જેટલું લાંબું ચાલશે તેટલું દુનિયાને વધુ નુકસાન કરશે. ચીનનો વિકાસ મોટા પાયે દેવું કરીને સિસ્ટમમાં લખખૂટ પૈસા ઠાલવીને કરવામાં આવી રહ્યો છે. તેથી ચીનને ડર છે કે અત્યારે યુઆનનું ચલણ ચીન સરકારની મુઠ્ઠીમાં છે એ છુટ્ટો મૂકી દઈએ તો એનો વિનિમયદર નક્કી કરવાની સત્તા દુનિયાના હાથમાં જતી રહે.

૫. ભાજપ વિશે હાલમાં આપણે જે પાઠ શીખ્યા તે એ કે એણે આપણી ધારણા કરતાં ટકી રહેવાની શક્તિ વધારે બતાવી છે, જ્યારે ૨૦૨૪માં મોદીને આંચકો લાગ્યો, ઘણી ચર્ચાઓ ચાલેલી કે ભાજપ કેવી રીતે એક પછી એક રાજ્ય હારતો જશે. પણ આપણે જોયું કે કેવી રીતે એનું સંગઠન સક્રિય થયું ને રાજ્યની ચૂંટણીઓ જીતવામાં સફળ રહ્યા. તેથી, ભારતનો પ્રશ્ન છે ત્યાં સુધી હંમેશાં મને ખટકે છે જે ભાજપને એટલી શક્તિશાળી બનાવે છે કે 'જમણેરી' વિચારધારામાં કોઈ સ્પર્ધા નથી. જમણેરી વિચારધારા ધરાવે છે તેની પાસે એક જ પક્ષ છે જ્યારે બીજી બાજુ એટલી બધી સ્પર્ધા છે કે ત્યાં મતો વહેંચાઈ જાય છે. તમે કહેવાતા મુસ્લિમ વોટને પણ જુઓ, ભલે દરેક રાજ્યમાં કોઈ ને કોઈ પાસે મુસ્લિમ વોટ હોય પરંતુ ત્યાં પણ તેઓ ISF કે AIMIM જેવા બળવાખોરો સામે લડી રહ્યા છે, મતો કાપી રહ્યા છે. ભાજપ વિરુદ્ધ કોઈ સ્પર્ધા નથી એ ભાજપને આટલું એકહથ્થુ બનાવે છે. જ્યારે બીજી બાજુ એકબીજા સાથે સ્પર્ધા છે. આ જ કારણ છે કે આ દેશ એક પક્ષના પ્રભુત્વવાળો બની રહ્યો છે. ભલેને તેનો સંયુક્ત વોટ શૅર અથવા ભાજપનો એકલો વોટ શૅર ક્યારેય ૫૦%થી વધુ ન હોય, પરંતુ તેમની પાસે કોઈ સ્પર્ધા નથી. બીજી બાજુ ૬૦-૭૦% મતો ત્રણ-ચાર પક્ષોમાં વહેંચાયેલા છે. આમાં કોંગ્રેસનું ભવિષ્ય શું છે? તે પ્રાદેશિક પક્ષો સાથે લડતા રહેશે. સૌથી રસપ્રદ ચૂંટણી ૨૦૨૭ના વર્ષે ઉત્તરપ્રદેશમાં હશે. કારણ કે તે ચૂંટણી પછી વડાપ્રધાનના ઉત્તરાધિકારી વિશે ચર્ચા શરૂ થશે કે ૨૦૨૯માં વડાપ્રધાનનો ચહેરો કોણ હશે?

આવા ઘણા રસપ્રદ મુદ્દાઓ આ ઇન્ટરવ્યૂમાં છે પણ સ્થળસંકોચને કારણે આટલેથી અટકીએ.

* શીર્ષક, ફિલ્મ 'આંખે'( ૧૯૬૮)ના હાસ્યગીતની છેડછાડ બદલ સાહિર લુધિયાનવીજીની ક્ષમા સાથે.

■

# સાભાર–સ્વીકાર

- **કવિતા :**

**મનદર્પણ :** સ્નેહલ પટેલ, ડૉ. આશા પટેલ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૫, ક્રાઉન, પૃ. ૧૬૨, રૂ. ૪૫૦. સ્નેહલ પટેલની ૫૯ અને ડૉ. આશા પટેલની ૧૮ એમ કુલ ૭૭ કવિતાનો સગ્રહ. • **કહેવતોને કાવ્યના વાધા :** સ્નેહલ પટેલ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૨, ડે. પૃ. ૧૦૮, રૂ. ૧૩૫. ૧૦૮ કહેવત કાવ્યનો સંગ્રહ. • **મેરી પરછાઈ :** સ્નેહલ પટેલ, ડૉ. આશા પટેલ, ૨૦૨૫, ક્રાઉન, પૃ. ૧૭૬, રૂ. ૫૦૦. હિન્દી કાવ્યસંગ્રહ. • **તંનૂર :** નરેન્દ્ર વેગડા, ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન અમદાવાદ. ૨૦૨૬, ડે. પૃ. ૧૧૨, રૂ. ૧૦૦. ૭૨ કાવ્યોનો સંગ્રહ. • **વાદળ બન્યું છે મન :** ભાર્ગવી પંડ્યા, ઝેન ઓપ્સ, ૨૦૨૬. ડે. પૃ. ૭૮, રૂ. ૧૭૫. ૭૭ ગઝલોનો સંગ્રહ.

- **વાર્તાસંગ્રહ :**

**સુગંધનું સરનામુ :** નિર્ઝરી મહેતા, કુસુમ પ્રકાશન, ૨૦૨૫. ડે. પૃ. ૧૮૪, રૂ. ૨૯૦. ૭૬ વાર્તાઓનો (લાઘવિકા, લઘુકથા અને વાર્તાઓનો) સંગ્રહ. • **પાણીની જાત :** અરવિંદ રાય, વિજયા ગ્રાફિક્સ, ૨૦૨૪, ડે. પૃ. ૯૭, રૂ. ૨૨૫. ૧૮ વાર્તાઓનો સંગ્રહ.

- **નવલકથા :**

**રે જિંદગી...!,** અરવિંદ રાય. બાલ વિનોદ પ્રકાશન, ૨૦૧૯. ડે. પૃ. ૭૬, રૂ. ૧૦૦. લઘુનવલ. • ઉમાકુમારીઃ અરવિંદરાય, વિજયા ગ્રાફિક્સ ઍન્ડ પબ્લિકેશન, ૨૦૨૩, ડે. પૃ. ૧૦૭, રૂ. ૨૨૫. નવલકથા. • **સ્ટ્રિપ :** જયેશ પારેખ, શબ્દસેતુ પ્રકાશન, ૨૦૨૬. ડે. પૃ. ૨૫૬, રૂ. ૫૫૦. નારીજીવનની સંવેદના રજૂ કરતી નવલકથા.

- **જીવનચરિત્ર :**

**હસમુખનો છું હ :** અભિલાષ મઢીવાળા – જાગૃતિ ત્રિવેદી, અમોલ પ્રકાશન, ૨૦૨૬, ડબલ ડે., પૃ. ૪૧૧. રૂ. ૫૦૦. હસમુખ મઢીવાળાની જીવનગાથા. • **મધ્યાહ્ને આથમેલો સૂરજ :** પ્રફુલ્લ રાવલ, ક્રાઉન. પૃ. ૧૮૦. રૂ. ૫૦૦. મણિશંકર રત્નજી ભટ્ટ 'કાન્ત'નું જીવનચરિત્ર.

- **નિબંધસંગ્રહો :**

**દેશ–વિદેશી – નારી પ્રતિભાઓ :** રમેશ પટેલ, બાબુલાલ ડી. સોલંકી, 'શાબ્દિ' કુસુમ પ્રકાશન અમદાવાદ. ૨૦૨૫. ડે. પૃ. ૯૨. રૂ. ૧૫૦. જીવનચરિત્રો. • **અવિસ્મરણીય છબીઓ :** દોસ્તભાઈ બલોચ ગાયત્રી પ્રિન્ટિંગ પ્રેસ ભાવનગર, ૨૦૨૫. ડે. પૃ.

૧૩૯. રૂ. ૨૦૦. ૧૮ ચરિત્રનિબંધોનો સંગ્રહ. • **હે ભારત :** અરવિંદ રાય, વિજયા ગ્રાફિક્સ ઍન્ડ પબ્લિકેશન, ૨૦૨૨, ડે. પૃ. ૮૦. ૧૬૦. આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી ટાણે. • **નિસર્ગનાદ :** અશોક મશરૂ. ઝેન ઓપ્સ, ૨૦૨૬. ડે. પૃ. ૧૩૮, રૂ ૪૭૫. ૩૦ પ્રકૃતિનિબંધોનો સંગ્રહ.

- **લેખસંગ્રહ :**

**આનંદની અટારીએથી :** અભિલાષ મઢીવાળા, અમોલ પ્રકાશન, અમદાવાદ. ૨૦૨૬. ડે. પૃ. ૧૦૫. રૂ.૧૫૦. ૨૪ લેખોનો સંગ્રહ. • **માનવ+એ.આઈ. = માનવ રોબૉટ :** ડૉ. બેન્જામિન સુવાર્તિક. અવનિકા પ્રકાશન, ૨૦૨૬. ડે. પૃ. ૧૩૬, રૂ. ૨૩૫. માનવરોબૉટ વિશે. • **તંદુરસ્તી અને ઘરસારવાર :** ડૉ. બેન્જામિન સુવાર્તિક, અવનિકા પ્રકાશન, ૨૦૨૬. ડે. પૃ. ૧૦૪, રૂ. ૧૭૫. આરોગ્યવિષયક. • **સાથ –સંગાથ જ્યોતિ એસ. ભટ્ટ :** નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૬. ડે. પૃ. ૨૦૬, રૂ. ૩૯૯. લાગણીની વાતો. • **પરબીડિયું પ્રેમનું :** જ્યોતિ એ. ભટ્ટ, નવભારત સાહિત્ય મંદિર, ૨૦૨૬. ડે. પૃ. ૨૨૪. રૂ. ૩૯૯. ૮૦ સંવેદનસભર પત્રોનો સંગ્રહ. • **ગીતાનાં શાશ્વત સૂત્રો :** હરેશ ધોળકિયા. જોય એન્ટરપ્રાઇઝ. ૨૦૨૬. ડે. પૃ. ૧૬૦, રૂ. ૨૫૦. • **જીવન અને માનવતાનું તીર્થ–અધ્યાત્મ :** નારાયણ શાહ, વિશ્વ વાત્સલ્ય માનવસેવા ટ્રસ્ટ, ૨૦૨૫. ડે. પૃ. ૪૮, રૂ. ૫૦. અધ્યાત્મવિષયક લેખો. • **શબ્દ ફોરમ :** પ્રા. ડૉ. શરદ કે. પટેલ, ૨૦૨૫. ડે. પૃ. ૧૨૦, રૂ.-, ૫૨ લેખોનો સંગ્રહ.

- **પ્રવાસગ્રંથ :**

**ઉત્તરવાહિની નર્મદા પરિક્રમા એક આધ્યાત્મિક અનુભૂતિ :** અભિલાષ મઢીવાળા, અમોલ પ્રકાશન, ૨૦૨૬. ડે. પૃ. ૯૩. રૂ. ૧૫૦. નર્મદાની પરિક્રમા.

- **વિવેચન :**

• **સંસ્પર્શ :** દક્ષા વ્યાસ, શબ્દલોક પ્રકાશન, ૨૦૨૬. ડે. પૃ. ૧૭૦. ૨૫ વિવેચનલેખોનો સંગ્રહ.

- **સંપાદન :**

• **ભગવાનનું માણહ સ્પા.** પન્ના ત્રિવેદી. નવભારત સાહિત્ય મંદિર. ૨૦૨૬. ક્રાઉન. પૃ. ૧૬૪. રૂ. ૩૯૯. ૨૧મી સદીનાં ૧૯ ઉત્કૃષ્ટ રેખાચિત્રો. • **બહુઆયામી કવિ 'કાન્ત' :** સંપા. મુકુલ પંડ્યા, અમૃત ગંગર, ૨૦૨૬. ડે. પૃ. ૨૧૫, રૂ.- કાન્ત વિશેનું સંપાદન. • **જીવન પાથેય સર્વધર્મ કથાઓ રામનારાયણ નાગરદાસ પાઠક :** સંપા. ઉષા રા. પાઠક, કેતન રૂપેરા. નવભારત પ્રિન્ટિંગ પ્રેસ, અમદાવાદ. ૨૦૨૬. ડે. પૃ. ૨૬૪, રૂ. ૩૨૫. • **જીવનરસનું ઝરણુ :** સંપા. પ્રા. ડૉ. શરદ પટેલ, શ્રીમતી નીલાબહેન શરદભાઈ પટેલ, બીજી આ. ૨૦૧૮. ડે. પૃ. ૧૩૭, રૂ. – ૫૧ તંત્રીલેખોનો સંગ્રહ. • **આરાધના :** સંકલન કર્તા. ડૉ. શરદ કે. પટેલ, એન. એચ. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, આણંદ. ત્રીજી આ. ૨૦૧૨. ડે. પૃ. ૪૪, રૂ. – (પ્રાર્થના સંપુટ).

- **મુલાકાત :**

**કવિ પ્રતિભાઓ :** રમેશ પટેલ, કુસુમ પ્રકાશન, ૨૦૨૫. ડે. પૃ. ૧૨૮. રૂ. ૨૦૦. ૨૯ કવિઓની અંતરંગ મુલાકાત.

* **અનુવાદ :**

**અનંત યાત્રાની કેડી :** પીસ પ્રિલગ્રિમ, અનુ. સ્નેહલ પટેલ, ડૉ. આશા પટેલ, સ્નેહલ પટેલ અમદાવાદ, ડે. પૃ. ૫૫, રૂ. – આંતરિક મનની શાંતિની પુસ્તિકા.

* **પ્રકીર્ણ :**

**ફૂડ ટુ ફિટ :** ડૉ. બિડિતા શાહ, શબ્દલોક પ્રકાશન, ૨૦૨૬, ડે. પૃ. ૧૧૨, રૂ. ૨૭૫. અ કલેકશન ઑફ હેલ્ધી એન્ડ ટેસ્ટી રેસીપીઝ. • **શ્રી કૃષ્ણ-શ્રીમદ્ ભગવદ્ ગીતા. ક્વિઝ-૧૦૮ :** પ્રફુલ્લ કાનાબાર, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, પુ. મુ. ૨૦૨૬. ડે. પૃ. ૮૦, રૂ. ૧૪૦. ભગવદ્ ગીતા વિશેનું પુસ્તક.

■

આ શરમ છેક દક્ષિણ આફ્રિકામાં છૂટી એમ કહેવાય. તદ્દન છૂટી છે એમ તો હજુયે ન કહેવાય. બોલતાં વિચાર તો થાય જ. નવા સમાજમાં બોલતાં સંકોચાઉં. બોલવામાં છટકાય તો જરૂર છટકી જાઉં. અને મંડળમાં બેઠો હોઉં તો ખાસ વાત કરી જ ન શકું અથવા વાત કરવાની ઇચ્છા થાય એવું તો આજે પણ નથી જ.

પણ આવી શરમાળ પ્રકૃતિથી મારી ફજેતી થવા ઉપરાંત મને નુક્સાન થયું નથી. ફાયદો થયો છે, એમ હવે જોઈ શકું છું. બોલવાનો સંકોચ મને પ્રથમ દુઃખકર હતો તે હવે સુખકર છે. મોટો ફાયદો તો એ થયો કે, હું શબ્દોની કરકસર શીખ્યો. માર વિચારો ઉપર કાબૂ મેળવવાની ટેવ સહેજે પડી. મને હું એવું પ્રમાણપત્ર સહેજે આપી શકું છું કે, મારી જીભ કે કલમમાંથી વિચાર્યા વિના કે માપ્યા વિના ભાગ્યે જ કોઈ શબ્દ નીકળે છે. મારાં ભાષણ કે લખાણમાંના કોઈ ભાગને સારુ મને શરમ કે પશ્ચાત્તાપ કરવાપણું છે એવું મને સ્મરણ નથી, અનેક ભયોમાંથી હું બચી ગયો છું, ને મારો ઘણો વખત બચી ગયો છે એ વળી અદકો લાભ.

અનુભવે મને એ પણ બતાવ્યું છે કે સત્યના પૂજારીએ મૌનનું સેવન કરવું ઘટે છે. જાણ્યેઅજાણ્યે પણ મનુષ્ય ઘણી વેળા અતિશયોક્તિ કરે છે અથવા જે કહેવા યોગ્ય હોય તે છુપાવે છે કે જુદી રીતે કહે છે. આવાં સંકટોમાંથી બચવાને ખાતર પણ અલ્પભાષી થવું આવશ્યક છે. થોડું બોલનાર વગરવિચારે નહીં બોલે; પોતાના દરેક શબ્દને તોળશે. ઘણી વેળા માણસ બોલવાને અધીરો બને છે. 'મારે પણ બોલવું છે' એવી ચિઠ્ઠી ક્યા પ્રમુખને નહીં મળી હોય? પછી તેને વખત આપવામાં આવ્યો હોય તે તેને સારુ પૂરતો નથી થતો, વધારે બોલવા દેવા માગણી કરે છે, ને છેવટ રજા વિના પણ બોલ્યા કરે છે! આ બધાના બોલવાથી જગતને લાભ થયેલો ભાગ્યે જ જોવામાં આવે છે. તેટલા વખતનો ક્ષય થયેલો તો સ્પષ્ટ જોઇ શકાય છે. એટલે, જોકે આરંભમાં મારું શરમાળપણું મને ડંખતું છતાં આજે તેનું સ્મરણ મને આનંદ આપે છે. એ શરમાળપણું મારી ઢાલ હતી. તેનાથી મને પરિપક્વ થવાનો લાભ મળ્યો. મારી સત્યની પૂજામાં મને તેથી સહાય મળી.

**– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

## પરિષદવૃત્ત

ઈતુભાઈ કુરકુટિયા

**‘પાક્ષિકી‘અંતર્ગત**

તા. ૧૧-૪-૨૦૨૬ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૫-૦૦ વાગ્યે ‘પાક્ષિકી’ અંતર્ગત હિમાલી મજમુદારએ એમનો હાસ્યલેખ ‘મને રીંગણના ગુણ ગાવા દે’નું પઠન કર્યું હતું. તા. ૨૫-૪-૨૦૨૬ના રોજ સાંજે-૬-૦૦ વાગ્યે, રાધિકા પટેલે એમની વાર્તા ‘ચીટચેટ’નું પઠન કર્યું હતું.

**‘નાટ્યનાદ’**

ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા દર મહિનાના ત્રીજા શનિવારે સાંજે ૫-૦૦ વાગ્યે નાટયસર્જન, ભાવન અને મંચનની નવી ક્ષિતિજ ખોલી આપતી કાર્યશાળા યોજાય છે. તા. ૧૮-૪-૨૦૨૬ના રોજ નટવર પટેલ લિખિત ‘મુક્તિ(એકાંકી)નું વાચિકમ્ સર્વશ્રી હિમાલી મજમુદાર, જ્યોતિ અમરેલિયા, સલીલ મહેતા, પ્રશાંત રાવલ, મનહર ઓઝા, પૂર્વી શાહ, નટવર પટેલે કર્યું હતું.

**શ્રીમતી જયાબહેન જયભિખ્ખુ લેખિકા પુરસ્કાર ઈલાબહેન આરબ મહેતાને.**

ગુજરાતી સાહિત્ય પરિષદ, લેખિનીને ભવન્સ મુંબઈના સંયુક્ત ઉપક્રમે શ્રીમતી જયાબહેન જયભિખ્ખુ લેખિકા પુરસ્કાર અને સન્માન ઈલાબહેન આરબ મહેતાને ભવન્સ, અંધેરી, મુંબઈમાં. શ્રીકુમારપાળ દેસાઈ અને જન્મભૂમિના તંત્રીશ્રી પદ્મવિભૂષણ કુંદનભાઈ વ્યાસના શુભહસ્તે અર્પણ કરવામાં આવ્યો હતો. સમારોહનું સંચાલન મંત્રી સેજલબહેન શાહે, પ્રાસંગિક મહામંત્રી સમીર ભટ્ટે અને આભારવિધિ ઉપપ્રમુખ રાજન ભટ્ટે આરોપી હતી. લેખિનીની બહેનોએ ઈલાબહેનની સાહિત્યિક કૃતિઓ, હાસ્યલેખો અને એકોક્તિ પ્રસ્તુત કરી હતી. લલિતભાઈ શાહનું સૌજન્ય રહ્યું.

**બાળરંજન રંગારંગ સભા**

શ્રીમતી રાધિકા શિરીષ પરીખ બાળકિશોર ભવન, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ આયોજિત તા. ૨૬-૪-૨૦૨૬ના રોજ ૪-૦૦થી ૬-૦૦ દરમિયાન બાળરંજન રંગારંગ સભા યોજાઈ હતી. આ સભામાં ડૉ. નટવર પટેલ, અનુરાધા દેરાસરી અને સ્મિતા ધ્રુવ જેવાં સાહિત્યસર્જકો ઉપસ્થિત રહ્યાં હતાં. આ કાર્યક્રમનું સંયોજન ડૉ. નટવર ગોહેલ અને ડૉ. અવિનાશ પરીખે કર્યું હતું. સંચાલન ડૉ. સ્નેહલ નિમાવતે કર્યું હતું.

**શ્રી ચં. ચી. મહેતા સવાશતાબ્દી ઉજવણી**

ગુજરાતી સાહિત્ય પરિષદ, ભરત યાજ્ઞિક થિયેટર થૅરપી, રાજકોટ, ફૂલછાબ-

રાજકોટ, દીકરાનું ઘર વૃદ્ધાશ્રમ-ટોલરા પ્રેરિત સાહિત્યસેતુ, રાજકોટના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમ' તા. ૫-૪-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે શ્રી વિજયભાઈ ધોળકિયા, ઑડિટોરિયમ, સૌરાષ્ટ્ર હાઈસ્કૂલ, રાજકોટમાં સાહિત્ય-રંગમંચ 'રેડિયોની ગઠરિયાં' યોજાયો હતો. આ કાર્યક્રમમાં 'ચં. ચી. મહેતાનું ગદ્યકર્મ' વિશે, બકુલ ટેલરે 'ચં. ચી. મહેતાનું નાટ્યકર્મ' વિશે, ભરત યાજ્ઞિકે 'નાટ્યાંશ વાચિકમ્' સર્વશ્રી હસન મલેક, વરદા યાજ્ઞિક અને રાજુ યાજ્ઞિકે કર્યું હતું. નાટ્યાંશ સંગીત : હેમંત ચૌહાણ, રાજેન્દ્ર હેમુ ગઢવીએ આપ્યું હતું.

■

'આપણે બ્રાઈટનમાં મળ્યાં ત્યારથી તમે મારા પર પ્રેમ રાખતાં આવ્યાં છો. જેમ મા પોતાના દીકરાની સંભાળ રાખે તેમ તમે મારી સંભાળ રાખો છો. તમે તો એમ પણ માનો છો કે મારે પરણવું જોઈએ અને તેથી તમે મારો પરિચય યુવતીઓની સાથે કરાવો છો. આવો સંબંધ વધારે આગળ જાય તે પહેલાં મારે તમને કહેવું જોઈએ કે હું તમારા પ્રેમને લાયક નથી. તમારે ઘેર આવતો થયો ત્યારે જ મારે તમને કહેવું જોઈતું હતું કે હું પરણેલો છું. હિંદુસ્તાનના વિદ્યાર્થીઓ જે પરણેલા હોય છે તે આ દેશમાં પોતાના વિવાહની વાત પ્રગટ નથી કરતા એમ હું જાણું છું. તેથી મેં પણ એ રિવાજનું અનુકરણ કર્યું. હવે જોઉં છું કે મારે મારા વિવાહની વાત મુદ્દલ છુપાવવી નહોતી જોઈતી. મારે એક દીકરો પણ છે. આ વાત તમારી પાસે ઢાંક્યાને સારુ મને હવે બહુ દુઃખ થાય છે. પણ સત્ય કહી દેવાની હવે મને ઈશ્વરે હિંમત આપી, તેથી મને આનંદ થાય છે. મને તમે માફ કરશો ? જે બહેનની સાથે તમે મારો પરિચય કરાવ્યો છે તેની સાથે મેં કશી અયોગ્ય છૂટ લીધી નથી તેની ખાતરી આપું છું. મારાથી છૂટ ન જ લેવાય એનું મને સંપૂર્ણ ભાન છે. પણ તમારી ઇચ્છા તો સ્વાભાવિકપણે જ મારો કોઈની સાથે સંબંધ બંધાયેલો જોવાની હોય. તમારા મનમાં આ વસ્તુ આગળ ન વધે તે ખાતર પણ મારે તમારી પાસે સત્ય પ્રગટ કરવું જોઈએ.

'જો આ કાગળ મળ્યા પછી તમે તમારે ત્યાં આવવાને સારુ મને નાલાયક ગણશો તો મને મુદ્દલ ખોટું નહીં લાગે. તમારી મમતાને સારુ હું તમારો સદાયનો ઋણી થઈ ચૂક્યો છું. જો તમે મારો ત્યાગ નહીં કરો તો હું ખુશી થઈશ એ મારે કબૂલ કરવું જોઈએ. તમારે ત્યાં આવવાને હજુ મને લાયક ગણશો તો તેને તમારા પ્રેમની એક નવી નિશાની ગણીશ, અને તે પ્રેમને લાયક થવા મારો પ્રયત્ન જારી રહેશે.'

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ઇતુભાઈ કુરકુટિયા

## સદા સર્વદા કવિતા

પ્રદાન કૉમ્યુનિકેશન પ્રસ્તુત પર્વ ૧૧૫ તા. ૫-૪-૨૦૨૬ના રોજ સાંજે ૬-૦૦થી ૮-૦૦ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો હતો. જેમાં સર્વશ્રી જવાહર બક્ષી, લલિત ત્રિવેદી, મુકુલ ચોક્સીએ કવિતાનું પઠન કર્યું હતું.

## કેતન મુનશી વાર્તાસ્પર્ધાના વિજેતાઓને ઇનામ

ઘોડદોડ રોડ સ્થિત આઝાદ સાંસ્કૃતિક કેન્દ્રમાં નર્મદ સાહિત્ય સભા આયોજિત ૧૮મી કેતન મુનશી વાર્તા સ્પર્ધાના વિજેતાઓને ઇનામ વિતરણ કરાયું હતુ. તેમાં દીવાન ઠાકોરને 'પૂંછડીવાળું બાળક' વાર્તા માટે રૂ. ૨૫,૦૦૦. ચિંતન આચાર્યને 'પતંગિયું' વાર્તા માટે રૂ. ૧૦.૦૦૦ અને દિવ્યા જાદવને 'અંતે તો' વાર્તા માટે રૂ. ૫૦૦૦નું ઇનામ અપાયું હતું.

## ગૂજરાત વિદ્યાપીઠમાં વિશ્વ પુસ્તક દિવસે પુસ્તકપર્વ કાર્યક્રમ યોજાયો.

ગૂજરાત વિદ્યાપીઠના ગુજરાતી વિભાગ દ્વારા યુનેસ્કો પ્રેરિત વિશ્વ પુસ્તક દિને 'પુસ્તકપર્વ' કાર્યક્રમનું આયોજન થયું હતું. જેમાં પુસ્તક પ્રદર્શન, વાચિકમ્, ગાયન, વક્તવ્ય, વિમોચન ઇત્યાદિ પુસ્તક સંદર્ભના વિવિધ ઉપક્રમો રચાયા હતા. સુપ્રસિદ્ધ કવિ હરદ્વાર ગૌસ્વામીનું પુસ્તક '૧૦૮ એવરગ્રીન પોએમ્સ'નું વિમોચન કરતાં ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ કહ્યું કે 'નરસિંહ મહેતાથી નવોદિત કવિ સુધીની કવિતા આ પુસ્તકમાં છે. જે સંદર્ભગ્રંથ તરીકે થઈ શકે એમ છે. પુસ્તકપ્રેમ વિશે તુષાર શુક્લ અને કુલપતિ શ્રી હર્ષદ પટેલે વક્તવ્ય આપ્યાં હતાં. સુખ્યાત ગાયક શ્યામલ મુનશીએ પ્રસ્તુતિ કરી હતી.

## ઓમ કૉમ્યુનિકેશન દ્વારા યોજાયેલા કાર્યક્રમો

તા. ૪-૪-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગોવર્ધનરામ સ્મૃતિમંદિર સભાગૃહ, ગુજરાતી સાહિત્ય પરિષદ, અમદાવાદમાં ઓમ કૉમ્યુનિકેશન દ્વારા કવિ, વાર્તાકાર, નવલકથાકાર મનોહર ત્રિવેદીના ૮૩મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ' અંતર્ગત મનોહર ત્રિવેદીએ પોતાના જીવન-કવન વિશેનું વક્તવ્ય આપ્યું. તા. ૧૩-૪-૨૦૨૬ના રોજ વિનાયક રાવલના ૭૯મા જન્મદિન પ્રસંગે 'શબ્દજ્યોતિ અંતર્ગત' વિનાયક રાવલે પોતાના જીવન-કવન વિશે મનનીય વક્તવ્ય આપ્યું.

તા. ૧૯-૪-૨૦૨૬ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, શાસનસમ્રાટ ભવન, ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર અમદાવાદમાં આદરણીય વિજયશીલચંદ્રસૂરીશ્વરજી મહારાજસાહેબની પ્રેરણાથી હઠીસિંગ કેસરીસિંગ ટ્રસ્ટના ઉપક્રમે

અને ઓમ કૉમ્યુનિકેશન દ્વારા 'શબ્દસંપદા' અંતર્ગત જૈન સાહિત્યકાર સંઘવિજયજીનો ગ્રંથ 'અમરસેન વયરસેન રાસ' વિશે કીર્તિદા શાહે અને ગુણવિજયજીનો ગ્રંથ 'ધમ્મિલકુમાર રાસ' વિશે બળવંત જાનીએ આસ્વાદલક્ષી વક્તવ્યો આપ્યાં.

તા. ૨૩-૪-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઑનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ), અમદાવાદમાં 'world book day (unesco પ્રેરિત અંતર્ગત જ્ઞાનપીઠ પુરસ્કૃત વિનોદકુમાર શુક્લના પુસ્તક 'દિવાર મેં એક ખિડકી રહતી થી' વિશે ભાગ્યેશ જહાએ પદ્મશ્રી અને પદ્મભૂષણથી સન્માનિત મૃણાલિની સારાભાઈના પુસ્તક 'ધ વૉઇસ ઑફ ધ હાર્ટ' વિશે પ્રવીણ ક. લહેરીએ વક્તવ્યો આપ્યાં. ઉપરોક્ત કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક 'શ્વેત'એ કર્યું હતુ.

### નંદિગ્રામ ટ્રસ્ટ વતી

ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય સર્જકો સાંઈ શ્રી મકરન્દ દવે તથા સુશ્રી કુન્દનિકા કાપડિયાનું સમગ્ર સાહિત્ય ગુજરાતમાં જ માત્ર નહીં, પરંતુ સમગ્ર વિશ્વમાં સર્વત્ર ભાવક વાચકોને વિના મૂલ્યે ઉપલબ્ધ થઈ રહે એ ઉમદા ઉદ્દેશથી નંદિગ્રામ ટ્રસ્ટે એમનું સઘળું સાહિત્ય ગુજરાતી સાહિત્યના વ્યાપ માટે પૂરા સમર્પિત અમેરિકા સ્થિત એકત્ર ફાઉન્ડેશનના એપમાં ઑનલાઇન ઉપલબ્ધ કરાવવા માટે સંમતિ આપી છે. તદનુસાર આ સર્જકોનાં સંખ્યાબંધ પુસ્તકો હવે ઑનલાઇન ekatra એપ ઉપર ઉપલબ્ધ છે. ગમતાના ગુલાલ કરવાના આ ઉત્સવનો લાભ લેવા માટે સર્વે સુજ્ઞ વાંચકોને ભાવભર્યુ નિમંત્રણ છે.

### સ્મિતા પારેખ સાહિત્ય સ્પર્ધાની રૂપરેખા અને નિયમો

અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ સુરત શાખા ટ્રસ્ટના વાચકમંચના ઉપક્રમે સ્મિતા પારેખ સાહિત્ય લેખનસ્પર્ધા ૨૦૨૬માં વાર્તા, કવિતા અને બાળવાર્તા મોકલવાનું આમંત્રણ છે. શ્રેષ્ઠ કૃતિને રૂ.૫૦૦૦/-નું રોકડ દરેક પ્રકારમાં પારિતોષિક આપવામાં આવશે. ગુજરાતીમાં લખતા દરેક સર્જક માટે આ સ્પર્ધા ખુલ્લી છે.

### વાર્તા, કવિતા, બાળવાર્તા

કૃતિને શીર્ષક આપવું જરૂરી છે. કૃતિ પર લેખકે પોતાનું નામ લખવું નહિ. નામ લખનારની કૃતિ અમાન્ય ગણાશે. નામ, સરનામું, ટેલિફોન નંબર વગેરે અલાયદા કાગળ પર લખવું. સ્પર્ધકે કૃતિની બે નકલ મોકલવી ફરજિયાત છે. ટાઇપ કરીને અથવા ફુલ્સકૅપ પેપર પર સુવાચ્ય અક્ષરે લખીને પોતાની કૃતિ મોકલવી. સ્વરચિત તેમજ અપ્રગટ કૃતિ જ માન્ય ગણાશે. કૃતિ મોકલવાની છેલ્લી તારીખ ૩૧, ઑગસ્ટ ૨૦૨૬ છે. કૃતિ અખિલ હિન્દ મહિલા પરિષદ બૃહદ મહિલા શાખા, શાલિભદ્ર કૉમ્લેક્સ, કાદરશાની નાળ, ટિમલિયાવાડ, નાનપુરા, સુરત-૩૯૫૦૦૧ (ફોન: ૨૪૭૦૪૧૩ / ૨૪૬૨૯૩૦)ના સરનામે મોકલવાની રહેશે.

■

## સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

| | |
|---|---|
| NAME OF THE ACCOUNT HOLDER | : GUJARATI SAHITYA PARISHAD |
| BANK NAME | : BANK OF INDIA |
| BANK ADDRESS | : ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009 |
| BANK A/C NO. | : 200220100004869 |
| MICR CODE NO. | : 380013006 |
| IFSC NO. | : BKID0002002 |
| BRNCH CODE | : 2002 |

| | | |
|---|---|---|
| **હર્ષદ ત્રિવેદી** | **સંજય ચૌધરી** | **સમીર ભટ્ટ** |
| પ્રમુખ | કોષાધ્યક્ષ | મહામંત્રી |

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

## ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૫થી મળેલ દાનની વિગત

| ક્રમ | નામ | ગામ | રકમ |
|---|---|---|---|
| | **પરબ અપીલ પેટે મળેલ દાન** | | |
| ૧. | પિડીલાઇટ ઇન્ડસ્ટ્રીઝ લિ. (માળખાગત સુવિધા માટે દાન) | મુંબઈ | ૧૫,૦૦,૦૦૦ |
| ૨. | અંબાલાલ હિંમતલાલ (પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ) હ. શ્રી અમિત અંબાલાલ | અમદાવાદ | ૧૧,૦૦,૦૦૦ |
| | **શ્રી હર્ષ બ્રહ્મભટ્ટની પ્રેરણાથી શ્રી મોહનભાઈ કુંડારિયા મારફતે મળેલું દાન** | | |
| ૩. | જી.એમ.આઈ. બિલ્ડર્સ પ્રા. લિ. (શ્રી હર્ષ બ્રહ્મભટ્ટ મારફતે) | સુરત | ૧૦,૦૦,૦૦૦ |
| ૪. | શ્રી માધવ લૉજીસ્ટિક્સ | મોરબી | ૫,૦૦,૦૦૦ |
| ૫. | શ્રી હરિકૃષ્ણા કૉમર્શિયલ ભારત ગૅસ એજન્સી | રાજકોટ | ૨,૫૦,૦૦૦ |
| ૬. | ગોપીનાથ એન્જિનિયરિંગ | રાજકોટ | ૨,૫૦,૦૦૦ |
| ૭. | રાધિકા શિરીષ પરીખ ટ્રસ્ટ (બાળરંજન રંગારંગ સભાના કાર્યક્રમના ખર્ચ પેટે) | અમદાવાદ | ૧,૫૯,૨૯૩ |
| ૮. | શ્રી હર્ષદ ત્રિવેદી (પ્રકાશન માટે) | અમિયાપુર | ૧,૨૫,૦૦૦ |
| ૯. | શ્રી હરેશ ધોળકિયા (પરબ પ્રકાશન પેટે) | ભુજ | ૧,૦૦,૦૦૦ |
| ૧૦. | પ્રીતિ સેનગુપ્તા (પરબ પ્રકાશન માટે માર્ચ-૨૦૨૬) | ન્યૂયૉર્ક | ૧,૦૦,૦૦૦ |
| ૧૧. | પ્રીતિ સેનગુપ્તા (પરબ પ્રકાશન માટે એપ્રિલ-૨૦૨૬) | ન્યૂયૉર્ક | ૧,૦૦,૦૦૦ |
| ૧૨. | રોહિતભાઈ જી. બોડીવાલા | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૩. | પરિમલ રમણિકલાલ દલાલ (પરબ પ્રકાશન માટે) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૪. | જયભિખ્ખુ સાહિત્ય ટ્રસ્ટ (શ્રીમતી જયાબેન જયભિખ્ખુ લેખિકા પુરસ્કાર-૨૦૨૫ માટે) | અમદાવાદ | ૫૧,૦૦૦ |
| ૧૫. | શ્રી ચિત્રકૂટધામ (વિવિધ કાર્યક્રમો માટે) | તલગાજરડા | ૫૦,૦૦૦ |
| ૧૬. | બીનાબહેન કાનાણી | થાણા | ૨૫,૦૦૦ |
| ૧૭. | છેલભાઈ વ્યાસ | અમરેલી | ૨૧,૦૦૦ |
| ૧૮. | શ્રી મોહનલાલ દવે જીવનપ્રકાશ પારિતોષિક વર્ષ ૨૦૨૫ માટે (હ. શ્રી ભૂપેન્દ્રભાઈ મો. દવે.) | સુરેન્દ્રનગર | ૧૫,૦૦૦ |
| ૧૯. | ભરત પ્રેમશંકર યાજ્ઞિક | રાજકોટ | ૧૧,૧૧૧ |
| ૨૦. | પ્રીતિ અનુભાઈ શાહ | અમદાવાદ | ૧૧,૦૦૦ |
| ૨૧. | બિનીત મોદી (પરબ અપીલ પેટે) | અમદાવાદ | ૫,૧૧૧ |
| ૨૨. | શરીફા વીજળીવાળા (પરબ અપીલ પેટે) | સુરત | ૭,૦૦૦ |
| ૨૩. | શ્રીમતી હીરાલક્ષ્મી મણકીવાળા ચૅરિટેબલ ટ્રસ્ટ (સાદું દાન) | અમદાવાદ | ૫,૦૦૧ |
| ૨૪. | જોષી ચૅરિટેબલ ટ્રસ્ટ (પરબ અપીલ) | સુરત | ૫,૦૦૦ |
| ૨૫. | ભરત એચ. દવે | જૂનાગઢ | ૩,૦૦૦ |
| ૨૬. | નવીનચંદ્ર ધામેચા | રાજકોટ | ૧,૧૦૦ |
| ૨૭. | હિતેન્દ્ર ટેલર | નવસારી | ૧,૧૦૦ |
| ૨૮. | ડૉ. દિનેશ શાહ | વડોદરા | ૧,૦૦૧ |
| ૨૮. | એક સાહિત્યપ્રેમી | અમદાવાદ | ૧,૦૦૦ |
| ૨૯. | શ્રી અશોકકુમાર ઠક્કર (વિશ્વસોશિયલ મીડિયા કાર્યક્રમ અંગે) | અમદાવાદ | ૫૪૦ |
| ૩૦. | મનસુખ સાવલા | જામનગર | ૫૦૦ |
| ૩૧. | સોમચંદ્ર એલ. શાહ | જામનગર | ૫૦૦ |
| ૩૨. | રૂપેશ વી. શાહ | જામનગર | ૫૦૦ |
| ૩૩. | યશવંત એલ. સોની (પરબ અપીલ પેટે) | અમદાવાદ | ૫૦૦ |
| | **ગુજરાતી સાહિત્ય પરિષદ જન્મદિવસ નિમિત્તે મળેલ દાન** | | |
| ૧. | શ્રી સંતોષ બાલક્રિષ્ણા કરોડે | અમદાવાદ | ૨,૫૦૦ |

## આ અંકના લેખકો


**આરાધના ભટ્ટ** : aradhanabhatt@yahoo.au

**આનંદિતા રૈયાણી** : બી/૬૦૧, હરિદ્વાર હિલ્સ, મોકાજી સર્કલ પાસે, સિલિકોન વેલીની સામે, નાનામૌવા રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. • મો. ૯૪૨૬૫૨૯૪૫૯.

**ઇતુભાઈ કુરકુટિયા** : વ્યાખ્યાતા ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. • મો. ૯૭૧૪૬૪૦૧૫૬

**એકતા નીરવ દોશી** : ઈ/૩૦૩, વ્રજવિહાર-૬, વ્રજધામ હવેલી પાસે, રત્નાકર-૪ પાસે, પ્રેરણાતીર્થ દેરાસર રોડ, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦૦૧૫. • મો. ૯૨૨૮૮૮૮૫૭૦

**કિરીટ દૂધાત** : A/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. • મો. ૯૪૨૭૩૦૬૫૦૭

**કુમાર જૈમિનિ શાસ્ત્રી** : ૧૦૧, સુજય ફ્લૅટ, ઝાંઝરવાડી બંગલા પાછળ, મ્યુનિસિપલ બગીચાની જોડે, અતિથિ ડાઇનિંગ હૉલ પાસે, જજીસ બંગલા પાસે, બોડકદેવ, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦૦૫૪. • મો. ૯૪૨૮૫૫૦૫૪૩

**ગિરીશ ભટ્ટ** : પ્રશાંતિ નિલયમ, માધવનગર, સુરેન્દ્રનગર-૩૬૩૦૦૧. • મો. ૯૭૨૬૦૭૨૩૨૩

**ચૈતાલી ઠક્કર** : અધ્યક્ષ : ગુજરાતી વિભાગ, શ્રી આર. આર. લાલન કૉલેજ, ભુજ-૩૭૦૦૦૧. મો. ૮૫૧૧૧૮૯૯૦૨

**ડૉ. જાનકી શાહ** : અધ્યાપક સહાયક, આદિવાસી આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, સંતરામપુર, જિ. મહીસાગર-૩૮૯૨૬૦. મો. ૯૮૨૫૯૪૧૧૮૮ • jankeeshah@gmail.com

**જિજ્ઞા વોહરા** : એફ/૩૦૨, શિવાલય રેસિડેન્સી, વિશાલ માર્ટ સામે, કુડાસણ, ગાંધીનગર-૩૮૨૪૨૧ • મો. ૯૮૨૫૫૩૦૨૪૦

**નવનીત જાની** : બ્રહ્મશેરી, મુ. પો. જાળીલા રોડ, તા. રાણપુર, જિ. અમદાવાદ-૩૮૨૨૫૫. • મો. ૯૯૭૮૭૨૬૫૩૧

**Nita Shailesh** : toncctas@hotmail.com

**પન્ના ત્રિવેદી** : એ-૧, પ્રોફેસર્સ સ્ટાફ ક્વાર્ટર્સ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના-મગદલ્લા રોડ, સુરત-૩૯૫૦૦૭. • મો. ૯૪૦૯૫૬૫૦૦૫

**પરીક્ષિત જોશી** : ૬, તપસ્વી જલારામ સોસાયટી, જ્ઞાનદા બસસ્ટૅન્ડ પાસે, જીવરાજપાર્ક, અમદાવાદ-૩૮૦૦૫૧. • મો. ૮૮૪૯૩૨૩૧૮૦

**પ્રવીણ દરજી** : 'વાગીશા' ફુવારા પાસે, રાજમહેલ રોડ, લુણાવાડા-૩૮૯૨૩૦. • મો. ૯૪૨૮૫૪૭૨૪૧

**યોગેશ જોષી** : ડી/૧૧૦૨, ફેલિકા-૨, આલોક રેડ, ઓસિયન કોલીના પાસે, શાસ્ત્રીનગર, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. • મો. ૯૦૫૪૯૬૮૦૫૭

**લિપિ કોઠારી** : ૫/બી, ડુંગરશીનગર સોસાયટી, વિ.-૨, ચંદ્રનગર પાસે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭. • મો. ૯૯૨૫૨૦૮૪૦૩

**હર્ષદ ત્રિવેદી** : 'સુરતા' એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. • મો. ૯૭૨૩૫૫૫૯૯૪

**હાર્દિક વ્યાસ** : વૃંદાવન પાર્ક-૩, એસ. ટી. ડિવિઝન સામે, રામેશ્વર મહાદેવ મંદિર, લાઠી રોડ, અમરેલી-૩૬૫૬૦૧. • મો. ૯૮૨૫૪૧૫૬૯૫


■

# ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા સંચાલિત

## ગુજરાતી લેક્સિકન

**૫૧/૨, રમેશપાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ,**
**ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩.**

**વિશ્વવ્યાપી વેબસાઇટ ગુજરાતી લૅક્સિકન** (www.gujaratilexicon.com)

અત્યાર સુધીમાં સાડા પાંચ કરોડથી વધુ લોકોએ જોયેલી,
પિસ્તાળીસ લાખ શબ્દ ધરાવતી,
દૈનિક પાંચથી છ હજાર લોકો જેની મુલાકાત લે છે અને ભારત ઉપરાંત
વિશ્વના અનેક દેશોમાં અભ્યાસીઓ દ્વારા લૅક્સિકનનો ઉપયોગ થાય છે.

અહીં પ્રાપ્ત થશે નીચેના શબ્દકોશ :
અંગ્રેજી - ગુજરાતી શબ્દકોશ (64,000થી વધુ શબ્દો)
ગુજરાતી - અંગ્રેજી શબ્દકોશ ( 48,000થી વધુ શબ્દો)
ગુજરાતી - ગુજરાતી શબ્દકોશ (સાર્થ જોડણીકોશ, બૃહદ જોડણીકોશ અને
ભગવદ્‌ગોમંડલ સહિત) (4,32,000થી વધુ શબ્દો)
હિન્દી - ગુજરાતી શબ્દકોશ (37,500થી વધુ શબ્દો)
મરાઠી - ગુજરાતી શબ્દકોશ (27,500થી વધુ શબ્દો)
સંસ્કૃત - ગુજરાતી શબ્દકોશ (35,000થી વધુ શબ્દો)

આ ઉપરાંત ગુજરાતી લૅક્સિકન વેબસાઇટ ઉપર તમે વિવિધ શબ્દકોશો, કહેવતો
અને રૂઢિપ્રયોગ, વિરુદ્ધાર્થ શબ્દો વગેરે જેવી વિગતો માણી શકો છો

વળી ઈ-બુક, જ્ઞાન સાથે ગમ્મત કરાવતી વિવિધ રમતો
જેમ કે ક્રૉસવર્ડ, ઉખાણાં, ક્વિઝ, વર્ડ સર્ચ, વર્ડ મૅચ વગેરે…નો
આનંદ તમે માણી શકશો અને
હા, તમે એપ સ્વરૂપે ગુજરાતીલૅક્સિકન સ્રોત ડાઉનલોડ પણ કરી શકો છો.

ગુજરાતી ભાષા-સાહિત્યનો આ અઢળક ખજાનો અમદાવાદ, સૂરત, વડોદરા,
રાજકોટ, ગુજરાત, મુંબઈ, મહારાષ્ટ્ર, ભારત ઉપરાંત યુએસએ, યુકે, કૅનેડા,
જર્મની, ચીન, પાકિસ્તાન, ઑસ્ટ્રેલિયા, ફ્રાંસ, સ્પેન, સ્વીડન, રશિયા, યુએઈ
વગેરે જેવા અનેક દેશોમાંથી ભાષા પ્રેમીઓ મેળવે છે.

**Android : https://play.google.com/store/apps/dev?id=8361835744909835495**

**iOS : https://apps.apple.com/us/developer/arnion-technologies-private-limited/id660611788**

**Desktop App : https://www.gujaratilexicon.com/downloads/**

## ગાંધીવિચારનાં કેટલાંક નોંધપાત્ર પુસ્તકો




જીવન પાથેય

# સર્વધર્મ કથાઓ

**રામનારાયણ નાગરદાસ પાઠક**

(આપણી ધર્મકથાઓ, ભાગ ૧થી ૫ અને
સંસ્કૃતિનાં સંરક્ષકો [સંતચરિત્રો] નો સંપાદિત સંચય)

**~ સં. ઉષા રા. પાઠક • કેતન રૂપેરા**

2026, પૃ. 264, કાચું પૂંઠું, ₹ 325

**એક સાથે ત્રણ નકલ ખરીદનારને ૨૦% વળતર**




**ગાંધીવારસાનાં નારીરત્નો**

**(૬૦થી વધુ નારીરત્નોનાં સાહસ, સંઘર્ષ અને સિદ્ધિનો આલેખ)**

મોસમ ત્રિવેદી
સં. કેતન રૂપેરા
2023, પૃ. 252,
કાચું પૂંઠું, ₹ 425




**પ્રાણપોષક આહાર માટે ગાંધીની ખોજ**

વિપુલ કલ્યાણી • કેતન રૂપેરા
2025, પૃ. 112,
કાચું પૂંઠું, ₹ 100



**મહાત્મા**

**સ્વરાજની સફર અને સૌરાષ્ટ્રનાં સાથીદારો**


ગંભીરસિંહ ગોહિલ
સં. કેતન રૂપેરા
2019, પૃ. 184,
કાચું પૂંઠું, ₹ 220


ત્રણેય પુસ્તકોની કિંમતનો સરવાળો
₹ 745 થાય છે.
**ત્રણેય પુસ્તકો સાથે ખરીદનારને ₹ 600માં**


---

પ્રાપ્તિસ્થાન **ગ્રંથવિહાર** ગુજરાતી સાહિત્ય પરિષદ, 'ટાઇમ્સ'ની પાછળ, નદીકિનારે, આશ્રમમાર્ગ, અમદાવાદ-09 • ફોન : 079-26587949

**ઘરે બેઠાં પુસ્તક મેળવવા માટે વ્હોટ્સએપ નં. 98987 62263 • કુરિયર ચાર્જ અલગથી**










# ગુજરાતી ભાષાનું ગૌરવવંતુ હાસ્યસાહિત્ય

**બકુલ ત્રિપાઠીનો હાસ્યવૈભવ**

**સંપા. હસિત મહેતા; કિં. 225**

'ઠોઠ નિશાળિયો' ઉપનામથી હાસ્ય અને વ્યંગ્ય છલકાવતા લેખક બકુલ ત્રિપાઠીના નોખા-અનોખા લેખો.

**બહુરંગી**

**સંપા. સ્વાતિ મેઢ; કિં. 160**

વિવિધ ગુજરાતી લેખિકાઓની હાસ્યરચનાઓનો વિરલ-વિશિષ્ટ સંગ્રહ

**વાચક ક્યાંય નથી ગ્રંથાલયમાં (પુરસ્કૃત)**

**કિશોર અંધારિયા; કિં. 125**

સાહિત્ય અને વાચક વચ્ચે આજે સંબંધ ઘટતો જાય છે એ વિશે રમૂજ છલકાવતું પુસ્તક.

**અમે મુસાફર**

**લે. દિલીપ રાણપુરા; કિં. ૧૨૦**

બીરબલની જેમ બુદ્ધિશાળી અને રમૂજપ્રેરક પાત્ર મુલ્લા નસરુદ્દીનની મોજકથાઓ.

**લ-ખવૈયાગીરી (પુરસ્કૃત)**

**અરુણા જાડેજા; કિં. 90**

વિવિધ વાનગીઓ વિશે હળવી શૈલીમાં લખાયેલા નિબંધો.

**હાસ્યમંદિર**

**રમણભાઈ નીલકંઠ, વિદ્યાગૌરી નીલકંઠ; કિં. 125**

પતિ-પત્ની દ્વારા સંયુક્ત રીતે લખાયેલું ગુજરાતી સાહિત્યનું કદાચ એકમાત્ર પુસ્તક.

**અઢારેય અંગ વાંકાં**

**લે. રમણલાલ છ. પટેલ; કિં. ૭૦**

શરીરનાં વિવિધ અંગોની વિચિત્રતાઓ અને એના ઉપયોગમાંથી પ્રગટતા હાસ્યરસનું પુસ્તક.

**સૂડી વચ્ચે સોપારી**

**અલ્પા નીરવ શાહ; કિં. 100**

રોજબરોજની ઘટનાઓમાં અટવાતા માણસની પીડામાંથી પ્રગટ થતું હાસ્ય.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

**ગૂર્જર સાહિત્ય ભવન**

રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001

ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com

Website : www.gurjarbooks.com

**ગૂર્જર સાહિત્ય પ્રકાશન**

102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015

ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

## રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

# નિબંધસંગ્રહો

## માવજી કે. સાવલા

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **નિરબંધવિહાર** (નિબંધસંગ્રહ) | ૨૨૫.૦૦ |
| **વાંચન વિશ્વ ઝરૂખે** (સાહિત્યિક લેખો) | ૨૧૫.૦૦ |
| **કિતાબી સફર** (સંગ્રહિત સાહિત્યિક લેખો) | ૧૫૦.૦૦ |
| **કિતાબી દુનિયા વાંચનની આનંદયાત્રા** (સંગ્રહિત સાહિત્યિક લેખો) | ૯૫.૦૦ |

## ડૉ. ચંદ્રકાન્ત મહેતા

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **સંસારયાત્રાનો હાઈવે** (નિબંધસંગ્રહ) | ૨૧૫.૦૦ |
| **વ્યક્તિત્વ વિકાસનો વિઝા** (નિબંધસંગ્રહ) | ૧૪૫.૦૦ |
| **પ્રસન્નતાનો પાસપોર્ટ** (નિબંધસંગ્રહ) | ૧૪૫.૦૦ |
| **અશ્રુ આઝાદીની આંખનાં** (આઝાદીવિષયક) | ૯૫.૦૦ |
| **લાગણીનું ઘર** (કૌટુંબિક લેખો) | ૧૨૫.૦૦ |
| **ઘરની લાગણી** (કૌટુંબિક લેખો) | ૧૦૦.૦૦ |

## પ્રીતિ સેનગુપ્તા

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **નિજાકૃતિ** (અંગત અને અન્ય નિબંધો) | ૨૪૦.૦૦ |
| **નિત નવા વંટોળ** (લલિતનિબંધ) | ૧૦૦.૦૦ |
| **સ્થળાંતર** (નિબંધ/અવલોકન) | ૯૦.૦૦ |

## રાઘવજી માધડ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| **ગુલમહોર** | ૧૦૫.૦૦ |
| **ભવની ભવાઈ** | ૧૨૦.૦૦ |

## યોસેફ મેકવાન

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સંવેદનાના સળ અને વળ (લઘુ નિબંધો) | ૫૦.૦૦ |
| કાન હોય તે સાંભળે (નિબંધસંગ્રહ) | ૧૦૦.૦૦ |
| ક્ષણાર્ધનું મહાભારત (તરુણાવસ્થાના કથાનકો) | ૩૫.૦૦ |

## યાસીન દલાલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| વિવેકમાધુરી (રેશનાલિસ્ટ લેખો) | ૨૫૦.૦૦ |
| વિચારમાધુરી (રેશનાલિઝમ લેખો) | ૫૦.૦૦ |

## ફાધર વર્ગીસ પોલ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| સહિયારું જીવન (નિબંધસંગ્રહ) | ૧૨૫.૦૦ |
| સફળતાની સુવાસ (નિબંધસંગ્રહ) | ૧૩૫.૦૦ |

## દિનેશ દેસાઈ

| પુસ્તકનું નામ | કિંમત રૂ. |
|---|---|
| ફાસ્ટટ્રેક ગુજરાત (લેખસંગ્રહ) | ૪૮૦.૦૦ |
| સોસાયટી@live (લેખસંગ્રહ) | ૨૨૦.૦૦ |
| હાર્ટ 2 હાર્ટ (લેખસંગ્રહ) | ૨૧૦.૦૦ |
| પ્રેમની સપ્તપદી (લલિતનિબંધ) | ૨૭૦.૦૦ |
| ગતિ-પ્રગતિ : ગુજરાત (લેખસંગ્રહ) | ૧૮૦.૦૦ |
| સબસે ઊંચી પ્રેમસગાઈ (લલિતનિબંધ) | ૨૩૦.૦૦ |
| આપણુ ગુજરાત (લેખો) | ૨૯૦.૦૦ |
| વિકાસનો રાજમાર્ગ : ગુજરાત (લેખસંગ્રહ) | ૨૨૦.૦૦ |
| નોનસ્ટોપ ગુજરાત (લેખસંગ્રહ) | ૨૦૫.૦૦ |
| Modi : New Vision For India (Articles) | ૩૫૦.૦૦ |
| મહા નાયક નરેન્દ્ર મોદી (હિન્દી)(લેખસંગ્રહ) | ૨૩૫.૦૦ |
| સુરક્ષા વ્યવસ્થાપન (લેખસંગ્રહ) | ૧૨૫.૦૦ |
| મોદી મોડલ : ગુજરાત (લેખસંગ્રહ) | ૩૦૦.૦૦ |
| નરેન્દ્ર મોદી અને યંગિસ્તાન (લેખસંગ્રહ) | ૧૮૦.૦૦ |
| ગતિશીલ ગુજરાત (લેખસંગ્રહ) | ૧૪૫.૦૦ |
| આજે પણ એ યાદ છે (ઇન્ટરવ્યૂ-લેખો) | ૧૦૫.૦૦ |

Ekatra Foundation

## ‘એકત્ર’ની અનુવાદ શ્રેણી

છેલ્લા પંદર વર્ષની અમારી ઈ-પ્રકાશન સફરમાં, અમે અનેક મહત્વપૂર્ણ ભારતીય અને વિશ્વસાહિત્યની કૃતિઓના અનુવાદ વાચકો સુધી પહોંચાડ્યા છે. આ પ્રસિદ્ધ કૃતિઓ ‘એકત્ર’ની વેબસાઇટ પર કોઈપણ સમયે અને કોઈપણ સ્થળે સરળતાથી વાંચી શકાય છે.

### ‘એકત્ર’ પર ઉપલબ્ધ અનુવાદિત કૃતિઓમાંથી કેટલીક:

- **દેવદાસ** – શરદચંદ્ર ચટ્ટોપાધ્યાય (અનુ. ભોગીલાલ ગાંધી)
- **રખડું ટોળી** – એ. એસ. નીલ (અનુ. ગિજુભાઈ બધેકા)
- **મેટમોર્ફોસીસ** – ફ્રાન્ઝ કાફકા (અનુ. શિરીષ પંચાલ)
- **ધ રેવન** – એડગર એલન પો (અનુ. ચંદ્રકાન્ત ટોપીવાળા)
- **સાગરસમ્રાટ** – જુલે વર્ન (અનુ. મૂળશંકર ભટ્ટ)
- **રાતભર વરસાદ** – બુદ્ધદેવ બસુ (અનુ. શૈલેશ પારેખ)
- **પંચતંત્ર** – (અનુ. ભોગીલાલ સાંડેસરા)
- **બહુવચન** – (અનુ. કરમશી પીર)
- **તત્ત્વસંદર્ભ** – (અનુ. પ્રમોદકુમાર પટેલ)
- **અમેરિકાના સાહિત્યનો ઇતિહાસ** – માર્ક્સ કન્લીફ (અનુ. સુરેશ જોષી)




### - ગોપાળરાવ વિદ્વાંસ દ્વારા અનુવાદિત તમામ પુસ્તકો -

આ તમામ કૃતિઓ ‘એકત્ર ફાઉન્ડેશન’ દ્વારા ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ છે. સંશોધકો, વિદ્યાર્થીઓ અને વિશ્વસાહિત્યના વાચકો આ કૃતિઓનો આસ્વાદ સરળતાથી લઈ શકે છે, અમે આવા મહત્વપૂર્ણ અનુવાદો તમારા સુધી પહોંચાડવા સતત પ્રયત્નશીલ છીએ અને આવનારા સમયમાં પણ વધુ મૂલ્યવાન અનુવાદો રજૂ કરતા રહીશું.

www.ekatrafoundation.org

**GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે**

# ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

## વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

## સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

## સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

## સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત• સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

## ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

## વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા

# કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

**કાવ્યસંચય :**

| | | |
|---|---|---|
| ૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮) | રન્નાદે પ્રકાશન | ૧૧/- |
| ૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૩. વિદેશવટો (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૫. અછાંદોત્સવ (૨૦૧૩) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૨૫૦/- |
| ૬. ચક્રવ્યૂહ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૩૫૦/- |
| ૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬) | બુકપબ | ૩૫૦/- |
| ૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭) | બુકપબ | ૨૫૦/- |
| ૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦) | ડિવાઈન પબ્લિકેશન | ૧૫૦/- |
| ૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦) | ગ્રંથમ | ૪૦૦/- |
| ૧૧. મનસંહિતા (૨૦૨૨) | ઝેડકેડ પબ્લિકેશન | ૫૦૦/- |
| ૧૨. મનોરથ (પ્રકાશ્ય) | ઝેડકેડ પબ્લિકેશન – | |

**ગદ્યપ્રકાશન – નવલિકા :**

| | | |
|---|---|---|
| ૧. પરાયા શ્વાસ (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૨. સત્યેનની સકીના (૨૦૧૫) | ફ્લેમિંગો પબ્લિકેશન | ૧૫૦/- |
| ૩. ભીતર અનારાધાર (૨૦૧૩) | નવભારત સાહિત્ય મંદિર | ૧૫૦/- |
| ૪. હું અને મારી કવિતા (૨૦૨૨) | બોલ્ડ પ્રકાશન | ૨૫૦/- |
| ૫. ત્રેવડ (૨૦૨૨) | ડિવાઈન પબ્લિકેશન | ૨૦૦/- |

**BHARAT TRIVEDI**
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net



આદિલ-ચિનુ-મનોજ-રાજેન્દ્રાદિની ગઝલકાર પેઢીએ અને તેના પ્રતાપી પૂર્વસૂરિઓએ એક પ્રકારનું ગઝલ-તપ કર્યું. એ પેઢી આજેય પૂરી સક્રિય છે. તે પછીય ગઝલકારોની બીજી કમમાં કમ બે પેઢીઓ રસિકોનું ધ્યાન ખેંચતી રહી છે એવી અદ્યતન ગઝલકાર-હરોળમાં એક નામ, કહો કે એક અવાજ ભરત ભટ્ટ 'તરલ'નો પણ છે. બધા શિષ્ટ સાહિત્ય સામયિકોમાં પ્રગટ થતી તેમની સંખ્યાબંધ ગઝલોએ ભાવકોનું ધ્યાન ખેંચ્યું જ હતું, હવે તેઓ 'મીણના માર્ગ પર' દ્વારા સંગ્રહસ્થ થયા છે તે ગુજરાતી ગઝલની એક સુખદ ઘટના છે, ઉમદા રચનાઓનો ભેટો થવો તે ભાવક માટે પર્વથી ઓછું કશું નથી.

**– ભગવતીકુમાર શર્મા**

'ગંગોત્રી' સંગ્રહની વિશિષ્ટતા માનવ અનુભવના નવા જ ભાવોને કવિતામાં વિષયભૂત કરવામાં રહેલી છે, અને એમ કરતાં લેખક આધુનિક ચિત્તશાસ્ત્રનાં નિરીક્ષણોનો પણ ઉપયોગ કરે છે, તે પણ નવી કવિતાનું લક્ષણ ગણાવું જોઈએ. 'નમ્રતા' કાવ્ય એનો નિદર્શક દાખલો છે તેમાં ચિત્તનું પૃથક્કરણ કરવા છતાં બાની અને કલ્પના કવિતાનાં જ રહ્યાં છે. પણ બધામાંથી એક ઉત્તમ કાવ્ય તરીકે અમે એક જ 'બળતા પાણી' આપીએ છીએ. જગતની યોજનામાં લાંબે પલ્લે કોઈ શુભ રહેલું છે, પણ એ શુભ મેળવતા સમષ્ટિની ખાતર વ્યષ્ટિને કેવા ભીષણ દર્દો સહન કરવાં પડે છે તે અહીં નદીના દશ્યમાં બહુ સુંદર રીતે વ્યક્ત કરેલું છે.

**– રામનારાયણ વિ. પાઠક**

૪૯૧ પંક્તિનું ખંડકાવ્ય 'વિશ્વશાંતિ' ૧૯૩૧માં લખાયું હતું. ગાંધી-ઇરવિન સંધિનો સમય હતો. ફરીથી લડત આવશે, એવા ખ્યાલે કૉલેજમાં ફરી દાખલ થવાને બદલે શ્રી કાકાસાહેબ કાલેલકર પાસે ગૂજરાત વિદ્યાપીઠમાં જઈને હું રહ્યો હતો. છ કલાક ખાદી અાંગેનું કામ કરતો. સવારે સૌ વહેલા ઊઠે. વિદ્યાપીઠની લાંબી અગાશીમાં વહેલી સવારે આંટા મારતા 'વિશ્વશાંતિ'ના ભાગો ઘાટ લેતા. પછી આખો વખત એ જ મનમાં ઘોળાયા કરે. દિવસે ફાજલ સમયમાં પંક્તિઓ લખી લેતો. છઠ્ઠા ભાગમાંની પંદર પંક્તિઓ થોડા દિવસ પછી લખાયેલી. તે સિવાયનું આખું 'વિશ્વશાંતિ' પાંચ દિવસની સરજત છે.

**– ઉમાશંકર જોશી**


સ્થાન સમર્પિત

**ડૉ. અરુણ જે. કક્કડ**

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

## કન્યાના લગ્ન–પ્રસંગે

કવિ : **મુકુન્દરાય વિ. પારાશર્ય**

**દંપતીને :**

જે આશિષ-પરંપરા શિવ-ઉમા વિશ્વે રહ્યાં રેલતાં
ને જેની સહુ ભાવના વડીલના હૈયે વસે છે સદા,
જેની મંગલતા વિષે કુળતણી આદર્શ-સંસ્થાપના,
તે આશિષ-સુધા વધૂવરતણું કલ્યાણ સાધો સદા. ૧

સહજીવનતણી સુધા પિછાની,
પ્રણયતણી પરિશુદ્ધિને વિચારી,
વડીલ, વરદ આશિષે કહેજોઃ
કુશળ સદા વરઘોડિયાં રહેજો. ૨

હૃદયહૃદય સ્નેહથી જડીને
અભિનવ ઉન્નત ભાવના લઈને
જીવનજળ પ્રસન્ન સ્વસ્થ વ્હેજો,
કુશળ સદા વરકન્યકા રહેજો. ૩

અન્યોન્યે થઈ એકરાગ સઘળે માંગલ્યને પામજો.
સંસારે વ્યવહારમાં સુખ બધાં લેજો અને આપજો.
આદર્શોન્મુખ જીવીને અવરને સદ્‌ધર્મમાં પ્રેરજો.
અદ્વૈતે પરિનિષ્ઠ થૈ પ્રતિપદે દામ્પત્ય દીપાવજો. ૪

**વરને સંબોધન :**

મારી બેન, નથી હજી જગતની એણે નિહાલી ગતિ,
આદર્શોન્મુખ એમની નજર ને સ્નેહાળ છે પ્રકૃતિ,
તેનો હાથ લઈ યુવાન, જગના પંથે જતાં સુણજોઃ
વ્હાલાંથી વિખૂટાં થતાં હૃદયને વ્હાલો બની પોષજો. ૫

**કન્યામાં શ્રદ્ધા :**

ગંગા તાત હિમાદ્રિ-અંક તજીને વ્હેતી થઈ ત્યારથી,
બંને તીર પરે, જતાં પ્રતિપદે તીર્થો બનાવી રહી.
તેવી આ દુહિતા મહાનુભવની આજે પળે સાસરે;
તેના મંગલ ભાવિમાં પ્રકટજો તીર્થસ્થળો ચોગમે. ૬.

**કન્યાને :**

કન્યા થાપણ પારકી પણ ગ્રહે સંસ્કાર માબાપના,
એની મિષ્ટ સુવાસ તો પ્રસરતી એ જ્યાં જતી ત્યાં સદા.
એ પેલાં ઋષિવાક્યની જીવનમાં સિદ્ધિ બને જે સમે
બેની, તું કુલકીર્તિ ઉજ્જ્વળ કરે તારા વિકાસક્રમે. ૭.

બેની, આજે જીવન સફરે ઉંબરામાં વળે ત્યાં
આંખોથી કૈં અળગી કરતાં આજ વાંચ્છે જનેતાઃ
"ખોળે તેડી બહુ રીઝવતાં, વાત ગૈ કાલની તો;
વ્હાલી પુત્રી, તુજ જનનીની કૂખ ઊજાળજે હો!". ૮.

છાંયામાં તું હતી પિતુગૃહે આજથી તે હવે તું
છાયા રૂપે થઈ વિચરજે સાસરિયે સદા તું,
ઊજાળે તું ઉભય કુળને, ધન્યભાવિ તને હો,
વ્હાલી પુત્રી, તુજ જનનીની કૂખ ઊજાળજે હો! ૯.

શ્રદ્ધા છે તું અમથી અદકી ભાગ્યશાળી થવાની,
શાંતિદાતા થઈ યશ લઈ પુણ્યશાળી થવાની,
એ શ્રદ્ધાને સફળ કરવા પ્રાર્થના આ અમારીઃ
અંતર્યામી પ્રભુ તુજ પરે તુષ્ટ હોજો કૃપાથી. ૧૦.

તું જાશે અમને પછીથી અડવું તારા વિના લાગશે.
તારી વાત, વિવેક, ડા'પણ સ્મરી હૈયાં દ્રવેલાં થશે.
કિન્તુ મંગલ ને સમુન્નત તને જોઈ સુખી સાસરે,
સંતોષે મગરૂબીથી હરખશું એનાં જ એ સૌ અમે. ૧૧.

**કન્યાનાં માતાપિતા,**

જેને પ્રાણ થકી વિશેષ ગણીને પોષેલ વાત્સલ્યથી,
સીંચી વંશપરંપરાગત સુધા સંસ્કાર-સૌજન્યની,
આપ્યું ઉજ્જ્વળ ભાવિમાં વિચરવા ચારિત્ર્યકેરું ધન,
તે કન્યા પરણાવી આર્દ્ર હસતાં મા-બાપને વંદન. ૧૨.

સંવાહક : **પીયૂષ મુકુન્દરાય પારાશર્ય**
મો. ૯૮૨૫૧૮૭૦૦૭

કાવ્યપંક્તિનો યથાયોગ્ય ઉપયોગ કરનારે
સૌજન્ય : કવિશ્રી મુકુન્દરાય પારાશર્ય લખવું.

## હિતની વાતો

આ ક્રમથી પછી પિતાજીને પ્રણામ કરવાની વાત કરી છે. ત્યાર બાદ, સ્નાન વગેરે કરી પવિત્ર-ચોખ્ખા થઈ દેવાધિદેવને, ગુરુને વિધિપૂર્વક વંદન કરવાના છે : 'દેવ અને ગુરુને વિધિએ વાંદીએ' – એ આગળ જોઈએ.

માતા–પિતાને પ્રણામ કરવાની વાત વાંચીને એક વાચકનો પ્રેરક પત્ર આવ્યો. તેમણે જિજ્ઞાસા પ્રગટ કરી છે : માતાને શિશ નમાવવાની વાત કરી છે અને પિતાજીને માત્ર પ્રણામ કરવાના કહ્યા. એ બાબતે વધુમાં પુછાવે છે કે, માતાને એકવચનમાં સંબોધવામાં નિકટતા લાગે; આત્મીયતાનો, અભિન્નતાનો અનુભવ થાય જ્યારે બહુવચનથી દૂરતા અને પરાયાપણાનો અનુભવ થાય. આ બાબતમાં વિસ્તાર કરીને સમજાવશો, જેથી અમોને સંતોષ થાય.

વાચકો જ્યારે એમણે વાંચેલા લખાણમાંથી ઉદ્ભવતા પ્રશ્નો અને જિજ્ઞાસા જણાવે ત્યારે એક સંવાદ રચાય છે; એ વિષયમાં વધારે ઊંડાણ ખેડવા કલમ પ્રવૃત્ત થાય છે. પરિણામે બન્ને પક્ષે સંતોષનું વાતાવરણ સર્જાય છે.

શ્રી વીરવિજયજી મહારાજે વાસ્તવિક જણાવ્યું છે કે, પિતા કરતાં માતા વિશેષ ઉપકારી છે તે દર્શાવવા આવો ભેદ દર્શાવ્યો છે. એક અન્ય વિચારપ્રેરક અને અનુભૂતિમૂલક વાક્ય યાદ આવે છે : મા યુવાન થઈ વૃદ્ધ બને છે, પરંતુ તેનાં સંતાન સદાય બાળક જ રહે છે. મા એક જ નજરે પુત્રને વર્ષો પર્યંત જોતી રહે છે જ્યારે દીકરો, વયભેદે બદલાતી નજરે માને જોતો હોય છે. મરુદેવા માતાને વૃદ્ધાવસ્થામાં પણ 'મારો રિખવો... એ જ મારો નાનો બાળુડો...' એવા ભાવ રહે છે. જ્યારે બાળકનું એવું નથી. તેને ક્યારેક બીજાની નજરે જોવાનું પણ બને છે ત્યારે પેલી આત્મીયતા સુકાઈ ગઈ હોય છે! ત્યારે શુષ્ક અને અભાવપ્રેરિત વચનો પણ નીકળી જાય છે, જે માતાના કોમળ હૈયાને ઠેસ પહોંચાડે છે. એવું ન બને માટે વયભેદ થતાં બહુવચનનો પ્રયોગ લાભકારક પુરવાર થાય છે. **(ક્રમશઃ)**

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**અમૃતવર્ષા**

M.B. Prints®

Traditionally Printed Cotton Sarees

**નિમેષભાઈ ડગલી**

૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે,
આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

## સ્નેહાળ સંબંધ એ હૃદયની સરજત છે

સંયોગ એ સંસારનું મૂળ છે. સંસારમાં તેના વિના રહેવાતું નથી. સંયોગનું થોડું સ્થાયી-રૂપ તે સંબંધ છે. એકબીજા સાથેના સંબંધની આધારશિલા સ્નેહ છે. નદીનાં પાણીનો સંગ્રહ કરવા જે બંધ બંધાય છે તેમાં સિમેંટ જોઈએ; તેમ હૃદયના શુભ ભાવોના પ્રવાહને વહેવડાવવા માટે જે સંબંધ બંધાય છે તેમાં સ્નેહ જોઈએ. આ સ્નેહ તે, હૃદયની નીપજ છે; ત્યાં બુદ્ધિનું કામ નથી. જ્યારે બુદ્ધિનું ગણિત શરૂ થાય છે, ત્યારથી સ્નેહની ભૂગોળના સીમાડા સાંકડા થતા આવે છે અને સંબંધનો ઇતિહાસ પૂર્ણવિરામની નજીક પહોંચે છે, આવરદા ઘટે છે. પછી તે સંબંધ ભાઈ અને ભાઈ, પિતા અને પુત્ર જેવાં સ્વજનોનો હોય કે મિત્ર–જ્ઞાતિના પરિજનોનો હોય, તેમાંથી મીઠાશ ઊડી જાય છે.

વ્યવહાર રૂપે તે ટકે છે – બનાવટી ફૂલોની જેમ!

હૃદયના પાતાળકૂવામાંથી ફૂટતા ઝરા પાસેથી ગણિત તો દૂર જ રહે છે, ભૂગોળના સીમાડા ભૂંસાઈ જાય છે અને ઇતિહાસ પોતાની લાખેણી જગ્યા તેના માટે અનામત રાખે છે. આ સંબંધો આદાન અને પ્રદાન વડે જીવંત રહે છે.

'ઘસાઈને ઊજળા થઈએ' – એ તેનો પહેલો પાઠ હોય છે. ખપમાં આવવું તેને, ધન્યતા માને છે. ત્યાં એકધારું સમર્પણ, વૃક્ષ જેવું હોય છે. તે તે વૃક્ષો તેની ઋતુમાં મબલખ ફૂલો ધરતીના ખોળે ધરતાં જ હોય છે અને એમ ધરતાં તેને ધરવ થતો નથી. વહેવું, વરસવું અને વવાઈ જવું એ જ તેનો મુદ્રાલેખ હોય છે. ગણિતની બહારનો કારોબાર હોય છે. આપણે પણ સંબંધોને આ રીતે જ બાંધીએ, વિકસાવીએ અને શોભાવીએ.

(પાઠશાળા) **- પ્રદ્યુમ્નસૂરિ**


સ્થાનસમર્પિત

**વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ**

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ



# ડૉ. શિવલાલ તુ. જેસલપુરા

અને

# ચંચળબહેન શિ. જેસલપુરાનાં

સ્મરણાર્થે

સ્વ. જસુમતીબહેન – હર્ષદભાઈ – પ્રવીણભાઈ
ગિરીશભાઈ – નરેન્દ્રભાઈ – ભરતભાઈ
તેમજ સમસ્ત જેસલપુરા પરિવાર
તરફથી

❖ ❖ ❖

***કર્તવ્યે ધર્મ છે ત્હારો, ક્યારે યે ફલમાં નહીં;***
***ના હો કર્મફલે હેતુ, નહીં ના કર્મત્યાગે.***


(વેદ વ્યાસ, અનુવાદ : રાજેન્દ્ર શાહ)

# ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

## મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ


લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)




'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.

---




## શબ્દમૂળની શોધ


લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

**– ચન્દ્રકાન્ત ટોપીવાળા**

---




## બે હજાર ચોવીસ સમક્ષ

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

સંપાદક : રમણ સોની

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. **– રમણ સોની**

**PARAB 2026 May**
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023
Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

**Date of Publication 10th Posted on Every Month** **ISSN : 0250-9747**

₹ 20




Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**